સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

# મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 25

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ જયેષ્ઠ વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

રવિવાર, ૨૨ જૂન, ૨૦૨૫, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# યોગ ચીંધે છે શાંતિની દિશાઃ પીએમ મોદી

## સમગ્ર વિશ્વ તણાવમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે યોગ જરૂરી



**ઈન્ટરનેશનલ યોગા ડેઃ** ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે દેહરાદૂનના રેસ કોર્સ પોલીસ લાઈન ખાતે યોજવામાં આવેલા યોગ સત્રમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ ભાગ લીધો હતો. (એજન્સી)



**યોગાસનઃ** આંધ્ર પ્રદેશના વિશાખાપટનમ ખાતે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપ યોજવામાં આવેલા યોગ સત્રમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. (એજન્સી)





**યોગ સત્રઃ** આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી નિમિત્તે જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં યોજવામાં આવેલા યોગ સત્રમાં સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ તેમ જ ચીફ ઑફ આર્મી સ્ટાફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને અન્યોએ ભાગ લીધો હતો. (એજન્સી)

વિશાખાપટનમઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે વર્તમાનમાં વિશ્વના અનેક દેશમાં અસ્થિરતા અને અશાંતિ પ્રવર્તી રહી હોવાને કારણે સમગ્ર વિશ્વ એક પ્રકારના તણાવમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે યોગ શાંતિની દિશા દેખાડે છે અને લોકોમાં ઐક્ય લાવે છે.

૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે ભાગ લઈ રહેલાં લોકોને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે યોગાભ્યાસ માનવતા માટેની પ્રાચીન કવાયતનો નવો આરંભ છે જેમાં આંતરિક શાંતિ વૈશ્વિક નીતિ બની જાય છે.

કમનસીબે આજે સમગ્ર વિશ્વ એક કે અન્ય પ્રકારના તણાવમાંથી પસાર થઈ રહ્યું છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આપણા પ્રદેશમાં પણ અશાંતિ અને અસ્થિરતા વધી રહ્યા છે. આ સ્થિતિમાં યોગાભ્યાસ અમને શાંતિ અને સ્થિરતાની દિશા દેખાડે છે.

યોગ એ માનવતાના શ્વાસ માટે, સંતુલિત અને એકરૂપ થવા માટે જરૂરી બટન છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે યોગ દિન નિમિત્તે હું વિશ્વભરના લોકોને યોગાભ્યાસને આંતરિક શાંતિ અને વૈશ્વિક નીતિ બનાવવાની વિનંતી કરું છું.

લોકોમાં એકતા-એકરૂપતા લાવવા માટે યોગાભ્યાસની જરૂર છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે યોગાભ્યાસે વિશ્વને એકરૂપ બનાવ્યું છે એ ખરેખર આનંદની વાત છે.

યોગાભ્યાસ દરેક માટે છે અને તેને કોઈ સરહદ કે ઉંમર નથી નડતી. આ વરસે આંતરરાષ્ટ્રીય યોગદિનનું થીમ 'યોગ ફૉર વન અર્થ, વન હૅલ્થ' છે જે એ ઘેરા સત્યનું પ્રતિબિંબ પાડે છે કે પૃથ્વી પર વસતા તમામ જીવોનું આરોગ્ય એકમેક સાથે સંકળાયેલું છે.

દિવ્યાંગજનો બ્રૅઈલ લિપિમાં યોગાભ્યાસ અંગે વાંચે છે અને વૈજ્ઞાનિકો અંતરિક્ષમાં પણ યોગાભ્યાસ કરે છે એ ખરેખર ગૌરવ લેવા જેવી બાબત હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે મનુષ્ય જાતિ અનાજ ઉગાડતી ધરતી, પાણી આપતી નદી તેમ જ ઈકો સિસ્ટમને પોષણ આપતાં વનસ્પતિ અને પશુઓનાં આરોગ્ય પર આધાર રાખે છે. યોગાભ્યાસ આ આંતરિક જોડાણ અંગે આપણામાં જાગૃતિ આણે છે અને મનુષ્ય કુદરતનો જ હિસ્સો હોવાનાં પાઠ ભણાવે છે. યોગ એ અંગત શિસ્ત છે અને એક એવી યંત્રણા છે જે મનુષ્યને હું થી અમે સુધી લઈ જાય છે.

૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિન તરીકે ઉજવવાનો ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પ્રસ્તાવ મૂક્યા બાદ ટૂંક સમયમાં જ વિશ્વના ૧૭૫ દેશે તેનો સ્વીકાર કર્યો હતો. ૧૧ વર્ષ બાદ હવે યોગાભ્યાસ વિશ્વના કરોડો લોકોના જીવનનો હિસ્સો અને યોગાભ્યાસ પ્રત્યેક લોકો માટે છે એ સંદેશ બની ગયો છે. વિશ્વના ૧૭૫ દેશમાં ૧૨ લાખ સ્થળે આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## યોગ દિને આંધ્ર પ્રદેશના બે વિશ્વ રેકોર્ડ

વિશાખાપટ્ટનમઃ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને ભવ્ય સફળતા ગણાવતા, આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ શનિવારે કહ્યું કે રાજ્યએ બે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ મેળવ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે યોગ કર્યા બાદ મીડિયાને સંબોધતા, નાયડુએ કહ્યું કે અહીં ૩.૦૩ લાખ લોકો પ્રાચીન પ્રથા યોગ કરવા માટે એકઠા થયા હતા, જે સૌથી વધુ

લોકો સિંગ્નલ સ્થાન પર યોગ કરે છે તેનો વિશ્વ રેકોર્ડ બનાવે છે. જોકે, ગિનિસ વર્લ્ડ રેકોર્ડના અધિકારીઓ દ્વારા સહભાગીઓની ચોક્કસ સંખ્યા જાહેર કરવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું કે લગભગ ૨૨,૦૦૦ આદિવાસી વિદ્યાર્થીએ એક જ જગ્યાએ ૧૦૮ મિનિટમાં ૧૦૮ સૂર્ય નમસ્કાર કરીને બીજો રેકોર્ડ બનાવ્યો છે.

"૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ખૂબ જ સફળ રહ્યો. અમે એક ઇતિહાસ રચ્યો છે. આ એક સુપરહિટ ઘટના છે," એમ તેમણે કહ્યું.

નાયડુએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારને આજે યોગ કરવા માટે રાજ્યભરમાંથી લગભગ બે કરોડ નોંધણીઓની અપેક્ષા હતી. જોકે, આ સંખ્યા વધીને ૨.૪૫ કરોડ થઈ ગઈ હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આરકે બીચ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં એન ચંદ્રબાબુ નાયડુ અને અન્ય લોકો સાથે ભાગ લીધો હતો. ■

## પાકિસ્તાન નોબલ પારિતોષિક માટે ટ્રમ્પના નામની ભલામણ કરશે

ઈસ્લામાબાદ : ભારત-પાકિસ્તાન અથડામણ દરમિયાન નિર્ણાયક રાજદ્વારી દરમિયાનગીરી કરવા માટે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના નામની ૨૦૨૬ના નોબલન શાંતિ પારિતોષિક માટે ઔપચારિક ભલામણ કરવાનું પાકિસ્તાન સરકારે શનિવારે જાહેર કર્યું હતું.

એક્સ પર મૂકવામાં આવેલી પોસ્ટે આ જાહેરાત કરી હતી અને તેનું મથાળું 'પાકિસ્તાન સરકાર દ્વારા ૨૦૨૬ના નોબલ શાંતિ પારિતોષિક માટે પ્રમુખ ડોનલ્ડ જે. ટ્રમ્પના નામની ભલામણ' હતું.

ટ્રમ્પે વાઈટ હાઉસમાં પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનિરને ડીનર માટે બોલાવ્યા એના ત્રણ દિવસ બાદ પાકિસ્તાને આ જાહેરાત કરી હતી.

પોસ્ટમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાન સરકારે ભારત-પાક અથડામણમાં નિર્ણાયક રાજદ્વારી દરમિયાનગીરી કરવા માટે ૨૦૨૬ના નોબલ શાંતિ (જુઓ પાનું ૨) ▸▸

## ઈંગ્લૅન્ડના બન્ને ઓપનરને બુમરાહે પૅવિલિયનમાં મોકલ્યા

### ડકેટ-પોપની ૧૨૨ રનની ભાગીદારીઃ ભારતના પ્રથમ દાવમાં ૪૭૧ રન

લીડ્સઃ ઇંગ્લૅન્ડે અહીં ભારત સામેની પ્રથમ ટેસ્ટમાં શનિવારના બીજા દિવસે સાવચેતીભરી ઇનિંગ્સમાં ટી-ટાઇમ સુધીમાં ફક્ત એક વિકેટના ભોગે ૧૦૭ રન બનાવ્યા હતા, પરંતુ ટી-બ્રેક બાદ ઓપનર બેન ડકેટ (૬૨ રન, ૯૪ બૉલ, નવ ફોર)ની મહત્ત્વની વિકેટ ગુમાવી દીધી હતી એટલે બ્રિટિશ બૅટિંગ લાઇન-અપ પર પ્રેશર વધી ગયું હતું. એનું સૌથી મોટું કારણ એ હતું કે ઇંગ્લૅન્ડને જે બોલરનો સૌથી વધુ ડર હતો તેણે જ બન્ને ઓપનરને પૅવિલિયન ભેગા કર્યા હતા. આ બન્ને વિકેટ ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે લીધી હતી. તેણે ખાસ કરીને ડકેટ અને ઑલી પોપ વચ્ચેની બીજી વિકેટ માટેની ૧૨૨ રનની ભાગીદારી તોડી હતી.

પહેલી ૩૫ ઓવરમાં ઇંગ્લૅન્ડે બે વિકેટે ૧૪૭ રન કર્યા હતા. રમત બંધ રહી એ પહેલાંના છેલ્લા ડ્રિન્ક્સ-ઇન્ટરવલ વખતે ઑલી પોપ ૬૭ રને રમી રહ્યો હતો અને તેની સાથે સૌથી અનુભવી બૅટ્સમૅન જો રૂટ ૧૦ રને દાવમાં હતો. ઇંગ્લૅન્ડની પહેલી ૩૫ ઓવરની ઇનિંગ્સમાં મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના અને રવીન્દ્ર જાડેજાને વિકેટ નહોતી મળી અને શાર્દુલ ઠાકુરને ઇંગ્લૅન્ડની ૩૫ ઓવરમાં એક પણ ઓવર બોલિંગ નહોતી મળી. વરસાદને કારણે ઇંગ્લૅન્ડનો પ્રથમ દાવ સમયસર શરૂ નહોતો થઈ શક્યો.■

## નેપાળમાં અકસ્માતમાં સાતનાં મોત

કાઠમંડુઃ નેપાળના બાગમતી પ્રાંતમાં શનિવારે એક બસ અને ઇલેક્ટ્રિક વાહન વચ્ચે ટક્કર થતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં સાત લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૨૫ ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

માય રિપબ્લિકાએ પોલીસને ટાંકીને અહેવાલમાં જણાવ્યા અનુસાર ધનગઢીથી કાકરભિટ્ટા જઇ રહેલી બસ ચિતવન જિલ્લામાં ઇસ્ટ-વેસ્ટ હાઇવે પર સવારે લગભગ ૧૦-૧૫ વાગ્યે ઇલેક્ટ્રિક વાહન સાથે અથડાઇ હતી. ઘાયલોને સારવાર માટે વિવિધ હૉસ્પિટલોમાં લઇ જવામાં આવ્યા છે. જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું પોલીસે જણાવ્યું હતું. અહેવાલમાં જણાવ્યા મુજબ બંને વાહનો અકસ્માત સ્થળે જ રહ્યા હતા. જેના કારણે હાઇવે પર ટ્રાફિક જામ થયો હતો. પોલીસ રસ્તો ફરીથી ખોલવાનું કામ કરી રહી છે. ચિતવન પોલીસના પ્રવક્તા રવીન્દ્ર ખનલે જણાવ્યું કે ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. તેમ જ ઘટનાનું કારણ જાણવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. ■

## ઈઝરાયલના નિશાના પર હવે ઈરાની ગુપ્તચર એજન્સીઓ

તેલ અવીવઃ મધ્ય પૂર્વ હાલમાં ભયંકર ઊથલપાથલના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. ૧૩ જૂને ઇઝરાયલ અને ઇરાન વચ્ચે શરૂ થયેલા યુદ્ધે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. બંને બાજુ શહેરોનો નાશ થઈ રહ્યો છે, લોકો સ્થળાંતર કરી રહ્યા છે. દરમિયાન, છેલ્લા ૧૨ કલાકમાં ઇઝરાયલે ઇરાન પર જબરદસ્ત હુમલા કર્યા છે. ઇસ્ફહાન પરમાણુ સ્થળ પરના હુમલાથી લઈને ઇરાનની ગુપ્તચર એજન્સીના ત્રણ વરિષ્ઠ લશ્કરી કમાન્ડર સહિત કુલ ૧૫ સૈનિકો માર્યા ગયા હતા.

ઇઝરાયલે ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સના કુદ્સ ફોર્સના વેપન્સ ટ્રાન્સફર યુનિટના કમાન્ડર બેહનમ શહરિયારીને ખતમ કરી દીધા છે. આઇડીએફએ જણાવ્યું હતું કે આઇઆરજીસીના કુદ્સ ફોર્સ વેપન્સ ટ્રાન્સફર યુનિટના કમાન્ડર બેહનમ શહરિયારીનું પશ્ચિમ ઇરાનમાં આઇડીએફ હવાઈ હુમલામાં મોત થયું હતું.

શહરિયારી ઇઝરાયલથી લગભગ ૧૦૦૦ કિલોમીટર દૂર તેમના વાહનમાં મૃત્યુ પામ્યા હતા જ્યારે તેઓ પશ્ચિમ ઇરાન તરફ જઈ રહ્યા હતા. તેઓ મધ્ય પૂર્વમાં તેમના પ્રોક્સી સાથીઓને શસ્ત્રો પહોંચાડવા માટે જવાબદાર હતા. તે વર્ષોથી (જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદ વિમાન દુર્ઘટનાઃ ૨૪૭ ડીએનએ મેચ થયા, ૨૩૨ મૃતદેહ પરિવારજનોને સોંપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં બનેલી વિમાન દુર્ઘટનામાં ૨૪૭ મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૨ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા હોવાનું સિવિલ હૉસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું. ૧૫ પરિવારોને તેમના સ્વજનોના પાર્થિવ દેહ ઝડપથી સોંપવા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ પરિવારો સાથે સંપર્કમાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ૨૪૭ મૃતકોમાં ૧૭૫ ભારતના નાગરિક, સાત પોર્ટુગલના, ૫૨ બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ ૧૨ નોન પેસેન્જરનો સમાવેશ થાય છે. ૨૦૯ પાર્થિવ દેહોને સડક માર્ગે તથા ૨૩ પાર્થિવ દેહોને હવાઈ માર્ગે તેમના નિવાસસ્થાને પહોચાડવામાં આવ્યા છે, એમ ડૉ. જોશીએ જણાવ્યું હતું.

ડૉ. રાકેશ જોશીએ જિલ્લા અથવા સ્થળ વાર સોંપવામાં આવેલા મૃતદેહોની વિગતો આપી હતી. જે મુજબ ઉદયપુર ૭, વડોદરા ૨૨, ખેડા ૧૧, અમદાવાદ ૬૬, મહેસાણા ૭, બોટાદ ૧, જોધપુર ૧, અરવલ્લી ૨, આણંદ ૨૬, ભરૂચ ૭, સુરત ૧૨, પાલનપુર ૧, ગાંધીનગર ૭, મહારાષ્ટ્ર ૨, દીવ ૧૪, જૂનાગઢ ૧, અમરેલી ૨, ગીર સોમનાથ ૫, મહીસાગર ૧, ભાવનગર ૧, લંડન ૮, પટના ૧, રાજકોટ ૩, રાજસ્થાન ૧, મુંબઈ ૧૦, નડિયાદ ૧ , જામનગર ૨, પાટણ ૨, દ્વારકા ૨ તેમ જ સાબરકાંઠાના ૧, નાગાલેન્ડ ૧, મોડાસા ૧, ખંભાત ૨ અને પુણે ૧ ના પાર્થિવ દેહો સ્વજનોને સોંપવામાં આવ્યા હતા.

તેમણે વધુમાં ઉમેર્યું કે, પરિવારજનોને તેમના સ્વજનોના પાર્થિવ દેહો ઝડપથી સોંપવા માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ, સ્થાનિક વહીવટી તંત્ર સહિત રાજ્ય સરકારના આરોગ્ય અને અન્ય વિભાગો તથા વિવિધ એજન્સીઓએ દુર્ઘટના ઘટી એ દિવસથી લઈને આજ સુધી ખડેપગે કામગીરી કરી છે. ■



**ભેખડો ધસી પડીઃ** કર્ણાટકના હસન જિલ્લામાં સકલેશપુરા નજીક શનિવારે ભેખડો ધસી પડવાની બનેલી ઘટનામાં યેદાકુમારી અને શિરિબાગિલુ સ્ટેશન વચ્ચેના રેલવે ટ્રેકને નુકસાન થયું હતું. (એજન્સી)

## ઓડિશામાં સુવર્ણરિખા નદીમાં અચાનક પૂરથી ૫૦,૦૦૦ લોકો પ્રભાવિત

બાલાસોરઃ પડોશી રાજ્ય ઝારખંડમાં શનિવારે ભારે વરસાદ બાદ સુવર્ણરિખા નદીમાં અચાનક પૂર આવ્યું હતું.

આ અચાનક આવેલા પૂરના કારણે ઓડિશાના બાલાસોર જિલ્લાનાં ગામડાઓમાં પાણી ઘૂસી ગયા હતા. જેના કારણે ૫૦,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ જાણકારી એક અધિકારીએ આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર ભોગરાઇ, બાલિયાપાલ, બસ્તા અને જલેશ્વર નોટિફાઇડ એરિયા કાઉન્સિલ(એનએસી)ના ત્રણ બ્લોકના ૧૭ ગ્રામ પંચાયત વિસ્તારો અચાનક આવેલા પૂરથી પ્રભાવિત થયા છે. વહીવટીતંત્રે રાહત અને બચાવ કામગીરી માટે કમર કસી લીધી હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે નીચાણવાળા અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા અને પરિસ્થિતિ વધુ વણસવાની સ્થિતિમાં નજીકના ચક્રવાત આશ્રયસ્થાનોમાં જવા માટે તૈયાર રહેવાની સલાહ આપવામાં આવી છે. બાલાસોરના જિલ્લા કલેક્ટર સૂર્યવંશી મયુર વિકાસે બ્લોક ડેવલપમેન્ટ ઓફિસરો(બીડીઓ) અને તહસીલદારોને જરૂર પડ્યે લોકોને બહાર કાઢવા માટે તૈયાર રહેવા નિર્દેશ આપ્યો છે.

જિલ્લા કટોકટી કાર્યાલયનાં સૂત્રોએ જણાવ્યું કે રાજઘાટમાં સુવર્ણરિખાનું જળસ્તર ઘટી રહ્યું છે, પરંતુ તે હજુ પણ ખતરાના નિશાન ૧૦.૩૬ મીટરની સરખામણીએ ૧૧.૯ મીટર પર રહેલું છે. અધિકારીએ જણાવ્યું કે ઝારખંડમાં નદીના ઉપલા જળસ્રોત વિસ્તારમાં વધુ વરસાદ પડ્યો ન હોવાથી જળસ્તર વધુ ઘટવાની અમને આશા છે. તેમજ સુવર્ણરિખા નદી પ્રણાલીમાં મધ્યમ કે મોટા પૂરનો કોઇ ભય નથી.

જિલ્લા વહીવટીતંત્રે પણ લોકોને પરિસ્થિતિથી વાકેફ કરાવી દીધા છે. તેમણે કહ્યું કે ઝારખંડમાં ચાંદિલ ડેમમાંથી અચાનક પાણી છોડવાથી બાલાસોર જિલ્લાના કેટલાક ભાગોમાં અચાનક પૂર આવ્યું હતું. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૨-૬-૨૦૨૫ થી તા. ૨૮-૬-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સિંહ રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. બુધ મિથુનમાંથી કર્ક રાશિમાં તા.૨૨મીએ પ્રવેશે છે. બુધની ગતિ સપ્તાહના પ્રારંભથી અંત સુધીમાં ઘટતી જાય છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મેષ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કર્કમાંથી તા. ૨૨મીએ વૃષભમાં, તા. ૨૪મીએ મિથુન રાશિમાં, તા. ૨૭મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં ગોચરફળ શુભ જણાય છે. નોકરીમાં સ્થાન પરિવર્તન થાય. નોકરીના કામકાજ અર્થે સ્થળાંતર શક્ય છે. વેપારમાં સફળતાનો અનુભવ થશે. અકારણની નાણાંની ઉપલબ્ધિ જળવાઈ રહેશે. જૂનાં નાણાં ઉઘરાણીના કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. ધાર્યા મુજબના નોકરીના કામકાજ મહિલાઓ પૂર્ણ કરવા માટે સફળ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં વધુ પરિશ્રમ છતાંય સફળતા જળવાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં તથા જોખમવાળા વેપાર માટે ગોચરગ્રહફળ શુભ નથી. મુસાફરીમાં યશ મેળવશો. નોકરીમાં તા. ૨૩, ૨૪, ૨૭ શુભ જણાય છે. નવા નાણાંઆવકના સાધનો મેળવશો. વ્યક્તિગત મૂંઝવણો રાજકારણ ક્ષેત્રે દૂર થશે. વેપાર વધશે. મહિલાઓને પડોશ મિત્રો સાથેના સંબંધમાં અનુકૂળતા જણાશે. વ્યવસાય, નોકરીક્ષેત્રે પ્રગતિ જળવાશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ નિયમિત બની રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારનું કામકાજ શુભ પુરવાર થશે. નોકરી માટે તા. ૨૩, ૨૫ શુભ જણાય છે. તા. ૨૬મીએ નિર્ણયોમાં પરિવર્તનો છતાંય પ્રગતિ અનુભવશો. આત્મવિશ્વાસ જાળવવો જરૂરી છે. મોટા નાણાંની જવાબદારીઓથી દૂર રહેવું જરૂરી છે. કુટુંબના મતભેદોનો ઉકેલ આવવાથી મહિલાઓને ઉત્સાહ અને અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નિત્ય વાંચન અભ્યાસ માટે સફળતાનો અનુભવ થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબના કામકાજમાં અનુકૂળતા જણાશે. નોકરીમાં તા. ૨૪, ૨૫, ૨૬ લાભદાયી પુરવાર થશે. નોકરીના જૂનાં અધૂરા કામકાજ પૂર્ણ કરી શકશો. સપ્તાહમાં લાંબા અંતરના પ્રવાસનું આયોજન જન્મકુંડળીના આધારે કરવું જરૂરી છે. પ્રવાસ યશસ્વી બની રહેશે. મહિલાઓને ધાર્મિક કાર્યક્રમોમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ કરશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. વેપારના નિર્ણયો સ્વતંત્રપણે લેવા માટે મંગળ–કેતુના ગોચરભ્રમણ મદદરૂપ જણાતા નથી. ભાગીદાર સાથે વિવાદ ટાળવો જરૂરી છે. નાણાંની આવક જળવાશે. નોકરી માટે તા. ૨૫, ૨૭, ૨૮ શુભ ફળદાયી જણાય છે. મહિલાઓને કુટુંબીજનોથી સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓ વાંચનના નિત્ય અભ્યાસમાં નિયમિતતા અનુભવશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નવા નાણાંરોકાણના નિર્ણયોમાં ફેરફારો કરવા પડે તેમ ગોચરફળ દર્શાવે છે. નોકરીમાં તા. ૨૩, ૨૪, ૨૫, ૨૭ શુભ જણાય છે. વેપારમાં ધાર્યા મુજબના કામકાજ નિયમિતપણે પૂર્ણ કરી શકશો. ભાગીદારીના સંબંધોમાં જૂનાં મતભેદોનો ઉકેલ આવશે. કુટુંબીજનોમાં યશ મેળવશો. તા. ૨૬મીએ મહિલાઓને પાડોશ સંબંધોમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નિયમિતપણે અભ્યાસ જાળવી શકશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સફળતા જણાય છે. લાંબા અંતરના નાણાંના રોકાણના નિર્ણયનો અમલ પણ થઈ શકશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી નોકરીમાં યશસ્વી અનુભવ થશે. તા. ૨૫, ૨૭, ૨૮માં નોકરીમાં અપેક્ષિત સફળતા મેળવશો. વાહન સ્થાવર મિલકતના નિર્ણયો જન્મકુંડળીના આધારે લેવા જરૂરી છે. નાણાખર્ચ માટે સાવધાની દાખવવી જરૂરી છે. નાણાઆવક જળવાઈ રહેશે. મહિલાઓના પરિવારના પ્રાસંગિક કામકાજ સફળતાથી પૂર્ણ થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપાર માટે ગોચરફળ શુભ જણાતું નથી. નોકરી માટે સપ્તાહનું ગોચરફળ શુભ છે. નોકરીની બદલીની અપેક્ષા પણ પૂર્ણ થાય તેમ છે. કાર્યક્ષેત્રે મદદનીશની બદલી શક્ય છે. ભાગીદારીના સંબંધમાં સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને સંતાનની જવાબદારીના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસની જવાબદારીના નિર્ણયોમાં અનુકૂળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના દૈનિક સાપ્તાહિક વેપાર તથા લાંબા સમયના રોકાણના કામકાજ અનુકૂળ બની રહેશે. નોકરીમાં સ્થાન પરિવર્તન થાય. તા. ૨૪, ૨૬, ૨૭ નોકરી માટે સાનુકૂળ જણાય છે. વાહન, સ્થાવર મિલકતની ખરીદી માટે સાનુકૂળ ગોચરફળ જણાતું નથી. કારોબારની નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં વ્યક્તિગત મૂંઝવણોનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો એકંદરે લાભદાયી પુરવાર થશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાંરોકાણ શક્ય જણાય છે. તા. ૨૪, ૨૫, ૨૭ નોકરી માટે લાભદાયી જણાય છે. નોકરી વિશેના વ્યક્તિગત પ્રશ્નોનો પણ ઉકેલ આવે તેમ છે. આ સપ્તાહમાં નાણાંઆવકના નવા સાધનો પ્રાપ્ત કરશો. વેપાર એકંદરે લાભદાયી થશે. વ્યવસાયના નવા સંબંધો નિર્માણ થશે. તા. ૨૩, ૨૫, ૨૬ શુભ ફળદાયી છે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયન માટે નવી તકો પ્રાપ્ત થતી જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર માટે અનુકૂળતા જણાશે. નોકરી માટે તા. ૨૩, ૨૬, ૨૭ નાણાં આવકના સાધનો વધુ ફળદાયી પુરવાર થશે. ભાગીદાર ઉપયોગી થશે. કુટુંબના સભ્યો સાથેના વિવાદ્નો ઉકેલ મહિલાઓને જણાશે. મહિલાઓનું સ્વાસ્થ્ય અનુકૂળ રહેશે. તીર્થપ્રવાસ સફળ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનું માર્ગદર્શન શૈક્ષણિક પ્રવૃત્તિમાં પ્રાપ્ત થતું જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને વાયદાના વેપારમાં અનુકૂળતા જણાશે. નવા આવકના સાધનો મેળવશો. નાણાબચત પણ શક્ય છે. યશસ્વીપણે કામકાજમાં પ્રગતિ જળવાઈ રહેશે. નાણાંની ઉપલબ્ધિ જળવાઈ રહેશે. પ્રવાસ એકંદરે સફળ બનશે. મહિલાઓને નોકરીના પુરુષાર્થમાં યશ પ્રાપ્તિનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની જવાબદારી માટે અનુકૂળતાઓ જણાશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ,

### રવિવાર, તા. ૨૨–૬–૨૦૨૫, યોગિની ભાગવત એકાદશી

ભારતીય દ્દિનાંક ૧, માહે અષાઢ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
જયેષ્ઠ વદ–૧૨
જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ,
તિથિ વદ–૧૨
પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૨મો મોહોર,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૪થો શહેરેવર,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૧૨મો જિલ્હજ,
સને ૧૪૪૬
મીસરી રોજ ૨૬મો, માહે ૧૨મો જિલ્હજ,
સને ૧૪૪૬
નક્ષત્ર ભરણી સાંજે ક. ૧૭–૩૮ સુધી, પછી કૃત્તિકા
ચંદ્ર મેષમાં રાત્રે ક. ૨૩–0૩ સુધી, પછી વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ),
વૃષભ (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. 0૬ મિ. 0૪, અમદાવાદ ક. 0૫ મિ. ૨૬, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ
ભરતીઃ સવારે ક. 0૯–૨૯, સાંજે ક. ૨0–૫૧
ઓટઃ બપોરે ક. ૧૫–૧૭, મધ્યરાત્રિ પછી ક. 0૩–૨૭ (તા. ૨૩)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ–દ્વાદશી. યોગિની ભાગવત એકાદશી (સાકર) કરિદીન, ભારતીય આષાઢ માસારંભ, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં સવારે ક. 0૬–૨0. વાહન ઉંદર, બુધ કર્કમાં રાત્રે ક. ૨૧–૩૫.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ યમદેવતાનું પૂજન, સૂર્ય–શુક્ર પૂજન, ગાયત્રી જાપ, હવન, આમલીનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું. એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન.
આચમનઃ ચંદ્ર–શુક્ર યુતિ કળાપ્રેમી, સૂર્ય–શનિ ચતુષ્કોણ ખોટા કામોમાં દ્યાન જાય.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર યુતિ, સૂર્ય–શનિ ચતુષ્કોણ (તા. ૨૩), સૂર્ય આર્દ્રા પ્રવેશ
ગ્રહગોચરઃ સૂર્ય– મિથુન, મંગળ–સિંહ, બુધ–મિથુન/ કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મેષ શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૨–૬–૨૦૨૫ થી તા. ૨૮–૬–૨૦૨૫

રવિવાર, જયેષ્ઠ વદ–૧૨, વિ. સં. ૨૦૮૧, તા. ૨૨મી જૂન, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ભરણી સાંજે ક. ૧૭–૩૮ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં રાત્રે ક. ૨૩–0૩ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. યોગિની ભાગવત એકાદશી (સાકર) કરિદીન, ભારતીય આષાઢ માસારંભ, સૂર્ય આર્દ્રામાં સવારે ક. 0૬–૨૧. વાહન ઉંદર(સંયોગિયુ નથી). બુધ કર્કમાં રાત્રે ક. ૨૧–૩૫. સામાન્ય દિવસ.

સોમવાર, જયેષ્ઠ વદ–૧૩, તા. ૨૩મી. નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૫–૧૬ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. સોમપ્રદોષ, શિવરાત્રિ ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨–0૯ સામાન્ય દિવસ.

મંગળવાર, જયેષ્ઠ વદ–૧૪, તા. ૨૪મી, નક્ષત્ર રોહિણી બપોરે ક. ૧૨–૫૩ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૩–૪૫ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ સવારે ક. 0૮–૩૩. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, જયેષ્ઠ વદ–૩0, તા. ૨૫મી, નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૧0–૪0 સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, અન્વાધાન, શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, અષાઢ સુદ–૧, તા. ૨૬મી, નક્ષત્ર આર્દ્રા સવારે ક. 0૮–૪૬ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુનમાં મદયરાત્રી પછી ૨૫–૩૯ સુધી(તા.૨૭), પછી કર્ક રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, કચ્છી સને હાલારી સંવત ૨૦૮૨ પ્રારંભ (આષાઢી વર્ષારંભ), મનોરથ દ્વિતિયા વ્રત (બંગાળ), ચંદ્રદર્શન, મું. ૪૫. સમર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૮ અંશ. શુભ દિવસ.

શુક્રવાર, અષાઢ સુદ–૨, તા. ૨૭મી, નક્ષત્ર પુનર્વસુ સવારે ક. 0૭–૨૧ સુધી, પછી પુષ્ય. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. દ્વિતિયા. રથયાત્રા મુસ્લિમ ૧લો મોહર્રમ માસારંભ, હિજરી સન ૧૪૪૭ પ્રારંભ (મુસ્લિમ). શુભ દિવસ.

શનિવાર, અષાઢ સુદ–૩, તા. ૨૮મી, નક્ષત્ર પુષ્ય સવારે ક. 0૬–૩૫ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧–૨૮. શુભ દિવસ. લગ્ન,વાસ્તુ–કળશ, ઉપનયન. ■

# ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિનની દેશભરમાં ઉજવણી

નવી દિલ્હીઃ ભારતભરમાં શનિવારે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. દેશના લાખો લોકોએ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુ અને નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીમાં ભાગ લીધો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં આંધ્ર પ્રદેશના વિશાખાપટનમમાં આ ઉજવણી કરવામાં આવી હતી.

સફેદ વસ્ત્રોમાં સજ્જ મોદીએ વિશાખાપટનમના આરકે બીચ પર યોજવામાં આવેલા આંતરરાષ્ટ્રીય યોગ દિનના કાર્યક્રમની આગેવાની લીધી હતી.

મોદીએ કહ્યું હતું કે સમગ્ર વિશ્વ જ્યારે એક કે અન્ય પ્રકારના તણાવમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે યોગ શાંતિ અને ઐક્યની દિશા બતાવી રહ્યું છે.

ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે યોજવામાં આવેલા આંતરરાષ્ટ્રીય યોગ દિનના કાર્યક્રમને સંબોધન કરતાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ યોગને ભારતની હળવી શક્તિનું ઝળહળતું દૃષ્ટાંત લેખાવ્યું હતું.

યોગ હવે સમગ્ર માનવજાતનો વારસો બની ગયો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે યોગને ધર્મ, કોમ, સંપ્રદાય સાથે કોઈ સંબંધ નથી. યોગ એ આરોગ્યપ્રદ જીવનશૈલીની કલા છે.

દ્રોપદી મુર્મૂએ લોકોને તેમનાં દૈનિક જીવન સાથે યોગને વણી લેવાની હાકલ કરી હતી.

યોગ એ ભારતે વિશ્વને આપેલી ભેટ છે, એમ ધનખડે કહ્યું હતું.

સિયાચીન ગ્લેસિયરથી લઈને વિશાખાપટનમસ્થિત ભારતીય નૌકાદળે આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરી હતી.

અનેક કેન્દ્રીય પ્રધાન, ગવર્નર અને મુખ્ય પ્રધાનોએ પણ આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે યોગાભ્યાસ કર્યો હતો,

કેન્દ્રના આરોગ્ય ખાતાના પ્રધાન જે. પી. નડ્ડાએ દિલ્હીના કર્તવ્ય પથ ખાતે કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું.

દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ યમુના નદીના તટે યોગાસન કર્યાં હતાં.

ઉત્તર પ્રદેશના ગવર્નર આનંદીબહેન પટેલે પણ રાજભવન ખાતે યોજાયેલા યોગના કાર્યક્રમમાં ભાગ લીધો હતો તો ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગોરખપુરમાં કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીની આગેવાની લીધી હતી.

હરિયાણામાં કુરુક્ષેત્રસ્થિત બ્રહ્મા સરોવર ખાતે યોજાયેલા રાજ્યસ્તરના કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન નાયાબસિંહ સૈની સાથે યોગગુરુ બાબા રામદેવ પણ જોડાયા હતા.

યોગ માત્ર કસરત નથી, પરંતુ તે આરોગ્યપ્રદ જીવન જીવવા માટેનું વિજ્ઞાન છે, એમ સૈનીએ કહ્યું હતું.

આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વાએ કહ્યું હતું કે યોગ વ્યક્તિના શરીર અને મનને આધ્યાત્મિકતા સાથે જોડે છે. શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત રહેવા ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને દરરોજ પંદર મિનિટ યોગાભ્યાસ કરવાની અપીલ કરી હતી.

બિહારમાં રાજભવન ખાતે દરબાર હૉલમાં યોજાયેલા કાર્યક્રમમાં ગવર્નર આરિફ મોહમ્મદ ખાને પણ યોગાભ્યાસ કર્યો હતો. (એજન્સી) ■

## વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ

ન્યૂ યૉર્કઃ વિશ્વભરમાં શનિવારે ભારે ઉત્સાહપૂર્વક આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઈ હતી. વૈશ્વિક સ્તરે યોગાભ્યાસની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રસંઘે વર્ષ ૨૦૧૪માં ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કર્યો હતો. વિશ્વના ૧૭૫ દેશે ભારતના આ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. જાણીતા ફિઝિશિયન, લેખક અને વૅલનેસ ગુરુ દીપક ચોપ્રાએ સંયુક્ત રાષ્ટ્રસંઘના વડા મથકે કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું. રાજદ્વારી, રાજદૂત, સંયુક્ત રાષ્ટ્રસંઘના અધિકારી સહિત ૧,૨૦૦ જેટલા લોકોએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. ન્યૂ યૉર્કના ટાઈમ્સ સ્ક્વેર, યુકેના લંડન, ચીન, શાંઘાઈ, સિંગાપોર, નેપાળ, જાપાન, મલેશિયા, શ્રીલંકા, થાઈલૅન્ડ, ઑસ્ટ્રેલિયા સહિત વિશ્વના અનેક દેશમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય દિનની ઉજવણી કરવામાં આવી હતી. (એજન્સી) ■

## દેશભરનાં ૮૧ ઐતિહાસિક સ્મારકો પર યોગ સત્ર યોજાયા, ઉજવણીમાં કેન્દ્રીય પ્રધાનો જોડાયા

નવી દિલ્હી : ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (એએસઆઈ) એ બુધવારે દેશભરનાં ૮૧ ઐતિહાસિક સ્મારકો પર યોગ સત્રોનું આયોજન કરીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી, જેમાં ગુજરાતની અડાલજની વાવ, ઓડિશામાં કોણાર્ક સૂર્ય મંદિર અને દિલ્હીમાં જંતર મંતરનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન પ્રધાન ગજેન્દ્ર સિંહ શેખાવતે રાજસ્થાનના જોધપુરમાં મેહરાનગઢ કિલ્લા ખાતે યોગ સત્રમાં હાજરી આપી હતી, જ્યારે કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના પ્રધાન મનોહર લાલ ખટ્ટરે દિલ્હીમાં જંતર મંતર સ્મારક ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપી હતી.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે, ભારતભરના ૮૧ એએસઆઈ સ્મારક સુખાકારી અને એકતાના જીવંત સ્થળોમાં ફેરવાઈ ગયાં હતાં. દિલ્હીના લાલ કિલ્લાથી લઈને ગુજરાતની અડાલજની વાવ અને ઓડિશાના કોણાર્ક સૂર્ય મંદિર સુધી, દરેક સ્થળ 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ' થીમ સાથે ગુંજતું હતું, એમ એએસઆઈએ ફોટા શેર કરતી વખતે એક્સ પર પોસ્ટ કર્યું હતું.

અધિકારીઓએ અગાઉ જણાવ્યું હતું કે સંસ્કૃતિ મંત્રાલય ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવશે, જેમાં યુનેસ્કોના કેટલાક વારસાનાં સ્થળો સહિત દેશભરના ૧૦૦ પ્રતિષ્ઠિત સ્થળ અને ૫૦ અન્ય સાંસ્કૃતિક સ્થળોએ સત્રોનું આયોજન કરવામાં આવશે.

મુખ્ય કાર્યક્રમ આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આર કે બીચ પર યોજાયો હતો, જેની આ વર્ષની થીમ 'એક પૃથ્વી, એક આરોગ્ય માટે યોગ' હતી. સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત એએસઆઈ, ભારતભરમાં ૩,૬૯૮ સ્મારક અને સ્થળોનું રક્ષણ કરે છે.

એએસઆઈએ બીજી પોસ્ટમાં કહ્યું હતું કે, ''માનનીય સંસ્કૃતિ અને પર્યટન પ્રધાન શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે મેહરાનગઢ કિલ્લા ખાતે આ ઉજવણીમાં હાજરી આપી હતી. આ સ્થાપત્ય અજાયબીની ભવ્યતા વચ્ચે સહભાગીઓ યોગની પ્રાચીન પ્રથા - શરીર, મન અને ભાવનાને સુમેળ સાધતી પરંપરા - ને માન આપવા માટે એકઠા થયા હતા.''

પ્રવાસન મંત્રાલયે અગાઉ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ આ પ્રસંગને ઉજવવા માટે ૨૧ જૂને સવારે ૬ થી ૮ વાગ્યા સુધી કુતુબમિનાર સંકુલના સન ડાયલ લોન ખાતે ''સામૂહિક યોગ સત્ર''નું આયોજન કરશે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૦૧૪માં ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો, અને આ ઘટનાને હવે વૈશ્વિક સ્તરે ઉજવાતા ૧૦ વર્ષ પૂર્ણ થયાં છે. ■

## ભારતમાં મોટી વિમાન દુર્ઘટના ટળીઃ પાઈલટે આપ્યો હતો 'મેડે'નો મેસેજ

ભારતમાં અમદાવાદ પ્લેન ક્રેશ જેવી વધુ એક મોટી દુર્ઘટના થતાં થતાં રહી ગઈ. ઈન્ડિગોની ફ્લાઈટ ગુવાહાટીથી ચેન્નઈ જઈ રહી હતી, જેનું બેંગલૂરુમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. ન્યૂઝ એજન્સીનાં સૂત્રો અનુસાર પાયલટે ઇંધણ ખૂટી પડવાના કારણે Mayday નો મેસેજ પણ આપી દીધો હતો. જોકે રાહતની વાત રહી છે કે પ્લેને બેંગલૂરુમાં સફળ લેન્ડિંગ કર્યું અને મુસાફરો તથા ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત રહ્યા. ફ્લાઈટમાં કુલ ૧૬૮ મુસાફરો સવાર હતા. આ સમગ્ર ઘટના ગુરુવારની છે પરંતુ આજે પ્રકાશમાં આવી છે. ઈન્ડિગો વિમાને બેંગલૂરુમાં ઈમરજન્સી લેન્ડિંગ કર્યું તે બાદ પાઇલટને પદથી હટાવી દેવામાં આવ્યો છે.

સૂત્રો અનુસાર પાઇલટ દ્વારા મૅડેનો મેસેજ મળ્યા બાદ બેંગલૂરુ એરપોર્ટ પર મેડિકલ તથા ફાયર વિભાગની ટીમને તાત્કાલિક ધોરણે તૈનાત કરવામાં આવી હતી. ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ થતાં સૌએ રાહતનો શ્વાસ લીધો. ■

## ગુજરાતમાં કોરોનાનો કેર

### ૯૧૨ પોઝિટિવ દર્દી સાથે સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતું બીજું રાજ્ય

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાને કહેર વરતાય રહ્યો છે. પાછલા ઘણા સમયથી કોરોના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાત સહિત દેશમાં પણ કોરોના એક્ટિવ કેસોની સંખ્યામાં વધારો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત દેશનું સૌથી વધુ કોરોના કેસ ધરાવતું રાજ્ય બની ચૂક્યું છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આરોગ્ય સુવિધાઓ અને નિયંત્રણનાં પગલાં વધુ મજબૂત કર્યાં છે. નાગરિકોને સાવચેતી રાખવા અને સ્વાસ્થ્ય માર્ગદર્શિકાનું પાલન કરવા અપીલ કરાઈ છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની દ્રષ્ટિએ કેરળ ૧,૧૮૪ કેસ સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ગુજરાત ૯૧૨ કેસ સાથે બીજા ક્રમે છે. પ. બંગાળ ૭૪૭ કેસ સાથે ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં નોંધાયેલા કેસોમાંથી અડધાથી વધુ અમદાવાદના છે. ■

## સરકારના સમર્થન વિના ચૂંટણી થઈ ન શકે : બાંગ્લાદેશ ચૂંટણી પંચના વડા

ઢાકા : બાંગ્લાદેશના ચૂંટણી પંચના વડાએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયામાં સરકાર મુખ્ય ભૂમિકા ભજવે છે અને તેના સમર્થન વિના ચૂંટણી યોજવી 'શક્ય નથી.'

મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને કહ્યું હતું કે ટોચની ચૂંટણી સંસ્થા ગમે તેટલી સ્વતંત્ર હોય, 'સરકારના સમર્થન વિના ચૂંટણી યોજવી શક્ય નથી.'

ઢાકા ટ્રિબ્યુન અખબારે તેમને ટાંકીને કહ્યું હતું કે, ''આપણે સરકારના સહયોગથી ચૂંટણી યોજવી પડશે.''

તેમણે ઉમેર્યું હતું કે ચૂંટણી યોજવા માટે કમિશનને કાયદા અમલીકરણ એજન્સીઓ, વહીવટ અને તેના અધિકારીઓની સહાયની જરૂર છે.

એક પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચ અને સરકાર વચ્ચે સતત વાતચીત થતી નથી, પરંતુ ''ઔપચારિક અને અનૌપચારિક'' બંને રીતે સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે.

''સંચારનાં વિવિધ માધ્યમો છે, અને અમે સરકારની ઘણી સુધારા અને વહીવટી પ્રવૃત્તિઓમાં સામેલ છીએ. સમય જતાં બધું સ્પષ્ટ થઈ જશે,'' bdnews24 ન્યૂઝ પોર્ટલે તેમને ટાંકીને કહ્યું.

ચૂંટણીના સમયપત્રક વિશે વાત કરતા, તેમણે કહ્યું, ''અમે નિયત સમયે સમયપત્રક જાહેર કરીશું અને તમને તારીખ ખબર પડશે.''

''સમય આવશે ત્યારે તમને બધું ખબર પડશે...અમારી પાસે એક ઓપરેશનલ યોજના છે - જોકે હું તેને રોડમેપ નહીં કહું,'' એમ તેમણે બીજા પ્રશ્નના જવાબમાં કહ્યું.

આ મહિનાની શરૂઆતમાં, મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે જાહેરાત કરી હતી કે રાષ્ટ્રીય ચૂંટણી આવતા વર્ષે એપ્રિલના પહેલા ભાગમાં યોજાશે.

મહેસાણાઃ નકલી જીએસટી અધિકારી બનીને ધમકી આપી તોડપાણી કરતાં ત્રણ ઝડપાયા

(અમારા પ્રતિનિધ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નકલી પોલીસ, જજ, વકીલ, શિક્ષક, ડોક્ટર, પીએમઓ અધિકારીની ભરમાર વચ્ચે રાજ્યમાં નકલી જીએસટી અધિકારી ઝડપાયા હતા. ત્રણ જણા નકલી જીએસટી અધિકારી બનીને મહેસાણાના જોટાણામાં આવેલી દુકાનમાં તપાસમાં આવ્યા હતા. જીએસટી અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને કાયદેસરની કાર્યવાહી કરવાની દુકાનદારને ધમકી આપી પાંત લાખ રૂપિયાની માગણી કરી હતી.

મળતી વિગત અનુસાર મહેસાણાના જોટાણામાં આવેલી ન્યૂ બેસ્ટ પ્રાઇઝ નામની દુકાનમાં તપાસ અર્થે આવેલા ત્રણ શખસોએ જીએસટી અધિકારીઓ તરીકે ખોટી ઓળખ આપી દુકાનદાર ઇલિયાસ મલિકને ધાકધમકી આપી પાંચ લાખ રૂપિયાની માગણી કરી હતી. દુકાનદારને શંકા જતાં પોલીસનો સંપર્ક કર્યો હતો. ■

પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાન

પારિતોષિક માટે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના નામની ઔપચારિક ભલામણ કરવાનું નક્કી કર્યું છે.

૨૨ એપ્રિલના પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી હતી. ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા સાત મેએ પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણા પર હુમલા કર્યા હતા.

બન્ને દેશના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરીએ લશ્કરી કાર્યવાહી રોકવાનો નિર્ણય લીધો હતો. જમીન પરની બન્ને દેશની દુશ્મનાવટ ચાર દિવસ ચાલી હતી.

ટ્રમ્પ વારંવાર એવો દાવો કરી રહ્યા છે કે મેં ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું હતું. નવી દિલ્હીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના ભયંકર પ્રતિહુમલાએ પાકિસ્તાનને યુદ્ધ અટકાવાનો અનુરોધ કરવાની ફરજ પાડી હતી.

પાકિસ્તાન સરકારની શનિવારની પોસ્ટમાં કહ્યું હતું કે પ્રાદેશિક અશાંત પરિસ્થિતિ વેળાએ પ્રમુખ ટ્રમ્પે ઈસ્લામાબાદ અને દિલ્હી વચ્ચે ભવ્ય રાજદ્વારી પ્રયાસો વાટે મહાન વ્યૂહાત્મક દીર્ઘદૃષ્ટિ દાખવી હતી.

પોસ્ટમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પે ઝડપથી વણસતી પરિસ્થિતિની તંગદિલી તરત જ ઘટાડી હતી અને યુદ્ધવિરામ કરાવ્યો હતો. આ પ્રદેશના લાખો લોકોને માટે ભયંકર પરિણામને આંમત્રણ આપે એવી બે અણુરાષ્ટ્ર વચ્ચેની ભીષણ લડાઈ થતી રોકી હતી.

પોસ્ટમાં વધુમાં લખ્યુ હતું કે તેમની દરમિયાનગીરી ટ્રમ્પની નિર્ભેળ શાંતિદૂત તરીકેની મહત્ત્વની ભૂમિકા અને અથડામણનો મંત્રણા વડે નિવેડો લાવવાની તેમની પ્રતિબદ્ધતા દાખવે છે.

પાકિસ્તાન સરકારે એવી નોંધ લીધી હતી કે ૨૦૨૫ની ભારત-પાક કટોકટી દરમિયાન પ્રમુખ ટ્રમ્પની વ્યવહારિક ડિપ્લોમસી અને અસરકારક શાંતિ સ્થાપના તેમના જૂના વારસાને આગળ વધારે છે. (એજન્સી) ■

### ઈઝરાયલના

ઇઝરાયલનો નાશ કરવાના ઇરાદાથી આતંકવાદી સંગઠનોને શસ્ત્રો પૂરા પાડતો હતો. તે હિઝબુલ્લાહ, હુથી અને હમાસ જેવા સંગઠનો સાથે સીધા કામ કરી રહ્યો હતો. તે તેમને મિસાઇલો અને રોકેટ સહિત અત્યાધુનિક શસ્ત્રો પૂરાં પાડતો હતો.


તે જ સમયે, ઇઝરાયલી સેના આઇડીએફએ જણાવ્યું હતું કે ઇઝરાયલનો નાશ કરવાની યોજના બનાવી રહેલા ઇરાની સેનાના વરિષ્ઠ કમાન્ડર સઈદ ઇઝાદીનું કોમમાં મોત થયું છે. ઇઝાદી કુદ્સ ફોર્સના કમાન્ડર પણ હતા, જે ઇરાની સરકાર અને હમાસ વચ્ચે મુખ્ય સંકલનકાર હતા. તે આઇઆરજીસીના વરિષ્ઠ કમાન્ડરો અને હમાસના ઉચ્ચ અધિકારીઓ અને ઇરાની સરકાર વચ્ચે લશ્કરી સંકલનનો કમાન્ડ હતો. ઇઝરાયલ વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ઇરાન હમાસને જે ભંડોળ આપતું હતું તેમાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ઇઝરાયલે એવો પણ દાવો કર્યો હતો કે તેની વાયુસેનાએ આઇઆરજીસીના સેકન્ડ યુએવી બ્રિગેડના કમાન્ડર અમીનપુર જોડકીને પણ મારી નાખ્યો હતો.

જણાવી દઈએ કે અત્યાર સુધીમાં ઇરાનમાં ૬૫૦ થી વધુ લોકો માર્યા ગયા છે જ્યારે ૨૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. તે જ સમયે, ઇઝરાયલમાં પણ ૨૫ થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે. ■

# કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે અમદાવાદમાં યોગ કર્યાઃ ગુજરાતભરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૧૧માં વિશ્વ યોગ દિવસની ગુજરાતમાં ઉત્સાહભેર ઉજવણી થઈ હતી. સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત થીમ અંતર્ગત ગુજરાતભરમાં લોકોએ ગાર્ડન સહિત અનેક જગ્યાએ યોગ કર્યા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે અમદાવાદના પ્રહલાદનગર ગાર્ડનમાં યોગ કર્યા હતા. અમદાવાદના નરોડા સ્થિત શ્રીમતી એ.પી.પટેલ આર્ટ્સ કોલેજમાં ગુજરાત યોગ બોર્ડના યોગ શિક્ષકના માર્ગદર્શનમાં કોલેજના પ્રાંગણમાં વિવિધ યોગાસનો અને પ્રાણાયામનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને માર્ગદર્શનમાં આ વર્ષના યોગ દિવસે વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ૨૧૨૧ યોગ સાધકોના એક સાથે ભુજંગાસન દ્વારા નવો કીર્તિમાન પ્રસ્થાપિત કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું હતું. મુખ્ય પ્રધાને આ પ્રસંગે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આ વર્ષની થીમ એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ રાખવામાં આવી હતી. રાજ્યભરમાં મહાનગરપાલિકાથી લઈને ગ્રામ પંચાયત સુધી અંદાજે કુલ દોઢ કરોડ લોકો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સામૂહિક યોગ ક્રિયામાં જોડાયા છે.તેમણે યોગ અભ્યાસની જીવનમાં સ્વસ્થતા અને તંદુરસ્તી સાથે માનસિક અને આધ્યાત્મિક જોડાણ પણ વિસ્તૃત સમજ આપી હતી.

વડોદરામાં નવસારીના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન સી આર પાટીલે યોગ કરી તેનું મહત્ત્વ સમજાવ્યું હતું. વડોદરામાં અટલાદરા ખાતે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં સંતોના માર્ગદર્શન હેઠળ બાળકો, યુવાનો તથા હરિભક્તો યોગ કાર્યક્રમમાં સંમેલિત થયા હતા. સુરત-રાજકોટમાં લાખો લોકો વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. સુરત જિલ્લામાં યોગ દિવસની ઉજવણીમાં ૩૨૦૦થી વધુ સ્થળોએ અંદાજે ૪.૫૦ લાખથી વધુ નાગરિકો યોગમય બન્યા હતા. સુરતનો કિન્નર સમાજ યોગ દિવસની ઉજવણીમાં જોડાયો હતો. ઘોડદોડ રોડ ખાતે આવેલા વીએફએક્સ હોલ ખાતે યોગ દિવસના ખાસ કાર્યક્રમમાં કિન્નર સમાજના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને અન્યોને પણ યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી મલ્ટીપર્પઝ ઇન્ડોર હોલ ખાતે શાળા નં.૯૪ની બાજુમાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાની હાજરીમાં કરવામાં આવી હતી. જ્યારે મનપાએ રેસકોર્સ સહિત પાંચ સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમોમાં રાજકોટ સહિત આસપાસમાં આવેલા વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં યોગપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. રાજકોટ શહેર પોલીસ દ્વારા પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ અધિકારીઓ કર્મચારીઓ દ્વારા સવારના સમયે યોગ કરી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સૌરાષ્ટ્રમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં મંદિર પાસે આવેલા ચોપાટી મેદાન ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, દેવભૂમિ દ્વારકા જિલ્લાના આઇકોનિક સ્થળ સુદામા સેતુ, દ્વારકા ખાતે પણ અંદાજિત ૨૫૦થી વધુ લોકોએ સામૂહિક યોગ અભ્યાસ કર્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાની ઉજવણી રૂપે પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ખંભાળિયા ખાતે અંદાજિત ૨૦૦૦થી વધુ લોકોએ યોગમાં ભાગ લીધો હતો. બોટાદ જિલ્લાના યાત્રાધામ કષ્ટભંજનદેવ સાળંગપુર ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ■

# ગુજરાતની ૩૫૪૧ ગ્રામ પંચાયતમાં આજે ચૂંટણી યોજાશેઃ ૮૧ લાખ મતદાર કરશે મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાતમાં આજે ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. જેમાં ૩૫૪૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ જ્યારે ૩૫૩ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીઓ માટે મતદાન થવાનું છે. આ સમગ્ર ચૂંટણીમાં કુલ ૮૧ લાખ મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પોતાના ગામ માટે યોગ્ય સરપંચ ચૂંટશે. ગુજરાતમાં કુલ ૩૬૫૬ સરપંચ પદો માટે સામાન્ય ચૂંટણી યોજાશે. મતદાન સવારે ૭ કલાકથી સાંજે ૬ કલાક સુધી યોજાશે.

આ ચૂંટણીમાં કુલ ૮૧ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ ૧૦,૪૭૯ મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવી છે. અત્યાર સુધી ગુજરાતમાં કુલ ૭૫૧ ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ થઈ હતી. હવે આજે કુલ ૧૬,૨૨૪ સભ્યોની બેઠક માટે સામાન્ય ચૂંટણીઓ યોજાશે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યભરમાં ૩,૯૩૯ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરાયાં છે. જ્યારે ૩૬ મતદાન મથકોને અતિ સંવેદનશીલ જાહેર કરાયા છે. સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ■

# રાજ્યમાં ₹ ૯૩ હજાર કરોડથી વધુના ખર્ચે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સમયની માગને અનુરૂપ વિશ્વસ્તરીય રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે. આ માર્ગોના નિર્માણથી ગુજરાતનું રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફ્યુચર રેડી બની જશે અને રાજ્ય સહિત દેશની અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર યોગદાન આપશે. આ વર્ષે રાજ્યના બજેટમાં બે ગ્રીનફીલ્ડ એક્સપ્રેસ વે નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ બે એક્સપ્રેસ વે છે : (અ) નમોશક્તિ અને (બ) સોમનાથ - દ્વારકા એક્સપ્રેસ વે. અંદાજિત રૂ. ૩૬,૧૨૦ કરોડના ખર્ચે નમોશક્તિ એક્સપ્રેસ વે ડીસાથી પીપાવાવ સુધી નિર્માણ કરવામાં આવશે, જેની લંબાઇ ૪૩૦ કિ.મીની હશે. બીજી તરફ સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વે કુલ ૬૮૦ કિ.મીનો હશે જે અંદાજિત રૂ.૫૭,૧૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે, જેનાથી અમદાવાદ, રાજકોટ અને દ્વારકાની આસપાસના વિસ્તારો માટે ની કનેક્ટિવિટી સુગમ બનશે. આ બન્ને એક્સપ્રેસ વે રાજ્યના મહત્ત્વપૂર્ણ બંદરો સુધી સીધી અને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે અને ગુજરાતને ભારતના અન્ય પ્રદેશો સાથે પણ મજબૂતી સાથે જોડશે. આ કનેક્ટિવિટી શરૂ થવાથી ટ્રાફિકના ભારણમાં ઘટાડો થશે અને પ્રદૂષણને ઘટાડવામાં પણ મદદરૂપ થશે.

અમદાવાદ-રાજકોટ એક્સપ્રેસ-વે ધોલેરા-મુંબઇ ઇન્ડસ્ટ્રિઅલ કોરિડોરના ઇન્ફ્લુઅન્સ એરિયામાંથી પસાર થાય છે. પરિણામે અમદાવાદ-રાજકોટ એક્સપ્રેસ વે એક મુખ્ય ઔદ્યોગિક અને ઉત્પાદન કોરિડોર તરીકે ઊભરી આવશે. લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઇનમાં કાર્યક્ષમતા વધવાથી સાણંદના સમૃદ્ધ ઔદ્યોગિક ક્ષેત્રને ફાયદો થશે. આ કનેક્ટિવિટીથી રાજકોટના ટૂલ્સ અને મશીન ઉપકરણોનું ઉત્પાદન કરતાં એકમોને પણ ફાયદો થશે. સુરેન્દ્રનગરમાં એમએસએમઈને આ મુખ્ય શહેરો સાથે સુગમ જોડાણ મળશે. તે સિવાય ઉત્તર ગુજરાતમાં પાલનપુર અને ડીસા જેવા વિસ્તારોમાં કૃષિ સંબંધિત વ્યવસાયિક અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

આ બન્ને એક્સપ્રેસ વે એક અભૂતપૂર્વ રોડ નેટવર્કનું નિર્માણ કરશે જેનો ફાયદો રાજ્યના ૧૩ જિલ્લાને થશે. બન્ને એક્સપ્રેસ વે અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, અમદાવાદ, રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથમાંથી પસાર થશે અને રાજ્યની આશરે ૪૫ ટકા વસ્તીને તેનો ફાયદો મળશે. આ ૧૩ જિલ્લા કેન્દ્રોમાંથી આ એક્સપ્રેસ વે પર પહોંચવા માટે એક કલાક કરતા પણ ઓછો સમય લાગશે.

આ બન્ને એક્સપ્રેસ વે રાજ્યના મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક અને પ્રવાસન સ્થળો સુધી સીમલેસ જોડાણ પ્રદાન કરશે. તેમાં અંબાજી, ધરોઇ, પોળોના જંગલ, મોઢેરા, બેચરાજી, જામનગર, દ્વારકા, પોરબંદર અને સોમનાથ જેવાં સ્થળો ને સુધી સીધું જોડાણ મળશે. તે સિવાય માંડલ વિશેષ રોકાણક્ષેત્ર, બાવળા, સાણંદ, રાજકોટ-શાપર, પોરબંદર-કોડીનાર તેમજ ધોલેરા જેવાં ઔદ્યોગિક ક્ષેત્રો સુધીની કનેક્ટિવિટી વધુ સુગમ બનશે. આ બે પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ રાજ્યમાં એક ભવ્ય રોડ નેટવર્કનું નિર્માણ થશે અને નાગરિકોને ૮,૦૦૦ કિ.મીથી વધુના ૪-૬ લેન હાઇવે ઉપલબ્ધ થશે. ■

# ભરૂચમાંથી સરકારી અનાજનું કૌભાંડ ઝડપાયુંઃ ૯૦ હજારનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચમાંથી સરકારી અનાજનું કૌભાંડ ઝડપાયું હતું. જિલ્લાના આમોદમાં સરકારી અનાજમાં મોટાપાયે ગેરરીતિ થતી હોવાનું સામે આવ્યું હતું. સરકારી અનાજનું વેપારીઓને વેચાણ કરી કમાણી કરવાના કાળો કારોબાર થતો હોવાનો પર્દાફાશ થતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આમોદમાંથી સરકારી અનાજનો ૯૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. સરકારી અનાજના કાળા કારોબારમાં ગેરરીતિ આચરનારા બે લોકોની અટકાયત કરવામાં આવી હતી.

રોઝા ટંકારિયાથી મોભા ગામે પીક અપ ગાડીમાં લઈ જવાતા અનાજનો જથ્થાની ચકાસણી કરતાં સરકારી અનાજના કાળા કારોબારનો પર્દાફાશ થયો હતો. પુરવઠા મામલતદારે કાર્યવાહી કરતાં ૯૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઘઉંની ૩૬ તથા ચોખાની ૨૮ બોરી કબજે કરવામાં આવી હતી. સરકારી અનાજના કૌભાંડ મામલે આમોદ પાસેથી પોલીસે વડોદરાના પાદરાના મેહુલકુમાર શાહ અને નીતિનભાઈ ઉર્ફે અંકિત જીતુભાઈ પઢિયારની અટકાયત કરી હતી.

પોલીસ આ બંને શખ્સની અટકાયત કર્યા બાદ આ જથ્થો ક્યાં પહોંચાડવામાં આવતો હતો, તેમજ કોના દ્વારા અનાજ આપવામાં આવ્યું તેવી બાબતોને લઈને તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા તહેવારો પર અને ખાસ દિવસો પર તેમજ સરકારી શાળાઓ આ સરકારી અનાજનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે કમાણીની લાલચે સરકારી અનાજનું બારોબાર વેપારીઓને વેચાણ કરવામાં આવે છે. પોલીસ દ્વારા આવા ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવતાં ફફડાટ ફેલાયો હતો. ■

# ગુજરાતમાં કોચિંગ સહાય યોજનાનો છેલ્લા પાંચ વર્ષમાં ૯,૨૨૯ વિદ્યાર્થીઓએ લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે સૌ ભણે, સૌ આગળ વધેના સૂત્રને સાકાર કરવા માટે વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. આ સૂત્રનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના દરેક વર્ગના વિદ્યાર્થીને ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય અને તેઓ પોતાના સપનાને સાકાર કરી દેશ અને દુનિયામાં પોતાનું અને પરિવારનું નામ રોશન કરી શકે તેવો છે.

રાજ્યના છેવાડાના દરેક વર્ગના નાગરિકને યોગ્ય શિક્ષણ મળી રહે તેની દરકાર ગુજરાત સરકાર કરી રહી છે. અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને નીટ, જેઈઈ, ગુજકેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કોચિંગ સહાય યોજના હેઠળ અમલી બનાવાઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના ૯,૨૨૯ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો હતો. જે અંતર્ગત વિકસતી જાતિના ૮,૭૯૪ તથા અનુસૂચિત જાતિના ૪૩૫ વિદ્યાર્થીઓને નીટ, જેઈઈ, ગુજકેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે સહાય આપવામાં આવી હતી.

કોચિંગ સહાય યોજનામાં રૂ. ૨૦ હજારની સહાય સીધી જ લાભાર્થી વિદ્યાર્થીના બેંક ખાતામાં જમા કરાવવામા આવે છે. આ યોજના દ્વારા અનુસુચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળી કોચિંગ ઉપલબ્ધ થાય છે. વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં અનુસૂચિત જાતિ પ્રભાગ હેઠળ ત્રણસો વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૦ લાખ તથા વિકસતી જાતિના ત્રણ હજાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૭ કરોડની બજેટની જોગવાઈ કરવામાં આવી હતી. લાભ મેળવવા ઈચ્છુક અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીએ ધોરણ ૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અને ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા હોવા જરૂરી છે. આ યોજના હેઠળ વિકસતી જાતિના વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા રૂ. ૭ લાખ રાખવામાં આવી છે.

આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ અરજી સાથે જાતિ પ્રમાણપત્રની નકલ, ધોરણ ૧૦ની માર્કશીટની નકલ, વિદ્યાર્થી હાલ જે શાળામાં ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા હોય તે અંગે શાળાનું બોનાફાઇડ પ્રમાણપત્ર, રહેઠાણનો પુરાવો, આધારકાર્ડની નકલ, વિદ્યાર્થીના બેંકની વિગતો તથા જે તે સંસ્થામાં ફી ભર્યાની પાવતીની નકલ સાથે અપલોડ કરવાની રહેશે. ■

# સુરત કોર્ટે એક મહિલા સહિત ત્રણ બાંગ્લાદેશી ઘૂસણખોરને એક વર્ષ જેલની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત કોર્ટે એક મહિલા સહિત ત્રણ બાંગ્લાદેશી ઘૂસણખોરોને એક વર્ષ જેલની સજા ફટકારી હતી. મળતી વિગત મુજબ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમ સારોલીના વેડછા પાટિયા પાસે ચેકિંગ કરતી હતી. તે સમયે માફિઝુર રહેમાન અકરમ, સુમોના શેખ અને ઇબ્રાહિમ શેખ નામના ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ જોઈને તેમની અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેઓ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા અને તેમની પાસેથી બાંગ્લાદેશના નેશનલ આઈડી કાર્ડ મળી આવ્યા હતા. આથી, ત્રણેયની પાસપોર્ટ એક્ટના ભંગ અને ફોરેનર્સ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ નોંધ્યું હતું કે, જો આરોપીઓ ભારતના નાગરિક હોવાનો દાવો કરતા હોય તો તે સાબિત કરવાની જવાબદારી તેમની પોતાની છે.

સૂત્રોના કહેવા પ્રમાણે હાલમાં તંત્ર બાંગ્લાદેશીઓને પકડીને સીધા સરહદ પર છોડી દેવાની પદ્ધતિ અપનાવી રહ્યું છે. આનાથી લાંબી કાનૂની પ્રક્રિયા ટાળી શકાય છે. જોકે, જે કેસોમાં આરોપીઓની ધરપકડ કરીને જેલમાં મોકલવામાં આવે છે, તેમાં કાયદેસરની ટ્રાયલ ચાલે છે અને આરોપીઓને સજા થાય છે. સજા પૂરી થયા બાદ આ આરોપીઓને જરૂરી દસ્તાવેજો સાથે સરહદ પાર કરાવીને તેમના દેશમાં પરત મોકલવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા સુરત ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પણ ૧૧૯ જેટલા બાંગ્લાદેશીઓની અટકાયત કરવામાં આવી હતી. ■

# અમદાવાદ રથયાત્રાઃ ૭૫થી વધુ ડ્રોનથી મોનિટરિંગ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં નીકળનારી ૧૪૮મી રથયાત્રાને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. આ વર્ષે રથયાત્રાના રૂટ પર પાંચ સ્થળે એન્ટી ડ્રોન સિસ્ટમનો ઉપયોગ કરાશે તથા ૭૫થી વધુ ડ્રોનથી સતત મોનિટરિંગ કરાશે. આ ઉપરાંત ભાગદોડ ના થાય તે માટે એઆઈનો ઉપયોગ કરવામાં આવશે.

૪૫ ડ્રોન ક્રાઇમ બ્રાન્ચ પાસે છે, ઉપરાંત ૩૦થી વધુ ખાનગી કંપનીના ડ્રોન દ્વારા દેખરેખ કરવામાં આવશે. તમામ ડ્રોનમાં જીપીએસ લગાડવામાં આવ્યાં છે. ડ્રોન અને તેના ઓપરેટરે કેટલી ઊંચાઈએ, તેમજ કેટલા અંતરમાં રહેવું , કઈ જગ્યાએ રહેવું તે પણ નક્કી કરવામાં આવ્યું છે. જગન્નાથ મંદિર, સરસપુર, પ્રેમ દરવાજા, તંબુ ચોકી, દિલ્હી દરવાજા સહિત પાંચ સ્થળે એન્ટી ડ્રોન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. ભાગદોડની ઘટના ના બને તે માટે એઆઈ ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. ઉપરાંત ઇમરજન્સી માટે એમ્બ્યુલન્સ પ્રવેશ અને નીકળવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. ■

# અમદાવાદના નારોલમાં માથાભારે શખ્સોએ બુલેટ પર તલવાર મારી ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા મોટી કાર્યવાહી કરીને ૧૫થી વધારે પિસ્તોલ અને જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા હતા. જોકે તેમ છતાં નારોલમાં ૩ રાઉન્ડ ફાયરિંગની ઘટના બની હતી. બાઈક સાઈડમાં લેવા જેવી બાબતે માથાભારે શખ્સોએ બુલેટ પર તલવારના ઘા મારીને સમગ્ર વિસ્તારને બાનમાં લીધો હતો.

મળતી માહિતી મુજબ, મોડી રાત્રે બે મિત્રો દ્વારા પહેલાં બાઇક હટાવવાના મુદ્દે સામાન્ય બોલાચાલી થઈ હતી. જોકે, આ વિવાદ એકાએક મારામારીમાં બદલાયો અને બાદમાં અન્ય ત્રણથી ચાર લોકો હથિયાર સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જ્યાં તેમણે તલવાર, બંદૂક અને અન્ય હથિયારો સાથે આખો વિસ્તાર બાનમાં લીધો હતો અને હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા.

સમગ્ર મામલે એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમે ફાયરિંગની ઘટનાની જાણ થતાં તુરંત તપાસ હાથ ધરી હતી. ઝોન-૬ની એલસીબી ટીમને બાતમી મળી હતી કે, બે આરોપી પાસે હથિયાર છે અને તે બંને નારોલના મટન ગલીમાં છુપાયેલા છે. ત્યાંથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. હાલ આરોપીઓ આ હથિયાર ક્યાંથી લાવ્યા અને ફાયરિંગ તેમજ તોડફોડ કયાં કારણોસર કરી હતી તે વિશે તપાસ હાથ ધરી હતી. ■

# અરવલ્લીમાં ચાર ઇંચથી વધુ વરસાદઃ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં આજે અતિભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં એક દિવસના ઉઘાડ અને વરસાદી વિરામ બાદ ફરીથી સમગ્ર રાજ્યમાં મેઘ મહેરનો પ્રારંભ થયો હતો. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર ૨૧ જૂન સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૨૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જ્યારે ૧૫ તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ આરવલ્લી જિલ્લામાં પડ્યો હતો. અરવલ્લી જિલ્લાના મોડાસામાં ૪.૦૨ ઇંચ, મેઘરજમાં ૩.૯ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

સુરત જિલ્લાના ઉમરપાડામાં ૩.૧૧ ઇંચ, નર્મદા જિલ્લાના સાગબારામાં ૨.૨ ઇંચ, છોટા ઉદેપુર જિલ્લાના કવાંટમાં ૧.૮૯ ઇંચ અને નસવાડીમાં ૧.૪૬ ઇંચ, આણંદના પેટલાદમાં ૧.૬૯ ઇંચ, સાબરકાંઠાના પ્રાંતિજમાં ૧.૩૪ ઇંચ, મહીસાગરના ખાનપુર અને ખેડાના મહેમદાવાદમાં ૧.૧૮ ઇંચ, સાબરકાંઠાના તલોદ અને અરવલ્લીના માલપુરમાં ૧.૧ ઇંચ, અમદાવાદના ધોલેરા અને તાપીના કુકરમુંડામાં ૧.૦૬ ઇંચ વરસાદ પડ્યો હતો. તે ઉપરાંત, વલ્લભીપુર, વસો, માણસા, હાલોલ, સાવલી, નડિયાદ, તારાપુર, નસવાડી, નેત્રંગ, માંગરોળ, કઠલાલ, સોજિત્રા, વિજાપુર, જંબુસર, કડી, ભરૂચ, ખંભાત, પોશીના, નાંદોદ સહિત ૧૧૦ તાલુકામાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજ્યના હવામાન વિભાગે આજે ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી તેમજ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને કચ્છ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહીને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. દક્ષિણ અને ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ વિસ્તારોમાં વરસાદની તીવ્રતા વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, વલસાડના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. આ ઉપરાંત, સૌરાષ્ટ્ર-કચ્છના કચ્છ જિલ્લામાં પણ ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. તે ઉપરાંત પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, ડાંગ અને તાપી જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર અને મોરબી જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં છૂટાછવાયાં સ્થળોએ ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં પણ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં પણ ગાજવીજ અને પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ■

# વિસાવદર પેટાચૂંટણીમાં બે બૂથ પર સરેરાશ ૮૦ ટકાથી વધુ મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં બે બૂથ પર ૨૧ જૂનના રોજ ફરીથી મતદાન યોજાયું હતું. વિસાવદર વિધાનસભા બેઠક પરના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાએ બૂથ કેપ્ચરિંગની ફરિયાદ કરી હતી, ત્યારબાદ ચૂંટણી પંચે આ બંને બુથ પર મતદાન રદ્દ કરવાનો નિર્ણય લીધો હતો. વિસાવદર વિધાનસભા મતવિસ્તારના માલીડા ગામના બૂથ નંબર ૮૬ અને નવા વાઘણીયા ગામના બુથ નંબર ૧૧૧ પર સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. સાંજે ૭ વાગ્યા સુધીમાં માલીડામાં ૮૦.૪૧ અને વાઘણિયામાં ૮૨.૫૯ ટકા મતદાન નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં વિસાવદર અને કડી વિધાનસભા બેઠક પર ૧૯ જૂને મતદાન થયું હતું. વિસાવદર અને કડી વિધાનસભા મતવિસ્તારોમાં સરેરાશ ૫૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. વિસાવદર બેઠક પર સાંજે ૬ વાગ્યા સુધીમાં ૫૬.૮૯ ટકા મતદાન થયું હતું. ■

# સંસ્થા સમાચાર

## સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ, ચોપાટી



મુંબઈના સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ, ચોપાટી ખાતે ૧૧મા વૈશ્વિક યોગ દિને યોગાચાર્ય તનુભાઈ ખટાઉના માર્ગદર્શન અને યોગ શિક્ષકો મહેન્દ્રભાઈ, સરલાબેન, રક્ષાબેન, મહેશભાઈ અને અલકાબેનના સહકારથી ૨૧ સૂર્ય નમસ્કાર કરીને યોગ દિનના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે બિહાર સ્કૂલ ઓફ યોગા(મુંગેર-બિહાર)ના સ્વામી નિર્મલાનંદજી પધાર્યા હતા. તેમણે યમ-નિયમના ક્ષમા અને નમસ્કાર પર ભાષણ પણ આપ્યું હતું. પ્રેમપુરી ખાતે દરરોજ સવારે ૬.૩૦ થી ૭.૩૦ તનુભાઈ ખટાઉ અને સાંજે ૬ થી ૭ મહાવીરભાઈ સૈનિકના માર્ગદર્શનની નિઃશુલ્ક વર્ગ ચલાવવામાં આવે છે.

# ભિવંડીમાં નદીમાં ડૂબી જવાથી બે ભાઈનાં મોત

થાણેઃ નદીમાં તરવા ગયેલા બે ભાઈના તણાઈ જવાથી મૃત્યુ થયાં હોવાની ઘટના ભિવંડીમાં બની હતી. બન્ને મૃતકોની ઓળખ સાગર ધુમાળ (૩૦) અને અક્ષય (૨૫) તરીકે થઈ હતી. પોલીસ અને ફાયર બ્રિગેડે સર્ચ ઑપરેશન હાથ ધરી શનિવારે બન્નેના મૃતદેહ નદીમાંથી બહાર કાઢ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારે સાંજે બની હતી. મોજ ખાતર બન્ને કામવરી નદીમાં તરવા ગયા હતા. પાણીના વહેણમાં બન્ને તણાઈ ગયા હતા. તેમને શોધવા ફાયર બ્રિગેડ અને પોલીસે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું, પરંતુ શુક્રવારે તેમની કોઈ ભાળ મળી નહોતી. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# સિડકોનો કર્મચારી લાંચ લેતાં ઝડપાયો

થાણેઃ નિવૃત્ત કર્મચારી પાસેથી ૧.૫ લાખ રૂપિયાની કથિત લાંચ સ્વીકારવા બદલ સિટી ઍન્ડ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન ઑફ મહારાષ્ટ્ર (સિડકો)ના કર્મચારીની એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ ધરપકડ કરી હતી.

એસીબીના ઈન્સ્પેક્ટર સંતોષ અંબિકેએ જણાવ્યું હતું કે શુક્રવારની રાતે સિડકોના ટેલિકૉમ મોબાઈલ વિંગના સ્ટેનોગ્રાફર નરેન્દ્ર હિરે (૫૭)ની ધરપકડ કરવામાં આવી હતી.

નિવૃત્ત કર્મચારી પાસેથી આરોપીએ ૪.૫ લાખ રૂપિયાની માગણી કરી હતી. ખાતાકીય તપાસમાં નિર્દોષ જાહેર કરવા અને બાકી પેમેન્ટ માટે દસ્તાવેજોની પ્રક્રિયા હાથ ધરવા માટે ફરિયાદી પાસેથી આ રકમ માગવામાં આવી હતી.

હિરેએ પોતાના અને અન્ય અધિકારીઓ માટે લાંચની રકમ માગી હતી. તડજોડ બાદ ૧.૫ લાખ રૂપિયા સ્વીકારવાનું નક્કી કરાયું હતું. લાંચ આપવાની ઇચ્છા ન હોવાથી ફરિયાદીએ એસીબીનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે એસીબીએ છટકું ગોઠવ્યું હતું. લાંચની રકમ સ્વીકારનારા હિરેને અધિકારીઓએ રંગેહાથ પકડી પાડ્યો હતો. તેની વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

# રેલવેમાં ટિકિટ કૌભાંડઃ વેઈટરના ખાતામાંથી લાખો રૂપિયા મળ્યા

મુંબઈઃ મુંબઈના સેન્ટ્રલ રેલ્વેમાં વીવીઆઈપી ક્વોટામાંથી નકલી સહીઓ અને લેટરહેડ દ્વારા ટિકિટ કન્ફર્મ કરવાના કેસમાં એક નવો ખુલાસો થયો છે. આ કેસની તપાસ કરી રહેલી રેલ્વે પોલીસને આરોપી ચાવાળો ઉર્ફે રવિન્દ્ર સાહુના બેંક ખાતામાંથી ચાર લાખ રૂપિયા મળી આવ્યા છે. તેણે રેલવેના વરિષ્ઠ અધિકારીઓના નકલી લેટરહેડ અને સ્ટેમ્પનો ઉપયોગ કરીને ટિકિટ બુકિંગ દ્વારા આ રકમ ભેગી કરી હતી.

અહેવાલ મુજબ, સાહુએ આ ખાતું એક ખાનગી બેંકમાં ખોલાવ્યું હતું. હાલમાં, જીઆરપીએ તેનું બેંક ખાતું ફ્રીઝ કરી દીધું છે અને તે જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ રકમ કયા ખાતામાંથી ટ્રાન્સફર કરવામાં આવી હતી. નવાઈની વાત એ છે કે આરોપી રેલવે કેન્ટીનમાં નજીવા પગારે વેઈટર તરીકે કામ કરતો હતો, પરંતુ પૈસાના લોભને કારણે તેણે આ ગેરકાયદે રસ્તો અપનાવ્યો હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે રવિન્દ્ર સાહુને રેલવેના ઈમર્જન્સી ક્વોટા વિભાગના કેટલાક કર્મચારીઓનો ટેકો હતો. સૂત્રોએ દાવો કર્યો છે કે જીઆરપી આ સંભવિત મિલીભગતની તપાસ કરી રહી છે. મધ્ય રેલવેએ પણ તેની આંતરિક તપાસ શરૂ કરી છે જેથી સ્પષ્ટ થઈ શકે કે ટિકિટ કન્ફર્મેશનની આ છેતરપિંડી કેવી રીતે થઈ રહી હતી અને તેમાં કયા કર્મચારીઓ સામેલ હતા. આ કેસમાં જીઆરપીએ સ્લીપર ટિકિટ વિભાગના વડાનું પણ નિવેદન નોંધ્યું છે. આ સાથે, જે વરિષ્ઠ અધિકારીઓના નકલી લેટરહેડ અને સહીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે. રેલવે સૂત્રોનું માનવું છે કે આગામી દિવસોમાં આ છેતરપિંડીમાં ઘણા મોટા ખુલાસા થઈ શકે છે. આ મામલો ફક્ત એક વેઈટર પૂરતો મર્યાદિત નથી લાગતો, પરંતુ તેમાં ઊંડે સુધી ફેલાયેલા કોઈ નેટવર્કની સંડોવણી હોવાની શક્યતા છે. ■

# વીજળીનો આંચકો લાગતાં મહિલાનું મોત

થાણેઃ પાઉડર કોટિંગ મશીન પર કામ કરતી મહિલાનું વીજળીનો આંચકો લાગતાં મૃત્યુ થયું હોવાની ઘટના ડોમ્બિવલીમાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારે ડોમ્બિવલી વિસ્તારમાં આવેલા અક્ષતા જાધવના કારખાનામાં બની હતી. જાધવ પાઉડર કોટિંગ મશીન પર કામ કરતી હતી ત્યારે કરન્ટ પસાર થયો હતો. કરન્ટ લાગવાને કારણે તે બેભાન થઈ જમીન પર ફસડાઈ પડી હતી, એમ માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. બેભાન જાધવને કારખાનાના અન્ય કર્મચારીઓ હૉસ્પિટલે લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# વર્લ્ડ રેન્કિંગમાં મુંબઈ યુનિવર્સિટી ૧૭મા સ્થાને

મુંબઈઃ વર્લ્ડ યુનિવર્સિટી રેંકિંગ ક્યુએસ (ક્વાક્વેરેલી સાયમન્ડ્સ)માં મુંબઈ યુનિવર્સિટીને દેશની ૧૭મી શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થા અને મહારાષ્ટ્રની બીજી શ્રેષ્ઠ પરંપરાગત યુનિવર્સિટી તરીકે જાહેર કરવામાં આવી છે. યુનિવર્સિટીએ આ વર્ષે પણ તેના રેન્કિંગમાં નોંધપાત્ર સુધારો કર્યો છે અને તાજેતરના વર્ષોમાં ૭૧૧-૭૨૦ બેન્ડથી ૬૬૪મું સ્થાન મેળવ્યું છે.

આ રેન્કિંગ અમારી યુનિવર્સિટીના દરેક સ્ટેક હોલ્ડરો દ્વારા સંશોધન અને વિકાસમાં કરવામાં આવેલા સમર્પિત પ્રયાસોનો પુરાવો છે. અમે આ પરિણામોથી ખુશ છીએ અને ભવિષ્યમાં પણ ઉચ્ચ રેન્કિંગ માટે પ્રયત્નશીલ રહીશું, એમ મુંબઈ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર રવિન્દ્ર કુલકર્ણીએ જણાવ્યું હતું. ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગના રિપોર્ટ પ્રમાણે મુંબઈ યુનિવર્સિટીએ તેના ‘રોજગાર પરિણામો’ માટે સૌથી વધુ ૯૧નો સ્કોર મેળવ્યો છે. ત્યાર બાદ ‘ફેકલ્ટીદીઠ સંદર્ભો’ માટે ૫૩.૭, ‘ટકાઉપણ’ માટે ૪૧.૩, ‘એમ્પ્લોયર રેપ્યુટેશન’ માટે ૩૧.૫ અને ‘ઇન્ટરનેશનલ રિસર્ચ નેટવર્ક’ માટે ૨૭.૬ સ્કોર મેળવ્યો હતો. શૈક્ષણિક પ્રતિષ્ઠા, ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ડાઇવર્સિટી અને ફેકલ્ટી-સ્ટુડન્ટ રેશિયોમાં પણ સારો એવો સ્કોર પ્રાપ્ત કર્યો છે.

ક્યુએસ રેન્કિંગનો રિપોર્ટ જાહેર કરાયા બાદ મુંબઈ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં તેના પ્રદર્શનમાં સુધારોનું શ્રેય અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમજૂતી કરારો (એમઓયુ) પર હસ્તાક્ષર કરવા તથા વિવિધ વ્યાવસાયિક અને કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો શરૂ કરવાને આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટીએ રાષ્ટ્રીય સ્તરે રમતગમત, સાંસ્કૃતિક અને અન્ય પ્રવૃત્તિમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. આંતરરાષ્ટ્રીય જર્નલમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રકાશિત સંશોધન પત્રોમાં ૧૫૬ ટકાનો વધારો થયો છે. વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમો હેઠળ ૧૨ વિભાગો-સંસ્થાઓને માન્યતા આપવામાં આવી છે અને ૮૦થી વધુ વિવિધ વ્યાવસાયિક સંસ્થાઓમાં છે, એમ નિવેદનમાં જણાવાયું હતું. (પીટીઆઇ)■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) નુરબકતા મલ્લા | ૫૫ | ૫૦,૦૦૦ |
| ૨) મંઝૂર ખાન | ૫૨ | ૧,૦૦,૦૦૦ |
| ૩) રૌશન તારા બાઇ | ૩૦ | ૫૦,૦૦૦ |
| ૪) ઇબ્રાહિમ મિયા | ૩૯ | ૧,૨૦,૦૦૦ |
| ૫) ગોઉરી સરકાર શર્મા | ૩૨ | ૬૦,૦૦૦ |
| ૬) આશા દેવી | ૩૮ | ૧,૩૦,૦૦૦ |
| ૭) મોહડ ઝહીર કુરેશી | ૫૧ | ૮૦,૦૦૦ |
| ૮) બીજય કુમાર સિંહ | ૫૯ | ૩૦,૦૦૦ |
| ૯) મહેશ ચંદ્રા શુકલા | ૫૪ | ૬૦,૦૦૦ |
| ૧૦) અબ્દુલ અજીજ | ૭૬ | ૩૦,૦૦૦ |
| ૧૧) બેડાના બીબી | ૪૩ | ૧,૦૦,૦૦૦ |
| ૧૨) મીઠુ દાસ | ૪૨ | ૮૦,૦૦૦ |
| ૧૩) એમ ડી અસ્લમ ખાન | ૪૭ | ૪૦,૦૦૦ |
| ૧૪) કિરણ રવિ માહમારે | ૪૯ | ૯૦,૦૦૦ |
| ૧૫) અમૃતા સિંહ | ૩૯ | ૯૦,૦૦૦ |
| ૧૬) ઝાકીર હુસૈન અઝીઝુલ શેક | ૪૬ | ૨,૦૦,૦૦૦ |
| ૧૭) ગોપાલ પાલ | ૪૩ | ૨,૦૦,૦૦૦ |
| ૧૮) ડોમની દેવી | ૫૩ | ૯૫,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઇ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે

| | | |
|---|---|---|
| ૧૯) સકિના અમીન શેખ | ૧૨ | ૬,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ માસીના હૉસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે

| | | |
|---|---|---|
| ૨૦) સંજય ચતુર્વેદી | ૫૪ | ૩,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની ‘જીવન પ્રકાશ’ વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે આપવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફ્લેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

તેરમાં પાનાનું ચાલુ

## શ્વાન પાળવા માટે

નોંધણી કરાવી એમએમસી કાયદો-૧૮૮૮ની કલમ ૧૯૧-બી હેઠળ લાઇસન્સ લેવું પડશે. લાઇસન્સ વગર શ્વાનને પાળવાનું ગેરકાયદે ગણાશે.

શ્વાન પાળવા માટે અમુક શરતો હશે જે દરેક માલિકોને પાળવાની ફરજિયાત રહેશે.

હાઉસિંગ સોસાયટીઓ, અપાર્ટમેન્ટ્સ માટે પણ અમુક નિયમો બનાવવામાં આવ્યા છે જેથી શ્વાન પાળવા પર તેઓ પ્રતિબંધ મૂકી શકશે નહીં.

પાલિકા દ્વારા આ વિશે તેની વેબસાઇટ પર સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. વેબસાઇટઃ https://vhd.mcgm.gov.in/ ■

## આળંદીમાં કોઈ

અને સાંગલીના ડેમમાંથી પાણીના નિકાલનું સંચાલન કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે જેથી આગામી દિવસોમાં પૂર ટાળી શકાય.

‘અમે ડેમમાંથી કયા હેતુ માટે પાણી છોડવું જોઈએ અને ક્યારે બંધ કરવું જોઈએ તે અંગે સ્પષ્ટ પ્રોટોકોલ સ્થાપિત કર્યા છે. ડેમમાંથી અસરકારક પાણીનું વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે પડોશી રાજ્યો સાથે સારું સંકલન કરવામાં આવે છે. ચોમાસા દરમિયાન વધુ સારા સંકલન માટે અમારા ઇજનેરોને આ રાજ્યોમાં તહેનાત કરવામાં આવ્યા છે,’ એમ પણ ફડણવીસે જણાવ્યું હતું. ■

## દુરાચાર પીડિતાને

રાખવાનું દબાણ કોર્ટ આપી શકે નહીં. જો આવું કરવામાં આવે તો જીવનનો પથ પસંદ કરવાના માર્ગમાં પીડિતાની પસંદગીના અધિકારનો ભંગ કરવામાં આવશે, એમ કોર્ટે કહ્યું હતું.

લગ્ન બાદ સ્ત્રી પોતાની મરજીથી ગર્ભ ધારણ કરી શકે એ સત્ય પ્રત્યે આપણે સૌએ સંવેદનશીલ રહેવું જોઇએ. તેમ છતાં મરજી વિરુદ્ધ અથવા આકસ્મિક પરિસ્થિતિમાં મહિલા/પીડિતા પર ગર્ભને ચાલુ રાખવાનું દબાણ આપવું યોગ્ય નથી, એમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું.

આ કેસમાં પીડિતાની તેના સગા દ્વારા જાતીય સતામણી કરવામાં આવી હતી અને ગર્ભપાત કરાવવાની માગણી સાથે તેના પિતાએ હાઇ કોર્ટમાં ધા નાખી હતી.

ગર્ભપાત કરાવતી વખતે કોઇ સમસ્યા ઊભી ન થાય તે માટેની તકેદારી રાખવા કોર્ટે સંબંધિતોને આદેશ આપ્યો હતો. (પીટીઆઇ) ■

## ચાલતી કૅબમાં

દિશામાં આગળ વધી રહી હતી ત્યારે એક આરોપીએ મહિલાને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. મહિલાએ વિરોધ કરતાં બીજા આરોપીએ તેને ધમકાવી હતી. કહેવાય છે કે અમુક અંતરે પહોંચ્યા પછી ડ્રાઈવરની નજર નાકાબંધીમાં હાજર પોલીસ પર પડી હતી.

પોલીસને જોઈ બન્ને શકમંદ કૅબમાંથી ઊતરીને રફુચક્કર થઈ ગયા હતા. બાદમાં મહિલાને ઘાટકોપર છોડી કૅબ સાથે ડ્રાઈવર ત્યાંથી રવાના થઈ ગયો હતો. મુંબઈથી વધુ પરિચિત ન હોવાથી અને ડરના માર્યા મહિલાએ પતિને ઘટનાની જાણ કરી હતી. શુક્રવારે સવારે પતિને મળ્યા પછી બન્ને ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

## પિક્ચર અભી બાકી હૈ...

માર્ગ પરિવહન અને રાજમાર્ગ ખાતાના પ્રધાને શનિવારે કહ્યું હતું.

ભારતની માથાદીઠ આવક વિશ્વના ટોચના ૧૦ દેશોમાં કેમ નથી એમ પૂછવામાં આવતા, કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે આને માટે દેશની વસ્તી જવાબદાર છે.

વસ્તી નિયંત્રણ બિલને સમર્થન આપતા તેમણે કહ્યું હતું કે, ‘આ કોઈ ધાર્મિક કે ભાષાકીય મુદ્દો નથી. આ એક આર્થિક મુદ્દો છે. આટલો બધો વિકાસ થયો હોવા છતાં, તેના ફળ દેખાતા નથી. કારણ વસ્તીમાં વધારો છે,’ એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

તેમણે શિવસેના (યુબીટી)ના નેતા સુધાકર બડગુજરના ભાજપમાં જોડાવા અંગેના સવાલને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે તેઓ તેમને ઓળખતા નથી અને ક્યારેય મળ્યા નથી.

ઇન્ટરવ્યુ દરમિયાન, ગડકરીએ ૨૦૧૪થી સત્તામાં રહેલી મોદી સરકારની વિવિધ સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો. ■

## કૃષિ લોન માફ થશે જ....

કરશે,’ એમ તેમણે કહ્યું હતું.

### યોગના વ્યસની બનોઃ એકનાથ શિંદે

મુંબઈમાં એક કાર્યક્રમમાં ભાગ લેનારા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે બાળકો અને યુવાનોને વ્યસનોથી દૂર રહેવા અને તણાવમુક્ત જીવન જીવવા માટે યોગની પ્રેક્ટિસ કરાવવી જોઈએ.

મરીન ડ્રાઇવ ખાતે ‘યોગ બાય ધ બે’ કાર્યક્રમમાં ભાગ લીધા બાદ પત્રકારો સાથે વાત કરતા શિંદેએ કહ્યું હતું કે યોગ એ ભારતની પ્રાચીન સંસ્કૃતિ છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોને કારણે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ ‘એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય’ છે, એમ પણ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે યુવા પેઢીમાં બાળપણથી જ યોગનું શિક્ષણ આપવું જોઈએ જેથી તેઓ પ્રાચીન પ્રથા સિવાય અન્ય કોઈ વસ્તુના વ્યસની ન બને.

‘તેઓ (યુવાનો)એ યોગનું વ્યસન કરવું જોઈએ,’ એમ તેમણે કહ્યું હતું.

શિંદેએ વધુમાં નોંધ્યું કે ત્રણ વર્ષ પહેલાં આ દિવસે તેમણે તત્કાલીન શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો હતો અને રાજ્યમાં મહા વિકાસ આઘાડી સરકારને ગબડાવી દીધી હતી.

‘મેં તે દિવસે પણ યોગનો અભ્યાસ કર્યો હતો. તે દિવસે અમે લાવેલા ‘પરિવર્તન’ને કારણે, આપણે પીએમ મોદી અને અમિત શાહની મદદથી રાજ્યના વિકાસને ઝડપી બનતો જોઈ શકીએ છીએ. યોગ તમારા જીવનનો ભાગ હોવો જોઈએ જેથી તેને તણાવમુક્ત બનાવી શકાય અને તેને ફક્ત આ દિવસ પૂરતો મર્યાદિત ન રાખો,’ એમ તેમણે કહ્યું હતું. ■

## જળસંકટ ટળ્યુંઃ

સ્ટોક ઉપલબ્ધ છે.

૨૦૨૪માં જળાશયોમાં પાણીનો સ્ટોક ઘટીને ૫.૩૨ ટકા અથવા ૭૭,૦૫૨ એમએલ પર પહોંચી જવાને કારણે પાલિકાએ શહેરમાં ૧૦ ટકા પાણીકાપ મૂક્યો હતો. પાલિકા દ્વારા શહેર અને પરાં વિસ્તારમાં રોજનો ૩,૯૫૦ એમએલ પાણી પુરવઠો કરવામાં આવે છે. ■

## મિલકત વિવાદમાં

નહોતી.પોલીસની એક ટીમે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજમાં અજાણી કાર ઘટનાસ્થળની દિશામાં નજરે પડી હતી. પોલીસની ટીમ એ શંકાસ્પદ કારની માહિતીને આધારે આરોપી સલમાન સુધી પહોંચી હતી. કાર સલમાનની હોવાનું તપાસમાં જણાયું હતું. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી અને મૃતક વચ્ચે વારંવાર ઝઘડા હતા. તેમની વચ્ચે મિલકત વિવાદ પણ હતો, જેને પગલે આરોપીએ સાવકા ભાઈની હત્યા કરી હતી. ■

# જૈન મરણ

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

હડમતીયાનિવાસી હાલ મલાડ ગં. સ્વ. સુશીલાબેન શાહ (ઉં.વ. ૮૫) તે સ્વ. પ્રાણલાલ રામજી શાહના ધર્મપત્ની. ડો. જયેશ, ભાવના નરેન્દ્ર શાહના માતુશ્રી. ડો. ઉન્નતિના સાસુ. ડો. દીવાંશીની દાદી. સ્વ. પાનાચંદ નાનાચંદની દીકરી. રિદ્ધિ રોવીન કોઠારી, વિદિશા ધૈર્યના નાની શનિવાર તા. ૨૧-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૬-૨૫ના ૪થી ૬. ઠે. અપર ઇસ્ટ-૯૭, પર્લ બેન્કવેટ હોલ, પોદ્દાર સ્કૂલની પાછળ, કૈલાશપુરી રોડ, અપર ગોવિંદ નગર, મલાડ (ઇસ્ટ).

**દશા શ્રી સ્થાનકવાસી જૈન**

વિસાવદર નિવાસી હાલ મુંબઈ, સ્વ. ભોગીલાલ ગોપાલજી ગાઠાણીના ધર્મપત્ની સ્વ. સરલાબેન (ઉં. વ. ૯૨) તા. ૨૦-૬-૨૫ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે ઓધવજી મેઘજી સંઘવીના પુત્રી. આપના ઋણી- કિરણ- ભરત ભોગીલાલ ચાંદની- પંકજ ભોગીલાલ, પુનમ-પરેશ ભોગીલાલ, માલા-હિતેશ ભોગીલાલ , સોનિયા-માયા કૌશિક ભોગીલાલ , ભાવના-પારસ ભોગીલાલ, માલતી જયવંત, શીલા જતીન, મીરા અજીત, આરતી અશ્વિન, પ્રાર્થનાસભા તા.૨૨-૬-૨૫ રવિવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦. પરમ કેશવ બાગ, કામાલેન, ઘાટકોપર વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મોરબી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. જ્યોત્સનાબેન તથા નવીનચંદ્ર મણિલાલ ગાંધીના પુત્ર હિમાંશુ (ઉં. વ. ૫૩) તે જસ્મીનાના પતિ. ક્રિષા તથા અંશના પિતા. લીના અજયભાઇ માટલીયા તથા પ્રીતિબેન જયેશભાઇ ફિફાદરાના ભાઈ. ગં.સ્વ સુનંદાબેન તથા સ્વ. બાલકૃષ્ણ શાંતિલાલ વ્યાસ પોશીનાવાળાના જમાઈ તા.૧૮/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (ઓતરો ફરીયો)ના અ.સૌ. નિલમ વિશાલ ફુરીયા (ઉં. વ. ૪૪) તા. ૧૯-૬-૨૫ના અવસાન પામેલ છે. વિશાલ મણીલાલના પત્ની. બિદડાના ચંદનબેન મણીલાલના પુત્રવધૂ. દ્વારકાના મંજુલાબેન ચંદ્રકાંત ગોહીલના પુત્રી. હીતેશ, ભાવના કેતન ચવાન, મીરા જીગ્નેશ રાજપુતના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. મણીલાલ રામજી, ...પા., સાઇનાથ રોડ, મલાડ

...(હ...ાઈ ફરીયો)ના વલ્લભજી દેવજી સાવલા (ઉં. વ. ૭૬) તા. ૧૮-૬-૨૫ના અવસાન પામ્યા છે. ગાંગબાઈ દેવજી ઘેલુના સુપુત્ર. લીલાવંતીના પતિ. વીરલ, ગિરીશ, વીણા, નીશાના પિતાશ્રી. ખીમજી, મુરજી, મણીલાલ, કાંતિલાલ, રમેશ, પુનડી સાકરબેન ઠાકરશી સંગોઈ, નિર્મળા હરીલાલ મામણીયા, મોટા આસંબીયા નૂતન હસમુખ ગાલા, કાંડાગરા મંજુલા હસમુખ દેઢિયાના ભાઈ. બિદડાના ચંચલબેન ખીમજી ઘેલા ગોગરીના જમાઈ. પ્રા. વલ્લભભાઈ પટેલ હોલ, જ.ટ. રોડ, સીટી સેંટરની સામે, ગોરેગામ-વે, ટા. ૩ થી ૪.૩૦.

ભોજાય (હૈદરાબાદ)ના મગનલાલ મુરજી મારૂ (ઉં. વ. ૮૩) તા. ૨૦/૬ના અવસાન પામેલ છે. જેતબાઇ મુરજીના પુત્ર. જયાબેનના પતિ. ભિંસરા જ્યોતિ દિનેશ, મેરાવા ખંતીલા ભૂપેન્દ્ર, લાખાપર ઝરણા અશ્વિન, દેશલપર સોનલ જીતેશના પિતાશ્રી. ભોજાય પાનબાઈ, વાલજી, ખેતબાઈ વિરજી, ડુમરા તેજબાઈ ડુંગરશીના ભાઈ. ઉનડોઠ આસારીઆ મણશીના જમાઇ. ત્વચા દાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ દેઢિયા, બી-૪, ગીતા ભવન, સી.એસ.ટી. રોડ, કાલીના, સાંતાક્રુઝ (ઇ).

મો. આસંબીયાના રતીલાલ કાનજી સાવલા (ઉં. વ. ૮૫) તા. ૧૯-૬-૨૫ના અવસાન પામેલ છ. રાણબાઇ કાનજી મુરજીના સુપુત્ર. રેખાના પતિ. નીતા, દિસી, રીટા, જયશ્રી, નિલેશ, નીતેશના પિતાશ્રી. લધુ વિજપાર, ધનજી લખમશી, બિદડા મણી લક્ષ્મીચંદ, લક્ષ્મી સુંદરજી, ખાખર સાકર મુલચંદ, તલવાણા સુશીલા રમેશ, દેઢીયા દમયંતી નવિનના ભાઇ. રાયણ લક્ષ્મીબેન લાલજી ગણશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિલેશ સાવલા, ૬૦૧, હેમલતા, પ્લોટ નં. ૩૭, માણીકરાવ લોટલીકર માર્ગ, ડોન બોસ્કો સ્કુલ પાછળ, માટુંગા (સે.રે.), મું. ૧૯.

ખારોઇના પુરીબેન વધાણ (ઉં. વ. ૮૦) તા. ૧૯-૦૬-૨૫ના અવસાન પામેલ છે. પોપટ વીશા વધાણના ધર્મપત્ની. જયંતિ, રમણિક, સ્વ. દિનેશ, નવલ, દમયંતી, નયનાના માતુશ્રી. ગામ વડાલા હાલે ખારોઇ રત્નાબેન રાયશી ગાલાની દિકરી. ભવાનજી, લખમશી, લખમી, લધીબાઇના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયંતિ વધાણ, ૧૦૧, સૃષ્ટીવિલા બીલ્ડીંગ , સંપદા હોસ્પિટલની બાજુમાં, ચરઇ, થાણા (પશ્ચિમ). ૪૦૦૬૦૧.

નાના ભાડિયાના માતુશ્રી ભાગવંતીબેન જખુભાઈ નંદુ (ઉં. વ. ૮૭) તા.૧૯-૬-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ઉમરબાઈ રવજીના પુત્રવધૂ. જખુભાઇના ધર્મપત્ની. પ્રવિણ, ઉમેશ, દીપક, ખેમંતના માતુશ્રી. ટુંડા વેજબાઈ જેઠાભાઈ મોમાયા છેડાના સુપુત્રી. નરશી, શામજી, ગાંગજી, લક્ષ્મીબેન, ચંપાબેનના બેન. પ્રા. માનવ સેવા સંઘ, ૨૫૫-૨૫૭, સાયન મેન રોડ, સાયન (ઈ). ટા.૪.૦૦ થી ૫.૩૦.

નરેડીના લીલાવતીબેન રજનીકાંત નાગડા (ઉં. વ. ૬૭) તા. ૨૧-૬-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સુંદરબેન વેલજીના પુત્રવધૂ. રજનીકાંતભાઇના ધર્મપત્ની. અંકિત, હેતલના માતા. કેસરબેન મોહનલાલના સુપુત્રી. શશીકાંત, શીરીષ, રાજેશ, પંકજના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અંકિત નાગડા, ૪૦૪, મહાવીર ગેલેક્સી, અપના બજારની બાજુમાં, એક્સ્ટે. જે.એન.રોડ, મુલુંડ (વે.), મુંબઇ-૮૦.

ગામ નૂ.ત્રંબૌના હમીબેન સામત લાધા ગાલાના પુત્રવધૂ. કાનજી સામતના ધર્મપત્ની દિવાળીબેન (ઉં. વ. ૯૨) બુધવાર, તા. ૧૮-૦૬-૨૫ના અ.પા. છે. સ્વ. ઇશ્વર ,ધરમશી, હંસરાજ, દામજી (સ્વ. કલા) નીલુ, પ્રવિણ, વિજય, કલ્પનાના માતુશ્રી. સુવઇના સ્વ. વિંઝઇબેન/ધનીબેન ઉગમશી સાંગણ નિસરના દિકરી. દેહદાન કરેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે. ઠે.: ૭૦૬, નિલકંઠ હાઇટસ, કલવા.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**દશા મોઢ વણિક**

વાડી નિવાસી હાલ કાંદિવલી વાડીલાલ ચંદુલાલ શાહ (ઉં. વ. ૯૩) તે કુસુમબેનના પતિ. સુનિલ, નિતીન, વિપુલના પિતાશ્રી. ઇલા, સંગીતા, નિમીશાના સસરા. સ્વ. રતીલાલ, સ્વ. કાંતિલાલ તથા કનુભાઇના ભાઇ. સ્વ. સરલાબેન, સ્વ. સૂર્યાબેનના ભાઇ. સ્વ. ચંદુલાલ મોહનલાલ દેસાઇના જમાઇ શનિવાર તા. ૨૧-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૩-૬-૨૫ના ૫થી ૭. ઠે. લોહાણા બાલાશ્રમ, નિયર અતુલ ટાવર, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ. જયાબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. ગોરધનદાસ જમનાદાસ દત્તાનાં પત્ની. સ્વ. રસીકભાઇ, સ્વ. નવીનભાઇના ભાભી. પિયર પક્ષે સ્વ. મુક્તાબેન મુળજી ઠાકરશી તન્નાના પુત્રી. હસમુખભાઇ, સ્વ. નરોતમભાઇ, સ્વ. કલ્યાણજીભાઇ, સ્વ. રણછોડભાઇ, સ્વ. વલ્લભભાઇ, સ્વ. શશીકાંતભાઇ, સ્વ. નિર્મળાબેન તથા દક્ષાબેન વિનોદકુમારના બેન. જીજ્ઞા (જેમીની) પરેશ રૂપારેલીયાના માતુશ્રી. અમી, કૃપા તથા કૃતીનાં નાની. શુક્રવાર, તા. ૨૦-૬-૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૬-૨૫નાં ૫થી ૬.૩૦. ઠે. ભાટીયા ભગીરથી દાદીશેઠ અગયારી લેન, મુંબઇ-૨, લૌકિક વ્યવહાર બંધ છે.

**ભાવનગરી મોચી**

કરદેજ નિવાસી હાલ બોરીવલી સ્વ. રમાબેન સરવૈયા (ઉં. વ. ૭૦) તે સ્વ. વલ્લભભાઇ નાનજીભાઇ સરવૈયાના ધર્મપત્ની. તે મનિષ, રાજેશના માતુશ્રી. મયૂરી તથા સંગીતાના સાસુ. રાહુલ, જૈમિન, હિતના દાદી તા. ૧૯-૬-૨૫ ગુરુવારના રામચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૬-૨૫ના સોમવારના ૫થી ૭. ઠે. લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની સામે, કાર્ટર રોડ, નં.૩. બોરીવલી (ઇસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

રાજુલા નિવાસી હાલ મુંબઈ, સ્વ. કુસુમબેન છોટાલાલ મોદીના પુત્ર સંજય મોદી (ઉં. વ. ૬૧) તા.૨૦-૬-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. રશ્મિબેનના પતિ. હર્ષ મોદીના પિતાશ્રી. હરેશ મોદી, રેખાબેન શેઠ, પ્રફુલ્લાબેન શાહ, રૂપાબેન બિલખિયા, રીટાબેન ઉદાણીના ભાઈ. વલભીપુર નિવાસી હાલ મુંબઈ હંસાબેન મહેન્દ્રભાઈ મહેતાના જમાઈ. રીટાબેન ભાલાલા અને દેવાંગભાઈના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

ધૂડકોટ નિવાસી હાલ બોરીવલી, સ્વ. છેલશંકર પંડયા (ઉં. વ. ૮૮) તે દિવાળીબેન ચત્રભુજ પંડયાના સુપુત્ર. શીલાબેનના પતિ. જયેશ, નીતાના પિતા. મીનલબેનના સસરા. એન્જલના દાદા. ગં. સ્વ. નિર્મલા જોષી, અરવિંદ પંડયા, સ્વ. સુશીલા પંડયા, સ્વ. દયાબેન પંડયા, સ્વ. ત્રુપેન પંડયાના મોટાભાઈ તા.૧૯-૦૬-૨૫ના મહાદેવશરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

મુંબઈ નિવાસી, સ્વ. પ્રદ્યુમ્ન જોગી તે સ્વ. વ્રજલાલ ખાટઉં જોગી તથા સ્વ કાશીબેન જોગીના પુત્ર સ્વ. રમીલાબેનના પતિ. વિપુલ, અનિલ, મેહુલ, અમી તથા બીજલના પિતા. જયશ્રી, વૈશાલી, પારૂલના સસરા. સ્વ. પ્રાણજીવન હેમરાજ વીંછી જામખંભાળિયાના જમાઈ. ૧૭/૬/૨૫ના રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૨/૬/૨૫ના ૪ થી ૬. લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્ષટેનશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ**

લુણસાપુર હાલ કાંદિવલી, ગં.સ્વ. લલિતાબેન (ઉં. વ. ૯૧) તે સ્વ. લક્ષ્મીશંકર રાઘવજી જોષી (રાજયગુરુ)ના ધર્મપત્ની તા.૧૮-૬-૨૫ના શિવચરણ પામેલ છે. સ્વ. ભાસ્કરભાઇ, જયેશભાઈના માતુશ્રી. ભાવનાબેન, સ્વ. હર્ષાબેનના સાસુ. હિનાબેનના દાદીસાસુ. પિયરપક્ષ સ્વ. કનૈયાલાલ મૂળશંકર પંડયા, સ્વ. બટુકભાઈ પંડયા, સ્વ. કાન્તીભાઈ પંડયાના બહેન. વસંતભાઈ ગી. મહેતા, પ્રભુદાસ બારીયાના વેવાણ. પ્રાર્થનાસભા તા.૨૨-૬-૨૫ના રવિવાર ૪.૩૦ થી ૬.૩૦. લુહાણા મહાજનવાડી, શંકરમંદિરની બાજુમા, એસ.વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**મેઘવાળ**

સ્વ. અમૃતલાલ મારૂ હાલ અંધેરી, સ્વ. વિશ્રામ રાજાભાઈ મારૂ અને સ્વ. મેઘીબેન મારૂના પુત્ર મણિબેનના પતિ. હેમંત મારૂ અને પ્રવિણ મારૂના પિતાશ્રી. ગુરુવાર ૧૩/૬/૨૫ના દેવલોક પામેલ છે. તેમની બારમાની વિધિ મંગળવાર, તા. ૨૪/૬/૨૫ના ૫:૦૦ કલાકે કમલાદેવી સ્કૂલ હોલ, આરટીઓ પાસે, અંધેરી વેસ્ટ.

**ઘોઘારી દશાશ્રીમાળી વણિક**

પાલીતાણા નિવાસી હાલ ઘાટકોપર, નંદકૂવરબેન અને ચંદુલાલ કલ્યાણજી કપાસીના સુપુત્ર વિજયભાઈ (ઉં. વ. ૮૪) તે સ્વ. અલકાબેનના પતિ. કવિતા, તેજસ, ચિરાગના પિતાશ્રી. દીક્ષિતા, અસલમના સસરા. સ્વ. પ્રવિણાબેન, રણજીતભાઈ, જયંતભાઈ, સ્વ. રસેશભાઈ અને રેખાબેનના ભાઈ. સ્વ. રમણલાલ વીરચંદ શેઠના જમાઈ તા.૨૦.૬.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યાવહાર બંધ છે.

**કચ્છી રાજગોર**

ગામ મસ્કા હાલે પરેલ, અમૃતબેન મોતા (ઉં. વ. ૯૧) તા.૨૦/૦૬/૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ. વિશનજી વેલજી મોતાના ધર્મપત્ની. ગં.સ્વ. જયશ્રીબેન દિનેશકુમાર માકાણી, રાજેન્દ્ર, નયનાબેન જયપ્રકાશ રાજગોર, જગદીશ અને દિનેશના માતુશ્રી. હિનાબેન અને બિંદુબેનના સાસુ. સ્વ હરીશંકર વેલજી મોતા, ગં.સ્વ.ભચીબેન લક્ષ્મીદાસ માકાણી અને સ્વ.કુંવરજી વેલજી મોતાના ભાઈની પત્ની. તે ગામ ભુજના સ્વ.કાનજી દેવજી અજાણીની દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૨/૦૬/૨૫ના ૧૦:૩૦ થી ૧૨ પ્રા.શ્રી.વ.સ્થા.જૈ. શ્રા.સં. કરસન લઘુ નીસર હોલ, દાદર વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

અત્યાર સુધી ઈરાન-ઈઝરાયલ વચ્ચેનો જંગ પરોક્ષ હતો. હવે એ બન્ને સામસામા આવી ગયા છે. એકબીજાનાં લશ્કરી તથા અણુમથકોની સાથે નાગરિકોને ય લક્ષ્ય બનાવામાં આવી રહ્યા છે...
જિદ્દે ચઢેલા આ બન્ને દેશ વચ્ચેનું યુદ્ધ લાંબું ખેંચાશે તો ઈરાન-ઈઝરાયલ બન્ને સાથે અચ્છા વેપારી સંબંધ ધરાવતા ભારતને પણ અન્ય દેશોની જેમ આર્થિક ફટકો પડી શકે...




# આ યુદ્ધ રોકવું જ પડશે, નહીંતર...

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાનું પ્રમુખપદ સંભાળતાં જ રશિયા-યુક્રેન યુદ્ધ તથા ઈઝરાયલ -હમાસ યુદ્ધ ખતમ કરાવી દેવાની ફિશિયારી મારેલી. આ બંને યુદ્ધ પત્યાં નથી પણ ઉગ્ર બન્યાં છે ત્યાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ છેડાઈ જતાં નવો મોરચો ખૂલી ગયો છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે આમ તો લાંબા સમયથી જંગ ચાલે જ છે, પણ એ યુદ્ધ પરોક્ષ હતું મતલબ કે, બંને દેશ એકબીજાની સરહદમાં ઘૂસીને આક્રમણ નહોતાં કરતાં, પણ ગયા વરસે ઈઝરાયલમાં હમાસના હુમલા પછી ઈરાને ઈઝરાયલ પર સીરિયામાંથી હુમલા શરૂ કરી દીધેલા ને વળતા જવાબમાં ઈઝરાયલે દમાસ્કસમાં ઈરાનના કોન્સ્યુલેટને ઉડાવી દીધું હતું. ઈરાને યમનના હુતી બળવાખોરો અને આતંકવાદી સંગઠન હિઝબોલ્લાહ મારફતે હુમલા કરાવ્યા હતા, પણ ઈઝરાયલ પર સીધું આક્રમણ નહોતું કર્યું. ઈઝરાયલ પણ સીરિયા, યમન વગેરે દેશોમાં ઈરાનની છાવણીઓને નિશાન બનાવતું રહ્યું, પણ સીધું ઈરાન પર આક્રમણ નહોતું કર્યું.

જોકે, ગયા અઠવાડિયે સિનારિયો પલટાયો. ઇરાનના પરમાણુ અને અન્ય લશ્કરી ઠેકાણાઓ પર ઇઝરાયલે હલ્લાબોલ કરીને આર્મી ચીફ સહિતના બે ટોચના ઈરાની લશ્કરી અધિકારીઓ અને બે પરમાણુ વૈજ્ઞાનિકોને ઉડાવી દીધા એ સાથે જ ભડકો થઈ ગયો ને બંને દેશ અત્યારે એકબીજાના વિસ્તારોમાં મિસાઈલો છોડી રહ્યા છે. આ જંગમાં નાગરિક વિસ્તારોને પણ ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે ને બંને દેશ એકબીજાને પતાવી દેવાના હુંકાર કરી રહ્યા છે એ જોતાં યુદ્ધ લાંબું ચાલે એવા ભણકારા છે.

ઈરાન પર ઈઝરાયલનું આક્રમણ અમેરિકાના ઈશારે છે એ નાના છોકરાને પણ સમજાય એવી વાત છે. ઇરાન ગુપ્ત રીતે પરમાણુ હથિયાર બનાવી રહ્યું છે. ઈરાન પાસે ગણતરીના દિવસોમાં ૧૫ પરમાણુ બોમ્બ તૈયાર કરી નખાય તેટલી સામગ્રી છે એવા ઈન્ટેલિજન્સ રિપોર્ટથી અમેરિકા ફફડ્યું છે. સાથે સાથે ઈઝરાયલ અને બીજા આરબ રાષ્ટ્રો પણ ફફડેલાં છે કેમ કે ઈરાન શિયાઓની બહુમતી ધરાવતો દેશ છે, જ્યારે આરબ રાષ્ટ્રો સુન્ની છે. ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો હશે તો એ પોતાને જરાય નહીં ગાંઠે એવો અમેરિકાને પણ ડર છે તેથી ઈરાન પરમાણુ હુમલો કરાવીને પરમાણુ મથકોનો સફાયો કરાવી નાખવાનો દાવ અમેરિકાએ ખેલ્યો છે. ઈઝરાયલ માટે પણ ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો હોય તો ખતરો વધે તેથી એક પંથ દો કાજ કરીને ઈઝરાયલ પણ અમેરિકાની મનસા પૂરી કરી રહ્યું છે.

ઈરાન ઈઝરાયલના આ યુદ્ધે વિશ્વમાં મુસ્લિમો એક છે એવી માન્યતાનો ભાંગીને ભુક્કો કરી નાખ્યો છે. ઈરાન પર ઈઝરાયલના હુમલા પછી કોઈ મુસ્લિમ દેશ ઈરાનના પડખે નથી ઊભો રહ્યો. બલકે સાઉદી સહિતના દેશો તો આડકતરી રીતે ઈઝરાયલને મદદ કરી રહ્યાં છે કેમ કે ઈરાન શિયાઓની બહુમતી ધરાવતો દેશ છે. વિશ્વમાં ઈરાન અને ઈરાક એમ બે જ શિયાઓની બહુમતી ધરાવતા દેશો છે, જ્યારે બાકીના મુસ્લિમ દેશોમાં સુન્ની બહુમતી છે.

ઈરાન શિયાઓના કબજામાં છે, પણ ઈરાક નથી. ઈરાન સર્વોચ્ચ ધાર્મિક વડા આયાતોલ્લાહ ખોમની ઈરાન અને ઈરાકને એક કરીને વિશાળ શિયા રાષ્ટ્ર બનાવવાનાં સપનાં જોઈ રહ્યા છે તેથી ઈરાક પર પણ કબજો કરવા ઈરાન મથે છે. ઈરાન જો ઈઝરાયલ પર હાવી થઈ જાય તો તેના માટે ઈરાક પર કબજો કરવાનું સરળ થઈ જાય તેથી સુન્ની મુસ્લિમ રાષ્ટ્રો ઈરાનને બદલે ઈઝરાયલની તરફેણમાં છે.

‘હમાસ’અને ઈઝરાયેલ યુદ્ધ વખતે ઈરાને તમામ મુસ્લિમ રાષ્ટ્રોને હમાસની મદદે આવવા હાકલ કરી હતી, પણ કોઈ મુસ્લિમ દેશે ઈઝરાયલ પર આક્રમણમાં રસ બતાવ્યો નહોતો. દુનિયાના ૫૭ મુસ્લિમ દેશોના સંગઠન ‘ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન’ (ઓઆઈસી)એ ઈઝરાયલને યુદ્ધખોર ગણાવીને ગાઝા સ્ટ્રીપના હુમલા રોકવા કહ્યું પણ હમાસને મદદ નહોતી કરી. ઈરાન તેના કારણે ગિન્નાયેલું હતું જ ત્યાં ઈઝરાયલે સીધું ઈરાન પર આક્રમણ કર્યું ત્યારે પણ મુસ્લિમ રાષ્ટ્રો તેની પડખે નથી. આ સંજોગોમાં ઈરાન સાઉદી અરેબિયા સહિતનાં બીજાં મુસ્લિમ રાષ્ટ્રો પર હુમલા કરીને આખા મિડલ ઈસ્ટમાં ભડકો કરી નાખે. ઈરાને એવી ધમકી આપી પણ છે.

ઈરાન તથા તેની મદદથી ચાલતાં સંગઠનો પર હુમલા કરવા ઈઝરાયલ સાઉદી સહિતના દેશોની એરસ્પેસનો ઉપયોગ કરે છે. ઈરાન પર બોમ્બમારો કરી રહેલાં ઈઝરાયલનાં ફાઈટર જેટ સાઉદી સહિતના દેશોના આકાશમાંથી પસાર થાય છે તેથી ભડકેલા ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સાઉદી સરકારને ખુલ્લી ધમકી આપી જ છે કે જો ઈઝરાયેલને હુમલા માટે તેની એરસ્પેસનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનું બંધ નહીં કરે તો અમારે સાઉદી તથા તેના સાથી દેશો પર પણ હુમલો કરવા પડશે. ઈરાકમાં રહીને કામ કરતા કતૈબ હિઝબોલ્લાહ સહિતના ઈરાની સમર્થિત આતંકવાદીઓ અને યમનનું હુથી મિલિટિયા સાઉદી અરેબિયા સામે મેદાનમાં ઊતરીને તેને ખેદાનમેદાન કરી નાખશે. ઈરાન ઝનૂની અને કટ્ટરવાદી છે એ જોતાં તેની ધમકીને સરળતાથી ના લેવાય તેથી બીજા દેશોમાં પણ યુદ્ધ ફેલાઈ શકે.

મિડલ ઈસ્ટ વિશ્વમાં ક્રૂડ ઓઈલના સપ્લાયમાં કેન્દ્રસ્થાને હોવાથી થોડીક પણ અસ્થિરતા સર્જાય તો ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળવા માંડે. યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલનો સપ્લાય પણ અવરોધાય તેથી આખી દુનિયાના અર્થતંત્ર પર અસર પડે. દુનિયાના બધા દેશોમાં ટ્રાન્સપોર્ટેશન હજુય પેટ્રોલ-ડિઝલ આધારિત હોવાથી ચીજોના ભાવ આસમાને પહોંચે ને સામાન્ય લોકોનો મરો થઈ જાય.

ભારતને પણ આની અસર પડે કેમ કે ભારતનાં આર્થિક હિતો ઈઝરાયલ અને ઈરાન બંને સાથે જોડાયેલાં છે. ભારતને સૌથી મોટો ડર ઈરાનના ચાબહાર બંદરનો છે. ઈરાને ચાબહાર બંદરનો વહીવટ ભારતને આપ્યો છે. તેના કારણે ભારતને સીધાં તો નાણાં મળે જ છે, પણ રશિયા, મિડલ ઈસ્ટના દેશોમાં વ્યાપાર માટે પણ ચાબહાર મહત્ત્વનું છે.

ઈઝરાયલે હજુસુધી ઈરાનનાં બંદરોને ટાર્ગેટ કર્યાં નથી પણ યુદ્ધ વકરે તો બંદરો પર પણ હુમલા થઈ શકે. આ હુમલામાં ચાબહાર બંદરને નુકસાન થાય તો ભારતને મોટો ફટકો પડી જાય.

ભારતની બાસમતી ચોખાની કુલ નિકાસમાં ૧૪ ટકા નિકાસ ઈરાન અને ઈઝરાયલમાં થાય છે. ચોખાની જરૂરીયાત તો રહેવાની છે તેથી નિકાસ બંધ ના થાય કે ઓછી પણ ના થાય પણ પેમેન્ટમાં વિલંબ સહિતની સમસ્યાઓના કારણે આર્થિક નુકસાન થઈ શકે. ભારત ઈઝરાયલથી મોટા પ્રમાણમાં મ્યુરિએટ ઓફ પોટાશ (એમઓપી) મગાવે છે. એમઓપી ફર્ટિલાઈઝર બનાવવામાં વપરાય છે તેથી તેના પુરવઠામાં વિઘ્ન આવે તો ખેતીને અસર પડી શકે.

બીજી તરફ, ભારત અને ઈઝરાયલ વચ્ચે ડાયમંડનો પણ મોટો વેપાર છે. ભારતના કટ અને પોલિશ્ડ ડાયમંડની કુલ નિકાસમાં ૪ ટકા હિસ્સો ઈઝરાયલનો છે. યુદ્ધ વકરે તો આ નિકાસ બંધ થવાનો ખતરો છે. એ જ રીતે ક્રૂડના ભાવ વધે તો પેટ્રોલ-ડિઝલ પર અસર પડે. તેના ભાવ વધે તો બધી ચીજો મોંઘી થાય કેમ કે ભારતમાં હજુય ટ્રાન્સપોર્ટેશન ડિઝલ-પેટ્રોલ આધારિત જ છે.

કોઈ પણ યુદ્ધની વિનાશક અસરો હોય જ છે તેથી દરેક યુદ્ધને ટાળવું જ જોઈએ. રશિયા અને યુક્રેનના ત્રણેક વર્ષથી ચાલતા યુદ્ધે દુનિયાના અર્થતંત્રને સખળડખળ કરી નાખ્યું છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધ તેના કરતાં પણ વધારે ખાનાખરાબી સર્જી શકે છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધની અસરો વધારે વ્યાપક હોવાથી એ જલદી રોકાય એ જરૂરી છે. ■



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# જાપાન, ફરીથી અને હંમેશાં

## મને સતત બોલાવતી રહેતી પાંચ અજાયબીઓ



છેલ્લા થોડા સમયથી મેં લખવામાંથી નાનો બ્રેક લીધો હતો, જે હું ભાગ્યે જ કરું છું, પરંતુ મને લાગે છે કે અમુક વાર નવી આંખે,નવા પરિપ્રેક્ષ્ય સાથે અને તમને જેમાં ખુશી મળે તે બાબતો કરવા માટે વધુ ઘેરા પ્રેમ સાથે પરત આવવા માટે અમુક વાર આવોનાનો બ્રેક જરૂરી હોય છે. મારે માટે આવું કરવા જાપાન સૌથી અનુકૂળ છે.

અલગ અલગ મોસમમાં મેં પાંચથી વધુ વખત મુલાકાત લીધી હોય તેવા જૂજ દેશમાંથી એક જાપાન છે અને દરેક મુલાકાત હું વાંચવાનું ક્યારેય બંધ કરવા માગતો નથી તેવી વાર્તામાં નવા અધ્યાય જેવું મહેસૂસ કરાવે છે.

અને હું ફરી એક વાર, આ વખતે મારી પત્ની હેતા અને પુત્રી રાયા સાથે પરત જવા ઉત્સુક હતો ત્યારે મેં વિચાર્યું: મારે થોડું અટકવું જોઈએઅને મારી જોડે રહેલી જાપાન વિશેની પાંચ ખાસ બાબતો વિશે મારા વાચકોને અવગત કરાવવા જોઈએ. આ અનુભવો પ્રવાસનામાહિતીપત્રકથી પાર જાય છે, જે વાર્તાઓ હું માનું છું કે આ દેશને બહુ અતુલનીય વિશેષ બનાવે છે.

**કોનબિની:** કોનબીની જાપાનનું 24x7 કલ્ચર કેપ્સ્યુલ જો જાપાનમાં કોઈ એવી જગ્યા હોય જ્યાં તમે મંદિરો, કિલ્લાઓ કે સંગ્રહાલયો સિવાય વધુ મુલાકાત લેશો, તો તે છે નમ્ર કોનબીની. ’સુવિધા સ્ટોર’ માટે ટૂંકું નામ, જાપાનમાં કોનબીની એ નાસ્તા લેવા માટેનું સ્થળ કરતાં ઘણું વધારે છે. તે પોતે જ એક સાંસ્કૃતિક અનુભવ છે.

મારી ટોકિયોની એક મુલાકાતમાં જેટ લેગને કારણે ખાસ્સો સમય ઊંઘ આવતી નહોતી. આથી હું મારી હોટેલમાં ગયો અને નજીકની 7-ઈલેવનમાં પહોંચી ગયો. મેં થોડી સેન્ડવિચ અને પાણીની બોટલ મળી જાય એવું ધાર્યું હતું. જોકે મને બહુ જ વ્યવસ્થિત ગોઠવવામાં આવેલા રેડી-ટુ-ઈટ મીલ્સ, નૂડલ્સના શેલ્વ્સ, કાઉન્ટર નજીક ગરમાગરમ ખાદ્યો અને ત્યાં ને ત્યાં જ મારું મીલ ગરમ કરી શકું તે માટે માઈક્રોવેવ પણ હતું.

અહીં ત્રણ વિશાળ કોનબિની ચેઈન છે: 7-ઈલેવન, લોસનઅને ફેમિલીમાર્ટ. તમે દેશભરમાં પ્રવાસ કરી શકો અને દરેકમાં કશુંક અલગ શોધી શકો છો. ક્યોટોમાં લિમિટેડ એડિશન મેચા ડેઝર્ટઓસાકામાં મોસમી સાકુરા-ફ્લેવર્ડ પીણું છે અથવા હોકાયડોમાં મિસો સૂપનું મજેદાર બાઉલ માણવા જેવું હોય છે.

પ્રવાસીઓ માટે કોનબિની સ્ટોરથી વિશેષ છે. તે તમારી જીવનરેખા છે. તમારી છત્રી ભૂલી ગયા? તમારું ચાર્જર ખોવાઈ ગયું?શિંકન્સેન પકડવા પૂર્વે ઝડપથી કશુંક ખાઈ લેવા માગો છો? તો તમારી પડખે ફ્રેન્ડલી નેબરહૂડ કોનબિની છે, 24/7.

અને તેને અજોડ જાપાની શું બનાવે છે: કાર્યક્ષમતા, સંભાળ અને સુવિધા બધું જ એક નાની જગ્યામાં એક છત હેઠળ મળી જાય છે.

**માઉન્ટ ફુજી:** જાપાનીઓએ સદીઓથી ફુજીની પૂજા કરી છે. શિંથો શ્રદ્ધા માટે આ દેવીનું ઘર છે. કવિઓ અને ચિત્રકારો માટે આ પવિત્ર ધ્યાનની જગ્યા છે.હાઈકરો માટે વહેલા કલાકોમાં શિખર પર ચઢવું અને ગોરાયકો નામે સૂર્યોદય જોવો તે આધ્યાત્મિક રસમ જેવું છે.

ફુજીનો મારો એક સૌથી અવિસ્મરણીય નજારો મોટા એક્સપીડિશન દરમિયાનનો પણ નહોતો, પરંતુ ફુજિક્યુ રેલવેમાંથી પસાર થતી વખતની ટ્રેનની બારીમાંથી જોયેલો નજારો હતો. વાદળાં થોડો સમય દૂર થયાં અને તે અદભુત, બરફાચ્છાદિત, એકદમ સ્થિર હતું. સ્થાનિકો સહિત આખો ટ્રેનનો ડબ્બો તે નજારો જોઈને વિસ્મય પામ્યા હતા.

**મોજીલી વાસ્તવિકતા:** માઉન્ટ ફુજી વાસ્તવમાં એકબીજાની ઉપર ગોઠવાયેલા ત્રણ જ્વાળામુખી છે અને તે 1707માં ફાટ્યા હોવા છતાં હજુ તાંત્રિક રીતે સક્રિય છે.જોકે તેને કારણે ખાસ કરીને જુલાઈ અને ઓગસ્ટમાં તે ખુલ્લું મુકાય અને પ્રવાસીઓ માટે પહાડીઓમાં ઝૂંપડાંઓ જીવંત બને ત્યારે દર વર્ષે તેની પર ચઢવાનો મોહ હજારો લોકો રોકી શકતા નથી.

**સુશીની પાર:** જાપાનની આશ્ચર્યજનક ક્લુલિનરી વંડરલેન્ડ: નિખાલસતાથી કહું તો મોટા ભાગના લોકો જાપાનના ખાદ્યો વિશે વિચારે છે ત્યારે સૌપ્રથમ તેમના મનમાં સુશી તરી આવે છે. અને હા, સુશી તે માટે હકદાર છે. જોકે જાપાનનું ફૂડ સીન શું છે? તે સ્વાદ માણવાની વાટ જોતુંસંપૂર્ણ બ્રહ્માંડ છે.

જાપાનમાં મારા પ્રવાસ દરમિયાન મેં શોધ કરી કે દરેક પ્રદેશ પોતાની સિગ્નેચર ડિશ ધરાવે છે, દરેક ગલીઓના ખૂણા તેની પોતાની સુગંધ ધરાવે છે અને દરેક કન્વિનિયન્સ સ્ટોર પોતાનું આશ્ચર્ય ધરાવે છે (કોનબિનીને આભારી!). મારી એક ફેવરીટ ફૂડ યાદગીરી સેપોરોમાં બરફવર્ષાવાળી સંધ્યાએ મિસો રામેનનું હોટ બાઉલ માણતો હતો તે છે. તમારા અંતરને અંદર અને બહારથી ઉષ્મા આપતું તેમાં કશુંક ચમત્કારી છે.

શાકાહારીઓ માટે સૌથી સારી વાત આ રહી: જાપાન જેટલું દેખાય તેનાથી પણ વિશેષ છે. બુદ્ધિસ્ટ ટેમ્પલ ક્યુઝીન અથવા શોજિનરિયોરી પરંપરા અને માઈન્ડફુલનેસમાં મૂળિયાં ધરાવતા સ્વાદિષ્ટ છોડ આધારિત મીલ્સ ઓફર કરે છે. ઉપરાંત વધુ ને વધુ સ્થળો હવે શાકાહારીઓ અને વેગન પ્રવાસીઓની માગણીને પહોંચી વળે છે, જેમાં સ્થાનિક સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવે છે.

એક સૌથી વધુ આંખ ઉઘાડનારું મીલ મેં માણ્યું હોય તો તે ક્યોટોમાં પારિવારિક સંચાલિત ઈઝાકાયા નામે નાની રેસ્ટોરાં છે. હું મેનુ વાંચી શક્તો નહોતો, પરંતુ જેસ્ચર્સ અને ભરપૂર સ્મિત સાથે મેં પાંચ નાની પ્લેટ લીધી, જે દરેક ધાર્યું હતું તેનાથી પણ વધુ સ્વાદિષ્ટ હતી.

તો હા, સુશીની ચર્ચા ભલે વધુ થતી હોય, પરંતુ જાપાનની ક્યુલિનરી વાર્તા સમૃદ્ધ, પ્રાદેશિક અને નિરંતર પુરસ્કૃત છે.તમારી ઉત્સુકતા અને તમારી ભૂખ લઈને આવો અને બધી કાળજી લઈ લેવાશે.

**સુમો રેસલિંગ:** તાકાત, વિધિ અને ચીચિયારીઓ પાડતા શ્રોતાઓ: હું સુમોના અખાડામાં ગયો તે પૂર્વે મેં વિચાર્યું શું અપેક્ષિત છે તે હું જાણું છું.બે કદાવર કુસ્તીબાજો વર્તુળાકાર રિંગમાં કુસ્તી કરશે. જોકે મેં શાંત, ઘેરી, ધ્યાનભરી શાંતિ, જે મેચ શરૂ થવા પૂર્વે હોય છે તે ધારી નહોતી.તે ખરેખર પવિત્ર વાતાવરણ હતું. અને તે પછી અચાનક હલનચલનનો વિસ્ફોટ થાય છે, શાંતિ ચીચિયારીઓ અને ચીસોમાં ફેરવાઈ જાય છેઅને પછી કુસ્તીબાજી શરૂ થાય છે.

શિંટો પરંપરામાં મૂળિયા ધરાવતી દરેક મેચ ઘણા બધા અચૂક મુવમેન્ટ્સ સાથે શરૂ થાય છે: શયતાની તાકાતને ભગાવવા માટે પગ અફાળવામાં આવે છે, રિંગનું શુદ્ધિકરણ કરવા માટે મીઠું ફેંકવામાં આવે છે અને તે પછી મિનિટો સુધી કુસ્તીબાજો એકબીજાને સ્પર્શવા પૂર્વે એકબીજાની આંખોમાં જોઈને ઘૂરે છે તે એકાદ ફિલ્મમાંથી ઊતરી આવ્યું હોય તેવું મહેસૂસ કરાવે છે.

તે લાઈવ જોવું એટલે તમે અનુભવેલી કોઈ પણ સ્પોર્ટિંગ ઈવેન્ટથી વિશેષ હોય છે. સ્ટેડિયમ, ખાસ કરીને ટોકિયોમાં રોગોકુકોકુગિકેન મંત્રમુગ્ધ કરે છે. સ્થાનિકો આશ્ચર્યજનક ઘનતા સાથે તેમના મનગમતા કુસ્તીબાજનો પાનો ચઢાવે છે અને દરેક મુકાબલાનું પરિણામ નાટકીય હોય છે, જે મોટે ભાગે જૂજ સેકંડોમાં આવી જાય છે.

અને હા, તમે આશ્ચર્યજનક રીતે એકશનની નજીક જઈ શકો છો. વાસ્તવમાં અમુક સીટ ડોહિયો (રિંગ)ની એટલી નજીક હોય છે કે 150 કિલો વજનનો કુસ્તીબાજ તમારા ખોળામાં આવીને પડે એ અસામાન્ય નથી!

જો તમારી ટ્રિપમાં છ વાર્ષિક ગ્રાન્ડ સુમો સ્પર્ધામાંથી એકનો સમાવેશ હોય તો તે તક ચૂકશો નહીં. અને જો તે શક્ય નહીં બને તો દેશભરમાં તાલીમ આપતા અખાડા પણ છે, જ્યાં તમે વહેલી સવારે પ્રેક્ટિસ સત્રોમાં હાજરી આવી શકો, જે પણ તેટલો જ મંત્રમુગ્ધ કરનારો અનુભવ હોય છે.

**અનોખા કેફે:** જાપાનની બોલકણી કોફી સંસ્કૃતિ: ટોકિયો, ઓસાકા અથવા ક્યોટોમાં પણ કોઈ પણ ગલીમાં જાઓ અને તમને કેફે અચૂક જોવા મળશે. આ જાપાનમાં કેફે દેશની સુંદર મંત્રમુગ્ધ કરનારી કલ્પનામાં બારી જેવા છે.

કેટ કેફેનો જ દાખલો લો. તમે અંદર જાઓ, તમારા જૂતા કાઢો, તમારું ડ્રિંક ઓર્ડર કરો અને બુકશેલ્વ્સ, કુશન અને વિંડોસિલ આસપાસબિલાડીઓના સંગાથમાં આગામી કલાક વિતાવો. આ શાંત, આરામદાયક અને બહુ જ વિચિત્ર રીતે થેરાપ્યુટિક અનુભવ બની જાય છે.જો બિલાડીનો તમને મોહ નહીં હોય તો ફિકર નહીં. જાપાની કેફેમાં દરેક માટે કશુંક છે: આઉલ કેફે, હેજહોગ કેફે અને ગોટ કેફે પણ છે.

ટોકિયોના શિંજુકુ ડિસ્ટ્રિક્ટમાં રોબો કેફે પણ હતા, જે પારંપરિક ભાનમાં કેફે કરતાં સેન્સરી ઓવરલોડ ડિનર શો વધુ હતો.

જોકે આ તો ઉપરછલ્લી માહિતી છે. તમે ઊંડાણમાં ઊતરો અને તમને ટ્રેન, નિંજા, એલિસ ઈન વંડરલેન્ડ્સ અથવાશાંત કમ્ટેમ્પ્લેશન (હા, અમુક કેફેમાં તમે બોલો નહીં તેવો આગ્રહ રખાય છે) થીમના કેફે પણ છે. મારું એક ફેવરીટ જાણો છો? ક્યોટોમાં કેફે છે,જ્યાં તમે મજેદાર કોફીના ઘૂંટડા ભરતાં ભરતાં વિનાઈલ જાઝ રેકોર્ડસ સાંભળી શકો છો.

તો જાપાન આવી અજોડ કેફે સંસ્કૃતિ શા માટે ધરાવે છે? તે આ દોડધામભર્યા જીવનમાં સુરક્ષિત, કલ્પનાત્મક જગ્યા નિર્માણ કરે છે. થીમ, વિચાર અથવા સપનાની અંદર તે જીવવાની તક આપે છે. ભલે પછી તે કલાક માટે કેમ નહીં હોય.

તો હવે તમે જાણી ગયો હશો. જાપાન દરેક ખૂણે તમને આશ્ચર્ય આપતો દેશ છે. તમે ગમે તેટલી વાત જાપાનની મુલાકાત લેશો તેટલી વાર તમને કશું નવું જોવા મળશે. અને તેથી જ જાપાનને જાપાન બનાવે છે.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

‘કોનીચિવા’ કહીને જાપાન બોલાવી રહ્યુ છે! ચાલો...

અનેક વર્ષ દુનિયાથી અલિપ્ત રહેલો જાપાન બીજા મહાયુદ્ધમાં ખેદાનમેદાન થવા છતાં ફિનિક્સ પક્ષીની જેમ ફરીથી ઊભો થઈ ગયો. આજે ટેકનોલોજીની હરીફાઈમાં દુનિયાને પાછળ મૂકીને પણ પોતાની નાળ સંસ્કૃતિ અને મૂળ સાથે ઘટ્ટ જોડી રાખનારો પણ જાપાન જ છે. ગયા વર્ષે દુનિયાભરના અઢી કરોડ પર્યટકોએ જાપાનની મુલાકાત લીધી. તમે ક્યારે નીકળો છો જાપાન જવા માટે? ચાલો, બેગ ભરો, નીકળી પડો! વીણા વર્લ્ડ સંગાથે.

| | | |
|---|---|---|
| હાઈલાઈટ્સ ઓફ જાપાન (5D) Aug 20, Sep 8, Oct 6 | બેસ્ટ ઓફ જાપાન (7D) Aug 14, Sep 4,25 | વંડર્સ ઓફ જાપાન (9D) Sep 13, Oct 20 |
| માર્વેલ્સ ઓફ જાપાન (11D) Sep 6, Nov 29 | જ્વેલ્સ ઓફ જાપાન (13D) Oct 18, Nov 20 | ટ્રેજર્સ ઓફ જાપાન (15D) Nov 8 |
| ઓલ ઓફ જાપાન 17 Days - Nov 5 | વુમન્સ સ્પેશિયલ જાપાન 7 Days - Sep 10 | સિનિયર્સ સ્પેશિયલ જાપાન (7D) Aug 14 |

T&C Apply

Book Online 365 days 24x7 Visit veenaworld.com



વીણા વર્લ્ડ
જાપાન
ઊગતા સૂર્યનો દેશ... શાંત માણસોનો દેશ...
ઈકિગાઈનો દેશ... એનિમે અને માંગાનો દેશ...

Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 313 5555 | 1800 22 7979

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




મિલન બબલુની એકબાજુ વાગલે અને બીજી બાજુ છપ્રાનો પોલીસ ઇન્સ્પેક્ટર હતો. બબલુને જોઇને સીમાની આંખોમાં ભય ધસી આવ્યો. એનો ચહેરો પીળો પડી ગયો. એણે એસીપી મોરેની સામે જોઇને હાથ વડે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે ‘આ બધું શું છે.? આ માણસ અહીં ક્યાંથી? શા માટે.?’

‘મેડમ, હમ હમરા રિવાલ્વર લેને આયે હૈ.’ બબલુએ કહ્યું.

‘કકકકક કૌનસી રિવોલ્વર..?’ સીમાના અવાજમાં ધ્રૂજારી હતી.

એસીપી મોરેના પ્લાન મુજબ નીલમ શાહે સીમા ખરેખર પાગલ છે કે માત્ર અભિનય કરે છે એની ચકાસણી વાતચીતને આધારે કરવાની હતી....અને એમણે બહાર આવીને માથું હલાવીને હા પાડી...આ કોડ લેન્ગ્વેજનો અર્થ એ હતો કે સીમા પાગલ નથી, પરંતુ બબલુ નામના માણસને હાજર કરવાનો વ્યૂહ સાયકોલોજિસ્ટની સમજની બહાર હતો. જોકે ત્યાર પછીનો સીન એમની મનોચિકિત્સકની કારકિર્દીમાં ક્યારેય જોયો નહીં હોય એવો હતો.

‘સીમાદેવી, હમને બબલુ કો છપ્રા કી જેલ સે યહાં લાને કા ખાસ બંદોબસ્ત કિયા...ઇન્સ્પેક્ટર વાગલે કો છપ્રા ભેજા....વહાં કી પુલીસ...જેલર સબ કે સાથ સેટિંગ કિયા....બબલુ સિર્ફ એક રાત કે લિયે આયા હૈ.’

બબલુને છેક બિહારની જેલમાંથી અભિના બંગલામાં સીમાની સામે ઊભો કરીને એસીપી મોરેએ શિંદે, સાયકોલોજિસ્ટ નીલમ શાહ, પ્રિયા, પિન્ટો, શફીના, શાંતાબાઈને જોરદાર આંચકો આપી દીધો હતો. અને હવે પછીનો ખેલ જોવા માટે સૌની આંખો સીમા અને બબલુ પર મંડાયેલી હતી.

‘મેરે પાસ કોઇ રિવોલ્વર નહીં હૈ.’ સીમાએ કહ્યું.

‘દેખિયે મેડમ, ના હમરે પાસ....ના બિહાર પુલીસ કે પાસ ઔર નાહી બમ્બઇ કી પુલીસ કે પાસ ટાઇમ હૈ.....મેડમ, હમકો હમરા ગનવા ચાહિયે બસ. હમરી ખોપડી સટક જાયે ઉસસે પહેલે....બતા દિયે હમ.’ બબલુની ભાષામાંથી ગુંડાગીરી ટપકતી હતી.

‘મોરે સાહબ, આપને એક મુજરિમ કો બિહાર કી જેલ સે યહાં લાને કા ગેરકાનૂની કામ કિયા હૈ.’ સીમાએ કહ્યું.

‘સીમા મેડમ, આપને કૌન સા કાનૂની કામ કિયા થા...એક મુજરિમ કો આશરા દેને કે બદલે મેં રિવોલ્વર લે કર?’ એસીપી મોરેએ કહ્યું.

‘મૈંને ઇનકો કોઇ આશરા નહીં દિયા થા ના મેરે પાસ ઇનકી રિવોલ્વર હૈ. આપકે પાસ કોઇ સબૂત હૈ તો બાત કરો. ફિક્શનલ સ્ક્રિપ્ટ સબૂત નહીં હૈ મોરે સાહબ. ઔર આપ લોગ ઇનકો વાપસ જેલ મેં ડાલ દો.’ સીમાએ વાગલે અને છપ્રા પોલીસ ઇન્સ્પેક્ટરને જોતાં કહ્યું અને એ ક્ષણે બબલુએ સીમા તરફ ધસી જઇને એની ગળચી પકડી લીધી ને ઢસડતાં લઇ જઇને ખુરસી પર બેસાડી.

‘કુતિયા, હમ કબસે સમઝા રહે હૈ તુમકો.....હમ બોલે થે તુમકો કી હમરી ખોપડિયા સટક ગઇ તો......કહાં હૈ ગનવા....બોલ.’

સીમાનો શ્ર્વાસ રુંધાવા લાગ્યો....

શફીના એને બચાવવા દોડી, પણ શાંતાબાઈએ એને પકડીને રોકી લીધી.

કોઇ નહીં જાયેગા બચાને. એ બોલી. શફીના પાછી ફરી ગઇ. પ્રિયા અને પિન્ટો અવાચક બનીને જોતાં રહ્યાં. શિંદેને મોરેનો પ્લાન સમજમાં આવી રહ્યો હતો.

‘તૂ ક્યા બોલી થી કી બસ્તા શેઠ સે ચંદન કે ખૂન કા બદલા લેના હૈ....મોતી તૈયાર હૈ ઇસ કામ કે લિયે......તુમ્હારી રિવાલ્વર દો તો મૈં તુમ્હે આસરા દુંગી. કહા થા કી નહીં, બોલ.?’ બબલુએ જોરથી ગળું દબાવ્યું. સીમાની ચીસ નીકળવા મથી રહી હતી. એણે પોતાના બેઉ હાથ વડે કંઇક કહેવાનો પ્રયાસ કર્યો.

‘હમ પર દોઇ મર્ડર કા કેસ તો ચલ હી રહા હૈ, તીસરા હો ગયા તો કોઇ ફરક નહીં પડતા. કહે દેંગે....જેલ સે ફરાર હોકે માર દિયે....તીન મર્ડર કી સજા તો એક હી મિલેગી...લેકિન આજ હમ ગનવા લેકર જાયેંગે.’ બબલુ સીમાનો ટોટો પીસી રહ્યો હતો. એના પગ જમીન પર ઘસડાવા લાગ્યા....આંખોના ડોળા અધ્ધર ચડી ગયા.

ઘડીક પ્રિયા તો ઘડીક મોરેની સામે જોયા કરતા પિન્ટોએ કહ્યું: ‘એસીપી મોરે, પ્લીઝ સ્ટોપ ધીસ...આ થિન્ક વો કૂછ કહેના ચાહતી હૈ.’

મોરેએ વાગલે અને છપ્રા પોલીસ ઇન્સ્પેક્ટરને ઇશારો કર્યો. બંનેએ જઇને બબલુના હાથમાંથી સીમાને છોડાવી. બબલુ પોતાના હાથ ખંખેરતો બંને પોલીસવાળાઓની વચ્ચે ઊભો રહી ગયો. એસીપી મોરે સીમાની સામે જઇને ઊભા રહ્યા ને કડક અવાજે બોલ્યા: ‘બબલુ કી રિવોલ્વર કહાં હૈ...કૂછ યાદ આયા.?’

સીમા પોતાના ગળા પર હાથ ફેરવવા લાગી....ઉપર ચડી ગયેલો શ્ર્વાસ ધીરે ધીરે નીચે આવી રહ્યો હતો, પણ એની આંખોમાંનો ભય ઓછો થયો નહતો. સીમાએ ચાલવાનું શરૂ કર્યું. બધા સાબદાં થઇ ગયાં. એણે ડ્રોઇંગ રૂમનો દરવાજો ખોલ્યો. બધા એની પાછળ જવા લાગ્યા. એ બંગલાની પાછળના ભાગે આવેલા સર્વન્ટ રૂમની બાજુના તાળાબંધ સ્ટોર રૂમ પાસે જઇને ઊભી રહી. પાછળ જ આવી રહેલા બહાદુરે કહ્યું: ‘ઇસકા એક ચાબી હમારે પાસ રહેતા હૈ. અભિ સાહબ કા સોબ ફિલમકા સેટ કા સામાન ઇધર રહેતા હૈ.’ એણે ઝટથી ખિસ્સામાંથી ચાવી કાઢીને તાળું ખોલી આપ્યું. સીમા અંદર ગઇ. એના પછી એસીપી મોરે દાખલ થયા. આસપાસ નજર કરીને સ્વિચ બોર્ડ પાસેના કરોળિયાના જાળાને હાથેથી દૂર કરીને લાઇટ કરી. ત્યાં સુધીમાં પાછળ આવી રહેલાં તમામ અંદર આવી ગયા. સીમાએ પતરાનો એક મોટો ટ્રંક ખોલીને એક જૂનું કોસ્ચ્યુમ ઉઠાવ્યું. એસીપી મોરેએ કોસ્ચ્યુમની નીચે પડેલી રિવોલ્વર જોઈ. આખું દ્રશ્ય કોઇ રહસ્યમય ફિલ્મની યાદ અપાવતું હતું.

**‘મેડમ, હમકો હમરા ગનવા ચાહિયે બસ. હમરી ખોપડી સટક જાયે ઉસસે પહેલે.... બતા દિયે હમ.’ બબલુની ભાષામાંથી ગુંડાગીરી ટપકતી હતી.**

‘બબલુ,’ એમણે બૂમ મારી. બબલુએ વાંકા વળીને રિવોલ્વર જોઇ.

‘યહી હૈ હમરા ગનવા સાહબ.’ એ રિવોલ્વર ઉઠાવવા ગયો. મોરેએ એને અટકાવ્યો. એમણે રૂમાલ વડે રિવોલ્વર પકડી. પીએસઆઇ શાંતાબાઈ સાબડે અંદર દોડી જઇને સીમાને જે ગ્લાસમાં પાણી આપ્યું હતું એ ગ્લાસ એક પ્લાસ્ટિકની કોથળીમાં નાખીને પાછી આવી ગઇ.

*****************

‘સીમાદેવી, ચલિયે બાકી બાતચીત હમ પોલીસ સ્ટેશન મેં કરેંગે.’ પીએસઆઈ શાંતાબાઈ સાબડે સીમાનું બાવડું પકડીને પોલીસની જીપ તરફ લઇ ગઇ. એસીપી મોરેએ ત્યાં હાજર સૌને થેન્ક યુ કહ્યું: ‘આપકી ભૂમિકા યહાં તક કી થી.’ પછી બબલુની પીઠ થપથપાવીને પૂછ્યું: ‘કિતની ગોલીથી રિવોલ્વર મેં?’

‘છેહ ગોલિયાં સાહબ.’ એસીપી મોરેએ વાગલે અને બિહારના પોલીસ ઇન્સ્પેક્ટરને માત્ર ડોકું હલાવીને ઝડપથી બબલુને લઇને રવાના થવાનો ઇશારો કર્યો. પિન્ટો પ્રિયાના ખભા પર હાથ મૂકીને એને કાર તરફ દોરી ગયો. પ્રિયાની આંખમાં આંસુ હતા. સાયકોલોજિસ્ટ નીલમ શાહની આંખોમાં ઘણા સવાલો હતા. બધાના જવાની રાહ જોઇ રહેલી નીલમે એસીપી મોરેને પૂછ્યું: ‘ક્યા સીમાને અપને હસબન્ડ અભિ કી હત્યા કી હૈ.?’

‘મેડમ, અબતક જો કૂછ ભી હુઆ વો તો આપને દેખા. પૂછતાછ કરેંગે. એની વે થેન્ક યુ મેડમ, મેરે પાગલપન મેં સાથ દેને કે લિયે.’ એસીપી મોરે જીપમાં બેઠા. શિંદેએ જીપ સ્ટાર્ટ કરી. પાછળ ઊભી રહેલી શફીના જીપ ઓઝલ ન થાય ત્યાં સુધી જોતી રહી....પછી દોડતી જઇને અકબર પીઆરને ફોન કર્યો.

‘હેલો અકબર, પોલીસ સીમાને પકડીને લઇ ગઇ છે.’

*************

થોડીવારમાં અકબર અને અશોક ટંડન પહોંચી ગયા. શફીનાએ એમને માંડીને વાત કરી.

‘માન્યામાં નથી આવતું કે સીમાએ રિવોલ્વર બબલુ નામના બિહારના કોઇ ગુંડા પાસેથી લીધી ને સ્ટોર રૂમમાં છુપાડી દીધી.’ અશોક ટંડન બોલ્યો.

‘જો એણે આટલું બધું કર્યું તો એનો મતલબ એ કે અભિનું મર્ડર એણે જ..’ અકબર અટકી ગયો.

‘અકબર, સીમાએ આપણને ખોટું કહ્યું હતું.....એ પાગલ નથી. સાયકોલોજિસ્ટે સાબિત કરી દીધું’ શફીના બોલી.

‘....પણ સવાલ એ છે કે સીમાએ આ બધું શા માટે કર્યું.?’ અશોક ટંડન બોલ્યો.

‘આનો જવાબ સીમા પાસેથી માત્ર એસીપી મોરે કઢાવી શકશે.’ અકબરે કહ્યું.

*******************

એસીપી મોરેએ જુહુ પોલીસ સ્ટેશનમાં પગ મૂકતા જ પહેલું કામ રિવોલ્વર અને પાણીના ગ્લાસને શાંતાબાઈ દ્વારા ફિંગર પ્રિન્ટ માટે મોકલી આપ્યા.

‘શિંદે, બબલુ કી રિવોલ્વર મેં છેહ ગોલી થી...અભિ કે બોડી સે દો ગોલી નીકલી થી. મૈંને ચેક કિયા રિવોલ્વર મેં ચાર ગોલી બચી હૈ. હિસાબ મિલતા હૈ.’

‘હાં, સેમ રિવોલ્વર કી સેમ ગોલિયાં હોની ચાહિયે.’ શિંદેએ કહ્યું.

‘વો તો ફોરેન્સિકવાલે બતાયેંગે...તુમ યે સબ ફોલોઅપ કરો...ઔર હાં, મીડિયા તક યે બાત ન પહોંચે ઇસકા ખયાલ રખો’

‘સર, બાત મુશ્કિલ હૈ. અકબર પીઆર કા કામ હી વોહી હૈ..’

‘શિંદે મૈં ચાહતા હું યે બાત અપ્પા સાહબ કો પતા ન ચલે.’ મોરેએ કહ્યું.

‘યે તો ઔર મુશ્કિલ હૈ.’ શિંદેએ કહ્યું ને ફોનની ઘંટડી વાગી.

‘હેલો મોરે, ક્યા હુઆ અભિ મર્ડર કેસ કા. કોઇ મિલા કી નહીં.?’ અપ્પા સાહેબનો અવાજ સાંભળીને મોરે મનમાં બબડ્યા: ‘થિન્ક ઓફ ધ ડેવિલ એન્ડ હી ઇઝ હિયર.....હાં સાહબ, બસ કામ હો ગયા સમઝો.’ એમણે શિંદેની સામે જોતા કહ્યું.

‘તૂ કહાં જાતા હૈ...ક્યા કરતા હૈ...કહાં તક પહોંચા...મેરી નજર હૈ તેરે પર. ઇતના યાદ રખ, રાજનીતિ સબ સે ઉપર હૈ.’ અપ્પા સાહેબની આ વાત એસીપી મોરેને ખટકી. ફોન કટ થયો. એસીપી મોરેએ ફોન પછાડ્યો.

‘રાજનીતિ સબ સે ઉપર હૈ....કેસે એંડેલોગ ચુન કે આ જાતે હૈ.’ એ બોલ્યા.

‘ઔર હમકો એસે લોગોં કે ઇશારે પે નાચના પડતા હૈ.’ શિંદેએ કહ્યું. શાંતાબાઈ પાછી આવી. એણે બંનેના તંગ ચહેરા જોયા.

‘સાહબ, સીમાબાઈ કો લોકઅપ મૈં બિઠા કે રખા હૈ.’ એસીપી મોરે ગુસ્સામાં હતા. ‘ચલા...આતા ફૈસલા કરુન ટાકતે’

સીમા બેઠી હતી એની સામેની ખુરસી ગુસ્સામાં ખેંચીને એસીપી મોરે બેઠા. શાંતાબાઈ સાઇડમાં એક ખૂણામાં પાછળ હાથ રાખીને ઊભી રહી.

‘શાંતાબાઈ’ મોરે બોલ્યા કે તરત જ શાંતાબાઈએ પાછળ પકડી રાખેલું નાનકડું ટેપ રેકોર્ડર ટેબલની વચ્ચે મૂક્યું. મોરેએ ટેપ સ્વિચ ઓન કર્યું. લાલ લાઇટ થઇ. એસીપી મોરેએ ગળું ખંખેર્યું.

‘સીમાદેવી, અસલી પાગલપન ઔર પાગલપન કી એક્ટિંગ મેં બહુત ફર્ક હૈ. યે સાયકોલોજિસ્ટ નીલમ શાહને સાબિત કર દિયા. અબ સીધા પોઇન્ટ પર આતે હૈ. તુમને અભિ કા મર્ડર કિયા હૈ.?’ સીમા ચૂપ રહી. લોકઅપ રૂમનો સુનકાર રેકોર્ડ થઇ રહ્યો હતો. ‘તુમને.....અભિ કા.... મર્ડર....કિયા હૈ?’ એસીપી મોરેએ દરેક શબ્દ પર ભાર દઇને સવાલ દોહરાવ્યો.

‘નફરત કરતી હું પુરુષજાત સે નફરત...’ સીમાએ ટેપ રેકોર્ડરની સામે મોં કરીને ગળું ફાડી નાખતા અવાજમાં કહ્યું.

(ક્રમશઃ)■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# બિલકુલ ખાનગી વાત (૨)



અહીં ‘આજે આટલું જ’માં જ્યારે આપણે બિલકુલ ખાનગી વાતનો આટલો બહોળો વેપાર પાથરીને બેઠા છીએ ત્યારે મને મારા બરકત વિરાણી ‘બેફામ’ શેઠનો એવો શેર યાદ આવે છે, જે તમે ગઝલ નીચે લખેલું નામ જો ન વાંચો તો તમને ‘મરીઝ’નો જ લાગે એવો આ બન્ને સમકાલીનો વચ્ચે સર્જનાત્મક ભાઈચારો...

*જુઓ જાહેરમાં તો ખાય છે એ સૌ દયા મારી*
*કરી છે ખાનગીમાં જેણે જેણે દુર્દશા મારી*

ભાઈચારો તો ખરો જ ખરો, આદરભાવ કેવડો! ૭૪માં હું બરકતભાઈને AIR પર મળ્યો અને ત્રીજી મુલાકાતમાં મેં કહ્યું: ‘બરકતભાઈ! આ ‘મરીઝ’ બધાને બહુ ગમે છે, મને નથી ગમતા’ બરકતભાઈ તરત બોલ્યા: ‘કારણ તારી અણસમજ...’ જેમ જેમ તારામાં સમજ આવતી જશે એમ એમ તને સમજાશે કે ‘મરીઝ’ કોણ છે. એક મુશાયરાનું સંચાલન મેં કર્યું હતું અને ‘મરીઝ’ને રજૂ કરતાં મેં કહ્યું હતું કે ‘તમે બધાએ અત્યાર સુધી અમને સાંભળ્યા. હવે સાંભળો એ શાયરને જેને સાંભળવા અમે આવ્યા છીએ-‘મરીઝ’.

ગુજરાતી મુશાયરાની કથા જો કોઈ પણ રજૂ કરી શકે તો આપના આજ્ઞાંકિત સિવાય બીજું કોઈ નહીં, મેં બરકત પેઢી-આદિલ પેઢી-કૈલાસ પેઢી-અદમ પેઢી-શોભિત પેઢી અને એ પછીની બીજી ત્રણ પેઢી સાથે કામ કર્યું છે એટલે...

તો આજની આપણી ખાનગી વાત આગળ વધારીએ તો ‘મરીઝ’ અને ‘ગની’ના ગુરુવર્ય અમીન આઝાદને આમંત્રણ આપીએ. અમીન આઝાદ વિષે એક જ સુક્તિ કે ખાનદાનીનું બીજું નામ અમીન આઝાદ. એ બાદ આજે પધારશે મિર્ઝા અસદ્ઉલ્લાહ ખાં ‘ગાલિબ’ અને જોઈએ બીજા કોણ આવે છે... હા યાદ આવ્યું. આજે ‘બેફામ’ને જ બોલાવીએ...

*જશે, ચાલી જશે, ગઈ, એ વિચારે રાત ચાલી ગઈ*
*ખબર પણ ના પડી અમને કે ક્યારે રાત ચાલી ગઈ*

**અમીન આઝાદને અર્પણ**

## રાત ચાલી ગઈ

*હતી અંધારપટથી ખૂબ ભારે રાત, ચાલી ગઈ*
*ઉજાગર આગિયાઓના પ્રચારે રાત ચાલી ગઈ*

*અમે ધાર્યું હતું, ખીંટી ઉપર લટકાવી દઈએ લાજ...*
*અમે ધારી હતી એથી વધારે રાત ચાલી ગઈ*

*બહુ સુંદર સમય ચાલી ગયો બસ જોતજોતામાં*
*પલકને પણ ખબર ના થઈ કે ક્યારે રાત ચાલી ગઈ*

*મહામૂલા તિમિરનાં વસ્ત્ર જે પહેરીને મહાલ્યો’તો!*
*હું નિર્ધન થઈ ગયો પૂરો, સવારે રાત ચાલી ગઈ!*

*અમે એક જ મથામણમાં રહ્યા કાયમ કે વીતશે કેમ?*
*અને બસ આપના એક જ ઈશારે રાત ચાલી ગઈ!!!*

***

*ખુદા! તારી કસોટીની પ્રથા સારી નથી હોતી*
*કે સારા હોય છે એની દશા સારી નથી હોતી*

**બરકત વીરાણી ‘બેફામ’ને અર્પણ**

## સારી નથી હોતી

*નકામી, ફોક મુક્તિની મજા સારી નથી હોતી*
*ન થઈ હો, પણ ઊભી હો, એ સજા સારી નથી હોતી*

*કરી દાવા અને આપી પુરાવા સ્વાવલંબનના*
*હંમેશાં માગતી રહેતી પ્રજા સારી નથી હોતી*

*પરોણાગત મળે નિર્મોહી, મીઠ્ઠો આવકારો હો*
*વધુ પડતી એ ઘરમાં આવજા સારી નથી હોતી*

*છે એનો ધર્મ, પાછો પ્રાણ પુરવાનો અચેતનમાં*
*પવન હો તો જ ફરફરતી ધજા સારી નથી હોતી*

*હજી પણ ઘૂઘવે, અફળાય, ઊછળે, ખળભળે દરિયો*
*દુભાયેલાં હલેસાંની રજા સારી નથી હોતી*

***

*મુફ્ત કી પિતે થે મય લેકિન સમઝતે થે કી હાં*
*રંગ લાયેગી હમારી ફાકામસ્તી એક દિન*

**મિર્ઝા અસદ્ઉલ્લાહ ખાં ‘ગાલિબ’ને અર્પણ**

## ફાકામસ્તી એક દિન

*જિંદગી મોંઘી, થવાની સાવ સસ્તી એક દિન*
*રહી જવાની સૌ અભિલાષા તરસતી એક દિન*

*પાણીને બદલે મળું અજવાસને અવકાશમાં*
*જોઈ છે મેં વીજળી એવી વરસતી એક દિન*

*ધુમ્મસી ચહેરો ખરેખર ઓળખાયો આખરે*
*આયખાની કામ આવી બૂતપરસ્તી એક દિન*

*આભ-જળ-વાયુ-ધરા-અગ્નિ છૂટાં પાડી શકાય*
*એક ક્ષણ આવી ચઢી, લઈ એવી મસ્તી એક દિન*

*ફક્ત પરપોટો બની જીવ્યા અમે, ચાલી જશું*
*‘રંગ લાયેગી હમારી ફાકામસ્તી એક દિન’*

આજે એટલું જ ■

વિશેષ પ્લસ

કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# હિમાલયમાં કિંગ કોબ્રા?



થોડા મહિના પહેલા નેપાળના એવરેસ્ટ ક્ષેત્રમાં સમુદ્ર સપાટીથી ૧૦૦૦ થી ૨૭૦૦ મીટર ઊંચા હિમાલય પ્રદેશમાં ૧૦ કિંગ કોબ્રા જોવા મળ્યા હતા. આ પહેલા કોઇએ ક્યારેય કલ્પના પણ કરી ન હતી કે એવરેસ્ટ ક્ષેત્રમાં ૯૦૦૦ મીટરની ઊંચાઇએ કિંગ કોબ્રા જેવા ઝેરી સાપ જોવા મળી શકે છે. કારણ કે તે સામાન્ય રીતે ફક્ત ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં જોવા મળે છે. પરંતુ ત્યારબાદ તે માત્ર એક આશ્ચર્યજનક ઘટના બની ન રહેતા ગોપાલેશ્ર્વર, માંજ્યાંગ, સોખોલ અને ફુલચોક જેવા વિસ્તારોમાં પણ બ્લેક કિંગ કોબ્રા જોવા મળ્યો છે. ભારત અને નેપાળના વન્યજીવ નિષ્ણાતોએ તેને એક અસામાન્ય ઘટના ગણાવી છે. નેપાળના કોમર્શિયલ ઇન્સ્ટિટ્યૂટના વિષ્ણુ પાંડે ત્યાં સુધી કહે છે કે તેમણે કોવિડ-૧૯ રોગચાળા પહેલા ગૌરી શંકર રેન્જમાં કોબ્રાના ઇંડા જોયા હતા. પરંતુ ત્યારે એવું માન્યું હતું કે આ આકસ્મિક રીતે બન્યું હશે. પરંતુ તાજેતરમાં જિરી મ્યુનિસિપાલિટી વિસ્તારમાં કોબ્રાની કેટલીક પ્રજાતિઓ જોવા મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જે સમુદ્ર સપાટીથી ૧૬૦૦ થી ૫૦૦૦ મીટરની ઊંચાઇએ છે.

એ સ્પષ્ટ છે કે ભારતનાં વરસાદી જંગલો અને નેપાળના તરાઇ પ્રદેશમાં જોવા મળતા કિંગ કોબ્રા પર્યાવરણીય પરિવર્તનની ગંભીર ચેતવણી આપી રહ્યું છે. આબોહવા પરિવર્તન ઉપરાંત બીજું કોઇ કારણ સ્વાભાવિક રીતે ધ્યાનમાં નથી આવી રહ્યું કે કિંગ કોબ્રા આટલા ઊંચા અને ઠંડા સ્થળે કેવી રીતે જોવા મળી શકે? ભારતમાં સામાન્ય રીતે એવી માન્યતા છે કે શિયાળા દરમિયાન કાળો નાગ એટલે કે બ્લેક કોબ્રા ઊંડા દરમાં છૂપાઇને રહે છે. કારણ કે ઠંડી તેને નિષ્ક્રિય કરી દે છે. વરસાદની ઋતુ દરમિયાન તે વધુ જોવા મળે છે. વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિક રમેશ ચિન્નાસ્વામીનું પણ માનવું છે કે કિંગ કોબ્રા સામાન્ય રીતે વરસાદી જંગલોમાં જ રહે છે અને સ્વાભાવિક રીતે તે શરમાળ પ્રાણી છે. જો કે ભારતીય નિષ્ણાતો હજુ સુધી એવું માનવા તૈયાર નથી કે વધતા તાપમાનને કારણે કિંગ કોબ્રાએ તેના રહેઠાણમાં ફેરફાર કર્યો છે અથવા તેનો વિસ્તાર કર્યો છે, પરંતુ વિશ્વભરના વન્યજીવ નિષ્ણાતો આ અંગે ચિંતિત છે અને વ્યવસ્થિત મોટા સંશોધનની પણ માગ કરી રહ્યા છે.

નૈનિતાલના વન્યજીવ વૈજ્ઞાનિક અને કિંગ કોબ્રાના સંશોધક જિજ્ઞાસ ઢોલિયાએ સ્વીકાર્યું છે કે કિંગ કોબ્રા કુમાઉના કેટલાક ભાગોમાં જોવા મળ્યા છે, જેમાં મુક્તેશ્ર્વરનો પણ સમાવેશ થાય છે, જે સમુદ્ર સપાટીથી ૨૦૦૦ મીટર ઊંચાઇ પર છે. તેથી ભલે આ વાત માનવી યોગ્ય ન લાગે પરંતુ જે રીતે એક નહીં પણ અનેક ઉદાહરણો પ્રકાશમાં આવી રહ્યા છે કે કિંગ કોબ્રા ઊંચા હિમાલય પ્રદેશમાં પણ પોતાની હાજરી નોંધાવી રહ્યા છે, તે જોતાં એ હકીકત પર ગંભીરતાથી વિચાર કરવો જરૂરી બની ગયું છે કે વધતા તાપમાનને કારણે કિંગ કોબ્રા જેવા સરિસૃપોને તેમના રહેઠાણ બદલવાની ફરજ પડી રહી છે. કેટલાક લોકોનો દાવો છે કે તેમણે કોર્બેટ ટાઇગર રિઝર્વમાં પણ કિંગ કોબ્રા જોયા છે, જે સમુદ્ર સપાટીથી ૩૦૦ થી લઇને ૨૦૦૦ મીટરની ઊંચાઇ પર સ્થિત છે.

હકીકતમાં થોડા દિવસો પહેલા એક હવામાન અભ્યાસમાં ચેતવણી પણ આપવામાં આવી હતી કે નેપાળ અને ભારત સહિત હિંદુ કુશ હિમાલય ક્ષેત્રના ૮ દેશોમાં તાપમાન લાંબા ગાળાના સરેરાશથી ૦.૫ ડિગ્રી સેલ્સિયસથી ૨ ડિગ્રી સેલ્સિયસ વધવાની સંભાવના છે. તાજેતરનાં વર્ષોમાં નેપાળ અને ભારત બંને દેશોમાં જે રીતે હવામાનની આત્યંતિક ઘટનાઓ જોવા મળી છે. તેના કારણે તાપમાનમાં વધારો માત્ર અનુમાનનો વિષય નથી પરંતુ તે પ્રત્યક્ષ પુરાવો બની ગયો છે. તેથી હિમાલયમાં કિંગ કોબ્રાનું મળી આવવું આશ્ચર્યજનક નથી, પરંતુ તે પ્રકૃતિની એક ગંભીર ચેતવણી જરૂર છે. કારણ કે તે માત્ર સાપની હાજરી નથી પરંતુ આપણા સમયની ખૂબ જ ગંભીર કહાની છે. બદલાતું હવામાન અને બગડતું પર્યાવરણીય સંતુલન ચોક્કસપણે આવનારા સમયમાં ગંભીર પડકારોનો સંકેત છે. હિમાલયની ઊંચાઇએ કિંગ કોબ્રા જોવા મળવા આપણને આબોહવા નીતિઓ અને વન સંરક્ષણની યાદ અપાવે છે. એટલું જ નહીં તે આપણને સ્થાનિક પર્યાવરણીય અભ્યાસમાં વધુ સતર્ક રહેવાની જરૂરિયાત જણાવે છે.

કારણ કે કિંગ કોબ્રા એક ટોચનો શિકારી છે અને જ્યારે તે નવા વિસ્તારમાં પોતાનું ઘર બનાવે છે ત્યારે તે વિસ્તારના નાના સાપ, નાના પક્ષીઓ અને નાના સસ્તન પ્રાણીઓનો શિકાર કરે છે. જો તે હિમાલયના ઊંચા પ્રદેશમાં કાયમી ધોરણે સ્થાયી થાય છે તો ઊંચા હિમાલય પ્રદેશની તમામ જીવ પ્રજાતિઓએ ત્યાંથી સ્થળાંતર કરવું પડશે. તેથી આ ઘટના માત્ર ઉત્સુકતા જ નહીં પણ ચિંતા પણ કરાવે છે કે આગામી દિવસો જૈવ વિવિધતા માટે કઇ રીતે સંકટના દિવસો સાબિત થઇ શકે છે. જ્યારે પણ કોઇ નવી જીવ પ્રજાતિ કોઇ નવા વિસ્તારમાં પહોંચે છે ત્યારે તે ત્યાં પહેલેથી હાજર પ્રજાતિઓને ભગાડવાનો પ્રયાસ કરે છે અને તેમની સાથે સ્પર્ધા કરે છે. જોકે જ્યાં સુધી કિંગ કોબ્રાની વાત છે તો તેનો સંઘર્ષ માત્ર પ્રાણીઓની પ્રજાતિઓ સાથે જ નહીં, પરંતુ મનુષ્યો સાથે પણ જાણીતો છે. તેથી ઊંચા હિમાલય પ્રદેશોમાં નાનાં પ્રાણીઓની પ્રજાતિઓ જ નહીં પણ માનવ માટે પણ એક નવા ખતરા તરીકે જોવા મળી રહ્યો છે. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# DNA ટેસ્ટિંગ

## કટોકટીના સંજોગોમાં ઓળખચિહ્નની ગરજ સારતું સૂક્ષ્મ પણ સચોટ માધ્યમ...






**અમદાવાદની** તાજી દુ:ખદ વિમાન દુર્ઘટનાને આપણે વર્ષો સુધી ભૂલી શકવાના નથી. તેના સમાચારો હજુ ચાલુ છે - રહેશે. ૨૪૧ પ્રવાસીઓ સાથે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી પણ અવસાન પામ્યા. પ્લેન તૂટીને ભસ્મીભૂત થઈ ગયું એમાં પણ મેડિકલ કોલેજના અનેક લોકો માર્યા ગયા. મૃત્યાંક ક્રમશ : ૩૦૦ની આસપાસ પહોંચી શકે છે. માત્ર ગુજરાત જ નહીં, આખા દેશમાં તેનો આઘાત છવાયો છે. ૧૨ જૂન પછી અન્યત્ર પણ ફલાઈટમાં બેસતો દરેક મુસાફર આ દુર્ઘટનાના આઘાતની અસર નીચે હવાઈ પ્રવાસ કરી રહ્યો છે... આ વિમાન અકસ્માતમાં આપણે જાણ્યું કે ભભૂકેલી આગને કારણે મૃતદેહોની ઓળખ કરવી એક બહુ મોટો પડકાર હતો અને હજુય છે. આવા સમયે છેલ્લાં થોડાં વર્ષોથી વૈજ્ઞાનિકો DNA ટેસ્ટિંગનો સહારો લેતા હોય છે.

DNA ટેસ્ટિંગ આજે ફોરેન્સિક સાયન્સની મોટી બ્રાન્ચ છે, પરંતુ આ DNA ટેસ્ટિંગ શું છે? તે કેવી રીતે કામ કરે છે? સગાં-સંબંધીઓ પાસેથી નમૂના કેવી રીતે લેવાય છે? અને આ બધું કેવી રીતે આપણને કોઈ વ્યક્તિની ચોક્ક્સ ઓળખ આપે છે? આ જટિલ પ્રક્રિયા છે, પણ સમજવી અઘરી નથી.

DNA એટલે 'ડીઓક્સિરાઈ-બોન્યુક્લિયક એસિડ', એ આપણા શરીરના દરેક કોષમાં રહેલો એક એવો કોડ છે, જે આપણને બીજા બધા જ માણસો કરતાં સાવ અનોખા બનાવે છે. જેમ દરેક તાળાની ચાવી અલગ હોય છે તેમ દરેક વ્યક્તિનો DNA પણ અલગ હોય છે. આ DNA એ જ આપણા વાળનો રંગ, આંખોની રચના, ઊંચાઈ અને ઘણું બધું નક્કી કરે છે. ફોરેન્સિક સાયન્સમાં, આ અદ્વિતીય DNAનો ઉપયોગ જે તે વ્યક્તિની ઓળખ નક્કી કરવા માટે થાય છે. લાદેનને માર્યા પછી એ ઓસામા બિન લાદેન જ છે અને કોઈ બહુરૂપિયો નથી તે નક્કી કરવા માટે DNA ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જેવા અમુક કપરા સંજોગોમાં DNA ટેસ્ટિંગ એકમાત્ર આશાનું કિરણ હોય છે. શરીરના નાનામાં નાના ભાગ જેમ કે હાડકાં, દાંત કે બળેલી ચામડીમાંથી DNA તારવીને તેની સરખામણી સગાં-સંબંધીઓના DNA સાથે કરવામાં છે.



DNA ટેસ્ટિંગના અમુક તબક્કા છે:

**સેમ્પલ કલેક્શન**

ઓળખ પ્રક્રિયાનો પહેલો તબક્કો છે સેમ્પલ કલેક્ટ કરવું. ફોરેન્સિક નિષ્ણાતો દુર્ઘટના સ્થળેથી શરીરના અવશેષો જેમ કે હાડકાં, દાંત, વાળનું મૂળ, કે બળેલી ચામડી એકઠા કરે છે. આ અંગોમાં DNA હોય છે, જે ઊંચા તાપમાને પણ ટકી શકે છે. ઉદાહરણ તરીકે, હાડકાં અને દાંત DNAનો સૌથી મજબૂત સ્ત્રોત હોય છે, કારણ કે તેમાં DNA સુરક્ષિત રહે છે.

બીજી તરફ, મૃતકના સગાં-સંબંધીઓ ખાસ કરીને માતા-પિતા, બાળકો કે ભાઈ-બહેન પાસેથી 'રેફરન્સ સેમ્પલ' લેવામાં આવે છે. આ સેમ્પલ લેવા ખૂબ સરળ હોય છે. ડોક્ટર કે નિષ્ણાત ગાલની અંદરની ચામડી પરથી સ્વેબ ઘસીને કોષ કલેક્ટ કરી લે છે. ક્યારેક લોહીનું નાનું ટીપું કે લાળનો નમૂનો પણ લેવાય છે. આ નમૂના લેવાની પ્રક્રિયા એટલી સરળ હોય છે કે બાળકો પણ તે આપી શકે છે. આ રેફરન્સ સેમ્પલ મૃતકના DNA સાથે સરખામણી માટે જરૂરી હોય છે, કારણ કે માતા-પિતા અને બાળકો ૫૦% DNA શેર કરે છે.

### સદ્ગતની ખરી ઓળખ માટે ...

*આવી પ્લેન ક્રેશની ભીષણ દુર્ઘટનામાં જ્યારે ક્ષણભરમાં માનવીનું અસ્તિત્વ લગભગ ભૂંસાઈ જાય ત્યારે મૃતકની ખરી ઓળખ માટે DNA ટેસ્ટિંગ જેવી પ્રક્રિયા ઉપકારક નીવડે છે. અમદાવાદ દુર્ઘટનામાં 241 પ્રવાસીઓ સહિત મૃતકોનો આંક 280 સુધી પહોંચી ગયો છે. આમાંથી 220ની ઓળખ DNA ટેસ્ટિંગ દ્વારા થઈ ગઈ છે. હાલ સુધીમાં કુલ 250ના DNA સેમ્પલ મળ્યા છે, જેની પ્રક્રિયા હજુ ચાલી રહી છે. અત્યારે અમદાવાદમાં ૨૨ મહિલા સહિત કુલ ૫૪ DNA વિશેષજ્ઞોની ટીમ રાઉન્ડ ધ ક્લોક કાર્યરત છે. આ ઉપરાંત, અમદાવાદ, ખેડા, આણંદ અને મહેસાણામાંથી અંદાજિત ૧૪૦ ડોક્ટર પોસ્ટ મોર્ટમ અને DNA સેમ્પલ કલેક્શનમાં જોડાયા છે. આમ મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફનો કુલ મળીને આંક છસ્સો સુધી પહોંચ્યો છે. આ બધા સાથે મળીને મૃતકની ખરી ઓળખ માટે અવિરત કામગીરી બજાવી રહી છે અને આ લખાય છે ત્યાં સુધીમાં ૨૦૫ મૃતદેહ એમનાં સ્વજનોને સોંપી દેવામાં આવ્યા છે.*




**DNAની તારવણી**

સેમ્પલ મળ્યા પછી, લેબોરેટરીમાં DNA અલગ તારવવાનું કામ શરૂ થાય છે. આ પ્રક્રિયા છાશમાંથી માખણ બનાવવા જેવી છે. નિષ્ણાતો ખાસ રસાયણોનો ઉપયોગ કરીને કોષોમાંથી DNA અલગ કરે છે. આ પ્રક્રિયામાં, કોષોને તોડીને તેમાંથી DNA બહાર કાઢવામાં આવે છે. આ પ્રક્રિયા એટલી ઝીણવટભરી હોય છે કે ફક્ત એક નેનોગ્રામ (એટલે એક ગ્રામનો અબજમો ભાગ) DNA પણ પૂરતું હોય છે

**૩. DNAનું વિસ્તરણ (Amplification)**

તારવેલા DNA ઘણીવાર ખૂબ ઓછી માત્રામાં હોય છે. તેથી વૈજ્ઞાનિકો 'પોલિમરેઝ ચેઈન રિએક્શન' (PCR) નામની ટેકનિકનો ઉપયોગ કરીને DNAની લાખો-કરોડો નકલો બનાવે છે. આ પ્રક્રિયા એક ફોટોકોપી મશીન જેવી છે, જે એક નાના ટુકડાને ઘણી બધી નકલોમાં બદલી નાખે છે. PCR ખાસ DNAના એવા ભાગોને નકલ કરે છે, જેને 'શોર્ટ ટેન્ડમ રિપીટ્સ' (STR) કહેવાય છે. આ STR એ DNAના એવા નાના ટુકડા હોય છે, જે દરેક વ્યક્તિમાં અલગ હોય, જેમ કે તમારા હસ્તાક્ષરની ખાસ શૈલી.

**૪. DNA પ્રોફાઈલ**

હવે આ DNAની નકલોનું વિશ્લેષણ થાય છે. વૈજ્ઞાનિકો 'કેપિલરી ઈલેક્ટ્રોફોરેસિસ' નામની ટેકનિક દ્વારા DNAના ટુકડાઓને તેમના કદ પ્રમાણે અલગ કરે છે. આ પ્રક્રિયા એક દોડની સ્પર્ધા જેવી છે, જેમાં નાના ટુકડા ઝડપથી આગળ નીકળે છે અને મોટા ટુકડા પાછળ રહે છે. આનાથી એક 'ઈલેક્ટ્રોફેરોગ્રામ' નામનું ચાર્ટ બને છે, જે DNA ના STR ની લંબાઈ અને પુનરાવર્તનની સંખ્યા દર્શાવે છે. આ ચાર્ટ એટલે 'DNA પ્રોફાઈલ', જે એક ડિજિટલ ફિંગરપ્રિન્ટ જેવું હોય છે.

**૫. સરખામણી ને ઓળખ**

છેલ્લો તબક્કો છે DNA પ્રોફાઈલની સરખામણી. મૃતકના DNA પ્રોફાઈલને સગાં-સંબંધીઓના DNA પ્રોફાઈલ સાથે મેચ કરવામાં આવે છે. જો STR ના પેટર્ન મેચ થાય તો ઓળખ નિશ્ચિત થઈ જાય છે. આ પ્રક્રિયા એટલી ચોક્કસ હોય છે કે ભૂલ થવાની શક્યતા એક અબજમાં એક જેટલી હોય છે !



જો ડેટાબેઝનો ઉપયોગ થતો હોય, જેમ કે FBI નું CODIS (Combined DNA Index System), તો DNA પ્રોફાઈલને અગાઉના રેકોર્ડ્સ સાથે પણ સરખાવી શકાય છે. આ ડેટાબેઝમાં ગુનેગારો, અજાણ્યા અવશેષો કે ગુમ થયેલા લોકોના DNA પ્રોફાઈલ હોય છે, જે ઓળખમાં મદદ કરે છે.

આ બધા વચ્ચે સગાં-સંબંધીઓના DNA નમૂના ઓળખ માટે ખૂબ મહત્ત્વના હોય છે, કારણ કે એ મૃતક સાથે આનુવંશિક સંબંધ ધરાવે છે. માતા-પિતા અને બાળકો ૫૦% DNA શેર કરે છે, જ્યારે ભાઈ-બહેનો પણ લગભગ ૫૦% DNAસમાન ધરાવે છે. (સદગત વિજયભાઈ રૂપાણીના દેહની ઓળખ વખતે એમનાં સંતાનો નહીં,પણ એમના એક ભત્રીજાના DNAથી થઈ હતી ! )

DNA પ્રોફાઈલ એટલી અલગ હોય છે કે બે અજાણ્યા લોકોના DNA મેચ થવાની શક્યતા એક અબજમાં એક હોય છે. આજે વૈજ્ઞાનિકો એટલા આગળ વધ્યા છે કે એ 'ટચ ડીએનએ' એટલે કે, ચામડીના કોષો જે કોઈ વસ્તુ પર ટચ થવાથી રહી જાયનું પણ વિશ્લેષણ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો કોઈએ છરી પકડી હોય, તો છરી પરથી પણ તેને પકડનાર વ્યક્તિના DNA લઇ શકાય છે.!

DNA ટેસ્ટિંગનો ઉપયોગ ફક્ત ઓળખ માટે જ નથી. આજે તે ગુનાઓ ઉકેલવા, મા કે બાપ કોણ છે એ ચકાસવા અને ખોવાયેલા લોકોને શોધવા માટે વપરાય છે. ભવિષ્યમાં, 'ફોરેન્સિક જેનિટિક જીનોલોજી' જેવી નવી ટેકનિકથી- DNA વડે વ્યક્તિનો ચહેરો કે દેખાવ પણ નક્કી કરી શકાશે. DNA ટેસ્ટિંગ બહુ ઉપયોગી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ વિજ્ઞાનની શક્તિ એટલી અદ્ભુત છે કે તે નાનામાં નાના કણમાં પણ મનુષ્યના આખા અસ્તિત્વનો અણસાર આપી શકે છે. DNA એટલે કુદરતની કમાલ, જાણે કુદરતના સર્જનનું એક લઘુ કાવ્ય! ■

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ચોમાસાનું અદ્ભુત વિશ્વ ને વાદળોનું નિવાસસ્થાન-મેઘાલય

એ જો તો ઓલું વાદળું ઘોડા જેવું લાગે છે... અરે ના ઇ તો ભાલું જેવું લાગે છે.. આમ જો અધ્ધર.. વાદળાં કેવા દોડી જાય છે. ધોળા ધોળા રૂના ઢગલા જેવા આ વાદળો ક્યાં જતા હશે ક્યાંથી આવતા હશે આવા બધા સવાલો દરેકને નાનપણમાં થયા જ હશે. આજે પણ આપણી આસપાસ બાળકોમાં આવી કુતૂહલતા જોઈ શકીએ છીએ. મનમાં એવો સવાલ થતો ક્યાં હશે આ વાદળોના ઘર? એ આમ સતત ઊડતા જ રહેતા હશે? શુ સાંજે એમના ઘરે નહીં જતાં હોય ? દરેકના શૈશવમાં બાળ સહજ મનમાં ઉઠેલા એ સવાલોના જવાબો આજે આપણે શોધીએ. ચાલો જઈએ વાદળોનાં દેશમાં. હા સાચું જ સાંભળ્યું આજે આપણે વાદળોના ઘરે મહેમાનગતિ માણવાની છે. કુદરતે ભારતને છૂટા હાથે અપાર વિવિધતા બક્ષી છે. ઉત્તરમાં પર્વતરાજ હિમાલય એની અનન્ય છટામાં બિરાજમાન છે તો દક્ષિણે હિન્દ મહાસાગરના નાદ ગુંજે છે, પશ્ચિમમાં જ્યાં વેરાન રણની રેતીની લહેરખીઓ ઉડે છે તો પૂર્વમાં ગાઢ જંગલો ને વરસાદની રેલમછેલ છે. આજે આપણે એ જ ગાઢ લીલા જંગલો અને વાદળો સાથે મુસાફરી કરવાની છે.

ઉત્તર પૂર્વની સેવન સિસ્ટર્સમાંથી આજે આપણે મેઘાલયના વાદળો પર અલાદ્દીનનો કાલીન તેને ઘુમાવે એમ અહીંના વાદળોની સવારી કરવાની છે. મેઘાલય શબ્દનો અર્થ જ વાદળોનું નિવાસસ્થાન એવો થાય. આ રાજ્ય તેના નામ જેમ જ નિરાળું છે. બ્રિટિશ કાલીન સમયગાળા દરમિયાન તે બ્રિટિશ હકુમત હેઠળ હતું તે સમયે બ્રિટિશરો તેને Scotland of east કહેતાં. એ તો તેમનો નજરીયો હતો આપણા માટે તો એ મેઘાલય જ છે. દુનિયાનો સૌથી વધુ વરસાદ અહીં જ ચેરાપૂંજીના મોસિનરમમાં જ નોંધાય છે એ હકીકત તો દરેકથી જાણીતી છે. એથી વિશેષ આપણે તો મેઘાલયની સુંદરતા ત્યાંના લોકોની સંસ્કૃતિ, તેમના રીતરિવાજોથી પરિચિત થવાનું છે જે ખરેખર ખૂબ જ નિરાળા છે. અહીં ભટકતા ભટકતા શું ખબર ક્યાંય હવામાં કાલીદાસના મેઘદૂત સાથે મુલાકત થઈ જાય. મેઘાલયમાં મુખ્ય ત્રણ હિલ્સ આવેલી છે. જે ગારો,ખાસી અને જેન્તીયા છે. જેના નામ તેના પર વસવાટ કરતી ટ્રાઈબ્સના નામ પરથી રાખવામાં આવ્યા છે. ભૌગોલિક દ્રષ્ટિએ જોઈએ તો મેઘાલયની હિલ્સ એ હિમાલયનો ભાગ નથી પણ છોટા નાગપુરના ઉચ્ચપ્રદેશનો ભાગ છે.

મેઘાલયના ગાઢ જંગલો અને વાદળોમાં ખોવાય જતા પહેલા તેના મુખ્ય મથક શિલોંગની લટાર લગાવીએ. શિલોંગ એ ખૂબ જ મોડર્ન અને વેસ્ટર્ન કલચરથી પ્રભાવિત જોવા મળે. અહીં ખૂબજ યુનિક કેફે આવેલા છે. જ્યાં બેસી આરામથી સુંદર વ્યૂ જોતા જોતા કોફીની લુફ્ત માણી શકાય. અહીં લોકોમાં નોનવેજનું વધુ પ્રમાણ જોવા મળે છતાં પણ સારા એવા પ્રમાણમાં સ્વાદિષ્ટ વેજ ફૂડ મળી રહે. ખાસ કરીને પુલીસ બજાર માર્કેટમાં ગરમાગરમ મોમોઝ ખાવા ન ભૂલવા જોઈએ. શિલોંગમાં સૌથી ઊંચા ભાગ કે જેને શિલોંગ પોઇન્ટ તરીકે ઓળખવામાં આવે છે ત્યાંથી પૂરા શહેરના વ્યૂ જોઈ શકાય. અહીં ઇન્ડિયન નેવીનું રડાર સ્ટેશન પણ છે. મેઘાલયમાં એશિયાની સૌથી સ્વચ્છ નદી ડાવકી નદી જેન્તીયા અને ખાસી હિલ્સ વચ્ચે વહીને બાંગ્લાદેશમાં દાખલ થાય છે. જે ઉમનગોટ રીવર તરીકે પણ ઓળખાય છે. આજ કાલ સોશિયલ મીડિયા પર આ નદી ખૂબ જ લોકપ્રિય બની છે. અહીંનું ક્રિસ્ટલ ક્લિયર વોટર તેની સુંદરતામાં વધારો કરે છે. એકદમ ચોખ્ખું અને વાદળી રંગનું પાણી જેમાં તળિયા સુધી જોઈ શકાય એટલી પારદર્શકતા. અહી બ્રિટિશ સમય દરમિયાન બાંધવામાં આવેલ સસ્પેન્શન બ્રિજ આવેલો છે. સ્થાનિકો દ્વારા અહીં બોટ રાઈડિંગ કરાવવામાં આવે છે. નદીમાં તરતી બોટનો પડછાયો પણ પાણીમાં જોઈ શકાય તેવી નિર્મળતા. અહીં નદીમાં સ્થાનિકો દ્વારા ફિશીંગની પ્રવૃત્તિ થાય છે. મોટા ભાગે ટૂરિસ્ટ અને માછીમારી જેવા કામોમાં જ તેમનો સમય પસાર થાય છે. મહિલાઓ અને પુરુષો માથાં પર વાસમાંથી બનાવેલી ટોપી જેવી મોટી બાસ્કેટ ઓઢેલી જોવા મળશે. તેમનું જીવન ખૂબ જ સાદું પણ એટલો જ આનંદ અને સંતોષ તેમના ચહેરા પર જોઈ શકાય.




અહીંના ખાસી કલ્ચરમાં એક ખૂબ જ અનોખી અને નિરાળી વાત જોવા મળે છે. ખાસી ટ્રાઈબ્સમાં મહિલાઓની સ્થિતિ ખૂબ જ સશક્ત જોવા મળે છે. અહીંની મહિલાઓ ઘરના આર્થિક નિર્ણયો લે છે, ઘરમાં નાની દીકરીના નામે બધી મિલકત કરવામાં આવે છે. અહીં લગ્ન બાદ છોકરી સાસરે નથી જતી પણ છોકરો પોતાની સાસરીમાં આવી ને રહે છે. તેમજ સૌથી સુંદર વાત કે અહીં બાળકના નામ પાછળ તેની માતાનું નામ લાગે છે. ખાસી ટ્રાઇબના ઘરો પણ યુનિક છે. ખૂબ જ વરસાદને કારણે તેઓ પોતાના ઘરો વાસના સહારે ઊંચાઈ પર બાંધે છે. મેઘાલયના ગામડાઓ ખૂબ સ્વચ્છ અને સાદગીવાળા જોવા મળશે. અહીંનું એક ગામ એવું છે જેને વિસલિંગ વિલેજ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે અહીં દરેકના નામ મ્યુઝીક ટ્યુન જેવા છે લોકો એક બીજાના નામ ગાઈને બોલાવે છે. આવી યુનિક બાબતો મેઘાલયને વધુ ખાસ બનાવે છે. લોકો ખૂબ જ મહેનતુ અને કુદરત સાથે જોડાયેલા છે. વાસમાંથી વિવિધ બાસ્કેટ બનાવવામાં તેમની ખૂબ જ આવડત છે. અહીંના બાળકો ફૂટબોલના બહુ જ શોખીન છે. આસપાસ ગ્રાઉન્ડમાં ક્યાંકને ક્યાંય ફૂટબોલની રમત ચાલતી જોવા મળે જ.

મેઘાલયમાં એટલા વોટર ફોલ છે કે તેને લેન્ડ ઓફ વોટર ફોલ લોકો કહેવા લાગ્યા છે. મન મુકીને વરસતા વાદળો અને વહેતી નદીઓ જ્યારે પહાડીઓ પરથી પસાર થાય છે ત્યારે માનવજાતને ઘણું શીખવી જાય છે. નદી પહાડોને ચીરીને આગળ નીકળશે કાં તો ધોધ બની વહી જશે ગમે તે મુશ્કેલીઓ આવે તે પોતાનું વહેવાનું છોડતી નથી. શિલોંગથી ખૂબ જ નજીક એલીફન્ટ વોટર ફોલ આવેલો છે, જે નામ અંગ્રેજોએ આપેલું છે. અહીં ખૂબ જ સુંદર દ્રશ્ય સર્જાય છે. મેઘાલયમાં વિશ્વમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હોય તેવું સ્થળ એટલે મોસીનરમ. ખાસી હિલમાં આવેલું આ રમણીય ગામનો વરસાદ જીવનમાં એકવાર જરૂરથી માણવો જોઈએ. અહીંના લોકોનું ચોમાસા દરમિયાન જીવન ખૂબ જ અગવડતાભર્યું હોય છે ખાસ કરીને મે, જૂન, જુલાઈ મહિના માટે અહીંના લોકો અગાઉથી જ તૈયારીઓ કરી દે છે. ખોરાક વગેરેનો સંગ્રહ કરી દે છે અને મકાન ખાસ પ્રકારના બામ્બુ અને ઘાસથી સાઉન્ડ પ્રુફ બનાવે છે. ચોમાસું જ્યારે ચરમસીમાં એ હોય ત્યારે આ ખૂબ જ સુંદર દેખાતી જગ્યા પણ અહીંના લોકો માટે ખૂબ જ અગવડો ઉભી કરે છે પણ અહીંના લોકો કુદરત સાથે કદમ મેળવીને જીવતા શીખી જાય છે. મેઘાલય વિશે આવી જ બીજી રસપ્રદ વાતો અને વિશેષતાઓ આવતાં અંકે જોઈશું. કેટલાક યુનિક વોટરફોલ , લિવિંગ રૂટ બ્રિજ અને રહસ્યમયી ગુફાઓ માટે આવતા અંકમાં જોઈશું. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ફ્લાઈટ રડાર ટેક્નોલોજી કરાવે છે આકાશી નકશામાં વિહંગાવલોકન...

**નવું** શૈક્ષણિકસત્ર શરૂ થઈ ચૂક્યું છે. ઘણા પરિવાર હવે બેક ટુ હોમ થયા હશે. કોઈ બાય રોડ તો કોઈ બાય ટ્રેન પ્રવાસ કરીને ઘરે પહોંચ્યા હશે. ટ્રાવેલની વાત હોય ત્યારે દરેક વ્યક્તિએ મેપ, લાઈવ ટ્રેકિંગ અને લોકેશનનો ઉપયોગ કરીને એવા કેટલાય નકશામાં આંગળીઓ સ્ક્રીન પર ફેરવી હશે. હવે ટ્રેન અને રોડ ટ્રિપ માટે તો લાઈવ લોકેશન ગૂગલ મેપમાં પ્રાપ્ય છે. ઘણાએ આનો ઉપયોગ પણ કર્યો હશે, પણ ફ્લાઈટ ટિકિટ બુક કરી હોય અને ફ્લાઈટ ક્યા રૂટ પરથી, ક્યારે અને ક્યાંથી પસાર થશે એની વિગત મોટાભાગના કેસમાં ફ્લાઈટના પાઈલટ, ક્રૂ મેમ્બર્સ, કંટ્રોલરૂમના વ્યક્તિ કે કોઈ હવાઈરૂટના જાણકારને જ ખબર હોય.




જો કે, હવે ફ્લાઈટ સંબંધિત તમામ વિગત આંગળીના ટેરવે જોવી- જાણવી અને ટ્રેક કરવી શક્ય બની છે. આ પાછળ કામ કરે છે ફ્લાઈટ રડાર ટેક્નોલોજી, જે રેડિયો સિગ્નલ સિસ્ટમ પર કામ કરે છે. એની સાથે એડવાન્સ જીપીએસ સિસ્ટમ જોડાયેલી હોવાથી લાઈવ કરતાં પણ એડવાન્સ રિયલટાઈમ રિઝલ્ટ મળે છે.

ફ્લાઈટ રડાર ટેક્નોલોજી વિમાનને લગતી તમામ સર્વિસનું એકમાત્ર કેન્દ્ર છે. મર્યાદા એટલી જ છે કે, હવાઈ નક્શો જ્યાં સંબંધિત હશે ત્યાં એ કામ કરશે, પણ એના ફીચર્સ એટલા સરસ અને સચોટ છે કે, પ્રવાસના સમય પહેલાં જે તે ફ્લાઈટ નંબરથી ફ્લાઈટની તમામ વિગત જાણી શકાય છે. ઉદાહરણ તરીકે તે ક્યા એરપોર્ટ પરથી ઉડાન ભરે છે. રનવે રૂટ કેટલા નંબરનો છે. રાજ્યના ક્યાં ક્યાં શહેર પરથી પસાર થાય છે. સીરૂટ (દરિયા પરથી) ક્યો છે અને ઊંચાઈ કેટલી છે. રનવે પરની સ્પીડ કેટલી છે. ટેકઓફ થયા બાદ સ્પીડ કેટલી છે. ગંતવ્ય સ્થળ સુધી પહોંચતા કેટલો સમય લાગશે અને ફ્લાઈટ અરાઈવલમાં કેટલો સમય લાગશે આ તમામ પ્રશ્નના જવાબ છે ફ્લાઈટ રડારમાં. વેબસાઈટ અને એપ્લિકેશન એટલી સરળ છે કે, જે રીતે ગૂગલ મેપનો ઉપયોગ કરવામાં આવે છે એ જ શૈલી આ મેપમાં ઉપયોગમાં લઈ શકાય છે. બસ, ફ્લાઈટ નંબર નાખો એટલે સ્ક્રીન પર ડેટા તૈયાર. ટ્રેક કરો, લોકેટ કરો અને સમયની ગણતરી કરી અરાઈવલ ટાઈમ જાણી શકાશે. માત્ર તમારી ફ્લાઈટ જ નહીં, બીજી કોઈ પણ ફ્લાઈટને ટ્રેક કરી શકો. ભલે ફ્લાઈટના નંબર ખબર ન હોય. વિમાનના આઈકોન પર ક્લિક કરતા જ એનો આખો બાયોડેટા સ્ક્રીન પર ફ્લેશ થશે. ક્યાંથી ક્યાં જઈ રહી છે એનું પણ લાઈવ લોકેશન મળશે. વેબસાઈટ ૨૪ કલાક રન થાય છે. ફ્લાઈટનું ડિલે અને અરાઈવલના પણ ચોક્કસ ટાઈમિંગ જાણી શકાય છે.

ટૂંકમાં હવામાં ઉડતી ફ્લાઈટનું એ ટુ ઝેડ આ વેબસાઈટ પર છે. હવાઈ નક્શાના આધારે ફ્લાઈટના દરેક રૂટ જાણી શકાય છે.

આ ફ્લાઈટ રડાર વેબસાઈટ પાછળ એક ટેક્નોલોજી કામ કરે છે. એનું નામ છે રેડિયો સિગ્નલ ટ્રાન્સમિશન. સિગ્નલની લેતી-દેતી. ફ્લાઈટ અને કંટ્રોલરૂમ વચ્ચે રેડિયો સિગ્નલ અને સેટેલાઈટ ફોન દ્વારા આ વાતચીત થાય છે. ફ્રિક્વન્સી મીટરના આંકડા સેટ થયા બાદ ATC ( એર ટ્રાફિક કન્ટ્રોલ ) સાથે વાતચીત કરી શકાય છે. થોડાં વર્ષો પહેલાં મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટ MH ૩૭૦ હવામાં જ લાપતા થઈ ગઈ હતી. વર્ષ ૨૦૧૪માં મિસ થઈ અને પાક્કા એક વર્ષ પછી એનો કાટમાળ જ મળ્યો. શું થયું એની કોઈને કંઈ ખબર નથી. રેડિયો સિગ્નલ ન મળતા જ મામલો બગડ્યો હતો. આ પછી દરેક એવિએશન સિસ્ટમે અલ્ટ્રા એડવાન્સ જીપીએસ ઉપકરણને રેડિયો સિગ્નલ અને સેટેલાઈટ બ્રોડકાસ્ટ સાથે જોડીને એક પણ ફ્લાઈટ હવામાં ક્યારેય મિસ ન થાય એવું મજબૂત નેટવર્ક તૈયાર કર્યું છે, જેમાં રેડિયો સિગ્નલ હવામાંથી ચોક્કસ ફ્રિક્વન્સી સાથે ATC સુધી આવે છે.

જ્યારે ફ્લાઈટ ટેકઓફ થાય ત્યારે અમુક રેન્જ સુધી તે રેડિયો વેવ પકડાય છે પછી જીપીએસ અને સેટેલાઈટ મેપિંગથી એને ટ્રેક કરી શકાય છે. ટ્રાન્સમિટર અને રિસીવરની મદદથી એક સંદેશા વ્યવહારની ચેનલ બને છે અને પાઈલટ કે ક્રૂ સ્ટાફ ડાયરેક્ટ કંટ્રોલ સેન્ટરને મેસેજ મોકલી શકે છે. આને એવિયેશન ક્ષેત્રમાં સંદેશા વ્યવહારની સૌથી સિક્યોર-સુરક્ષિત લાઈન માનવામાં આવે છે. બીજી એક ખાસ વાત એ છે કે, સામાન્ય જામરને પણ અવગણીને તે માહિતીની આપ- લે વોઈસ ફોર્મેટમાં કરી શકે છે.

ફ્લાઈટ રડાર સાથે અન્ય ત્રણ પ્રકારના રડાર કામ કરે છે. એરપોર્ટ સર્વેલન્સ, પ્રોસિજન એપ્રોચ રડાર અને સરફેસ મુવમેન્ટ. આ ત્રણેયમાં સૌથી વધારે પ્રાધાન્ય ધરાવતું સરફેસ મુવમેન્ટ છે, જે વિમાન અને વિમાનમથક બન્ને માટે ઉપયોગી છે. સુરક્ષિત હવાઈ મુસાફરી માટે ફ્લાઈટ રડાર સિસ્ટમ અનિવાર્ય છે. જોકે, હવે આ ટેક્નોલોજીમાં પણ એડવાન્સ સિસ્ટમ અને ફીચર્સ આવતા હવામાન, ઊંચાઈ, પર્વત કે ઊંડા સમુદ્ર, ખીણથી લઈને ગાઢ જંગલ વિસ્તાર સુધીની માહિતી ઓન સ્ક્રીન મળી રહે છે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*દુનિયાની પહેલી રડાર સિસ્ટમ બ્રિટનમાં તૈયાર થઈ હતી, જેમાં માત્ર વન- વે એટલે કે માત્ર સંદેશાઓ આપવાનું જ કામ થતું. બીજા વિશ્વ યુદ્ધ વખતે કોડવર્ડથી આ સિસ્ટમ ચાલતી. એને ટોકબેક કે વૉકવોઈસ નોટ પણ કહેવાતું.*


મોર્નિંગ મ્યૂસિંગ


રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## ફ્રેડરિક ફોર્સિથઃ કેવી રીતે એક દેવાદાર યુવક બેસ્ટસેલર જાસૂસી લેખક બની ગયો!

મશહૂર જાસૂસી નવલકથા લેખક ફ્રેડરિક ફોર્સિથનું ૮૬ વર્ષે ૧૦ જૂને અવસાન થઇ ગયું. એ ઇંગ્લેન્ડના બકિંગહામશાયરમાં રહેતા હતા. ભારતમાં બીજી ભાષાના વાચકોમાં એમનું નામ એટલું જાણીતું નહોતું (કારણ એ એમની વાર્તાઓના એવા અનુવાદ થયા નથી), પરંતુ એ અંગ્રેજી ભાષી વાચકોમાં દુનિયાભરમાં જાણીતા હતા. એમની નવલકથાઓ થ્રિલર હતી અને અમુકમાં તો રાજકીય થ્રિલર હતી, કારણ કે ફોર્સિથ ખુદ જાસૂસ રહી ચૂક્યા હતા. એમની નવલકથાઓની વિશ્વભરમાં ૭૫ મિલિયનથી વધુ નકલો વેચાઈ છે.

ઈંગ્લેંડના કેંટ રાજ્યમાં એશફોર્ડ નામના નગરમાં ૧૯૩૮માં જન્મેલા ફોર્સિથે મોટા થઈને હવાઈ દળના પાઈલટની નોકરી કરી હતી. તે પછી પત્રકાર તરીકે 'રોયટર્સ' નામની સમાચાર સંસ્થા અને 'બીબીસી'માં પણ કામ કર્યું છે. એમણે ફ્રાન્સના તત્કાલીન રાષ્ટ્રપતિ ચાર્લ્સ ડી ગોલની હત્યાના કાવતરાની ઘટનાનું રિપોર્ટિંગ કર્યું હતું. એ અહેવાલ બહુ વખાણાયો હતો. આગળ જતા આ અનુભવ એમને એક લોકપ્રિય અને સફળ નવલકથાકાર બનવા તરફ લઇ ગયો...






ફોર્સિથે ૧૯૭૧માં The Day of the Jackal નામની પહેલી નવલકથા લખી હતી. આ નવલકથા આજે પણ એમની સર્વશ્રેષ્ઠ કૃતિ ગણાય છે. ફોર્સિથ મજબૂરીના માર્યા મહાત્મા એટલે કે લેખક બન્યા હતા. દુનિયાને જોવા માટે થઈને એ પાઈલટમાંથી પત્રકાર બન્યા હતા, પણ પત્રકારની નોકરી એટલી સલામત નહોતી.

આ પુસ્તક આવ્યું તે પહેલાં, ત્રણ વર્ષ માટે એ વેસ્ટ આફ્રિકામાં યુદ્ધનું રિપોર્ટિંગ કરવા રહ્યા હતા. પાછા આવ્યા પછી, એમણે તે યુદ્ધના અનુભવ પરથી, 'ધ બિયાફ્રા સ્ટોરીઃ ધ મેકિંગ ઓફ એન આફ્રિકન લીજેન્ડ' નામનું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક ન વેચાયું એ તો કમનસીબી હતી જ, છોગામાં નોકરી પણ નહોતી રહી.

૩૧ વર્ષનો ફ્રીલાન્સ પત્રકાર, આંતરરાષ્ટ્રીય સાહસિક અને સૌથી યુવા વયનો ફાઈટર પાઈલટ આંખોમાં સપનાં સાથે બેકાર અને બેરોજગાર હતો. 'મારી પાસે ત્યારે કાણીયો પૈસો પણ નહોતો. કાર નહોતી, ફ્લેટ નહોતો, કશું જ નહીં અને હું રોજ વિચારતો હતો કે આમાંથી બહાર કેવી રીતે નીકળું?,' એવું એમણે એકવાર કહ્યું હતું.

ગજવામાં બે પૈસા આવે અને દેવું ચૂકતે થાય તે માટે ફોર્સિથે પોલિટિકલ થ્રિલર પુસ્તક લખવાનો નિર્ણય કર્યો. આમ તો એમને લેખક બનવું નહોતું, પણ પૈસાની સમસ્યાનું તાત્કાલિક સમાધાન નીકળે તે માટે એક જ પુસ્તક લખવાનું વિચાર્યું હતું. એ નિર્ણય એમને ૨૦થી વધુ પુસ્તકો અને દોમદોમ સાહ્યબી તરફ લઇ જવાનો હતો.

૧૯૬૨-૬૩માં ફોર્સિથ પેરિસમાં 'રોયટર્સ' સમાચાર સંસ્થા વતી કામ કરતા હતા, ત્યારે એક વાર્તા લખવાનું શરૂ કર્યું હતું. એ ત્યાં આવ્યા ત્યારે ફ્રેંચ રાષ્ટ્રપતિ ચાર્લ્સ ડી ગોલે આઠ વર્ષનું યુદ્ધ સમાપ્ત કરીને અલ્જીરિયાને આઝાદ કર્યું હતું. એનાથી અમુક લોકોમાં બહુ નારાજગી હતી. એવા એક અર્ધલશ્કરી સંગઠને એમની હત્યા કરવાની કસમ ખાઈ લીધી હતી.

કહેવાય છે કે ડી ગોલને મારવા માટે ૩૦ વખત પ્રયાસ થયા હતા. ફોર્સિથે, પત્રકારની હેસિયતથી રાષ્ટ્રપતિના અંગરક્ષકો સાથે દોસ્તી કરી લીધી હતી અને ૧૯૬૨ના ઓગસ્ટ મહિનામાં ચાર્લ્સ ડી ગોલેની હત્યાના એક પ્રયાસનું રિપોર્ટિંગ કર્યું હતું. ફોર્સિથ પાસે તે ષડ્યંત્રની ઝીણામાં ઝીણી વિગતો હતી. એટલે એમણે જ્યારે વાર્તા લખવા માટે પહેલીવાર પેન ચલાવી ત્યારે એમણે આ આખા પ્રસંગને તેમાં સમાવી લીધો હતો. એમાં ફ્રાન્સની રાજનીતિ, તેના પ્રતિસ્પર્ધીઓ, ટાંટિયા ખેંચ, ઈર્ષ્યા, અહંકાર, ભ્રષ્ટાચાર, જાસૂસી, ષડ્યંત્રો વગેરે વાર્તા પણ હતી. તેમાંથી જે વાર્તા બની તેનું નામ હતું 'ધ ડે ઓફ ધ જેકલ.'

ફોર્સિથે માત્ર ૩૫ દિવસમાં આ નવલકથા લખી હતી, પરંતુ તે દોઢ વર્ષ સુધી અપ્રકાશિત રહી હતી. ચાર પ્રકાશકોએ એવું કહીને આ નવલકથા છાપવાની ના પાડી દીધી હતી, કારણ કે જે રાષ્ટ્રપતિ હજુ જીવતા હોય એની હત્યાના કાવતરામાં લોકોને શું રસ પડે? અને બીજું, એમને મારવા માટે એક બ્રિટિશ એજન્ટને ભાડે રાખવામાં આવે તે પણ લોકોને પસંદ નહીં આવે. આ બધી વાતો લોકોને સમાચારો મારફતે ખબર જ હતી, અને એમાં કોઈ રોમાંચ કે રહસ્ય નહોતું.

તે પછી, ફોર્સિથે નવલકથાનો એક ટૂંક સાર તૈયાર કર્યો અને એ સમજાવ્યું કે નવલકથામાં હત્યાની સંભાવના પર ફોકસ નથી, પરંતુ તેના ષડ્યંત્રની ટેક્નિકલ વિગતો અને હત્યારાને પકડવા માટેની કવાયત કેન્દ્રમાં છે. તે વાંચ્યા પછી, લંડનના એક ઓછા જાણીતા પ્રકાશન 'હચિશન એન્ડ કંપની' એ આઠ હજાર નકલો છાપવા તૈયારી બતાવી. થોડા જ સમયમાં તેને વાચવાવાળા વધી ગયા અને વધારાની નકલો પણ છાપવી પડી. તેની ચર્ચા સાંભળીને 'વાઈકિંગ પ્રેસ' નામના જાણીતા પ્રકાશકે તેના અમેરિકન રાઈટ્સ ખરીદ્યા. જે લેખક પાસે રહેવાનું ઘર નહોતું તેના હાથમાં હવે ૩૬૫,૦૦૦ ડૉલરનો કોન્ટ્રાક્ટ હતો. પાછળથી ફોર્સિથે કહ્યું હતું, 'મેં આટલા બધા પૈસા પહેલાં ક્યારેય જોયા નહોતા.'

ત્રણ મહિનામાં ફોર્સિથની એ નવલકથા 'ટાઈમ્સ' સમાચારપત્રના બેસ્ટ સેલર લિસ્ટમાં પહેલા નંબરે હતી. પાંચ વર્ષ પછી, દુનિયાભરમાં તેની અઢી કરોડ નકલો વેચાઈ ગઈ હતી. આજે ચાલીસ વર્ષો પછી પણ 'ધ ડે ઓફ ધ જેકલ' પુસ્તક છપાય છે. તેના ૩૦ ભાષામાં અનુવાદ થયા છે. તેના પરથી ફિલ્મ બની છે, ટીવી સિરીઝ બની છે અને ઓડિયો આવૃત્તિ પણ આવી તે પછી ફ્રેડરિક ફોર્સિથે પાછું વાળીને જોયું નહોતું.

અવસાન સમયે, ફ્રેડરિક ફોર્સિથના નામે ૭ કરોડ ડૉલરની સંપત્તિ હતી. તે મરતાં સુધી સાદગીથી જીવ્યા હતા. જે લોકોએ ગરીબી જોઈ હોય, એ લોકો ધનવાન થયા પછી પણ પોતાનો ભૂતકાળ ભૂલતા નથી અને સફળતામાં છકી જતા નથી.

ફોર્સિથ માનતા હતા કે નસીબે કાયમ એમને સાથ આપ્યો છે. નાઇજીરિયામાં ગૃહયુદ્ધ દરમિયાન એ એક બંદૂકની ગોળીથી વીંધાઈ જતાં બચી ગયા હતા. એમણે એક વર્ષ પહેલાં જ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું, 'પૂરી જિંદગીમાં મારું નસીબ બહુ ચમકતું રહ્યું છે. મને યોગ્ય સમયે, યોગ્ય જગ્યાએ, યોગ્ય માણસો અને યોગ્ય કામ મળતું રહ્યું છે- અને પેલી ગોળી મારી સામે આવી ત્યારે પણ મેં યોગ્ય સમયે માથું ઝૂકાવી દીધું હતું!.' ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

## અર્થતંત્રનું મોટું કદ હાંસલ કરવા ભારતે હજી કેવા સુધારા કરવા જરૂરી...?

**ભારત ૩૦ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનવા તરફ સતત આગળ વધી રહ્યું છે ત્યારે આ દિશામાં ભારતે ચોક્કસ પરિવર્તન અને સુધારા પણ અપનાવવા જોઈશે. એ વિના યાત્રા અધૂરી રહેશે.**

ભારત ૨૦૨૫ના અંત સુધીમાં તો વિશ્વનું સૌથી મોટું ચોથું અર્થતંત્ર બની શકે છે. હજુ તો સુધારાના એજન્ડાનો અધૂરો જ અમલ થયો છે ત્યારે ૪ ટ્રિલિયન ડૉલર સાથે આ કેલેન્ડર વર્ષના અંત સુધીમાં પહોંચી જઇશું ત્યારે ભારતને વિશ્વનું પાવર હાઉસ બનાવવાની પૂરી બ્લુ પ્રીન્ટ કેવી હોવી જોઇએ એની રસપ્રદ છણાવટ નીતિ આયોગના ભૂતપૂર્વ સીઇઓ અમિતાભ કાંતે કરી છે, જેની ઝલક જોવી રહી.



### ક્યાં ભારત અને ક્યાં પાકિસ્તાન...

'ઓપરેશન સિંદૂર'ના એક પખવાડિયા પછીના આર્થિક ડેટાના આધારે નીતિ આયોગના અમિતાભ કાંત માને છે કે પાકિસ્તાનનું નામ હવે ભારત સાથે લેવા લાયક નથી, કેમ કે ભારત-પાકિસ્તાન શબ્દોના સંધાન માટે વચ્ચે નાની લીટી દોરી પ્રયોગ કરવાની ક્ષમતા પણ પાકિસ્તાને ગુમાવી દીધી છે. ભારત આ વર્ષના અંત સુધીમાં સૌથી મોટી ચોથી અર્થવ્યવસ્થા બની જશે અને બીજા ત્રણ વર્ષમાં તો ત્રીજા સ્થાને હશે. ભારતના એક રાજ્ય મહારાષ્ટ્રનું અર્થતંત્ર પાકિસ્તાનના અર્થતંત્ર કરતાં મોટું છે અને બીજા રાજ્ય તમિળનાડુનું અર્થતંત્ર લગભગ પાકિસ્તાનના કદનું જ છે.

ભારતનું ચાર ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર પાકિસ્તાન કરતાં ૧૦ ગણું વધારે છે. બીએસઇ અને એનએસઇનું માર્કેટ કેપિટલાઇઝેશન પાકિસ્તાનના સ્ટોક એક્સચેન્જ કરતાં ૨૦૦ ગણું વધારે છે, એચસીએલ અને એક્સિસ બેન્ક જેવી કંપનીઓ પાકિસ્તાનના સમગ્ર સ્ટોક એક્સચેન્જ જેટલું માર્કેટ કેપિટલાઇઝેશન ધરાવે છે. એલઆઇસીની અસ્કયામતો પાકિસ્તાનના રાષ્ટ્રીય દેવા (૬૪૦ બિલિયન)ની સરખામણીએ લગભગ અઢી ગણી થાય છે. પાકિસ્તાનનું ફોરેક્સ રિઝર્વ માત્ર ૧૬ બિલિયન ડૉલર છે તો ભારતનું ૬૮૦ બિલિયન ડૉલર છે.

ઇતિહાસ દર્શાવે છે કે આર્થિક શક્તિ - ફક્ત લશ્કરી શક્તિ જ નહીં - વૈશ્વિક મંચ પર રાષ્ટ્રોને ઉન્નત કરે છે.

જો ૪ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર ભારતને આટલું બધું વજન આપે છે, તો કલ્પના કરો કે ૩૦ ટ્રિલિયન ડૉલરથી વધારાનું કદ હશે ત્યારે ભારતીય અર્થતંત્રનું સામર્થ્ય કેવું હશે?

### ઓછાં નિયમનોની સફળતા-સાર્થકતા...

આર્થિક વિકાસના માર્ગ પર પ્રગતિ કરવા માટે ઓછા નિયમનો હોવા જરૂરી બને છે, કારણ કે વધુ પડતાં નિયમનો અનુપાલન ખર્ચ વધારીને વ્યવસાય-વેપાર કરવાના ખર્ચમાં વધારો કરે છે. તે જ રીતે લાઇસન્સિંગ, સેક્ટર્સલક્ષી નિયંત્રણો અને પરિપત્રો અને એનઓસીના ઓવરડોઝને ટાળવાની જરૂર છે. દેશમાં મોટાભાગની મંજૂરીઓ માનવ હસ્તક્ષેપ વિના ડિજિટલી થવી જોઈએ. નિયમનકારોએ પોતાને નિયંત્રણ અને ઓવરરીચનાં સાધનો તરીકે ન જોવું જોઈએ.

GSTએ ઔપચારિકરણ-ફોર્મલાઈઝેશનને સક્ષમ બનાવ્યું છે અને વેપાર કરવાની સરળતાને પ્રોત્સાહન આપ્યું છે. (જોકે અહીં અમારું માનવું છે કે આ દાવો પૂર્ણપણે સાચો નથી, હજી ઘણી બધી અડચણો આ માર્ગમાં છે).

આમ છતાં જીએસટી દર અને સ્લેબને તર્કસંગત બનાવવાનો અને નાના ઉદ્યોગો માટે અનુપાલનનો બોજ ઘટાડવા માટે પ્રક્રિયાઓને સરળ બનાવવાનો સમય આવી ગયો છે. સહકારી સંઘવાદની ભાવનામાં, જીએસટી કાઉન્સિલે પેટ્રોલિયમ ઉત્પાદનો, વીજળી અને રિયલ એસ્ટેટને જીએસટી હેઠળ લાવવા માટે એક રોડમેપ બનાવવાનું કાર્ય લાંબા સમયથી પેન્ડિંગ છે.

ઋણ-ધિરાણ સરળતાથી પૂરતાં પ્રમાણમાં વાજબી દરે મળે એ સુનિશ્ચિત કરવા માટે આપણે નાણાકીય બજારોને મુક્ત કરવા જોઈએ. આરબીઆઇએ એસએલઆર (સ્ટેચ્યૂટરી લિક્વિડિટી રેશિઓ)ને તબક્કાવાર ઘટાડવા માટે એક રોડમેપ બનાવવો જોઈએ, જેથી કોમર્શિયલ બેંકો પરનું ફરજિયાતપણે સરકારી બોન્ડ ખરીદવાનું ભારણ ઘટી શકે.

'મેક ફોર વર્લ્ડ'નું સૂત્ર અપનાવી ઇન્ટરમિડીઅરી ગુડ્સ અને ઇનપુટ પરના આપણા ટૅરિફ જે ખૂબ ઊંચા છે, તેને નીચે લાવવા જોઈએ. ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઇલ્સ અને મશીનરીમાં મહત્ત્વપૂર્ણ ઇનપુટ્સ પર ઊંચા ટૅરિફ, પીએલઆઇ (પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ) યોજનાની અસરકારકતાને નબળી પાડે છે. તેઓ ભારતીય કંપનીઓને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓથી પણ દૂર રાખે છે. ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર જેવા બિન-ટૅરિફ અવરોધોને તર્કસંગત બનાવવા જોઈએ.

કાપડ ઉદ્યોગમાંના મેનમેડ ફાઇબરના વિસ્તરણને અને તે થકી રોજગાર સર્જનને આ કવાલિટી કન્ટ્રોલ ઓર્ડર દ્વારા અવરોધાય છે.

આપણે ચીન અને દક્ષિણપૂર્વ એશિયામાં કામ કરતી કંપનીઓ સાથે હાથ મિલાવીને તેમના કામકાજ ભારતમાં સ્થાનાંતરિત કરવા માટે પ્રોત્સાહન આપવા જોઈએ. મોબાઇલ ઉત્પાદનમાં એપલનો દાખલો એક ટેમ્પ્લેટ પૂરો પાડે છે. આપણે વધુ દ્વિપક્ષીય અને પ્રાદેશિક વેપાર કરારોને અનુસરવું જોઈએ.

સ્વચ્છ ટેક ક્ષેત્રમાં બેટરી, સૌર કોષો અને મોડ્યુલો, મોટર્સ, કંટ્રોલર્સ અને વિન્ડ ટર્બાઇનના આપણે મુખ્ય આયાતકાર છીએ. જો આપણે 'મેક ઇન ઇન્ડિયા' નહીં કરીએ, તો આપણે ક્યારેય ઊર્જા-સ્વતંત્ર નહીં બનીએ. તેથી, સ્વચ્છ ટેક મેન્યુફેક્ચરિંગ મિશનનો ઝડપી અમલ પણ મહત્ત્વપૂર્ણ છે. રાજ્ય સરકારોએ સંસદ દ્વારા પસાર કરાયેલા શ્રમ કાયદાઓનો અમલ કરવો જોઈએ. જેથી ઉત્પાદનનું કદ અને સ્કેલ વધારી શકાય.

### વૈજ્ઞાનિક દિમાગ આકર્ષવા જરૂરી...

ભારતને સંશોધન અને વિકાસમાં મોખરે રાખવા માટે, આપણે ટોચના સ્તરના વૈજ્ઞાનિક દિમાગને આકર્ષવાની જરૂર છે. આપણે પાંચ વર્ષમાં વિશ્વની ટોચની ૧૦૦ યુનિવર્સિટીમાંથી ૫૦૦ પ્રતિષ્ઠિત શિક્ષણવિદોને આકર્ષવાનું લક્ષ્ય રાખવું જોઈએ. એમણે ભારતીય યજમાન સંસ્થામાં વર્ષે ઓછામાં ઓછા છ મહિના ગાળે તેવું પ્રાવધાન કરવું પડશે.

ઈન્ડિયા AI મિશનનું ઝડપી અમલીકરણ સુનિશ્ચિત કરશે કે આપણે સ્વદેશી મોડેલો બનાવીએ. આપણી ૨૨ માન્ય ભાષાઓને ધ્યાનમાં રાખીને આપણે બહુભાષી અને બહુ-મોડલ ફાઉન્ડેશનનો અમલ પણ કરવો જોઈશે.

પ્રવાસન ઉદ્યોગ ભારતને એક વિશાળ તક આપે છે. તેથી અતુલ્ય ભારતની સફળતા માટે પ્રવાસીઓને મોટા પાયે આકર્ષી વિદેશી હૂંડિયામણ વધારી શકાય. આપણી પાસે શ્રેષ્ઠ હોટલો સહિતની સુવિધાઓ છે,ભારતે વિશ્વભરના પ્રવાસીઓને આમંત્રિત કરીને 'અતુલ્ય ભારત' નામનું વૈશ્વિક અભિયાન શરૂ કરવું જોઈએ.

ઈન શોર્ટ, ભારત સામે અનેક પડકાર છે તો બીજી બાજુ ભારત પાસે અઢળક તક પણ છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## વેસ્ના વુલોવિક તનથી તૂટેલાં, મનથી પોલાદી!







વેસ્ના વુલોવિક નામની એરહૉસ્ટેસ વિમાન દુર્ઘટનામાં ૩૩ હજાર ફૂટની ઊંચાઈએથી પેરેશૂટ વગર પડવા છતાં બચી ગઈ, જીવી ગઈ પણ એ જીવન આસાન નહોતું. દશ મહિના બાદ વેસ્ના હૉસ્પિટલમાંથી બહાર આવી ત્યારે નવા અને અલગ જંગ એની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

વેસ્નાએ ફરી ડ્યૂટી પર જોડાવું હતું. કહો કે એ નોકરી પર પાછી ફરવા માટે તલપાપડ હતી પણ એરલાઈન માટે એ શક્ય નહોતું. આની સાથોસાથ ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન મેળવીને એ સેલિબ્રિટી બની ચૂકી હતી. કંપનીને એને જતી કરીને જનતાની ખફગી વહોરી લેવી નહોતી, ને સાથોસાથ એને રાખીને પબ્લિસિટી પણ મેળવવી હતી. આથી યુગોસ્લાવિયામાં નેશનલ હિરો બની ચુકેલી વેસ્નાને ડેસ્ક જોબ આપી દેવાઈ.

આ દરમિયાન વેસ્નાના જીવનમાં એક સુખદ પળ આવી. એ માતા બનવા અક્ષમ હોવા છતાં એના લગ્ન થઈ ગયા. કલ્પના કરો કે વિમાન દુર્ઘટના બાદ ખોપરીમાં ફ્રેકચર, ત્રણ તૂટેલા મણકા, ભાંગેલા પગ, તૂટેલી પાંસળીઓ અને ભાંગેલા પેડુ અને છોગામાં પેરેલિસિસ છતાં કોઈક એને જીવનસાથી બનાવવા તૈયાર થયું હતું, પરંતુ આ ખુશી-આનંદ લાંબા ન ટક્યા અને છૂટાછેડામાં પરિણમ્યા હતા.

બીજી તરફ જાટ ફ્લાઈટ ૩૬૭ની દુર્ઘટનાનાં કારણોની પણ તપાસ થઈ. સનસનાટીસભર હકીકત બહાર આવી કે વિમાન કોઈ અકસ્માતને લીધે નહિં પણ બૉમ્બ ધડાકાને લીધે તૂટી પડ્યું હતું. આ વિમાનનું તૂટી પડવું એ આતંકવાદી કૃત્યનું પરિણામ હતું. ડેન્માર્કથી કોપનહેગનના સ્ટોપ હોવા દરમિયાન આ વિમાનમાં બૉમ્બ મુકાયો હોવાની શક્યતા વ્યક્ત થઈ હતી, પરંતુ આ બાબતમાં ન કંઈ સાબિત થયું કે ન કોઈની ધરપકડ થઈ.

આ વિમાન દુર્ઘટનાના દાયકાઓ બાદ ૨૦૦૨માં વેસ્નાએ ઈન્ટરવ્યૂમાં મોટી વાત કરી હતી કે મારા સાથીઓને સતત લાગતું હતું કે વિમાનમાં કંઈક ખોટું-ખરાબ થવાનું છે. ઉડ્ડયનના ૨૪ કલાક અગાઉ એક પાઈલોટે ૨૪ કલાક સુધી પોતાને રૂમમાં પૂરી રાખ્યો હતો અને એ બહાર જ નહોતો નીકળ્યો એ બાબત પણ વેસ્નાને વિચિત્ર અને વાંધાજનક લાગી હતી.

વેસ્નાને જીવનભર વારંવાર વિમાનની ટ્રોલી યાદ આવતી હતી. વિમાન તૂટી પડ્યું ત્યારે એ ટ્રોલી લઈને નીકળી હતી. વિમાનના ટુકડા થવાથી ટ્રોલી એક ટુકડામાં ફસાઈ ગઈ. આને લીધે વેસ્નાને બે તરફથી રક્ષણ મળી ગયું, જેણે તેનો જીવ બચાવવામાં સિંહફાળો આપ્યો હતો. આની સાથે નીચે પડેલી બરફની ચાદર પર પટકાવાથી ઝાઝી ઈજા થઈ નહોતી.

આ બધી ભયાનક સ્મૃતિ, ખરાબ તબિયત, શારીરિક લાચારી અને તૂટેલા લગ્ન છતાં વેસ્ના જરાય હતાશ કે નિરાશ ન થઈ બલ્કે એના જોશ-જોમ એકદમ નક્કર-મક્કમ અને સકારાત્મક રહ્યાં.

ઉડ્ડયન જગતના ઈતિહાસના સૌથી અસાધારણ માનવ સહનશીલતા અને જાગૃતિના પ્રતીક સમાન વેસ્ના વુલોવિક સમાજ, દેશ અને લોકશાહી માટેની ફરજ બજાવવામાં ય લેશમાત્ર પાછી પડી નહોતી.

યુગોસ્લાવિયાના વિભાજન વખતે સરકાર વિરોધી દેખાવોમાં ભાગ લેવા બદલ એરલાઈને વેસ્નાને નોકરીમાંથી પાણીચુ આપી દીધું હતું. સરકારે એની ધરપકડ કરી નહોતી. કારણ કે તેઓ તેની લોકપ્રિયતાથી ગભરાતા હતા. સરકાર નકારાત્મક પ્રચારથી દૂર રહેવા માગતી હતી.


વેસ્ના ઑક્ટોબર ૨૦૦૦ની બુલડોઝર ક્રાંતિ સુધી લોકશાહી તરફી કાર્યકર્તા તરીકે એકદમ સક્રિય રહી હતી. ત્યાર બાદ યુરોપિયન યુનિયનમાં સર્બિયાના પ્રવેશ માટેની લડતમાં પણ વેસ્ના જોડાઈ હતી.

આમ છતાં જીવનની સંધ્યા તેણે બેલગ્રેડમાં એકલતાને સથવારે વીતાવી હતી. છૂટાછેડા બાદ કાયમ તે બેલગ્રેડના નાનકડા ભાડાના ઘરમાં એકલી રહી અને નહિવત્ નિવૃત્તિ ભથ્થાથી જીવન નિર્વાહ કર્યો હતો. ૨૦૧૬ની ૨૩મી ડિસેમ્બરે ૬૬ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા ત્યારે વેસ્ના વુલોવિકે ઘણાં નસીબદાર અને એટલી જ બહાદુર મહિલા તરીકે નામના રળી લીધી હતી. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# અલખને ઓટલે અઠીંગો જમાવીને બેઠેલો શાયર 'મેહુલ'



પાંગરે પોતા પણું વરસાદમાં
ઝળહળે છે આંગણું વરસાદમાં

નામ સુરેન ઠાકર પણ કોઈ ન ઓળખે એ નામે, પણ 'મેહુલ' બોલોને એક બહુઆયામી વ્યક્તિત્વ સામે તરવરવા માંડે. ઈશ્વરદત્ત રૂપાળો ચહેરો, બેઠી દડીનો પાતળિયો પરમાર, સાત સૂરોના માળા સમો આષાઢી કંઠ, બોલે તે ફૂલ ઝરે, સદાય ફરકતું સ્મિત, મીઠી વાણી અને એમાં રહે રમૂજ અને વ્યંગ. મિજાજ હાજર જવાબી. આ છે સુરેન ઠાકર 'મેહુલ'નો પ્રાથમિક પરિચય.

મેહુલ સ્વભાવે મુલાયમ, મહેફિલનો માણસ, સંબંધોનો કદરદાન, મૈત્રીની મિરાત, એ કેળવાયેલો કેળવણીકાર, લોકસાહિત્યના મેળાવડાઓમાં લોકગાયક, ગઝલના મુશાયરાઓમાં ગઝલકાર, સંગીત અને ગીતનો ગિરનારી અવાજ અલખને ઓટલે અઠીંગો જમાવીને બેઠેલો સાધક, એ નરસૈંયાના પરભાતિયામાં, મીરાંનાં પદોમાં, કબીરની કબીરાઈમાં, સૂર તાલ સંગોપીને શબ્દોથી તેજકિરણોને અવતારતો સર્જક.

'મેહુલ' એટલે સંસ્કાર, સંસ્કૃતિ અને સાહિત્યને પ્રજા સુધી પહોંચાડતો સારથિ, રથિ અને મહારથી ગુજરાતી અસ્મિતા, ગૌરવ, ખુમારી, લોકસાહિત્ય અને ગુર્જરીના વૈભવ સત્ત્વશીલ અવાજ. એ ગુજરાતી રંગભૂમિનો નટસમ્રાટ, નાટકો, ફિલ્મો, નૃત્ય નાટિકાઓ એમની કલમને સહજપણે વરેલા હતા. સર્જક તરીકેની પોતાની નિપુણતા, પ્રતિભા અને અભ્યાસ આગવા ગુણો હતા.

મુખ્યત્વે ગઝલકાર 'મેહુલ' ગઝલ, ગીત, છાંદસ – અછાંદસ, પદ, ભજન અને મુક્તકોમાં વિહાર કર્યો છે. એમની પાસે શબ્દ સમૃદ્ધિ હતી. રજૂઆતમાં નજાકત અને બુલંદી હતી. વિચાર સૌન્દર્ય અને અભિવ્યક્તિનું આભિજાત્ય અકબંધ હતું. એની રચના સૃષ્ટિમાં પ્રણયરંગી નજાકત છે. વ્યથા અને પીડાના નિર્દેશો છે પણ ક્યાંય રોદણાં નથી. ઈશ્કે – મિજાજથી શરૂ કરેલી સર્જનયાત્રામાં ધીરે ધીરે આ સાધક ઈશ્કે – અનલહક સુધીની યાત્રામાં રમમાણ દેખાય છે. મેહુલ પાસે અભિવ્યક્તિની સરલતા હોવાથી તાજગી, રવાની અને તરન્નુમ આપોઆપ પ્રકટે છે. પોતાની સંવેદનાની વાત કરવામાં એને ભાષા ક્યારેય અંતરાય બની નથી.

'મેહુલ'ને મેહુલિયો કહીને લોકસાહિત્ય લાડ લડાવે છે. મેહુલ શબ્દ બોલીએ એટલે ભીનાશનો, ધરતીની સોડમનો, મોરના થનગાટનો અને રોમાંચક કેકારવનો અનુભવ તરત જ થાય. મેહુલને વર્ષારાણીની રત બહુ ગમતી. પહેલા વરસાદને એ મનભરીને માણતો એટલે તો 'વરસાદ'માં રદાફવાળી સરસ ગઝલ આપી છે. ગઝલમાં વિસ્મય છે, પોતીકાપણું છે, ઝળહળ છે. તો પ્રતીવછોયાનું સંભારણું છે. થોડાક શેર માણીએઃ

પાંગરે પોતાપણું વરસાદમાં
ઝળહળે છે આંગણું વરસાદમાં
કેટલા કિસ્સા ગણું વરસાદમાં
ખળભળું કે રણઝણું વરસાદમાં
તે દીધું સંભારણું વરસાદમાં
તું જ વરસે છે અવિરત એટલે
પી લીધું બેત્રણ ગણું વરસાદમાં

મેહુલે મોસમનો અદકેરો આનંદ અને પ્રકૃતિનો નિજાનંદ આબાદ રીતે આલેખ્યો છે. સૌન્દર્ય સૃષ્ટિનું હોય કે આકાશી એમના એ રસના વિષયો રહ્યા હતા. જોઈએ એમની કેટલીક રચનાઓઃ

એકધારું આજ તો વરસ્યા છે ગુલમ્હોરો અહીં
એકશ્વાસે આજ તો હું પી ગયો છું પણ ઘણું
* * *
મોસમની મરઝાદ વછૂટી
લૂંટી, મબલખ મબલખ લૂંટી
રેશમ રેશમ રૂપનું રેશમ
ચાલ ધીરેથી ખણીએ ચૂંટી
* * *
આ ઘરમાં ગહક્યા મોર કે ઢેલડ ઢૂકી પણ
એ કોયલ કેરા કહેણ કે ઉમ્મર પાકીજી.

મેહુલને જૂનાગઢ, ગીર, નરસૈંયો અને ગિરનારની ગેબી અહાલેકનું આકર્ષણ હતું. એના રોમેરોમમાં કરતાલ અને એકતારાનો નાદ ગૂંઝતો હતો. નરસિંહના ગિરનારી પ્રભાતિયાની પરજમાં રંગાઈને મેહુલ વારંવાર રાખોડી રંગને યાદ કરે છે. આ છે મેહુલની ગેબી તરસ અને તરજઃ

ગઢ જુનાણે લ્હેરતી ગેબી તરજ તે આપણે
ભક્તરાજે ભોરમાં ગાઈ પરજ તે આપણે
તાર સ્વરના સોગઠે રમશું અહર્નિશ આપણે
મીંડના માલિક અને આદિ ખરજ તે આપણે
* * *
કરતાલના નશામાં ત્યાગી તમામ દુનિયા
અણદીઠના અંજપે થૈ એકતાર નીકળ્યો
* * *
અમે ઓલિયા ભક્ત નરસૈંયા જેવા
જીવ્યા જળકમળવત્ મર્યા મુક્ત રાહે
અમે ઓગળીને અકિંચન થયા પણ,
અમે શબ્દે શબ્દે મરમ લઈને આવ્યા.
* * *
આજ ગિરનારી ગઝલ ગાવા દીયો
સાંભળો પડઘે પડી તે લાગણી
ધૂળ ડમરી ગીર સાસણ આ ડણક
ને કસુંબલ આંખડી તે લાગણી
સોરઠી દુહાથી દાઝી બહુ અને
આજ દિ' સુધી રડી તે લાગણી
* * *
પ્રેમદીવાની કે નરસૈંયાને જે મીડા મળી
વારસામાં લઈને એ વ્યાધિને નીકળ્યો વેચવા

ગઝલમાં મિલન અને વિરહ બન્નેની વાત થતી હોય છે. મોટેભાગે વિરહની વ્યથા ઘૂંટાયા કરે છે. મેહુલની કવિ તરીકેની, પ્રેમી તરીકેની, વ્યક્તિ તરીકે પોતીકી પીડા હતી. એમણે ક્યારેક તારસ્વરે તો ક્યારેક વિષાદના સ્વરે શબ્દોમાં ઉતારી છે. ગઝલમાં આમ હતાશા – નિરાશા, અવહેલના, બેવફાઈ પરંપરાગત આવે છે. મેહુલની બળકટ વાણીમાં આ વિષાદ વધારે ઘેરો બને છેઃ

માઝમ રાતે ટહુકાઓની વચ્ચે મારાં વલખાં
સરવર તીરે સૂના અંજપા ઘટ ભીતર હું ઘોળું
દિશ દિશામાં અવરુધન ને દવ લાગ્યો ડુંગરીયે
વ્યથા વાંઝણી અઢળક થઈ છે પહેરીને ઘરચોળું
* * *
હાડ હેમાળે ગાળ્યાનું દુઃખ નથી
પણ તમે ના પીગળ્યાનું દુઃખ છે
વલ્કલે ઢાંકી સતીની આબરુ
સભ્યતા રઝળી પડ્યાનું દુઃખ છે
* * *
ઓ પ્રવાસી આવી એકલતા કદી સાલી નથી
હું દીવાલે લિટીઓ દોરી, નિસાસાઓ ગણું છું
* * *
બારસાખે મોરલા દોર્યા પછી
કેટલા કોરા અષાઢો તે ગણું?
* * *
સ્મરણ કરવાના બહાનાં પણ હવે ક્યાંથી
મળે મેહુલ
નથી ખંડેરરૂપે પણ ચણેલી ભીંતના ચિન્હો
* * *
રખે કોઈ આવે રખે કોઈ ના'વે
અમારે તો આઠે પ્રહર છે પ્રતીક્ષા
અમે તો અનાદિના યાચકને પાછા
પ્રણય નામનો એક ધરમ લઈને આવ્યા
* * *

લોકબોલીના તળપદા શબ્દો, કડવા-મીઠા અનુભવો થકી આ કવિએ પુષ્પના પડને કોતર્યું છે. ગોરીના કમખે તડકાને ગૂંથ્યો છે. અક્ષરોના વળાંકમાં મોરને ગહેકાવીને મહેલ વિસ્તર્યો છે ધરાથી ગગન સુધી.

એમનું સર્જન પરંપરા તરફી રહ્યું છે પણ કહેવાની કલા, ભાષા, લઢણ અને રંગ પરંપરાગત નથી. તબક્કાવાર બદલાવ સર્જન પ્રતિભાની સજાગતાનું દ્યોતક છે, અને એનો તો મહિમા છે. મેહુલ કહે છે કે મેં હંમેશા કરુણને આસ્વાદ્યો છે અને એમાંથી ઊર્ધ્વીકરણની ક્ષણ પ્રાપ્ત કરી છે. મને સમ્યક્ દર્શનમાં સુખ મળ્યું છે. આ સર્જનોએ અહમ્‌ને ઓગાળી નાખે એવી પારદર્શક દૃષ્ટિ આપી છે. માઝમરાતે એકાંતના ઓચ્છવમાં આંખના ખૂણે ઝામેલા અશ્રુબુંદને આંગળીના ટેરવે ઝીલી ફરી આંખમાં આંજી દીધું છે. ચાલોદ્રઇછે લ્લે માણીએ એકાંતનો આ ઓચ્છવઃ

ગિરનારી ધૂણી તો આંજી છે આંખમાને...
ગોરંભે ગોરખની ટૂંક...
જીવે છે ત્યાં જ હજી અમરોના ઓરતા
ને ત્યાં જ ક્યાંક ગૂંજે છે ગૂંજ
* * *
ગહન કૈક પીધું અતલ તાગતાં
અને એક ગેબી તરસ ઉઘડે
નિજાન્દ સાચો નિજાનન્દ અંગે
નિજાન્દ છલકાય ભગવા અભંગે
બધા રંગ લોપાય ત્યારે જ આવી
મને ગેરુઓ વ્હાલથી આવી રંગે
અઢી અક્ષરોથી અજાણ્યો નથી હું
ઉછાળું છું મુજને અગમના ઉછંગે
* * *
તમે સબૂણી, દીધા રાગ રંગ કલશોરી
ગમી ગમીને ગમ્યો રાખનો જ રંગ મને
છેલ્લે એક સુંદર મુક્તકઃ
જે મસ્તી હોય આંખોમાં સુરાલયમાં નથી હોતી
અમીરી કોઈ અંતરની મહાલયમાં નથી હોતી
શીતળતા પામવાને માનવી તું દોટ કાં મુકે?
જે માની ગોદમાં છે, એ હિમાલયમાં નથી હોતી ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# આ હાથવગું સાધન માનવ સંબંધમાં ઊભી તિરાડ પાડી રહ્યું છે...

થોડા સમય અગાઉ એક મિત્રએ 'વોટ્સ એપ' પર એક સરસ વીડિયો મોકલાવ્યો. સોશિયલ મીડિયા પર ક્યારેક ખારા રણમાં મીઠી વીરડીની જેમ ખૂબ સરસ વીડિયો કે મેસેજિસ આવી જતા હોય છે. એવો જ આ એક વિચારપ્રેરક વીડિયો જોઈને વાચકો સાથે એ વાત શેર કરવાનું મન થયું.

એ વીડિયોમાં કેટલીક વ્યક્તિઓ એક રેસ્ટોરાંમાં જાય છે. એ વખતે રેસ્ટોરાં માલિક એમને કહે છે કે 'સર- મેડમ, જો તમે જમતી વખતે તમારા મોબાઈલ ફોનનો ઉપયોગ નહીં કરો તો તમારા બિલમાં અમે દસ ટકા ડિસ્કાઉન્ટ આપીશું.'

'ખરેખર? 'એ ગ્રુપમાંથી એક વ્યક્તિ પૂછે છે.

'હા.' રેસ્ટોરાંમાલિક જવાબ આપે છે.

'આ તો સારું છે. અમે ખાતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ નહીં કરીએ.'

'એના માટે તમારે તમારા મોબાઈલ ફોન મારી પાસે જમા કરાવવા પડશે.'

'કેમ નહીં ? આ લો! .'

'થેન્ક યુ, સર. બસ, તમારું જમવાનું બે મિનિટમાં મોકલાવું.'

એ પછી આ ગ્રુપના સભ્યો આપસમાં વાત કરે છે. એક વ્યક્તિ કહે છેઃ 'આ સારું છે. મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા માટે દસ ટકા ડિસ્કાઉન્ટ.'

'ઠીક છે, શું પ્રોબ્લેમ છે? અડધો કલાક ફોનનો ઉપયોગ નહીં કરીએ.' બીજી વ્યક્તિ કહે છે.

'ઓકે. તને મુંબઈ કેવું લાગ્યું? ફરવા આવ્યા હતા તો?'

'મજા આવી... મરીન ડ્રાઈવ ફરવા જેવું છે.'

આ રીતે એ ગ્રુપના સભ્યો ખાતાખાતા અલકમલકની વાતો કરે છે.

ભોજન કર્યા પછી એક યુવાન કહે છે કે 'તમે બધા કાર સુધી જાઓ, હું બધાંના મોબાઈલ ફોન લઈને આવું છું.'

એ યુવાન કાઉન્ટર પાસે જઈને રેસ્ટોરાંમાલિકને કહે છેઃ

'સર, અમારા મોબાઈલ?.'

'હા,આ લો.... અમારું જમવાનું કેવું લાગ્યું?' રેસ્ટોરાંમાલિક મોબાઈલ ફોન્સ આપતા પૂછે છે.

'બહુ જ સરસ સર, ખાસ કરીને આ તમારી ડિસ્કાઉન્ટવાળી ઓફર કમાલની છે.' યુવાન જવાબ આપે છે અને પછી પૂછે છેઃ 'એક વાત પૂછું, સર. તમે આવી ઓફર કેમ રાખી?'

'અરે, તમને સમજાયું નહીં?'

'સમજાયું હોય તો તમને કેમ પૂછું?'

'અચ્છા, એક વાત પૂછું તમને. મને મોબાઈલ ફોન આપતા પહેલાં તમે લોકો શું કરી રહ્યા હતા?'



'શું કરતા હતા?'

'યાદ કરો.'

'સેલ્ફી લઈ રહ્યા હતા, મોબાઈલ ફોન જોતા હતા.'

'અને મને મોબાઈલ ફોન આપ્યા પછી તમે લોકોએ શું કર્યું?'

'વાતો કરી.'

'જો તમે લોકો મને મોબાઈલ ફોન ના આપત તો એટલી વાતો કરત જેટલી મને ફોન આપ્યા પછી કરી?'

'હવે સમજ્યો સર. બહુ સારો કન્સેપ્ટ છે તમારો અને સાચ્ચે આજે અમે એવી વાતો કરી જે અમે રેગ્યુલર નથી કરતા. આપણને એવું લાગે છે કે આપણે આપણા દોસ્તો વિશે બધું જાણીએ છીએ. આજે જે મારો ફ્રેન્ડ આવ્યો હતો સાગર એણે કહ્યું કે એના ભાઈ-ભાભીના ડિવોર્સ થઈ રહ્યા છે. જો કે અમે રોજ મળીએ છીએ, સર. પણ તેણે આજ સુધી આ વાતો કરી જ નહીં. અમે જ્યારે પણ મળીએ છીએ ત્યારે ફોનમાં વળગેલા હોઈએ છીએ. અને જે વાત કરવી જોઈએ એ રહી જાય છે.'

'એ શું છે સર, આપણે આ ફોનના એટલા ગુલામ થઈ ગયા છીએ કે એટલે મારા દિમાગમાં આ આઈડિયા આવ્યો અને મેં આ કન્સેપ્ટ વિચાર્યો જેથી અમારે ત્યાં આવેલા ગ્રાહકો એકબીજા સાથે વાતો કરી શકે નહીં કે ફોનમાં ચોંટેલા રહે.'

'બહુ સારો કન્સેપ્ટ છે આ સર. મને લાગે છે કે આ માટે તમારે ડિસ્કાઉન્ટ આપવાની પણ જરૂર નથી. આ તો અમારી ભલાઈ માટે છે.'

'જો હું ડિસ્કાઉન્ટ નહીં આપું તો કોઈ મને તેમનો ફોન નહીં આપે.'

'એ પણ સાચું છે '

'મને ખુશી છે કે તમને અમારો આ કન્સેપ્ટ પસંદ પડ્યો.'

'યસ, સર. હું મારા કુટુંબ સાથે અહીં આવીશ, જેથી અમે એકસાથે બેસીને વાતો કરી શકીએ.'

'જી. જરૂર આવજો.'

ooo

આ નાનકડો વીડિયો હૃદયને સ્પર્શી ગયો. મોબાઈલ ફોનને કારણે આપણા દેશમાં જ નહીં, આખી દુનિયામાં માનસિક રોગોનો શિકાર બનનારી વ્યક્તિઓની સંખ્યા દિનપ્રતિદિન અકલ્પ્ય ઝડપે વધી રહી છે. મોબાઈલ ફોનને કારણે સામાજિક સંબંધો પર પણ ભયંકર કહી શકાય એ હદે ઊંડી અસર પડી રહી છે.

મોબાઈલ આવ્યા પછી માણસોની જીવનશૈલીમાં અકલ્પ્ય અને આઘાતજનક રીતે વળાંક આવી ગયો છે. મોબાઈલ ફોનને કારણે માણસોની જીવનશૈલી એટલી હદ સુધી પ્રભાવિત થઈ ગઈ છે કે માનવજાતને બે ભાગમાં વહેંચવી હોય તો એવું કહી શકાય કે મોબાઈલ ફોન શોધાયા એ પહેલાની માનવજાતિ અને મોબાઈલ ફોન શોધાયા પછીની માનવજાતિ. મોબાઈલ જાણે આપણા શરીરનું અભિન્ન અંગ હોય એ રીતે દરેક વ્યક્તિના હાથમાં ફોન હોય છે. વળી, મોબાઈલના ઉપયોગ કરતાં એનો દુરુપયોગ એ હદે વધી ગયો છે કે એને કારણે નવા-નવા રોગ પણ ઉત્પન્ન થઈ રહ્યા છે.

એક મોટો વર્ગ તો ઊંઘતી વખતે પણ મોબાઈલ ફોન હાથવગો જ રાખે છે અને રાતે ઊંઘ ઊડી જાય તો પણ જાણે કશુંક છૂટી જવાનો ભય હોય એ રીતે ફોન હાથમાં લઈને ચેક કરવા માંડે છે. માણસો જમતી વખતે પણ મોબાઈલ એક હાથમાં લઈને હડકવડક જમતા થઈ ગયા છે. ક્યારેક કોઈ રેસ્ટોરાંમાં જઈએ તો લગભગ દરેક ટેબલ પર દરેક વ્યક્તિના હાથમાં મોબાઈલ ફોન જોવા મળે છે. ઘરમાં ડાઈનિંગ ટેબલ પર પણ આવું જ દૃશ્ય ...

હવે આ હાથવગું સાધન માનવજાતિ માટે ખતરારૂપ બની રહ્યું છે એવું કહીએ તો પણ અતિશયોક્તિ ન ગણાય એટલી હદ સુધી મોટાભાગના લોકોને મોબાઈલનું વ્યસન લાગી ચૂક્યું છે. આવી સ્થિતિમાં ઉપરોક્ત વીડિયોમાં દર્શાવાયું છે એમ લોકો પાસેથી થોડા સમય માટે કોઈ બહાને મોબાઇલ ફોન લઈ લેવાય તો એમના પર ઉપકાર સમાન સાબિત થઈ શકે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# સમજનેવાલે સમજ ગયે, ના સમજે વો 'અનાડી' હૈ...

*ટાઇટલ્સઃ ગમ અને ચ્યુઇંગમ બહુ ચવાય નહીં, (છેલવાણી)*

ગુજરાતી અદ્‌ભુત સફળ નાટકોનાં લેખક-નિર્દેશક ને અભિનેતા શૈલેશ દવેના એક નાટક 'અંત વગરની અંતાક્ષરી' માં એક અદ્‌ભુત વાક્ય હતુંઃ 'સમજણની ટ્રેન, જિંદગીનાં સ્ટેશને હંમેશાં મોડી જ કેમ પહોંચે છે?'

નાટકો પરથી યાદ આવ્યું કે ગુજરાતી નાટકોનાં એક પ્રૌઢ કલાકાર વિધુર થયા અને બાળકો વિદેશમાં હતા. સાવ નિઃસહાય થઇ ગયા તો કોઇ મિત્રએ કહ્યું કે 'ફલાણાં ટિફિનવાળાં બહેન બે જ મકાન દૂર રહે છે તો ત્યાંથી જમવાનું લઈ આવજો' તો પેલા કલાકારે કહ્યું, 'ના, મારાથી તો હવે ખાસ ચલાતું યે નથી..શું કરું?'

આ સાંભળીને ટિફીનવાળાં બહેને ઉદારતાથી કહ્યુંઃ 'વાંધો નહીં, હું ટિફિન આપી આવીશ.' પછી પેલા કલાકારે એક દિવસ ધીમે રહીને એ સ્ત્રીને આગ્રહ કર્યો : 'તમે જ મને પીરસીને આપો તો સારું, મને હંમેશાં તૈયાર ભાણાંની આદત છે!'

એ સ્ત્રી ભલાં હતાં એટલે રોજ ટિફિન એમને પીરસીને પ્રેમથી જમાડે. ધીરે ધીરે પેલા કલાકારને એ સ્ત્રીની આદત પડી ગઇ. દિવસભર બે સમયે એનાં આવવાની રાહ જોવા માંડ્યા. પછી અચાનક એક દિવસ એમને પ્રપોઝ કર્યું, : 'તમે આટલી કાળજી કરો છો તો મારી સાથે લગ્ન કરશો?'

ત્યારે પેલી સ્ત્રીએ ઠંડકથી સમજાવ્યું : 'સોરી સાહેબ, હું તો માણસાઈના નાતે તમને મદદ કરી રહી છું! મારા પીરસવાને પ્રેમ સમજવાની ભૂલ ના કરો તમે! '

આ સત્યઘટના જાણ્યા બાદ, પેલા કલાકાર પર દયા આવે કે ગુસ્સો? કદાચ બેઉ. કોઇની ભલમનસાઇને તમે તમારી એકલતાની આડશમાં 'પ્રેમ' માનવા જેવી ગેરસમજણ કઇ રીતે કરી શકો?

નાનપણમાં હું રેડિયો સાંભળતો ત્યારે એક ગીત બહુ ગમતુંઃ 'યે ઝિંદગી કે મેલે દુનિયા મેં કમ ના હોંગે, અફસોસ હમ ના હોંગે....' પણ વર્ષો સુધી હું સમજતો હતો તે 'ઓફકોર્સ હમ ના હોંગે!' મને થતું કે વાહ, શું ફિલોસોફી છે કે આપણે જતા રહીશું તો પણ દુનિયાનાં મેળા ચાલતા જ રહેશે! હું 'અફસોસ-ઓફકોર્સ ' જેવા શબ્દોની ગેરસમજણ કરતો હતો. એમ ઘણાં યે ગેરસમજણની ગંગામાં તણાઇને આખું આયખું તરફડિયા મારતા રહે છે.



માર્ટિન અને મેગીએ ત્રણ જ મહિના પહેલાં લગ્ન કર્યા હતા. યુદ્ધ બાદ માર્ટિનની ચિત્રકારી અને મેગીના સીવણકામની કમાણી સાવ ઓછી થઈ હતી. લગ્ન સમયે માર્ટિન પાસે ૫૦ ડૉલર પણ નહોતા તો યે નિઃસંતાન વિધવા ફોઈના ભરોસે લગ્ન કરી લીધાં. પછી પહેલી નાતાલ આવી. માર્ટિન ને મેગી પાસે માંડ પાંચ ડૉલર બચ્યા હતા. હવે વૃદ્ધ ફોઈએ પણ સાથ છોડી દીધેલો. બેઉ ચિંતામાં હતાં કે આ પાંચ ડૉલરમાં નવું વર્ષ કેવી રીતે ઊજવાશે?

એવામાં ટપાલીએ પાર્સલ આપ્યું.

'લે! આ તો કંજૂસ ફોઈનું પાર્સલ છે.' માર્ટિને મોં બગાડ્યું.

'જોઈએ તો, ફોઈએ શું ગિફ્ટ મોકલી છે?' મેગીએ કહ્યું.

પાર્સલમાંથી રંગબેરંગી કપડાંના ટુકડાં જોડીને સીવેલું ઓશીકાનું મામૂલી કવર નીકળ્યું!

'આપણી મજાક ઉડાડવા કંજૂસ ફોઈએ આ ગિફ્ટ મોકલી છે?' માર્ટિને ભડકીને કહ્યું.

૪-૫ દિવસ બાદ નવા વરસે ટપાલીએ ફરી એક પત્ર આપ્યો. એ વાંચીને માર્ટિન ખુશીથી નાચી ઉઠ્યો અને કહ્યું 'મેગી ડાર્લિંગ, ફોઇએ લખ્યું છે કે ઓશીકાના બંને ખૂણા પર ૧૦૦-૧૦૦ ડૉલરની નોટ સીવીને નવા વર્ષની સરપ્રાઇઝ ભેટ મોકલી છે! '

સાંભળીને મેગીએ રડમસ ચહેરે કહ્યું, : 'સોરી, પણ ગઇકાલે જ બાજુવાળા મિ. ઉચાલનો છોકરો મીઠાઈ આપવા આવેલો એને મેં એ કવર ગિફ્ટમાં આપી દીધું છે! હવે?'

***ઈન્ટરવલઃ***

***એવી રીતે છવાઇ ગયા છે ખયાલમાં,***
***આવેશને ગણી મેં લીધો છે વહાલમાં (મરીઝ)***

હવે માર્ટિન ને મેગી બેઉ વિચારવા લાગ્યા કે એ ઓશીકાનું કવર પાછું મેળવવું કેવી રીતે? પછી બેઉ નવા વરસના બહાને મિ.ઉચાલના ઘરે ગયા અને માર્ટિને ધીમેથી કહ્યું,

'તમને મેગીએ એક સુંદર ઓશિકાનું કવર બનાવીને ગિફ્ટમાં આપેલું પણ મેં એને બરાબર જોયું નથી તો જરાં જોવા આપશો?'

'સોરી, એક્ચ્યુલી એ કવર પર આજે જ સિગરેટનો તણખો પડ્યો અને એ સળગી ગયું.' શ્રીમતી ઉચાલે જૂઠ્ઠું કહ્યું. ખરેખર તો એણે બીજા એક પડોસી જોનને એ કવર પધરાવી દીધેલું!

માર્ટિન અને મેગી ઉદાસ થઇને ઘરે આવ્યા એટલામાં જોન અને એની પત્ની સાલ-મુબારક કરવા આવ્યા અને એમણે એક ગિફ્ટ આપી. મેગીએ ભેટ ખોલીને જોઈ તો એમાંથી પેલું જ ઓશિકાનું કવર નીકળ્યું, જે ફોઈએ મોકલ્યું હતું!

'બહુ જ સુંદર કવર છે!' એમ કહીને માર્ટિન તરત અંદર ગયો અને ફોઈના કહ્યાં મુજબ એ કવરમાંથી ૨૦૦ ડૉલર કાઢી લીધાં અને ફોઈ પર મૂકેલા અવિશ્વાસ માટે એ જ કવરમાં મોં છુપાવીને ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યો.

ડબલ્યુ.એ. સિલ્વાનની આ શ્રીલંકન વાર્તા કેટલી સહજતાથી કહી જાય છે કે જિંદગી માત્ર સમજણની જ નહીં પણ ગેરસમજણની લાંબી પરંપરા છે, જેને જાણે-અજાણે સમજ્યાં વિનાં આપણે સૌ જીવ્યે રાખીએ છીએ.

એક ભિખારીએ આખો દિવસ મંદિર-મસ્જિદ ને ચર્ચ પાસે ભિખ માગી, પણ એક રૂપિયો પણ મળ્યો નહીં. રાતે થાકી હારીને એ દારૂનાં પીઠાં પાસેથી પસાર થતો હતો ત્યારે ત્યાં બારમાંથી લથડિયા ખાતા ખાતા એક દારૂડિયાએ ભિખારીને સામેથી બોલાવ્યો અને ૧૦૦ રૂ. આપ્યા. પછી એ દારૂડિયો તો ડોલતો ડોલતો જતો રહ્યો પણ ભિખારીએ આકાશ તરફ જોઇને કહ્યું, :

'વાહ રે ઉપરવાલે! તું રહેતા કહાં હૈ ઔર એડ્રેસ કહાં કા દેતા હૈ!'

આપણે સૌ પણ આપણાં આધ્યાત્મ, સંસ્કાર, ધર્મ, વગેરેની સમજણ- ગેરસમજણમાં કેવા અટવાતા રહીએ છીએને?

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ હેન્ડસમ દેખાવું છું ને?**
**ઇવઃ ગેરસમજણ કરવાનો સૌને લોકતાંત્રિક હક છે.** ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ડાયલોગનું રિહર્સલ ઊડતા વિમાનમાં







ગુજરાતી નાટ્ય સૃષ્ટિમાં ત્રિવેદી પરિવારનું યોગદાન અનન્ય અને અમૂલ્ય છે. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી અને એમના ભાઈ અરવિંદ ત્રિવેદીની કારકિર્દી રંગભૂમિના ઈતિહાસનું બેજોડ સંભારણું છે. આ બે ભાઈઓ ઉપરાંત કૌસ્તુભ ત્રિવેદી અને આશિષ ત્રિવેદીએ પણ રંગભૂમિના ઘડતરમાં યથાશક્તિ ફાળો આપ્યો છે. તાજેતરમાં કૌસ્તુભ ત્રિવેદીનું અવસાન થયું અને રંગભૂમિએ એક નિષ્ઠાવાન અને પ્રયોગશીલ નાટ્યકર્મી ગુમાવ્યો. અલબત્ત કૌસ્તુભ ત્રિવેદી જેવી વ્યક્તિ આપણી વચ્ચેથી કેવળ સદેહે જ વિદાય થાય. એમનું યોગદાન રંગભૂમિની જણસ છે. મને જાણીને આનંદ એ વાતનો થયો કે 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેના સહ નિર્મિત નાટકની જાહેરખબરમાં કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત એવો ઉલ્લેખ છે. એ વાંચીને મન હરખાઈ ગયું. રંગભૂમિ પર કૌસ્તુભ જે કંઈ નવા પ્રયોગો કરવા ધારતો હતો એ પૂરા કરવાની કોશિશ થઈ રહી છે એ રંગભૂમિ માટે ગર્વ લેવા જેવી વાત છે.

મારું મરાઠી નાટક જોઈ ઉપેન્દ્રભાઈએ મને એમની સાથે કામ કરવા બોલાવી હતી એનો ઉલ્લેખ મેં આ લેખમાળાના પ્રારંભમાં કર્યો હતો. કોઈ કારણસર હું એમને મળવા ન જઈ શકી અને એમની સાથે કામ કરવાનો મોકો ગુમાવ્યો એનો વસવસો મને કાયમ રહ્યો છે.

જોકે, એમના પુત્ર આશિષ ત્રિવેદી સાથે 'અફલાતૂન' નાટકમાં કામ કરવાની તક મળી અને અનુભવ ઘણો સારો રહ્યો. મને જ્યારે અમેરિકાની ઓફર મળી ત્યારે આશિષે જે સહજતાથી 'જાવ બહેન, અમેરિકા. તમને એક સારી તક મળી રહી છે એનો લાભ ઉઠાવો. મારી શુભેચ્છા છે' કહ્યું એ મને સ્પર્શી ગયું. ચાલી રહેલા સફળ નાટકનો નિર્માતા કલાકારને નાટક છોડવા ઝટ મંજૂરી આપે નહીં. આશિષ રિપ્લેસમેન્ટ સાથે નાટક કરવા તૈયાર હતો.

મેં અમેરિકાના પ્રવાસે જવાની તૈયારી શરૂ કરી દીધી. 'અફલાતૂન'ના શો ચાલી રહ્યા હતા એની સાથે એ નવા નાટકના રિહર્સલ પણ શરૂ થઈ ગયા. અમેરિકા માટે મને જૂની રંગભૂમિનું સદાબહાર નાટક 'પૈસો બોલે છે' નાટકની ઓફર આવી હતી. નંદલાલ શાહના આ નાટકના સળંગ ૫૧૪ પ્રયોગ થયા હતા. નાટકે ગુજરાતી રંગભૂમિ પર નવો વિક્રમ સર્જ્યો. જૂની રંગભૂમિના દિગ્દર્શકોમાં નંદલાલ ભાઈનું મહત્ત્વનું સ્થાન છે. ફિલ્મના કહેવાતા આક્રમણ છતાં જૂની રંગભૂમિનાં કેટલાંક નાટકો છેક ૧૯૭૦ સુધી લોકપ્રિય હતાં. 'પૈસો બોલે છે' એનો પ્રભાવી પુરાવો હતો. 'પૈસો બોલે છે'માં છપ્પા (છ પદ ચરણ કે પંક્તિઓની રચના) બોલવાની બધા કલાકારને બહુ મજા આવતી હતી. છપ્પા પ્રેક્ષકોને એ હદે પ્રિય હતા કે કલાકાર એના છેલ્લા શબ્દો બોલે જ નહીં, પ્રેક્ષકો કોરસમાં બોલે ને ગજબના હરખાય. નાટક અને પ્રેક્ષક વચ્ચે એવો ગજબનો તાલમેલ હતો.

જોકે, 'પૈસો બોલે છે'ની ટીમ અમેરિકા જવા ઊપડે એ પહેલા એક અણધારી ઘટના બની. અમે બધાએ યુએસના વિઝા માટે અરજી કરી હતી. ઈન્ટરવ્યૂના દિવસે હીરોનો રોલ કરતા પારસી અભિનેતાને જ પહેલા બોલાવ્યો અને એના જ વિઝા નામંજૂર થઈ ગયા. ભૂતકાળમાં તેણે મોડલિંગ કર્યું હતું એના ફોટોગ્રાફ્સ બતાવ્યા એ કારણસર એને વિઝા ન મળ્યા એવી વાતો ત્યારે થઈ હતી. અમે બધા વિમાસણમાં મુકાઈ ગયા કે હવે શું કરવું? શો મસ્ટ ગો ઓન એ વણલખ્યો નિયમ છે. સદનસીબે એનો તોડ બહુ જલદી નીકળી ગયો. મહેશ ઉદેશી નામના એક કલાકાર હતા અને એમની પાસે વિઝા હતા. એટલે એમની પસંદગી કરવામાં આવી. જવાની તારીખ નજીક હોવાથી મહેશભાઈ સાથે રિહર્સલ કરવા માટે સમય નહોતો. વળી જે દિવસે અમે યુએસ પહોંચવાના હતા એ જ દિવસે શો પણ હતો. એટલે તૈયારી માટે સમય નહોતો. હું નાટકની હીરોઈન હતી. એ સમયે અમેરિકા પહોંચતા ત્રીસેક કલાક થતા હતા. એટલે પ્લેનમાં બેઠા બેઠા મેં અને કમલેશ મોતાએ મળી મહેશભાઈને ડાયલોગ તૈયાર કરાવ્યા. વિમાનમાં સંવાદનું રિહર્સલ થયું હોય એવી કમાલ ગુજરાતી રંગભૂમિમાં જોવા મળી.

વિમાન મુસાફરી દરમિયાન મુકેશ ઉદેશીએ મને પૂછ્યું કે 'મેં સાંભળ્યું છે કે નાટકના લોકો અફલાતૂન - અફલાતૂન કરી તમારી ટીખળ કરે છે. શું આ વાત સાચી છે? અને સાચી હોય તો આવું સંબોધન કરવાનું કારણ શું?' એમની વાત સાંભળી હું હસી પડી અને નજીકના ભૂતકાળમાં સરી ગઈ. વાત એમ હતી કે 'અફલાતૂન' નાટકના શરૂઆતના શો દરમિયાન નીરજ વોરાએ મારો ડાન્સનો નવો સીન ઉમેર્યો હતો એનો વિસ્તાર કરવામાં આવ્યો. એમાં ગીત પણ ઉમેરાયું અને ગીત સીન કરતાં વધુ લોકપ્રિય થયું હતું. દર્શકોને એ હદે એ પસંદ પડ્યું હતું કે અનેક નાટ્ય રસિકો માત્ર એ ગીત જોવા - સાંભળવા માટે નાટક જોવા આવતા હતા. એ ડાન્સ અને ગીત માટે નાટકને રિપીટ ઓડિયન્સ મળ્યું હતું, એટલે બધા 'અફલાતૂન અફલાતૂન' કહીને મને ચીડવતા હતા. જોકે, એનાથી મને આનંદ થતો હતો. શેર લોહી ચડતું હતું. મુકેશભાઈ આ વાત સાંભળી ખડખડાટ હસી પડ્યા હતા. અને અમેરિકા ઊપડવાનો દિવસ આવી ગયો. જોકે, એ સમયે એક એવો નિયમ હતો કે નાટકની ટુર વિદેશ જવા ઊપડે એ પહેલા એમ્બેસીમાં એકાદ બે સીનનો પરફોર્મન્સ કરાવે. અલબત્ત વિદેશીઓને કશું સમજાય નહીં પણ ટ્રાન્સલેશન કરનારી વ્યક્તિ એમને નાટકનું હાર્દ સમજાવી દે અને પછી ગ્રીન સિગ્નલ મળી જાય. આજે આ વાત જાણી કદાચ હસવું આવી શકે, પણ આવા નિયમો સુધ્ધાં હતા. ■

## 'એક જ ભૂલ': કોર્ટરૂમ ડ્રામા

જૂની રંગભૂમિ પર વિલિયમ શેક્સપિયરનાં નાટકોનો આધાર લઈ નવા નાટક લખવામાં આવતા હતા તેમજ રૂપાંતરના પ્રયોગો સુધ્ધાં કરવામાં આવતા. નાટ્ય રસિકોને સતત કશુંક અવનવું મળતું રહે એ માટે આ કોશિશ હતી. શેક્સપિયર ઉપરાંત આલ્ફ્રેડ હિચકોકની થ્રિલર ફિલ્મો અને આગાથા ક્રિસ્ટીની મર્ડર મિસ્ટ્રી નોવેલ પરથી પણ ગુજરાતી નાટકો અવતર્યા છે. આ સિવાય કોર્ટરૂમ ડ્રામાના નાટ્ય સંસ્કરણ પણ થયા હતા. 'એક જ ભૂલ' કોર્ટરૂમ ડ્રામા અને એમાં રહસ્યનું ગૂંથાયેલું જાળું દર્શકોને આકર્ષિત કરતું હતું. ધનનો વરસાદ વરસાવનાર રહસ્યસભર નાટક 'એક જ ભૂલ'નું કથાવસ્તુ મૂળ જર્મન કથામાંથી પ્રેરણા લઈ આકાર પામ્યું હતું. ચં. ચી. મહેતા સહિત અનેક નાટ્યકર્મીઓનું માનવું હતું કે સમય અનુસાર થોડા ફેરફાર કરીને જો ભજવવામાં આવે તો ચોક્કસ એ નાટક બોક્સ ઓફિસ પર હિટ જાય. જોકે, એ સસ્પેન્સ નાટકની સ્ક્રિપ્ટ ગેરવલ્લે થઈ ગઈ હતી. બેદરકારીને કારણે અનેક નાટ્ય પ્રેમીઓ એક ઉમદા નાટકથી વંચિત રહી ગયા. સસ્પેન્સ નાટક હોવા છતાં 'એક જ ભૂલ'નાં ગીતોને પણ ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. લોકોની જીભે ચડી ગયેલું એક ગીત હતું: ***'આપણે કરીશું વકીલાત ત્યારે ભરશે કોણ પાણી?, પછી ધણી, ધણિયાણી થઈ મ્હાલશે રે બા! આપણે પહેરશું પાટલૂન - બૂટ - કોટ - નેકટાઈ, પછી ધણી સેંથી, ટપકી પાડી નાચશે રે બા!'***

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# જેનું પ્રદર્શન મૂલ્ય વધુ એ ઉત્પાદનની કિંમત વધારે




તમે જે વસ્તુ વાપરો છો તેના પર કઈ બ્રાન્ડનો લોગો છે તેના પરથી તમારા સ્ટેટસનું માપ નીકળે છે. આના પરથી સમજાય કે બ્રાન્ડ શા માટે જરૂરી છે. જો દૂધના ભાવ એકાદ રૂપિયો વધી જાય તો આંદોલન કરીયે. આપણા જેવી વ્યક્તિ રોજિંદા ખાદ્ય પદાર્થો જેવા કે દાળ, લોટ, સાકર, ઘી, તેલ વગેરે જેવી ચીજવસ્તુઓની કિંમતોની હંમેશાં તુલના કરીએ પછી સસ્તી ઓફર શોધીએ, જેથી બચત થાય, પણ આપણે કપડાં, એક્સેસરી કે પછી ગાડી જેવી અનેક મોંઘી વસ્તુઓ પર રાજી ખુશીથી હજારો- લાખો ખર્ચી નાખીયે છીએ.

**આવું કેમ?**

આવું એટલા માટે કે ખાતા આપણને કેટલા લોકો જુએ છે? બીજા અર્થમાં તમે ઘરમાં કેવા પ્રકારના ખાદ્ય પદાર્થ લાવો છો અથવા રોજિંદા જીવનની જે ઉપયોગી ચીજો જે લોકોના ધ્યાનમાં નથી આવતી તે તમે ક્યાંથી લો છો એનાથી તમને ફરક નથી પડતો, પણ તમે પહેરેલું આઉટફિટ કે ડિઝાઇનર હેન્ડબેગ જે અનેક સામાજિક મેળાવડામાં, પાર્ટીમાં, ઓફિસમાં વગેરે ઘણી જગ્યાએ પ્રદર્શિત થાય છે.

પ્રીમિયમ સનગ્લાસમાં પાડેલા ફોટાઓ અનેક લોકો સુધી સોશ્યલ મીડિયા દ્વારા પહોંચે છે. એ જ રીતે, તમે જે સ્થળે વેકેશનમાં જાવ છો તે લોકો જાણે છે, તમે જે ગાડીમાં ફરો છો તે લોકો જોવે છે, પરંતુ ઓર્ગેનિક દાળ રસોડાના કેબિનેટમાં કાયમ માટે હોય છે તેથી તેની કિંમત આપણને અથવા લોકોને નથી થતી. આનું કારણ એ કે આપણે એક્ઝિબીટ દુનિયામાં અર્થાત પ્રદર્શનીય દુનિયામાં જીવી રહ્યા છીએ.

જયારે આનો અભ્યાસ કરીયે તો એક રસપ્રદ પેટર્ન જોઈ શકીએ છીએ કે જે કોઈ ઉત્પાદન કે સર્વિસનું પ્રદર્શન મૂલ્ય વધુ તેટલી ગ્રાહકોની ઊંચી કિંમત ચૂકવવાની ઇચ્છા વધે છે. જે પ્રોડકટ્સ આપણને જાહેરમાં વધુ સારી રીતે પેશ કરે તે પ્રોડક્ટ અને સેવાઓ માટે આપણે વધુ કિંમત ચૂકવવા તૈયાર થઈએ છીએ. આમ ઉચ્ચ પ્રદર્શન મૂલ્ય ધરાવતાં ઉત્પાદનો શક્તિશાળી સામાજિક દરજ્જાનું કાર્ય કરે છે. આ જ કારણે સૌંદર્ય, ફેશન અને બીજી આવી બ્રાન્ડ્સ શા માટે વિશ્વાસપૂર્વક તેમની કિંમત ઊંચી રાખે છે, જ્યારે FMCG બ્રાન્ડ્સ તેમની પ્રીમિયમ ઓફર માટે ₹૫ વધુ ચાર્જ કરવામાં પણ સંઘર્ષ કરે છે.

આજ વાતને બીજી રીતે જોઈએ તો તમે માલ ક્યાં વેચો છો અથવા માલ ક્યાંથી ખરીદાય છે તે પણ વેપાર માટે મહત્ત્વનું છે. તમે જો સામાન્ય સ્ટોર અથવા રોડ પરથી અમુક ચીજ ખરીદશો અને તેવી જ વસ્તુ જો મોટા- નામી સ્ટોર અથવા મોલમાંથી ખરીદશો તો એની ખાસ કિંમત હોય છે. તમે બીજી કોઈ જગ્યાએ ભાવ-તાલ કરશો પણ મોટા સ્ટોરમાં ચુપચાપ છાપેલો દામ આપી ખરીદી લેશો.

ટૂંકમાં જે વસ્તુનું પ્રદર્શન મૂલ્ય છે તેના પર લોકો ખર્ચો કરવા તૈયાર છે, જયારે જે વસ્તુને પ્રદર્શન મૂલ્ય નથી તે ખરીદવા પહેલાં આપણે એનો ભાવ-તાલ કરીશું!.

અહીં વિધિની વક્રતા એ છે કે જીવન જરૂરિયાતની ચીજો પર આપણે સમાધાન કરીએ છીએ. બધા આવું કરતા હશે તેમ કહેવાનું તાત્પર્ય નથી, ખાવા પીવાની ચીજો સારી જગ્યાએથી અને ઉમદા ક્વોલિટીની લેવા વાળા પણ આપણને મળશે. અહીં માનવ સહજ સ્વભાવ કે લોકોની વર્તણૂકની વાત છે. અને આજ વાત બ્રાન્ડને પોતાનો ભાવ નક્કી કરવામાં મદદ કરે છે.

આપણે એમ પણ કહી શકીયે કે, જીવન જરૂરિયાતની ચીજો જો મોંઘી થાય તો તો જીવવું મુશ્કેલ થઇ જાય અને બાકી ચીજો અમુકવાર ખરીદી કરવાની હોય છે એટલે આની સરખામણી ના થઇ શકે. વાત ખોટી પણ નથી.

હવે આને બીજી રીતે જોઈએ તો; હું રોજ દૂધ મગાવું છુ તેની એક કિંમત નક્કી કરેલી છે, જે કિંમત બધા ચૂકવે છે. હવે એક દિવસ કોઈ બ્રાન્ડ આવીને કહે છે કે અમારી બ્રાન્ડ ગીરની ગાયનું દૂધ અથવા આર મિલ્ક અથવા ફેટ ફ્રી દૂધ વેચે છે. માણસ સ્વભાવ છે કે પોતા માટે ને લોકોને બતાવવા માટે પણ આવા દૂધના વધારે પૈસા ચુકવશે. જો તેનો ભાવ વધે તોય જરાપણ હો હા નહિં કરે.

માણસનો આર્થિક વિકાસ થાય છે તેમ એની ખરીદી શક્તિ વધે છે. એ તેવાં ઉત્પાદનોમાં રોકાણ કરે છે જેનું પ્રદર્શનીય મૂલ્ય હોય, જેથી તે પોતાનું જીવન ધોરણ લોકો સમક્ષ મૂકી શકે... આમ બ્રાન્ડનું ગણિત કહે છે.

આમ ઉચ્ચ પ્રદર્શનીય મૂલ્ય ધરાવતાં બ્રાન્ડેડ ઉત્પાદનો, ૬૦-૮૦% માર્જિન સાથે વેપાર કરશે, જયારે ઓછા પ્રદર્શનીય મૂલ્ય ધરાવતા બ્રાન્ડ વગરના ઉત્પાદન ૭-૧૫% માર્જિન રાખી ધંધો કરી હંમેશાં સંઘર્ષ કરશે.

આથી પ્રીમિયમ કિંમત નક્કી કરવી તે ફક્ત ઉત્પાદનની ગુણવત્તા પર જ નહીં, પરંતુ સામાજિક દૃશ્યતા પર પણ નિર્ભર કરે છે. ■

ફોકસ
સંજય શ્રીવાસ્વ
feedback@bombaysamachar.com

# શું કામ દેશમાં ઊભરી રહ્યું છે પેટ કલ્ચર?



છેલ્લાં પાંચ વર્ષમાં પાળતું પ્રાણીઓ રાખવાના ટ્રેન્ડમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. પાળતું પ્રાણીઓ રાખનારાઓની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થયો છે. તેથી તેના સાથે સંબંધિત બજારનો પણ જબરો વિકાસ થયો છે. આ સાથે આ સંદર્ભમાં ઘણી નવીનતાઓ પણ સામે આવી છે. આ નવા 'પેટ કલ્ચર'ની પાછળ આખરે ક્યું સામાજિક પરિવર્તન કામ કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે દેશમાં પાળતું પશુ-પક્ષીઓનું બજાર લગભગ રૂા. ૧૦,૦૦૦ કરોડનું છે. જે આગામી બે વર્ષમાં રૂા. ૧૪,૦૦૦ કરોડ સુધી અને ૨૦૩૨ સુધીમાં રૂા. ૨૧,૦૦૦ કરોડથી ઉપર પહોંચવાનું અનુમાન છે. આ આશા એટલા માટે છે કારણ કે છેલ્લાં દાયકામાં નાનાં અને મોટાં ભારતીય શહેરો અને નગરોમાં પાળતું પ્રાણીઓ રાખવાનો ટ્રેન્ડ અને ક્રેઝ ખૂબ જ વધ્યો છે અને ૧૬ ટકાથી વધુના અણધાર્યા ઊંચા દરે વધી રહ્યો છે. થોડાં વર્ષો પહેલા કોલકાતામાં સૌથી જૂના અને સૌથી મોટાં પશુ-પક્ષી બજાર એટલે કે ગેલિફ સ્ટ્રીટ એટલે કે બાગબજારમાં પહેલા દર સપ્તાહના અંતે ૩૫,૦૦૦ લોકો આવતા હતા. આ આંકડો હવે લગભગ દોઢ ગણો વધી ગયો હોવાનું કહેવાય છે.

આ બજારમાં કૂતરા, ગલુડિયાં, કાચબા, સસલા, ગિની, પિગ, અનેક પ્રકારના ઉંદરો, પચાસ પ્રકારનાં પક્ષીઓ અને સુશોભન માછલીઓ વગેરે મળે છે.

અલબત્ત, પાળતું પ્રાણી રાખનારા લોકોની સંખ્યા વધી રહી છે. દેશમાં લગભગ ૩૫ કરોડ નોંધાયેલાં પાળતું પ્રાણીઓ છે. જેમાં દર વર્ષે ૧૨ ટકાથી વધુનો વધારો થઇ રહ્યો છે. આનાથી અનેક ગણા વધુ નોંધણી વગરનાં પાળતું પ્રાણીઓ છે અને તેનો બમણો વધારો થવો નક્કી છે. સંબંધિત સર્વેક્ષણો દર્શાવે છે કે માત્ર અમીરોના વૈભવી ઘરોમાં જ નહીં, પરંતુ નીચલા મધ્યમ વર્ગના નાનાં ઘરોમાં પણ વિવિધ જાતિના કૂતરા, બિલાડી, પક્ષીઓ વગેરે ઉછેરવામાં આવી રહ્યા છે. તેઓ તેમની પસંદગીના પાળતું પ્રાણીઓને પ્રાથમિકતા આપી રહ્યા છે. દેશમાં કૂતરો એક લોકપ્રિય પાળતું પ્રાણી છે, તેની સંખ્યા કરોડોમાં છે. હવે બિલાડી રાખવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. લોકો મેના, સસલા, કબૂતર ઉપરાંત સાપ, કાચબા અને વિદેશી પક્ષીઓ પણ પાળી રહ્યા છે.

વિદેશી પક્ષીઓની માગ એટલી વધી ગઇ છે કે છેલ્લાં કેટલાક વર્ષોમાં તેમનો ગેરકાયદેસર વેપાર કરોડોનો થઇ ગયો છે. આ ટ્રેન્ડ નાના-મોટા શહેરો અને નગરોમાં જે રીતે વધી રહ્યો છે તે બિલકુલ ઘટતો હોય એવું દેખાતું નથી. પહેલા પણ લોકો શોખ તરીકે પાળતું પ્રાણી રાખતા હતા, પરંતુ આ અચાનક અને અણધાર્યો વધારો થોડો આઘાતજનક છે. દર વર્ષે ૬ લાખથી વધુ લોકો પાળતું પ્રાણીઓના માલિક બની રહ્યા છે. તેથી ચોક્કસપણે સમાજના આચરણ, વિચારો અને કાર્ય વર્તનમાં કોઇ એવું પરિવર્તન આવ્યું છે જેણે તેમને આ તરફ સ્વયંભૂ પ્રેરિત કર્યા છે.

એ વાત સાચી છે કે સાયકોલોજી ટુડે મેગેઝિનમાં વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે પાળતું પ્રાણીથી મળતી સંતોષની સકારાત્મક અસરનું નાણાકીય મૂલ્યાંકન આશરે ૯૩,૦૦૦ અમેરિકન ડૉલર એટલે કે ૮૦ લાખની આસપાસ છે. જ્યારે પાળતું પ્રાણી આના કરતાં ઘણા સસ્તા છે. પરંતુ સત્ય એ છે કે આજના સમયમાં પાળતું પ્રાણીની સંભાળ રાખવા માટે વધારાની જગ્યા, સમય, શ્રમ, પૈસા અને ધ્યાનની જરૂર રહે છે. તેથી તેનો નિર્વાહ ફક્ત તે લોકો જ કરી શકે છે જેઓ ખરેખર પાળતું પ્રાણીના પ્રેમ માટે આટલો ત્યાગ કરી શકે છે. અલબત્ત, પ્રેમ કે પ્રીતિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇને કોઇ રીતે સ્વાર્થ રહેલો હોય છે. પાળતું પ્રાણી પર જીવ ન્યૌછાવર કરનારા, નાણાં ખર્ચ કરનારા, તેમને કિંમતી સમય આપનારને નિઃશંકપણે કોઇને કોઇ સ્વરૂપમાં કંઇક મળે છે. તે સમજવું જોઇએ કે તેઓ શું મેળવી રહ્યા છે, જેનાથી પ્રભાવિત થઇને આ 'પેટ કલ્ચર' વેગ પકડી રહ્યું છે. આખરે તે કઇ ખામી છે કે લોકો પાળતું પ્રાણી પર ઘણો બધો ખર્ચ કરીને તે પૂર્ણ કરવા માગે છે?

વિશ્વભરમાં એક જબરદસ્ત પેટ કલ્ચર વિકસી રહ્યું છે. ભારત સહિત અન્ય ઘણા એશિયન દેશોમાં પણ છેલ્લાં પાંચ વર્ષમાં પાળતું પ્રાણીઓની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થયો છે. આજે વિશ્વમાં એક અબજથી વધુ પાળતું પ્રાણીઓ છે, ૫૨ ટકા લોકોના ઘરમાં કોઇને કોઇ પાળતું પ્રાણી છે. અમેરિકા, બ્રાઝિલ, યુરોપિયન સંઘ અને ચીન મળીને વિશ્વના અડધા પાળતું કૂતરા અને બિલાડીઓ રાખે છે. આ વર્ષે ચીન વિશ્વમાં સૌથી વધુ પાળતું પ્રાણીઓ ધરાવતો દેશ બન્યો છે. નવું 'પેટ કલ્ચર' સમાચારોમાં છે અને આ મુદ્દે વૈશ્વિક ચર્ચા શરૂ થઇ છે કે આખરે અડધા દાયકાની અંદર એવા ક્યા સામાજિક અને આર્થિક ફેરફારો આવ્યા છે કે પાળતું પ્રાણીઓનું બજાર ખૂબ જ વિકસ્યું છે? તેમની સંભાળ, ખોરાક, માવજત અને અન્ય જરૂરિયાતો, ઉત્પાદનોની ઝડપી અને ભારે માંગ અને આ દિશામાં તક્નિકી પ્રયોગો તથા નવીનતાઓએ દરેકનું ધ્યાન ખેંચ્યું છે.

સર્વેક્ષણોએ સાબિત કર્યું છે કે આનું મુખ્ય કારણ શહેરી વસ્તીમાં વધારો અને સંયુક્ત પરિવારોનું તૂટવું છે. ફ્લેટમાં રહેતા એકલા પરિવારો કૂતરા અને બિલાડીઓમાં એકલતાનો ઇલાજ શોધી રહ્યા છે. મોટાભાગના પાળતું પ્રાણીઓના માલિકો ૨૦ થી ૩૦ વર્ષની વયના 'મિલેનિયલ્સ' છે. જેમાંથી મોટાભાગના નાના પરિવારો, સારી કે બમણી આવક, સારું શિક્ષણ ધરાવતા લોકો છે જે ઘરેથી કામ કરે છે. તેઓ મોડાં બાળકો પેદા કરવા અને જીવનશૈલીમાં પરિવર્તનને કારણે પાળતું પ્રાણીઓ રાખે છે. તેઓ તેમને મનોરંજન કે રમતગમત માટે નહીં,પરંતુ પરિવારના સભ્ય તરીકે રાખી રહ્યા છે. આ પેટ કેર તેમના માટે માતા-પિતા બનવાની તાલીમ પણ છે. માતા-પિતા બાળકોના માનસિક વિકાસમાં પાળતું પ્રાણીઓની ભૂમિકાને સમજીને તેમને તેમની સાથે વિકસવાની તક આપી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર પાળતું પ્રાણીઓ સંબંધિત સામગ્રી લોકોને તેમને દત્તક લેવા માટે પ્રેરણા આપી રહી છે. શ્રીમંતોના મોહલ્લાઓ ઉપરાંત 'પેટ કલ્ચર' તે જગ્યાઓ પર વધુ ઝડપથી વધી રહ્યું છે જ્યાં 'મધ્યમ વર્ગ'નો વિસ્તાર થઇ રહ્યો છે. એક તો પાળતું પ્રાણીઓ પ્રત્યેનો અભિગમ બદલાયો છે, કેટલાક પૈસા આવ્યા છે અને તેના સ્ટેટસને બનાવવા કે જાળવી રાખવા, બીજાથી અલગ દેખાવાના ચક્કરમાં પણ તેઓ 'પેટ કલ્ચર'ના વિકાસમાં ફાળો આપી રહ્યા છે. આજની જનરેશન ઝેડ ઓછી વય છતાં પાળતું પ્રાણીઓના માલિક બનવાના શોખીન છે. નોકરી કરતા એકલા યુવાનો પાળતું પ્રાણીઓને એકલતા અને માનસિક સ્વાસ્થ્યની દવા માને છે. કારણ કે મનોચિકિત્સકો કહે છે કે પાળતું પ્રાણીઓ તણાવ ઘટાડવામાં અને ખુશી વધારવામાં મદદ કરે છે. વૃદ્ધો તેમને વૃદ્ધાવસ્થાના સાથી તરીકે લઇ રહ્યા છે.

ભારતીય તેમના પાળતું પ્રાણીઓ પર દર મહિને સરેરાશ ૫૦૦૦ રૂપિયા ખર્ચ કરે છે. તેઓ તેમની હેસિયત કરતાં વધુ ખર્ચ કરવામાં અચકાતા નથી, કારણ કે તેઓ તેમને તેમના પરિવારના પ્રિય સભ્ય માને છે. તેથી તેની સાથે સંબંધિત બજાર કૂદકે ને ભૂસકે વિકસી રહ્યું છે અને સ્પર્ધાને કારણે આ ક્ષેત્રમાં દરરોજ નવા ઉત્પાદનો અને નવીનતાઓ સામેલ થઇ રહ્યા છે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# રમતની ભાષા સાથેની રમત



રમતગમત - ખેલકૂદ આપણા બાળપણનું અવિભાજ્ય અંગ છે. અલબત્ત ઉમર વધવાની સાથે મનુષ્ય રમત રમવાનું ચાલુ જ રાખે છે. ફરક એટલો જ છે કે એમાં રહેલી નિર્દોષતા, ખેલદિલીની ભાવના કે શારીરિક વ્યાયામના હેતુની લગભગ બાદબાકી થઈ જાય છે. એમાં સારા - નરસા ભાવ ભળે છે. રમતની ભાષા સાથેની રમત જાણીએ. **રમતાં રમતાં એટલે આસાનીથી, મુશ્કેલીથી અથવા વગર મહેનતે.** રશિયા - યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારે કેટલાક લોકોનું માનવું હતું કે રશિયા યુક્રેનને રમતાં રમતાં ધૂળ ચાટતું કરી દેશે. પણ એ લોકો સાવ ખોટા પડ્યા છે. **રમતારામ** એટલે અત્ર, તત્ર, સર્વત્ર ભટકતી રહેતી વ્યક્તિ. આ પ્રકારના લોકો એક સ્થળે ઝાઝું ટકી નથી રહેતા. વીતરાગી કે રાગદ્વેષ વગરના લોકો માટે પણ રમતારામનું પ્રયોજન કરવામાં આવે છે. આદરણીય કવિ માધવ રામાનુજની એક સરસ કવિતા છે: **આપણે તો ભૈ રમતારામ!** વાયરો આવે - જાય એણે ક્યાંય બાંધ્યાં ના હોય ગામ. વાદળ કેવું વરહે, કેવું ભીંજવે ! એવું ઊગતા દિનું વ્હાલ! આછેરો આવકાર મળે, બે નેણ ઢળે બસ, એટલામાં તો છલકી થાઈ ન્યાલ! સતત પ્રવાસ કરનાર માટે પણ આ પ્રયોગ વપરાય છે. સાધુ તો ચલતા ભલામાં રમતારામ અર્થ જ અભિપ્રેત છે. **રમતું મૂકવું** એટલે છૂટું મૂકવું, બંધનમાં જકડી ન રાખવું. અગાઉ જ્યારે સંયુક્ત પરિવારની પ્રથા વધુ જોવા મળતી હતી ત્યારે બાળક ચાલતું થાય એટલે વડીલો બાળકની માતાને કહેવામાં આવતું કે એને રમતું મૂકી દ્યો. ઘણું બધું જલદી શીખી જશે. **રમાડવું** એટલે પોતાની રમતમાં સામેલ રાખવું, રાજી થાય તેમ સાથે રમવું, રમે તેમ કરવું, પોતે રમવું અને બીજાને તેમાં ભાગ લેવડાવવો. **રમાડ્યું કોઈ ન જાણે, પણ રંડાવ્યું સૌ જાણે** કહેવતનો ભાવાર્થ એવો છે કે માણસ મળેલા ફાયદાને ભાગ્યે જ યાદ કરે છે, પણ થયેલું નુકસાન ક્યારેય ભૂલતો નથી, કાયમ યાદ રાખે છે. **રમત રમાડે રામ** કહેવતમાં ઈશ્વરનું જ ધાર્યું થાય એ ભાવાર્થ છે. અવિનાશ વ્યાસનું મશહૂર ગીત છે ઘડી મળી કાયાની પૂતળીને, માણસ રાખ્યું નામ, આ તો રમત રમાડે રામ. રમત કરવી - રમવી - માંડવી એટલે આનંદ કરવો. બીજો અર્થ એમ પણ છે કે કામની રીતે કામ ન કરતાં તેની સાથે ટાઇમપાસ કરવો કે વખત બગાડવો. **રમત રમવા બોલાવવું** રૂઢિપ્રયોગમાં ખેલકૂદની કોઈ જ વાત નથી. પરણ્યા પછી પહેલીવાર જમાઈને જમવા બોલાવવા એવો અર્થ અભિપ્રેત છે. જોકે, રમત રમવી એટલે યુક્તિપૂર્વક છેતરવું એવો પણ એક અર્થ છે. ભાષા પણ કેવી કેવી **રમત રમે** છે નહીં.

રાષ્ટ્ર ભાષા

## पिताजी की कहावतें

એક ગામમાં રામખિલાવન નામનો માણસ બીમાર પડ્યો. શરૂઆત શરદી - ઉધરસથી થઈ પણ ભાઈએ દરકાર કરી નહીં. પછી તાવ આવ્યો અને માંદગી વધી ગઈ એટલે દવા લેવાનું શરૂ કર્યું. જોકે, સ્વાસ્થ્ય એવું કથળી ગયું કે મોત વહાલું થઈ ગયું. મૃતદેહને અંતિમક્રિયા માટે સ્મશાન લઈ જવો ત્યારે ત્યાં ઘણા લોકો એકઠા થયા હતા. **बरगद के पेड के नीचे बैठे लोग बतिया रहे थे. आठ-दस लोगो का समूह बन गया था और सभी लोग रामखिलावन की ही बात कर रहे थे.** વડના વૃક્ષ નીચે આઠ - દસ લોકોના ગ્રૂપ બની બધા મૃતક રામખિલાવન વિશે જ વાત કરી રહ્યા હતા. **एक आदमी बोला, मैंने तो उसे बताया था की बाजू के गांव के बैद्य से दवा ले आ दो चार दिन में ठीक हो जाएगा. लेकिन वो नहीं गया. यह बात सुनकर दूसरी व्यक्ति बोला, 'भैया होनी बलवान होती है. वैसे तो मुझे अक्सर मिलता था. घर के मामलों में मशवरा भी लेता था. लेकिन उसकी तबीयत ज्यादा खराब हो गई तब मुझे कुछ पता नहीं चला. उसने भी मुझे बुलाया नहीं. मेरे पास तो इस मर्ज की अचूक दवा थी. बहुत से लोग उस दवा से ठीक हुए हैं.'** આ બે જણની વાત સાંભળી ત્રીજી વ્યક્તિએ અને એ પછી ચોથી વ્યક્તિએ પણ ટાપસી પૂરાવી. બીજા ગ્રૂપમાં પણ લોકો પોતપોતાના સુઝાવ આપી રહ્યા હતા. આ બધી વાત શાંતિથી સાંભળી રહેલા એક વડીલને બહુ ગુસ્સો આવી રહ્યો હતો. અચાનક ઊભા થયા અને ઊંચા અવાજે બોલ્યા કે **हाँ आप सभी लोग ठीक कह रहे हो. मरने के बाद वैद्य बहुत हो जाते है.** વડીલની વાત સાંભળી સન્નાટો છવાઈ ગયો.

ENગ્લિશ વિંGLISH

## SPORT IDIOMS



શુક્રવારથી ભારત - ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝનો પ્રારંભ થયો છે. રમત - ખેલકૂદ આજે વ્યાપક સ્તરે જોવા મળે છે. વિવિધ રમતના સંદર્ભમાં ઘણી Sport Idioms જાણીતી છે. એક રૂઢિપ્રયોગ બહુ જ જાણીતો છે કે The ball is in your court. મતલબ કે સામેના પક્ષ સાથે અટકેલી બાબતે નિર્ણય લેવાનો છે. Take the decision. The ball is in your court. બીજો પ્રયોગ છે Blow the competition away. મતલબ કે હરીફાઈમાં કે દલીલબાજીમાં સહેલાઈથી સફળ થવું કે વિજય મળવો.

Opponent is very weak so our team will blow the competition away. પ્રતિસ્પર્ધી ટીમ એટલી નબળી છે કે એને આસાનીથી હરાવી શકાશે. Go to bat for someone રૂઢિપ્રયોગને ક્રિકેટ સાથે કોઈ સંબંધ નથી. એનો સંબંધ બેઝબોલની રમત સાથે છે. કોઈનો બચાવ કરવો કે તરફદારી કરવી એવો એનો ભાવાર્થ છે. Bhaumik is asking for salary rise. If the boss refuses I will bat for him. સમજાઈ ગયું ને. Hold all aces મતલબ કે હાથમાં ચાર એક્કા હોવાની વાત છે અને એક્કા તો પાનાની રમતમાં (કાર્ડ ગેમમાં) જ હોય ને. શરૂઆત કર્યા પહેલા જ વિજય મળવાની કે સફળતાની સંભાવના વધુ હોય ત્યારે આ રૂઢિપ્રયોગનો ઉલ્લેખ કરવામાં આવે છે. Against Zimbabwe cricket team, India holds all the aces. ઝિમ્બાબ્વે વિરુદ્ધ ભારતીય ટીમનું પલડું ભારે રહેશે. Level playing field પ્રયોગ સમજવા જેવો છે. પ્રત્યેક ઉમેદવાર માટે વિજય મેળવવા સરખી તક રહેલી છે એવો એનો ભાવાર્થ છે. The race is a level playing field because all athletes are almost of same age and height. આજનો અંતિમ રૂઢિપ્રયોગ છે To start the ball rolling. મતલબ કે કોઈ વાતની શરૂઆત કરવી, પ્રારંભ કરવો. Please everyone be seated so we can start the ball rolling. બધા બેસી જાય તો આપણે કાર્યક્રમની શરૂઆત કરી શકીએ.

સઅ્ગી બહિણ


## नाकापेक्षा मोती जड

નાક અને મોતીનો સંબંધ શું હોઈ શકે? નાકમાં પહેરવાના ઘરેણાં પૂરતો, બીજો શું? **नाकाचा आणि मोत्याचा संबंध कायम असतो? नाकात घालायच्या नथ किंवा त्यासारख्या दागिने पूरता असतो.** કેટલાક લોકો સોનાનો તાર ગોળ કરી એમાં મોતી પરોવતા હોય છે. ક્યારેક ગફલત થાય તો નાક નાનું હોય, પણ ભૂલમાં મોતી મોટું આવી ગયું હોય તો શું થાય? **अश्या परिस्थितीत नाकापेक्षा मोती जड झालं असं म्हणतात.** મોતીની સાઈઝ જો મોટી હોય તો એ પહેરવામાં પરેશાની થાય. હવે મોતી બેસાડવા માટે નાકનું છિદ્ર મોટું તો ન કરી શકાય ને? એટલે નાક કરતા મોતી મોટું હોય એ હિતની વાત નથી. કહેવતનો ભાવાર્થ એમ છે કે ક્યારેક માણસે સુખ સગવડ માટે લીધેલી વસ્તુઓ ઉપયોગી સાબિત થવાને બદલે તકલીફ આપવા લાગે છે. **म्हणून नाकापेक्षा मोती जड होऊ न देणे यात शहाणपणा आहे.** સગવડ સમસ્યા ન બની જાય એમાં ડહાપણ છે. **जेव्हा एखादा नोकर मालकपेक्षा वरताण होतो आणि मालकालाच नोकराची कामे करावी लागतात तेव्हा म्हणतात नाकापेक्षा मोती जड झाला.** જ્યારે નોકર શેઠ કરતાં વધુ ડાહ્યો કે શાણો બનવાની કોશિશ કરે અને અંતે શેઠે નોકરના કામ કરવાનો વારો આવે ત્યારે આ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# અમે ભીખ માગવાનો શા માટે કોર્સ જોઈન કર્યો?




'તમે લખી રાખો કે આ રીતે તમને એક ફૂટી કોડી ભીખ સાત ભવમાં મળશે નહીં.' રામુ ભિખારીએ અમને તતડાવી નાખ્યા. (અમે એટલે પ્રથમ પુરૂષ માનાર્થે બહુવચન નહીં.) અમે એટલે હું, રાજુ રદી અને બાબુલાલ બબૂચક.

અમે શુક્રવારે સંતોષી માના મંદિરે એપ્રેન્ટીસ કે ઇન્ટર્ન તરીકે ભીખ માગવા ગયેલા. અમે શણનો કોથળો પાથરી તેના પર બેસીને ભીખ માગવાની કોશિશ કરી રહ્યા હતા. સવારના સાત વાગ્યાથી બાર વાગવા છતાં અમને પાઈની પણ બોણી ન થઇ. મંદિરમાં દર્શન કરવા આવનાર ભાવિકો અમારી ત્રણેય સામે જોઇ ને મોં મચકોડતા. દર્શનાર્થી અમારા શકોરામાં કાણી પાઇ નાખ્યા વિના જતા હતા. અમે પ્રયત્નો ન કરતા હતા એવું પણ ન હતું. અમારા પ્રયત્નો પરિણામ સુધી પહોંચતા ન હતા.

'સર, તમે કેમ આવા તારણ પર આવ્યા છો?' અમે હાથ જોડીને રામુ ભિખારીને ભીખભાવે પૂછ્યું .

'મેડિકલ રિપ્રેઝેન્ટેટીવની માફક કોટ પેન્ટ ટાઇ, બૂટ પહેરીને કોથળાસન પર રાજા મહારાજાની જેમ બિરાજ્યા છો તો કયો કાકો તમને રૂપિયોરોડો ભીખ તરીકે આપે? તમે મૂંગામંતર બેઠા છો. તમારે ટોકેટિવ એટલે કે બોલકા બનવું પડે. શું સમજ્યા ડફરો.' રામુ ભિખારીએ આમ કહી બાબુલાલના માથા પર હળવી ટપલી મારી. બાબુલાલ સમસમી ગયા.

'રામુ ધી બોસ, તમે અમને શારીરિક પ્રહાર કર્યા સિવાય ભીખ માગવાનું શિક્ષણ આપો.' બાબુલાલે સહેજ નારાજગીભર્યા અવાજે કહ્યું,

અમે ત્રણેયે IIBમાં એડમિશન લીધું. એ જગતની પ્રથમ 'ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ બેગિંગ' વિદ્યાલયમાં પ્રવેશ લીધો હતો એટલે કે મને ભીખ માગતા આવડે છે કોર્સ કરવા... રામુ ભિખારી એનો ચાન્સેલર છે. અમે તગડી ફી આપી હતી, કારણ કે અમારા ઈરાદા કંઈક વિશેષ હતા....

'જુઓ, આવતી કાલે સોમવાર છે. તમારું પ્રેકટિકલ સેશન મહાદેવના મંદિરે થશે.' રાજુએ અમને સમયસર હાજર રહેવા સૂચના આપી.અમે ત્રણેય ફાટેલ કપડાં પહેરી, જૂતા ગાડીમાં રાખી અડવાણા પગે મંદિરના પ્રાંગણમાં પહોંચ્યા. અમે અમારા ક્લિનશેવ ચહેરા પર અઠવાડિયાની કાબરચીતરી દાઢી ઉગાડેલી. ચહેરો નિસ્તેજ કરવા ચહેરા પર કાજળવું લપેડા કરેલા. અમે ચીપી ચીપીને ઓળેલા વાળ પ્રયત્નપૂર્વક વિખેરી નાખેલ. વિખરાયેલ વાળ અમારા કેવા મસ્ત મસ્ત છે. અમે એક ગીતની પંક્તિ ઉલટાવી નાખી..રામુ સર અમારો હુલિયો જોઇને ઇમ્પ્રેસ થયા.

'અલ્લાહ કે નામ કુછ દે દો. અલ્લાહ તુમ્હારા ભલા કરેંગા.' રાજુએ મહાદેવના મંદિર બહાર બેસી બુલંદ અવાજે ગુહાર લગાવી. લોકો ભડકયા. રાજુ સહિત સૌના વગર ડિટર્જન્ટે ધોલાઈ કરી. રામુ ભીખ ગુરુ સખ્ત નારાજ થયા.

'કમીનો મેરા નામ મિટી મેં મિલા દિયા.' શોલેના ગબ્બરસિંગની જેમ પટો પછાડતાં રામુ ભીખ ગુરુ ચિલ્લાયા. આવો જ ભગો રાજુ રદ્દીએ મસ્જિદની બહાર કર્યો. શુક્રવારની બડી નમાજ બાદ નમાજીઓ ખેરાત કરે છે. એક નમાજીએ રાજુના શકોરામાં કિલો સફરજન નાખ્યા.

'ભગવાન તમારું ભલું કરે.' રાજુ બોલવાનું પૂરું કરે તે પહેલા ઝનૂની નમાજીઓએ રાજુની ધોલાઈ કરી નાખી.

રામુ ભીખાચાર્ય અમને 'મજહબ નહીં શીખાતા ભીખ માગના, ભિખારી હૈ હમ ભિખીસ્તાન હમારા ...' ચુસ્તપણે માનતા હતા. ભીખ મળવાના અમારા ટી વી પ્રોજેક્ટ અનુસાર સોમવાર શિવમંદિર, મંગળવાર માતાજીના મંદિર, બુધવારે દેરાસર, ગુરુવારે ગુરુદ્વારા, શુક્રવારે મસ્જિદ, શનિવારે શનિમંદિર અને રવિવારે ચર્ચ લઇ જતા. ક્યારેક લગ્નવાડી, ક્યારેક દરગાહ પણ લઇ જતા અને ભીખ માગવાની બારીકી શીખવતા હતા. અમે પણ અર્જુન તીરંદાજીમાં પારંગત થયેલ તેમ અમે ભીખંદાજીમાં પારંગત થવા લાગ્યા.

વાંચકોને થશે કે 'બખડજંતર' ચેનલની નોકરી તડકે મુકીને અમે ભીક્ષામ્ દેહીના ઇનોવેશન કે સ્ટાર્ટ અપના રવાડે કેમ ચડ્યા? આ સલાડાના મૂળમાં રાજુ રદી છે.

'બાબુલાલ -ગિરધરલાલ તમે કદી તમારી જિંદગીમાં ૪,૬૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે ચારસો સાંઇઠ કરોડ જોયા છે?'એક દિવસ રાજુએ બાબુલાલની બખોલ ચેમ્બરમાં પૂછ્યું.

'રાજુ, તું કહેવા શું માગે છે?' અમે ઉત્કંઠાથી પૂછ્યું .

'તમે આટલા રૂપિયા કમાવા ઇચ્છો છો?' રાજુએ પૂછ્યું.

અમે બંનેએ હકારમાં ભોડું હલાવ્યું.

'રામુ કરીને એક ભીખજ્ઞ છે. તે મારા પરિચિત છે.' રાજુ આટલું બોલી અમારા પ્રતિભાવ જોવા અટક્યો.

'કરોડો રૂપિયાની કમાણીમાં રામુ ભીખજ્ઞને વચ્ચે કયાં લાવે છે?' અમને રામુ ભીખજ્ઞ કબાબમાં હડી લાગ્યો.

'કમાણીનો એક્સપ્રેસ વે જ રામુ ભીખજ્ઞ છે. આવો જ એક ભરત જૈન કરીને ભીખચક્રવર્તી આઇએએમ કોલકોતાનો રેન્કર સ્ટુડન્ટ છે. એણે ભીખ રેજિમેન્ટ બનાવી.. દરેક પાસેથી તેની કમાણીના વીસ ટકા લેતો હતો. આ રીતે દરરોજ સાત કરોડ રિપીટ સાત કરોડ રૂપિયાની ચણામમરા જેટલી મામૂલી કમાણી કરતો હતો. ભરત જૈનના ઘરે ઇન્કમટેકસે છાપો માર્યો. માત્ર રૂપિયા ૪,૬૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે ચારસો સાંઇઠ કરોડ પૂરા રોકડા મળ્યા!'

બસ, એ જ ક્ષણથી અમે ત્રણેયે ભીખ સેના ઊભી કરી, ભરત જૈન કરતાં ડબલ એટલે કે હજાર કરોડ રૂપિયા કમાવાની ખુજલી ઊપડી અને ભીખ માગવાની તાલીમ લેવી શરૂ કરી. બધું બરાબર પાર ઉતરે તો 'બખડજંતર'નો વીટો વાળી આ ધંધામાં જ આગળ વધવું અને અમે ત્રણેય 'કોશિશ કરનાર કી કભી હાર નહીં હોતી' તેમ સતત બોલીએ છીએ અને 'હમ હોંગેં કામિયાબ એક દિન' ગીત ગાઇએ છીએ. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કળા ને પરંપરાનો સંગમ એટલે કચ્છ...


કલાતીર્થના રમણીકભાઈ ઝાપડિયા

કચ્છ, ગુજરાતના પશ્ચિમ તટે વસેલું એક વિશાળભૂમિ ધરાવતો પ્રદેશ, જે પોતાના વૈવિધ્યસભર ભૂગોળ, સંસ્કૃતિ અને કળાત્મક વારસાથી સમૃદ્ધ છે. અહીંના રણમાં વસેલા સમાજોએ પોતાની રોજિંદી મથામણ, ખમીરી, ધાર્મિકતા અને દિલેરીના આધારે એવી કળાઓ સર્જી છે કે તેના જેવું કોઈ બીજુ ઉદાહરણ ગુજરાતમાં ભાગ્યે જોવા મળે. આવા કચ્છ માટે, ખાસ કરીને જ્યારે તેનું વારસાગત ઐતિહાસિક અને લોકસાંસ્કૃતિક બાબતો વિસ્મૃત થવા પર હોય, ત્યારે કોઈ બહારની વ્યક્તિ કે સંસ્થા એ વારસાને સાચવી દસ્તાવેજીકૃત કરવા નાનકડું પગલું પણ ભરે તો એની કૃતજ્ઞતા દર્શાવવી એ કચ્છવાસીઓની નૈતિક ફરજ બની જાય છે.

આવી એક વિશિષ્ટ યાત્રા કરી છે શ્રી રમણીકભાઈ ઝાપડિયા અને તેમની સંસ્થા કલાતીર્થ ટ્રસ્ટની. જે સુરતથી ઊભી થયેલી સંસ્થા હોવા છતાં, કચ્છના લોકજીવન અને લોકકળાને ઉજાગર કરતાં અભ્યાસપૂર્ણ સુંદર પ્રકાશનો દ્વારા કળા જગત સમક્ષ કચ્છને રજૂ કરે છે.

હમણાં થોડા સમય પહેલા જ વિચાર આવેલો કે કલા તીર્થના ઘણા પ્રકાશન ગ્રંથો કચ્છ પર તૈયાર કરાયા છે. કચ્છનું વૈવિધ્ય તો આમેય અભ્યાસનો મુદ્દો બનવા સક્ષમ છે પણ સાથેસાથે રમણીકભાઈ જેવા અભ્યાસુઓ પણ પ્રમુખતા ધરાવે છે. કચ્છ માટેનો એમનો અભિગમ એક કુતુહલસભર ખજાનાની શોધ જેવો છે. દરિયામાં જેમ મરજીવા છેક તળિયે પહોંચી મોતી શોધી લાવે છે તેમ રમણીકભાઈ પણ કચ્છની અવગણાયેલી વારસાગત કળાઓમાં છુપાયેલું સોનેરી તત્ત્વ શોધી કાઢે છે. તેમનો તાજેતરનો ૨૮મો ગ્રંથ 'કચ્છના આહીરોનું ભરતકામ' એ વાતની સાક્ષી પૂરે છે. અહીં વાત માત્ર 'સૌંદર્યના રસની' નથી, પણ 'સમાજના મૂલ્યની' પણ છે. આહીર સમાજના ભરતકામની અંદર છુપાયેલી ધાર્મિકતા, ભક્તિભાવ, પ્રતીકાત્મકતા અને પૌરાણિકતા જેવી પરતોને શબ્દો અને તસવીરોથી વ્યક્ત કરી છે.

કલાતીર્થ સંસ્થા દ્વારા અત્યાર સુધી પ્રકાશિત થયેલા કલાગંગોત્રી શ્રેણીના ૨૭+ ગ્રંથોમાંથી અનેક ગ્રંથો કચ્છના વિવિધ પાસાં લોકો, કસબો, સ્થાપત્યો અને જીવનશૈલી પર આધારિત છે. આ દસ્તાવેજીકરણ કચ્છના માટે એક ધાર્મિક ગ્રંથ જેવું મૂલ્ય ધરાવે છે.

વિશેષ એ છે કે આ સેવા કોઈ નાણાકીય લાભ કે પ્રતિષ્ઠાની શોધમાં થતી પ્રવૃત્તિ નથી પણ કલા અને સંસ્કૃતિના તીર્થમાં નિર્વિઘ ભક્તિભાવથી કરાતી યાત્રા છે.

આપણે પ્રદેશવાસીઓ ઘણીવાર અંદરથી મોટુંમોટું વિચારી પોતાની વાત જ કરીએ છીએ પણ ક્યારેક બહારથી આવી વ્યક્તિ આપણા અંગે અભ્યાસપૂર્વક પ્રેમ દર્શાવ્યો હોય તો યથાર્થ મૂલ્યાંકન અવસર પણ ક્યારેક આંખો ઉઘાડવા કામ લાગી જાય છે. કલા તીર્થનું દસ્તાવેજીકરણ કર્યું આપણી આવનારી પેઢી માટે શૈક્ષણિક, દૃષ્ટિગત અને સાંસ્કૃતિક સ્તરે પાયક ભાથું સાબિત થશે. અંતે, કચ્છના અનાદિ શૂન્યમાં શબ્દો ભરી પ્રત્યેક ઘરસભ્ય કસબને કથામાં ફેરવવું એ કલામર્મીનું કામ છે અને રમણીકભાઈએ એ કાર્ય નિઃશબ્દપણે સાકાર કર્યું છે.

ભાવાનુવાદ: કચ્છ, ગુજરાત જે આથમણી કોર તે વસલ વિશાડ઼ભૂમિ આય જુકો પિંઢજી આઉગી સંસ્કૃતિ ને કલાસે ભરલ ઉજરે વારસેથી સમૃદ્ધ આય. હિત જે રિણમેં વસંધી કોમ પિંઢજી રોજજી મથામણું, ખમીરી, ધાર્મિકતા ને ધિલેરીજે લીધેં ઍડ઼ી કલાએંજો સર્જન કયો અયો ક જેંજો બ્યો જોટો જડે઼ તીં નાય. ઍડે઼ કચ્છ જે માટે ખાસ કરેને જેર વારસો ક ઇતિહાસજી ક સાંસ્કૃતિજી ભુલાંધે વેંધે મુધે તે કોક બારજો વ્યક્તિ ક સંસ્થા સાચવેલા જેમથ કરે ત પાં કચ્છવાસીએંજી નૈતિક ફરજ થિએતી ક છાબાશી ડીયું.

ઍડ઼ી જ હિકડ઼ી વિશિષ્ટ જાત્રા કેં આય શ્રી રમણીકભાઈ ઝાપડિયા ને ઇનીજી સંસ્થા કલાતીર્થ ટ્રસ્ટ. જુકો સુરતજી હૂંધે છતાં કચ્છજે લોકજીયણ ને લોકકલાકે ઉજાગર કરીંધલ અભ્યાસપૂર્ણ પ્રકાશન ભરાં કલા જગતમેં સજે કચ્છજી છાપ ઊભી ક્યોં અયોં. હેવર થોડા ડીં પેલા જ વિચાર આયો તે ક કલા તીર્થજા ઘણે પ્રકાશન કચ્છ તે તૈયાર થ્યા ઐં. કચ્છજો વૈવિધ્ય ત હૂંઇ અભ્યાસજો મુધો ભનેલા સક્ષમ આય પણ ભેરંઇભેર રમણીકભા જેડ઼ા અભ્યાસુ પણ પિંઢજો માન ધરાઇયેંતા. કચ્છ લા ઇનીજો અભિગમ હિકડે઼ ખજાનેજી શોધ જેડ઼ો આય. ધરિયેમેં જીં મરજીવા તરીયે વિઞીનેં મોતી લજી અચેંતા તીં રમણીકભા જેડ઼ા કલામર્મી કચ્છજી ભુલાંધી વેંધી વારસાગત કલાએંજો તતભ ખોજી અચેંતા. ઇનીજો હેવરજો ૨૮મો ગ્રંથ 'કચ્છના આહીરોનું ભરતકામ' હિન ગ઼ાલજી સાક્ષી પૂરેતો. ભલે હી અનુવાધ કાર્ય આય પ વાચક વર્ગ આઉગો ને કલા સાધક આય ઇતરે અભ્યાસજી કલા સાધના કિઇક સુધી પુજી સગંધી. હિત ગ઼ાલ ખાલી 'સૌંદર્ય રસજી નાય પ સમાજજે મૂલ્યજી પણ આય. આહીર સમાજજો ભરતકમ જેંમેં ધાર્મિકતા, ભક્તિભાવ, પ્રતીકાત્મકતા ને પૌરાણિકતા જેડ઼ી પરતુંજો સબધ ને ફોટેસેં વતાયમેં આવૈ આય.


હેવર સુધી મેં કલાતીર્થ સંસ્થા કલાગંગોત્રી શ્રેણીમેં ૨૭ ગ્રંથેજો પ્રકાશન કેં આય જેમેં કચ્છજા વિવિધ પાસાં લોક, કસબ ને જીવનશૈલી તે આધારિત ગ્રન્થ પાંકે જુડ઼્યા ઐં. અને રમણી ભા હી કમ નાણાકીય લાભ ક પ્રતિષ્ઠાલા ન પ કલા જે સંવર્ધન લા કરીંયેંતા. ઇનીકે જજી જજી વધાઇયું. ■

# રિષભ પંત ટી-૨૦ના મિજાજમાં રમ્યો, ભારતનો દાવ ૪૭૧ રન પર સમેટાયો

## ત્રણ સેન્ચુરિયનનું કુલ ૩૮૨ રનનું યોગદાન, બીજા પાંચ બૅટ્સમેને બનાવ્યા ફક્ત ૫૪ રન

લીડ્સઃ ભારતે અહીં ગઈ કાલે પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં બીજા દિવસે પણ સારી શરૂઆત કર્યા બાદ લંચ પહેલાં ધબડકો જોયો હતો અને લંચ બાદ દાવ ૪૭૧ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો. ત્યાર બાદ વરસાદને કારણે ઇંગ્લૅન્ડનો પ્રથમ દાવ સમયસર શરૂ નહોતો થઈ શક્યો. જોકે થોડી વાર પછી રમત શરૂ થઈ અને ઇંગ્લૅન્ડે પહેલી જ ઓવરમાં ઓપનર ઝૅક ક્રૉવ્લી (ચાર રન)ની વિકેટ ગુમાવ્યા બાદ ટી-ટાઇમ સુધીમાં એક વિકેટે ૧૦૭ રન કર્યા હતા. ઓપનર બેન ડકેટે ૧૪મી હાફ સેન્ચુરી ફટકારી હતી. તે ૫૩ રન પર રમી રહ્યો હતો. તેની સાથે ઑલી પોપ ૪૮ રને દાવમાં હતો. બુમરાહ પહેલી જ ઓવરમાં ત્રાટક્યો હતો ક્રૉવ્લી (૪)ને આઉટ કર્યો હતો, પણ ડકેટ-પોપ વચ્ચે ૧૦૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

શુક્રવારના પહેલા દિવસના અંત સુધીના ૩/૩૫૯ના સ્કોર પરથી ટીમ ઇન્ડિયાએ શનિવારે રમવાનું શરૂ કર્યું હતું અને ફરી દિવસની સારી શરૂઆત કર્યા બાદ ધબડકો જોવો પડ્યો હતો. જોકે રિષભ પંત (૧૩૪ રન, ૧૭૮ બૉલ, છ સિક્સર, બાર ફોર) લંચ પહેલાંના સત્રનો સ્ટાર-અટ્રૅક્શન હતો. તે ટેસ્ટ મૅચમાં ટી-૨૦ મોડમાં રમ્યો હતો અને તેણે કેટલાક વિક્રમો રચ્યા હતા.


રિષભ પંતે શનિવારે સેન્ચુરી ફટકાર્યા પછી સમરસૉલ્ટ-ફ્રન્ટ ફ્લિપની સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું હતું.

ભારતનો સ્કોર એક તબક્કે ત્રણ વિકેટે ૪૩૦ રન હતો, પણ બીજા ૪૧ રનમાં બાકીની સાતેય વિકેટ પડી ગઈ હતી. ઇંગ્લૅન્ડના કૅપ્ટન બેન સ્ટૉક્સે ૬૬ રનમાં ચાર અને બીજા પેસ બોલર જૉશ ટન્ગે ૮૬ રનમાં ચાર વિકેટ લીધી હતી.

ભારતના ત્રણ સેન્ચુરિયનો (યશસ્વી જયસ્વાલ-૧૦૧ રન, શુભમન ગિલ-૧૪૭ રન અને રિષભ પંત-૧૩૪ રન)એ કુલ મળીને ૩૮૨ રન કર્યા હતા, પરંતુ જેમના પર બૅટિંગમાં મોટો મદાર હતો એ પાંચ બૅટ્સમેનો (કેએલ રાહુલ, સાઇ સુદર્શન, કરુણ નાયર, રવીન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર)એ કુલ મળીને ફક્ત ૫૪ રન કરી શક્યા હતા.

રાહુલે શુક્રવારે ૪૨ રનનું સાધારણ યોગદાન આપ્યું હતું, પરંતુ સુદર્શન (૦), કરુણ નાયર (૦), જાડેજા (૧૧) અને શાર્દુલ (૧)એ નિરાશ કર્યા હતા. સુદર્શનની આ પહેલી જ ટેસ્ટ છે અને કરુણ નાયર સાત વર્ષે ફરી ભારતીય ટીમમાં આવ્યો છે. જોકે તેઓ શૂન્યમાં આઉટ થયા હતા.

બુમરાહ શૂન્યમાં આઉટ થયો હતો, જ્યારે મોહમ્મદ સિરાજના નામે અણનમ ત્રણ રન હતા અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ એક રન કર્યો હતો.

ટીમ ઇન્ડિયાને ૩૧ રન એક્સ્ટ્રા તરીકે મળ્યા હતા જેમાં પાંચ રન પેનલ્ટીના હતા. શુક્રવારે વિકેટકીપરની પાછળ રાખવામાં આવેલી ફીલ્ડર્સની બે હેલ્મેટને બૉલ લાગતાં ભારતને વધારાના એ પાંચ રન મળ્યા હતા. ■

# રિષભ પંતે ધોનીનો વિક્રમ તોડ્યો

લીડ્સઃ ભારતના વાઇસ-કૅપ્ટન અને વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતે શનિવારે ઇંગ્લૅન્ડ સામે સિરીઝની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં સદી ફટકારીને મહેન્દ્રસિંહ ધોનીનો વિક્રમ તોડ્યો હતો. પંત ભારતીય વિકેટકીપરોમાં સૌથી વધુ ટેસ્ટ-સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે. પંતે સાતમી સેન્ચુરી કરીને ધોનીનો છ સદીનો રેકૉર્ડ તોડ્યો હતો. પંતે સદી પૂરી કર્યા પછી સમરસૉલ્ટ (ફ્રન્ટ-ફ્લિપ)ની સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું હતું.

પંતે બ્રિટિશ સ્પિનર શોએબ બશીરના બૉલમાં સિક્સર ફટકારીને સાતમી સેન્ચુરી પૂરી કરી હતી. તેણે ૧૭૮ બૉલમાં છ સિક્સર અને બાર ફોરની મદદથી ૧૩૪ રન કર્યા હતા. ધોનીએ ૯૦ ટેસ્ટમાં છ સદી અને ૩૩ અડધી સદીની મદદથી ૪,૮૭૬ રન કર્યા હતા. તેના આ રન ભારતના વિકેટકીપર-બૅટ્સમેનોમાં સૌથી વધુ છે. પંતે ૪૪ ટેસ્ટમાં સાત સદી અને ૧૫ હાફ સેન્ચુરી સાથે ૩,૦૦૦ રન પૂરા કર્યા હતા.

પંતે ૨૦૨૪ના સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ સામે સદી નોંધાવી ત્યાર પછીની તેની આ પહેલી જ સેન્ચુરી છે.

ભારતીયોમાં સૌથી વધુ સેન્ચુરી કરનાર વિકેટકીપર્સમાં પંત અને ધોની પછી વૃદ્ધિમાન સાહા ત્રણ સદી સાથે ત્રીજા



નંબરે છે. સમગ્ર ક્રિકેટ જગતના ટેસ્ટ વિકેટકીપર્સમાં ઍડમ ગિલક્રિસ્ટ ૧૭ સદી સાથે મોખરે અને ઍન્ડી ફ્લાવર (૧૨) બીજા ક્રમે છે. ■

# યશસ્વી, ગિલ, પંતની સેન્ચુરી સાથે ટીમ ઇન્ડિયા નવા યુગમાં

## જયસ્વાલે ત્રણ દેશમાં ડેબ્યૂ ટેસ્ટમાં ફટકારી સદીઃ અનોખો વિશ્વવિક્રમ કર્યો

લીડ્સઃ શુભમન ગિલના સુકાનમાં ભારતની યુવા ટેસ્ટ ટીમે શુક્રવારે અહીં યજમાન ઇંગ્લૅન્ડને પાંચ મૅચવાળી સિરીઝની પ્રથમ ટેસ્ટના પહેલા જ દિવસે પરચો બતાવી દીધો હતો. ટીમ ઇન્ડિયાએ શુક્રવારે ઇંગ્લૅન્ડમાં ૩/૩૫૯નો જે સ્કોર નોંધાવ્યો એ ઇંગ્લૅન્ડમાં ભારતીયોએ અત્યાર સુધીમાં રમેલી ટેસ્ટ મૅચોના પ્રથમ દિવસનો હાઈએસ્ટ સ્કોર છે. ભારતીય બૅટ્સમેનોએ ત્રણ વર્ષ જૂનો રેકોર્ડ (૨૦૨૨માં ૭/૩૩૮) તોડી નાખ્યો છે.

યશસ્વી જયસ્વાલ (૧૦૧ રન, ૧૫૯ બૉલ, એક સિક્સર, સોળ ફોર) ત્રણ મોટા દેશમાં રમેલી પોતાની પહેલી જ ટેસ્ટમાં સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે. આ પહેલાં તેણે વેસ્ટ ઇન્ડીઝમાં (૨૦૨૧માં ૧૭૧ રન) અને ઑસ્ટ્રેલિયામાં (૨૦૨૪માં ૧૬૧ રન) પોતાની પ્રથમ ટેસ્ટમાં સેન્ચુરી નોંધાવી હતી. યશસ્વી વેસ્ટ ઇન્ડિઝ, ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડમાં રમેલી કારકિર્દીની પહેલી જ ટેસ્ટમાં સદી ફટકારનાર વિશ્વનો પહેલો જ ખેલાડી બન્યો છે.

કૅપ્ટન શુભમન ગિલ (૧૪૭ રન) કૅપ્ટન તરીકેની પહેલી જ ટેસ્ટમાં સદી ફટકારનાર ભારતનો પાંચમો સુકાની બન્યો છે. તે વિજય હઝારે, સુનીલ ગાવસકર, દિલીપ વેન્ગસરકર અને વિરાટ કોહલીની હરોળમાં થઈ ગયો હતો.

શુભમન ગિલની આ છઠ્ઠી અને એશિયાની બહાર પ્રથમ સદી હતી. આ પહેલાં એશિયાની બહાર તેનો હાઇએસ્ટ સ્કોર ૯૧ રન હતો જે રન તેણે ૨૦૨૧માં ઑસ્ટ્રેલિયામાં કર્યા હતા. ■

# બૂટના મોજાને લીધે ગિલ સામે શિસ્તભંગ બદલ પગલું ભરાશે?

લીડ્સઃ શુભમન ગિલે ભારતીય ટેસ્ટ ટીમને નવા યુગમાં ધમાકેદાર પ્રવેશ અપાવ્યો છે, તે કૅપ્ટન તરીકેની ડેબ્યૂ મૅચમાં ભારતીય વિક્રમ કર્યો છે અને ભારતીય ટીમને ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં તોતિંગ સ્કોર તરફ મોકલવામાં સૌથી મોટું યોગદાન આપ્યું છે, પરંતુ એક વિચિત્ર કારણસર આઇસીસી તેને પેનલ્ટી કરી શકે એવો અહેવાલ શુક્રવારે વાઇરલ થયો હતો.

વાત એવી છે કે શુક્રવારે લીડ્સમાં ટેસ્ટના પ્રથમ દિવસે ગિલ કાળા રંગના મોજાં પહેરીને રમ્યો હતો. સામાન્ય રીતે ખેલાડીઓ ટેસ્ટના સફેદ ડ્રેસ સાથે ખેલાડીએ સફેદ રંગના જ મોજાં પહેરતા હોય છે, પણ ગિલે બ્લૅક સૉક્સ પહેર્યાં હતાશ.

ગિલે આઇસીસીના ક્લોધિંગ ઍન્ડ ઇક્વિપમેન્ટ રુલ્સનો ભંગ કર્યો હોવાનું મનાય છે. આ નિયમ ક્રિકેટના કાયદા ઘડતી મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)એ બનાવ્યો છે.

૨૦૨૩ની સાલથી અમલમાં આવેલી આઇસીસીની કલમ ૧૯.૪૫ મુજબ ટેસ્ટ ખેલાડી




શુભમન ગિલે સફેદ, ક્રીમ અથવા લાઇટ ગ્રે કલરનાં મોજાને બદલે કાળા રંગના મોજાં પહેર્યાં એટલે નજરમાં આવી ગયો.

માત્ર સફેદ, ક્રીમ અથવા લાઇટ ગ્રે કલરના જ મોજાં પહેરી શકે છે. મર્યાદિત ઓવર્સની મૅચોમાં રમતા ખેલાડીઓ જે ડ્રેસ પહેરીને રમે એના ટ્રાઉઝરના બેઝ કલરને બંધબેસે એવા જ રંગના મોજાં પહેરી શકે છે.

વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ બૅટ્સમૅન રિચી રિચર્ડસન આ ટેસ્ટના મૅચ-રેફરી છે અને તેઓ ગિલ સામે પગલું ભરશે કે નહીં એ તેમના પર નિર્ભર છે. જો ગિલે લેવલ-૧ પ્રકારનો ભંગ કર્યો હશે તો તેની મૅચ ફીમાંથી ૧૦થી ૨૦ ટકા હિસ્સો કપાઈ શકે. જોકે ગિલે નિયમ મુજબના રંગના મોજાં ઉપલબ્ધ ન હોવાથી કે ફિટ ન હોવાને કારણે નહીં પહેર્યાં હોય તો મૅચ રેફરી તેને માફ પણ કરી શકે છે. ■

# રાહુલે કેમ રિષભ પંત સામે હાથ જોડવા પડ્યા?

લીડ્સઃ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ધમાકેદાર ટેસ્ટ સિરીઝનો પ્રારંભ થયો છે અને ઈંગ્લેન્ડે ટોસ જિતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું. જાણે આ જ મોકાની રાહ જોતા હોય એમ ટીમ ઈન્ડિયાના બૅટ્સમેનો ઇંગ્લૅન્ડના બોલર્સ પર વરસી પડ્યા. ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ અને કેપ્ટન શુભમન ગિલે સદી ફટકારી હતી અને ગઈ કાલે રિષભ પંતે પણ સ્ફોટક સદી ફટકારી દીધી છે.

જોકે, આ બધા વચ્ચે સોશિયલ મીડિયા પર ડ્રેસિંગ રૂમનો એક ફોટો વાઈરલ થયો જેમાં રિષભ પંતને જોઈને કેએલ રાહુલ હાથ જોડતો જોવા મળી રહ્યો હતો. આ ફોટો જોઈને નેટિઝન્સ ચોંકી ઉઠ્યા છે. આવું જોઈએ આખરે પંતે એવું શું કરવું પડ્યું કે કેએલ રાહુલે હાથ જોડવા પડ્યા?

પહેલાં જ દિવસે બેટિંગ કરી રહેલી



ટીમ ઈન્ડિયા દમદાર શરૂઆત કરીને સ્કોર બોર્ડ પર ત્રણ વિકેટે ૩૫૯ રન ખડકી દીધા હતા. જ્યારે યજમાન ઈંગ્લેન્ડ ભારતના ત્રણ બેટ્સમેનને આઉટ કરવામાં સફળ પણ રહ્યું. ઈંગ્લેન્ડની ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ બે વિકેટ લીધી હતી, જ્યારે બ્રાયડન કાર્સે એક વિકેટ લીધી હતી. કેએલ રાહુલ ૪૨ રન બનાવીને આઉટ થયો, જ્યારે સાઈ સુદર્શન ડેબ્યુ મેચમાં ખાતુ પણ ખોલી શક્યો નહીં. જયસ્વાલે ૧૦૧ રન બનાવીને પોતાની વિકેટ ગુમાવી દીધી હતી.

ગિલ અને જયસ્વાલની સેન્ચુરી બાદ રિષભ પંતે પોતાનો 'પંત સ્પેશિયલ શો' દેખાડતા હાફ સેન્ચુરી ફટકારી દીધી હતી. પંતને વિદેશી પિચ માટે ટીમ ઈન્ડિયાનો કિંગ માનવામાં આવે છે. આ વખતે પણ તે દર્શકો અને ટીમની અપેક્ષા પર ખરો ઉતર્યો હતો અને બીજા દિવસે એટલે ગઈ કાલે તેણે પોતાની સદી પૂરી કરી હતી.

શુક્રવારે નૉટઆઉટ રહેલા પંતનું ડ્રેસિંગ રૂમમાં જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. કેએલ રાહુલે ગિલને ગળે લગાવીને હાથ મિલાવીને શુભેચ્છા આપી હતી, પરંતુ પંતને જોતા જ તે પંતને હાથ જોડવા લાગ્યો હતો. ■

# સંજય બાંગડની પુત્રીની બીસીસીઆઇ, આઇસીસીને વિનંતીઃ 'મને મહિલા ક્રિકેટમાં રમવા દો'

મુંબઈઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર સંજય બાંગડના પુત્ર આર્યને તાજેતરમાં જ જાતિ-પરિવર્તન કરાવ્યું છે અને પુરુષમાંથી સ્ત્રી બન્યાના થોડા જ અઠવાડિયામાં તેણે બીસીસીઆઇ તથા આઇસીસીને વિનંતી કરી છે કે તેને હવે મહિલા ક્રિકેટમાં રમવાની છૂટ આપવામાં આવે.

આર્યન બાંગડ હવે અનાયા બાંગડ થઈ ગઈ છે. તે ટ્રાન્સજેન્ડર છે અને તેણે વિનંતી કરી છે કે ટ્રાન્સજેન્ડરને વિમેન્સ ક્રિકેટમાં રમવાની છૂટ મળવી જોઈએ. આ વિશે તેણે આઠ પાનાંનો સાયન્ટિફિક રિપોર્ટ પણ શૅર કર્યો છે. એ રિપોર્ટમાં અનાયાએ હૉર્મોન રિપ્લેસમેન્ટ થેરપી (એચઆરટી) કરાવ્યા બાદ જાતિ પરિવર્તનમાં જે પ્રગતિ કરી છે એ



જણાવાયું છે.

૨૩ વર્ષની અનાયા બાંગડે ઇન્સ્ટાગ્રામ પરના વીડિયોમાં જણાવ્યું છે કે તેણે પોતાના ફિટનેસ-લેવલના વિશ્લેષણ માટે મૅન્ચેસ્ટર મેટ્રોપૉલિટન યુનિવર્સિટી સાથે સંકલન કર્યું છે. આ વિશ્લેષણ સ્નાયુ-શક્તિ, ઑક્સિજન લેવલ તથા સહનશક્તિને લગતું છે.

અનાયા બાંગડે બીસીસીઆઇ અને આઇસીસીને જણાવ્યું છે કે 'હું હવે શારીરિક રીતે સિસ્જેન્ડર મહિલા ઍથ્લીટની બરાબરીમાં આવી ગઈ છે. આ રિપોર્ટ કોઈ મંતવ્ય નથી, મારા શરીરમાં કેવો ફેરફાર આવ્યો છે એનો વાસ્તવિક ડૅટા છે. વિજ્ઞાન કહે છે કે હું હવે મહિલા ક્રિકેટ રમવાને પાત્ર છું. શું આ વિશ્વ આ સત્ય સ્વીકારવા તૈયાર છે ખરું?'

હાલમાં ટ્રાન્સજેન્ડર ખેલાડીઓને આઇસીસીના નિયમો હેઠળ મહિલા ક્રિકેટમાં રમવાની છૂટ નથી. ■

# નીરજે પેરિસમાં રચ્યો ઈતિહાસ

પૅરિસઃ ડાયમંડ લીગ ૨૦૨૫માં ભારતના જાણીતા ઍથ્લીટ નીરજ ચોપડાએ શાનદાર પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું છે. તેણે ભાલાફેંકની હરીફાઈમાં ૮૮.૧૬ મીટરનો શાનદાર થ્રો ફેંકીને પહેલું સ્થાન મેળવ્યું છે, તેણે તમામ ખેલાડીઓને પાછળ છોડી દીધા હતા. નીરજની આ સફળતાએ ભારતીય ખેલજગતમાં એક નવી ઉત્તેજના ફેલાવી છે.

નીરજે પોતાની પહેલા પ્રયાસમાં ભાલો ૮૮.૧૬ મીટર દૂર ફેંકીને બધાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. સ્પર્ધામાં તેનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હતું. બીજા પ્રયાસમાં તેમણે ૮૫.૧૦ મીટરનો થ્રો બતાવ્યો હતો, પરંતુ ત્યાર બાદના ત્રણ પ્રયાસ ફાઉલ થયા હતા. છેવટના છઠ્ઠા પ્રયાસમાં તેનો થ્રો ૮૨.૮૯ મીટરનો હતો. જર્મનીના જુલિયન વેબર, જેણે અગાઉ નીરજને હરાવ્યો હતો, તેનો સર્વશ્રેષ્ઠ થ્રો ૮૫.૧૦ મીટરનો રહ્યો, જેથી તેને બીજું સ્થાન મળ્યું. ત્રીજું સ્થાન બ્રાઝિલના લુઈઝ મોરિશિયો ડા સિલ્વાએ ૮૬.૬૨ મીટરના થ્રો સાથે મેળવ્યું. ■

## દેશ વિદેશ

# નેટ ડાયરેક્ટ ટેક્સનું કલેકશન ઘટ્યું

નવી દિલ્હી : આ નાણાકીય વર્ષમાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેકશન ૪.૫૯ લાખ કરોડ રૂપિયાનું રહ્યું છે જે ગયા વર્ષના આ જ સમયગાળા સાથેના આંકડા સાથે સરખામણી કરવામાં આવે તો ૧.૩૯ ટકા ઓછું છે.

સરકારે શનિવારે બહાર પાડેલી આંકડાકીય માહિતી પ્રમાણે એડવાન્સ ટેક્સના કલેકશનની વૃદ્ધિ ધીમી પડી છે. એડવાન્સ ટેક્સ કલેકશન એપ્રિલ ૧-થી ૧૯ જૂન ૨૦૨૫ સુધી ૩.૮૭ ટકા જ વધીને ૧.૫૬ લાખ કરોડ થયું છે. ૨૦૨૪ના આ જ સમયગાળામાં એડવાન્સ ટેક્સ કલેકશન ૨૭ ટકા વધ્યું હતું.

પહેલી એપ્રિલથી ૧૯ જૂન ૨૦૨૫ના સમયગાળામાં કોર્પોરેટ ટેક્સ કલેકશનમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો જે ૧.૭૩ લાખ કરોડ નોંધાયું હતું. આ વર્ષવાર પ્રમાણે જોઈએ તો પાંચ ટકાનો ઘટાડો બતાવે છે.

નોન-કોર્પોરેટ ટેક્સ કલેકશનમાં ૦.૭ ટકાનો નજીવો વધારો નોંધાયો છે જે ૨.૭૩ લાખ કરોડ રહ્યું છે. આમાં મુખ્યત્વે વ્યક્તિગત આવક વેરાનો સમાવેશ થાય છે. સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સનું કલેકશન ઉપરના સમયગાળામાં ૧૨ ટકા વધીને ૧૩,૦૧૩ કરોડ રૂપિયા થયું છે.

પહેલી એપ્રિલથી ૧૯ જૂન ૨૦૨૫ના સમયગાળામાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેકશન ૪.૫૯ લાખ કરોડનું રહ્યું છે જે ગયા વર્ષના આ જ સમયગાળા સાથેના આંકડા સાથે સરખામણી કરવામાં આવે તો ૧.૩૯ ટકા ઓછું છે. રિફન્ડ જારી કરવાનું નાણાકીય વર્ષમાં ૫૮ ટકા વધીને રૂ. ૮૬,૩૮૫ કરોડ થયું હતું.

ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી ૫.૪૫ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. વર્ષવાર પ્રમાણે જોઈએ તો આમાં ૪.૮૬ ટકાનો વધારો થયો છે. કોર્પોરેટ ટેક્સમાં એડવાન્સ ટેક્સ કલેકશન ૫.૮૬ ટકા વધીને ૧.૨૨ લાખ કરોડ રૂપિયા થયું છે. બીજી બાજુ નોન-કોર્પોરેટ ટેક્સ કલેકશન ૨.૬૮ ટકા ઘટીને ૩૩,૯૨૮ કરોડ રૂપિયા રહ્યું હતું.

એડવાન્સ ટેક્સ કલેકશન એપ્રિલ એકથી ૧૯ જૂન ૨૦૨૫ સુધી ૩.૮૭ ટકા જ વધીને ૧.૫૬ લાખ કરોડ થયું છે.

# ભારત ઈરાનમાં રહેલા તમામ ભારતીય, નેપાળ અને શ્રીલંકાના નાગરિકોને બહાર કાઢી રહ્યું છેઃ દૂતાવાસ

તહેરાનઃ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે શનિવારે અહીંના ભારતીય મિશને જણાવ્યું હતું કે ભારત ઈરાનમાંથી તેના, નેપાળ અને શ્રીલંકાનાં તમામ નાગરિકોને બહાર કાઢી રહ્યું છે.

એક્સ પરની એક પોસ્ટમાં અહીંના ભારતીય દૂતાવાસે ઈમરજન્સી સંપર્ક નંબરો અને ટેલિગ્રામ ચેનલની લિંક જાહેર કરી છે.

નીચે આપેલા ટેલિગ્રામ ચેનલ પર અથવા ઈમરજન્સી સંપર્ક નંબરો પર દૂતાવાસનો સંપર્ક કરી શકાય છે. +૯૮૯૦૧૦૧૪૪૫૫૭, +૯૮૯૧૨૮૧૦૯૧૧૫ +૯૮૯૧૨૮૧૦૯૧૦૯, એમ તેમાં કહેવામાં આવ્યું છે.

બીજી પોસ્ટમાં, દૂતાવાસે કહ્યું હતું કે તેના સ્થળાંતરના પ્રયાસોમાં નેપાળ અને શ્રીલંકાના નાગરિકોને પણ આવરી લેવામાં આવશે.

''નેપાળ અને શ્રીલંકાની સરકારની વિનંતી પર ઈરાનમાં ભારતીય દૂતાવાસના સ્થળાંતરના પ્રયાસોમાં નેપાળ અને શ્રીલંકાના નાગરિકોને પણ આવરી લેવામાં આવશે, તેમાં કહેવામાં આવ્યું છે.

''નેપાળ અને શ્રીલંકાના નાગરિકો તાત્કાલિક ટેલિગ્રામ ચેનલ પર અથવા ઇમરજન્સી સંપર્ક નંબરો પર દૂતાવાસનો સંપર્ક કરી શકે છે. +૯૮૯૦૧૦૧૪૪૫૫૭; +૯૮૯૧૨૮૧૦૯૧૧૫; +૯૮૯૧૨૮૧૦૯૧૦૯,'' એમ તેમાં ઉમેર્યું હતું.

ભારતે બુધવારે ઇઝરાયલ સાથેના સંઘર્ષમાં કોઈ ઘટાડો થવાના સંકેત ન મળ્યા બાદ ઈરાનથી તેના નાગરિકોને બહાર કાઢવા માટે ''ઑપરેશન સિંધુ'' શરૂ કરવાની જાહેરાત કરી હતી.

સંઘર્ષ બીજા અઠવાડિયામાં પ્રવેશી ગયો છે. શનિવારે વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઑપરેશન સિંધુ હેઠળ અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ ભારતીય નાગરિકો ઈરાનથી ઘરે પરત ફર્યા છે.

# બિહાર સરકારે વૃદ્ધાવસ્થા અને વિધવા પેન્શનમાં દર મહિને ₹ ૭૦૦નો વધારો કર્યો

પટનાઃ બિહાર સરકારે વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને દિવ્યાંગ લોકોના પેન્શનમાં દર મહિને ૭૦૦ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ માહિતી રાજ્યના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે શનિવારે આપી હતી.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે લાભાર્થીઓને જુલાઇથી ૧,૧૦૦ રૂપિયાનું વધારાનું પેન્શન મળશે. કુમારે એક્સ પર કહ્યું કે મને તમને જણાવતા આનંદ થાય છે કે સામાજિક સુરક્ષા પેન્શન યોજના હેઠળ હવે તમામ વૃદ્ધો, દિવ્યાંગો અને વિધવા મહિલાઓને દર મહિને ૪૦૦ રૂપિયાને બદલે ૧૧૦૦ રૂપિયા પેન્શન મળશે. બધા લાભાર્થીઓને જુલાઇથી વધેલા દરે પેન્શન મળશે. પેન્શનની રકમ દર મહિનાની ૧૦ તારીખે તમામ લાભાર્થીઓના ખાતામાં મોકલવામાં આવશે. મુખ્ય પ્રધાને જણાવ્યું કે રાજ્યમાં પેન્શન યોજનાના લાભાર્થીઓની કુલ સંખ્યા ૧.૦૯ કરોડથી વધુ છે. વૃદ્ધ લોકો સમાજનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને તેમનું ગૌરવપૂર્ણ જીવન અમારી ટોચની પ્રાથમિકતા છે. રાજ્ય સરકાર આ દિશામાં પ્રયાસો ચાલુ રાખશે. થોડા મહિનામાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી આ નિર્ણય મહત્ત્વપૂર્ણ બની રહ્યો છે. જે સામાજિક સુરક્ષા કાર્યક્રમો હેઠળ પેન્શનમાં વધારો કરવામાં આવ્યો છે તેમાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગતા પેન્શન યોજના, લક્ષ્મીબાઇ સામાજિક સુરક્ષા પેન્શન યોજના, અને મુખ્ય પ્રધાન વૃદ્ધજન પેન્શન યોજનાનો સમાવેશ થાય છે. ■

# ભારતીય ધરતી પર આતંકવાદી હુમલો પાકિસ્તાનને ભારે પડશેઃ રાજનાથ સિંહ

ઉધમપુર : ઑપરેશન સિંદૂર હજી પૂરું થયું ન હોવાથી અને ભારત આતંકવાદ સામે પગલાં ભરવા તૈયાર હોવાથી ભારતીય ધરતીમાં હવે કોઈ નવો આતંકવાદી હુમલો થશે તો પાકિસ્તાનને ગંભીર પરિણામો ભોગવવા પડશે, એવી ચેતવણી ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે આપી હતી.

સંરક્ષણ પ્રધાને આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે ઉધમપુરસ્થિત નોર્ધર્ન કમાન્ડમાં જવાનો સાથે યોગ કર્યા બાદ તેમને સંબોધિત કરતાં કહ્યું હતું કે ઑપરેશન સિંદૂરે પાકિસ્તાનને એવો સંદેશ આપ્યો હતો કે પાકિસ્તાનની 'હજાર જખમ' દેવાની નીતિ ભારત સામે સફળ નહીં થાય. લશ્કરી વડા ઉપેન્દ્ર દ્વિવેદીની હાજરીમાં રાજનાથ સિંહે કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર હજી પૂરું થયું નથી. અમે પાકિસ્તાનને કહ્યું છે કે તે ભારત સામેનો આતંકવાદ ચાલુ રાખશે તો ભારત સાંખી નહીં લે અને આનો જવાબ ઘણો ખરાબ હશે. ભારતનાં લશ્કરી દળોએ ઑપરેશન સિંદૂર હેઠળ છ અને સાત મે વચ્ચેની રાતમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના આતંકવાદી માળખા પર ત્રાટક્યા હતા. ■




૨૦૨૯માં તમારી ભૂમિકા શું એ સવાલ પર નીતિન ગડકરીનો જવાબ...


# પિક્ચર અભી બાકી હૈ...

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ શનિવારે ૨૦૨૯ની (સામાન્ય ચૂંટણીઓ)માં તેમની ભૂમિકા પરના સવાલનો જવાબ આપતાં એવો દાવો કર્યો કે છેલ્લા અગિયાર વર્ષમાં જે જોવા મળ્યું તે તો ફક્ત એક 'ન્યૂઝ રીલ' હતી અને 'વાસ્તવિક ફિલ્મ' હજુ આવવાની બાકી છે. તેમણે શાહરુખ ખાનના ડાયલોગ કે પિક્ચર અભી બાકી હૈ જેવો જ ડાયલોગ ફટકાર્યો હતો.

જોકે, ભાજપના વરિષ્ઠ નેતાએ તરત જ એવી સ્પષ્ટતા કરી દીધી હતી કે પાર્ટી તેના કાર્યકરો માટેની જવાબદારીઓ નક્કી કરે છે અને ઉમેર્યું હતું કે તેમને પાર્ટી જે જવાબદારી સોંપશે તેના મુજબ તેઓ કામ કરશે.

'અભી તક જો હુઆ હૈ વો તો ન્યૂઝ રીલ થી. અસલી ફિલ્મ શરૂ હોના અભી બાકી હૈ (તમે અત્યાર સુધી જે જોયું છે તે ફક્ત એક ન્યૂઝ રીલ છે, વાસ્તવિક ફિલ્મ હજુ શરૂ થવાની બાકી છે),' એમ તેમણે નરેન્દ્ર મોદીની સરકારના અગિયાર વર્ષ નિમિત્તે જાણીતા પત્રકાર ઉદય નિરગુડકર સાથેના ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું.

'પક્ષ કાર્યકર્તાઓ માટેની જવાબદારીઓ અને તેઓ શું કામ કરશે તે નક્કી કરે છે. મને જે પણ જવાબદારી સોંપવામાં આવશે તે હું નિભાવીશ,' એમ ગડકરીએ ભાર મૂકતા કહ્યું હતું અને ઉમેર્યું હતું કે, પોતે ક્યારેય પોતાનો રાજકીય બાયોડેટા પ્રકાશિત કર્યો નથી અને



તેમણે ક્યારેય સમર્થકોને એરપોર્ટ પર તેમના માટે ભવ્ય સ્વાગત કાર્યક્રમોનું આયોજન કરવા કહ્યું નથી.

ગડકરી કહ્યું હતું કે તેમની વ્યક્તિગત ઇચ્છા વિદર્ભમાં ખેડૂતોની આત્મહત્યા રોકવા માટે કામ કરવાની છે.

'આજકાલ, હું રસ્તાનાં કામો કરતાં કૃષિ અને અન્ય સામાજિક પહેલો પર વધુ કામ કરું છું,' એમ કેન્દ્રીય (જુઓ પાનું ૪) ▶▶

# જળસંકટ ટળ્યુંઃ સાત જળાશયોમાં ૯૨ દિવસનું પાણી જમા થયું

## રિઝર્વ ક્વૉટામાંથી પાણી પુરવઠો લેવાનું બંધ કરાયું

મુંબઈઃ મુંબઈને પાણી પુરવઠો કરતા સાતેય જળાશયોમાં શુક્રવારે સવાર સુધી ૩.૬૪ લાખ મિલ્યન લિટર (એમએલ) અથવા જળાશયોની ક્ષમતાના ૨૫ ટકા પાણી જમા થયું હતું. શનિવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં જળાશયોમાં ૧.૭૩ લાખ એમએલ એટલે કે ૪૪ દિવસ પુરવઠો કરી શકાય એટલું પાણી જમા થયું હતું. છેલ્લા બે વર્ષની સરખામણીમાં આ પાણી પુરવઠો સૌથી વધુ છે. તેથી પાલિકાએ અપર વૈતરણાના રિઝર્વ સ્ટોકમાંથી પાણી પુરવઠો કરવાનું બંધ કર્યું હતું.

ગયા અઠવાડિયે મુંબઈના સાતેય જળાશયોમાં પાણીની સપાટીમાં ૮.૬૦ ટકાનો ઘટાડો થયો હતો. તેથી પાલિકાને અપર વૈતરણાના રિઝર્વ સ્ટોકમાંથી પાણી પુરવઠો કરવાની ફરજ પડી હતી. તેમ છતાં છેલ્લા કેટલાક દિવસથી થાણે અને નાશિકના કેચમેન્ટ એરિયામાં પડેલા સારા વરસાદને કારણે જળાશયોમાં પાણીની સારી આવક થઇ હતી. છેલ્લા પાંચ દિવસમાં પાણીના સ્તરમાં વધારો થયો છે. સોમવારના પાણીનો સ્ટોક ૧,૨૪,૪૭૧ એમએલ હતો જે શુક્રવાર સુધી વધીને ૨,૩૯,૭૬૨ એમએલ થયો હતો.

મુંબઈ માટે મહત્ત્વના સાત જળાશયોમાં ગુરુવારે સવારે છ વાગ્યાથી શુક્રવારે સવારે છ વાગ્યા સુધી તાનસાના કેચમેન્ટ એરિયામાં સૌથી વધુ ૧૪૩ મિલિમીટર વરસાદ પડ્યો હતો ત્યાર બાદ ભારતમાં ૧૪૧ એમએમ, મોડકસાગરમાં ૧૨૬ એમએમ, મધ્ય વૈતરણામાં ૧૨૧ એમએમ, અપર વૈતરણામાં ૮૪ એમએમ, વિહારમાં ૬૪ એમએમ અને તુલસીમાં ૪૫ એમએમ વરસાદ પડ્યો હતો.

'રાજ્ય સરકાર દ્વારા પહેલાથી ૧.૮૧ લાખ એમએલ પાણીનો રિઝર્વ સ્ટોક રાખવામાં આવ્યો હતો, પણ હવે જળાશયોની સપાટીમાં વધારો થવાને કારણે તેમાંથી પાણી વાપરવાની જરૂર નહીં પડે. જળાશયોમાં હાલમાં ૯૨ દિવસનો પાણીનો (જુઓ પાનું ૪) ▶▶

# શ્વાન પાળવા માટે ભરવો પડશે ટેક્સ

## નિયમો-શરતો સાથેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી

મુંબઈઃ મુંબઈ પાલિકા દ્વારા પાળેલા તથા રખડતા શ્વાનો બાબતે, પ્રાણીઓને ખોરાક આપનારા/દેખરેખ કરનારા, રેસિડેન્શિયલ વેલ્ફેર સંસ્થાઓ તથા સોસાયટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ/જાહેર સંસ્થાઓ માટે માર્ગદર્શિકા બહાર પાડી છે.

હવે ઘરે શ્વાન પાળવાનું મોંઘું પડશે, કારણ કે પાલિકાએ શ્વાન પાળવા માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે જેમાં સંબંધિતોએ દર વર્ષે ટેક્સ ભરવો પડશે.

પાલિકાએ સ્પષ્ટતા કરી છે કે શ્વાન પાળનારા માલિકોને લાઇસન્સ લેવું પડશે અને તે માટે વર્ષે ૧૦૦ રૂપિયાનો ટેક્સ ભરવો પડશે. આ રીતે પાલિકાને શહેરમાં પ્રાણીઓની નોંધણી કરવામાં સરળતા રહેશે. પાલિકાએ સુપ્રીમ કોર્ટ અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના નિર્દેશ પ્રમાણે માર્ગદર્શિકા બહાર પાડી છે.

શ્વાન પાળનારા માલિકોએ પાલિકામાં (જુઓ પાનું ૪) ▶▶

# કૃષિ લોન માફ થશે જ....

## યોગને સુખની ચાવી ગણાવતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું વચન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે કહ્યું હતું કે યોગ એ ભારતની સંસ્કૃતિ અને પરંપરા છે અને તે શરીર અને આત્માને પુનર્જીવિત કરીને જીવન સુખી કરવાની ચાવી ધરાવે છે.

પુણેમાં 'વારકરી ભક્તિ યોગ' કાર્યક્રમમાં બોલતા ફડણવીસે કહ્યું હતું કે વિશ્વે સુખાકારી અને ઉપચાર શક્તિ માટે જાણીતી પ્રાચીન પ્રથાને સ્વીકારી છે.

પીએમ મોદીએ યુએનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને હવે તે ૧૧મું વર્ષ છે.

તેમણે કહ્યું હતું કે 'વારકરી' અથવા ભગવાન વિઠ્ઠલના ભક્તો, જેઓ સંત તુકારામ મહારાજ અને સંત જ્ઞાનેશ્વર મહારાજની વાર્ષિક 'પાલખી' શોભાયાત્રા સાથે પુણે પહોંચ્યા હતા, તેઓ તેમના શિબિરોમાં યોગ કરી રહ્યા હતા.

તેમણે કહ્યું કે આ પ્રસંગને ઉજવવા માટે ૭૦૦ વિદ્યાર્થીઓએ પણ તેમની સંસ્થાઓમાં આ પ્રથામાં ભાગ લીધો હતો.

ફડણવીસે વધુમાં કહ્યું હતું કે રાજ્ય સરકાર યોગ્ય સમયે કૃષિ લોન માફી લાગુ કરવા માટે પ્રતિબદ્ધ છે અને તેના વચનથી પાછળ હટશે નહીં.'મેં આ વિશે વિગતવાર વાત કરી છે. કૃષિ લોન માફીની વાત આવે ત્યારે નિયમો અને પ્રક્રિયાઓ હોય છે. આ સરકાર એક પણ વચનથી પીછેહઠ કરશે નહીં અને યોગ્ય સમયે કૃષિ લોન માફીના નિર્ણયનો અમલ (જુઓ પાનું ૪) ▶▶



**ભક્તિ-યોગઃ** મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગઈ કાલે આંતરરાષ્ટ્રીય યોગ દિને પુણેમાં વારકરી ભક્તિ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. (પીટીઆઈ)

# આળંદીમાં કોઈ કતલખાનાને પરવાનગી નહીં મળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પુણે જિલ્લાના મંદિર નગર આળંદીમાં કોઈપણ કતલખાનાને પરવાનગી આપવામાં આવશે નહીં એવી જાહેરાત કરી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના જાણીતા સંત જ્ઞાનેશ્વર મહારાજની સમાધિ મંદિર આળંદીમાં આવેલી છે આ શહેરમાંથી દરવર્ષે યાત્રાળુઓ (વારકરી) મોટી સંખ્યામાં પંઢરપુરમાં વિઠ્ઠલ મંદિર માટે જાત્રા (વારી) કરતા હોય છે.

આળંદીના ડેવલપમેન્ટ પ્લાનમાં કતલખાના માટેની જમીનના આરક્ષણને દૂર કરવાનો તેમણે નિર્દેશ આપવામાં આવ્યો છે, એમ ફડણવીસે અહીં 'વારકરી ભક્તિ યોગ' કાર્યક્રમમાં બોલતા જણાવ્યું હતું.

'કોઈપણ સંજોગોમાં આ શહેરમાં કોઈ કતલખાના ખોલવાની મંજૂરી આપવામાં આવશે નહીં,' એમ રાજ્યના મુખ્ય પ્રધાને જાહેરાત કરી હતી.

તેમણે એવી પણ ખાતરી પણ આપી હતી કે પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુર (જુઓ પાનું ૪) ▶▶

# શાહરુખના ઘરમાં ગેરકાયદે રિનોવેશનઃ બીએમસી અધિકારી પહોંચ્યા 'મન્નત' પર

મુંબઈઃ મુંબઈના બાન્દ્રા ખાતે આવેલો અભિનેતા શાહરુખ ખાનનો 'મન્નત' બંગલો ચર્ચામાં આવ્યો છે. આ બંગલામાં સમારકામ અને નૂતનીકરણનું કામ ચાલી રહ્યું છે. કેટલાક નિયમોનો ભંગ કરીને આ સમારકામ કરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદ પાલિકાને મળી છે. સીઆરઝેડના નિયમોનો પણ ભંગ કરવામાં આવ્યો હોવાનું કહેવાઇ રહ્યું છે. નિયમ પ્રમાણે તટવિસ્તારોમાં બાંધકામ અથવા સમારકામ કરવા માટે વિશેષ પરવાનગી લેવાની હોય છે.

આ અંગે ફરિયાદ મળ્યા બાદ પાલિકા અને વન વિભાગના અધિકારીઓએ મન્નત બંગલાની તપાસણી કરી હતી.

શાહરુખ ખાનના મેનેજર તરફથી પ્રતિક્રિયા આવી છે કે કોઇ પણ ફરિયાદ કરાઇ નથી. મન્નતમાં તમામ નિયમોનું પાલન કરીને જ સમારકામ થઇ રહ્યું છે. સંબંધિત તમામ દસ્તાવેજો તૈયાર છે અને સંબંધિત વિભાગોને તે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

હાલમાં શાહરુખ અને તેનો પરિવાર મન્નત બંગલાથી થોડી દૂર આવેલા પાલી હિલના એક અપાર્ટમેન્ટમાં રહે છે. શાહરુખે આ અપાર્ટમેન્ટ પ્રતિ મહિને ૨૪ લાખ રૂપિયામાં ભાડેથી લીધો છે. મન્નતમાં બે વર્ષ સુધી સમારકામ શરૂ રહેશે, એવું કહેવાઇ રહ્યું છે.

મન્નતના સમારકામમાં કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ)ના કાયદાનો ભંગ થઇ રહ્યો છે એવી ફરિયાદ મળી હતી. બંગલા પર જઇને તપાસ પણ કરવામાં આવી હતી. ■

# ચાલતી કૅબમાં મહિલા પાઈલટનો વિનયભંગઃ ત્રણ વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના કોલાબા પરિસરમાં પતિને મળ્યા બાદ ખાનગી કૅબમાં ઘરે જવા નીકળેલી મહિલા પાઈલટનો કથિત વિનયભંગ કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. મહિલાની ફરિયાદને આધારે ઘાટકોપર પોલીસે ગુનો નોંધી ત્રણ આરોપીની શોધ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની રાતે બની હતી. ઘાટકોપરમાં રહેતી ૨૮ વર્ષની મહિલા ખાનગી ઍરલાઈન્સમાં પાઈલટ તરીકે કામ કરે છે. તેનો પતિ નૌકાદળમાં હોવાથી કોલાબામાં તેની ડ્યૂટી છે.

પોલીસ ફરિયાદ અનુસાર ગુરુવારની રાતે મહિલા પતિને મળવા કોલાબા ગઈ હતી. હોટેલમાં પતિ સાથે જમ્યા પછી રાતે ૧૦ વાગ્યાની આસપાસ મહિલા ઍપ આધારિત કૅબમાં ઘાટકોપર જવા નીકળી હતી. થોડે દૂર સુધી ગયા પછી ડ્રાઈવરે રસ્તામાં જ કૅબ રોકી હતી. મિત્ર હોવાનું કહીને બે શકમંદને ડ્રાઈવરે કૅબમાં બેસવા દેવાની વિનંતી કરી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કૅબ ઘાટકોપરની (જુઓ પાનું ૪) ▶▶

# દુષ્કર્મની પીડિતા પર બાળકને જન્મ આપવાનું દબાણ ન કરાયઃ હાઈ કોર્ટ

મુંબઈઃ જાતીય સતામણીની પીડિતાને તેની મરજી વિરુદ્ધ ગર્ભ ચાલુ રાખવાની અથવા તેની ઇચ્છા વિરુદ્ધ બાળકને જન્મ આપવાની ફરજ પાડી શકાય નહીં, એમ જણાવતા બૉમ્બે હાઇ કોર્ટે મેડિકલ નિષ્ણાતોના નકારાત્મક રિપોર્ટ છતાં ૧૨ વર્ષની પીડિતાને ૨૮ અઠવાડિયાના ગર્ભનો ગર્ભપાત કરાવવાની પરવાનગી આપી હતી.

જો પીડિતાની મરજી વિરુદ્ધ તેને બાળકને જન્મ આપવાની ફરજ પાડવામાં આવશે તો તેના 'જીવનના પથ'ને પસંદ કરવાના અધિકારનો કોર્ટ દ્વારા ભંગ કરવામાં આવશે, એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું.

પીડિતાની તપાસ બાદ મેડિકલ બોર્ડના અહેવાલમાં જણાવાયું હતું કે બાળકીની ઉંમર અને ભ્રૂણના થઇ રહેલા વિકાસને ધ્યાનમાં રાખીને ગર્ભપાત કરાવવો બહુ જોખમી છે. તેમ છતાં કોર્ટે ૧૭મી જૂને તેના આદેશમાં પીડિતાને ગર્ભપાત કરાવવાની પરવાનગી આપી હતી.

પીડિતાની મરજી વગર તેને ગર્ભ ચાલુ (જુઓ પાનું ૪) ▶▶

# મિલકત વિવાદમાં સાવકા ભાઈની હત્યા કરી માથું ધડથી અલગ કર્યું

## શંકાસ્પદ કારની તપાસમાં પોલીસે ગુનો ઉકેલી યુવકની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મિલકત વિવાદમાં સાવકા ભાઈની કથિત હત્યા કર્યા બાદ માથું ધડથી અલગ કરી દેવાના કેસમાં પોલીસે યુવકની ધરપકડ કરી હતી. કલ્યાણમાં જંગલ પરિસરમાંથી મળેલા ધડની તપાસમાં પોલીસને એક શંકાસ્પદ કારની માહિતી મળી હતી, જેને આધારે આ ગુનો ઉકેલાયો હોવાનો દાવો વરિષ્ઠ અધિકારીએ કર્યો હતો.

થાણે ગ્રામીણ પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીની ઓળખ સલમાન મોહમ્મદ ગૌરી અન્સારી (૨૫) તરીકે થઈ હતી. ટિટવાલાના માંડા ગામ ખાતે રહેતા અન્સારીએ તેના સાવકા ભાઈ ફૈઝલ મોહમ્મદ ગૌરી અન્સારી (૨૯)ની હત્યા કરી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ કલ્યાણ તાલુકાના નાલિંબી ગામની હદમાં જંગલમાં પરિસરમાંથી ૨૯ મેની સવારે યુવાનનું ધડ મળી આવ્યું હતું. આસપાસમાં શોધ ચલાવ્યા છતાં માથું ન મળતાં ધડની ઓળખ મેળવવી મુશ્કેલ હતી. આ પ્રકરણે કલ્યાણ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી. મૃતકની ઓળખ મેળવવા માટે તેના ધડ સાથે અમુક વિગતો પોલીસે અનેક વૉટ્સઍપ ગ્રૂપ પર શૅર કરી હતી. એ સિવાયનાં તેના પોસ્ટર્સ પણ ઠેર ઠેર લગાવવામાં આવ્યાં હતાં. રાજ્યનાં દરેક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ગુમ વ્યક્તિની ફરિયાદોની ચકાસણી કરવામાં આવી હતી, પરંતુ પોલીસને મૃતકની કોઈ વિગતો મળતી (જુઓ પાનું ૪) ▶▶

# આજે માટુંગા-મુલુંડ વચ્ચે છે મેગા બ્લોક

મુંબઈઃ મધ્ય રેલવેએ રવિવાર, બાવીસ જૂનના રોજ આવશ્યક જાળવણી કાર્ય હાથ ધરવા માટે મેગા બ્લોકની જાહેરાત કરી છે. જાહેરાત મુજબ, માટુંગાથી મુલુંડ સુધીની મુખ્ય લાઇન પર અપ અને ડાઉન બંને સ્લો લાઇન પર સવારે ૧૧:૦૫ થી બપોરે ૩:૫૫ વાગ્યા સુધી બ્લોક અમલમાં રહેશે.

વધુમાં, મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝને માનખુર્દથી નેરુલ સુધી હાર્બર લાઇન પર મેગા બ્લોક છે. આ બ્લોક સવારે ૧૧:૧૫ થી સાંજે ૪:૧૫ વાગ્યા સુધી અપ અને ડાઉન બંને હાર્બર લાઇન પર હાથ ધરવામાં આવશે.

મુંબઈ સેન્ટ્રલ રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજર દ્વારા એક્સ (અગાઉ ટ્વિટર) પર એક સત્તાવાર પોસ્ટ દ્વારા મેગા બ્લોકના સમય અને હદ અંગેની વિગતો શેર કરવામાં આવી હતી. ■

# અમેરિકાએ ઈઝરાયલ-ઈરાન વચ્ચેના યુદ્ધમાં ઝંપલાવવામાં વિલંબ કરતા વૈશ્વિક સોનાની તેજીને બ્રેક

## રૂપિયો નબળો પડતાં સ્થાનિક સોનામાં ભાવઘટાડો મર્યાદિત રહેતાં માગમાં સૂનકાર

મધ્ય પૂર્વના દેશોમાં ખાસ કરીને ગત સપ્તાહથી ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની સ્થિતિ વધુ વણસી રહી હોવાથી શક્યતઃ આ યુદ્ધમાં અમેરિકા ઝંપલાવે તો વિશ્વ યુદ્ધ થવાની ભીતિ સપાટી પર આવે તેમ હોવાથી ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં સોના, ચાંદી અને પ્લેટિનમ જેવી કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગને ટેકે તેજીનું વલણ રહ્યું હતું. આ ઉપરાંત રોકાણકારોની સલામતી માટે ડૉલરમાં પણ લેવાલી રહેતાં ડૉલરમાં પણ મજબૂત વલણ રહ્યું હતું. જોકે, સપ્તાહના અંત આસપાસ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુદ્ધમાં ઝંપલાવવામાં વિલંબ કરવાની સાથે ઈરાનના પ્રમુખને ન્યૂક્લિયર યોજનાઓ બંધ કરવા માટેના કરાર કરવા માટે વધુ સમયગાળો આપ્યો હોવાથી સોનામાં સલામતી માટેની માગ ઓસરી હતી અને તેજીને બ્રેક લાગી હતી. વધુમાં ગત ૧૭-૧૮ જૂનની અમેરિકી ફેડરલ રિઝર્વની નાણાં નીતિની સમીક્ષાની બેઠકના અંતે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે ડૉનલ્ડ ટ્રમ્પની વ્યાજદરમાં કપાતની હાકલને અવગણીને બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખવાની સાથે વર્ષના અંત આસપાસ વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટના કપાતની શક્યતા વ્યક્ત કરી હતી. તેમ જ ત્યાર બાદ વ્યાજદરમાં વધુ કપાતનો અવકાશ ન હોવાની પણ સ્પષ્ટતા કરી હોવાથી પણ સોનામાં ભાવવધારો અટક્યો હતો.

આમ એકંદરે ગત સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવમાં સાપ્તાહિક ધોરણે ઘટાડો નોંધાયો હોવા છતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાપ્તાહિક ધોરણે ૪૪ પૈસાનો ઘટાડો થતાં સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના સ્થાનિક વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૩મી જૂનનાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૯,૦૫૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૯,૨૧૪ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૯૮,૫૦૩ અને ઉપરમાં ૯૯,૪૫૪ની રેન્જમાં અથડાઈને સાપ્તાહિક ધોરણે રૂ. ૩૬૭ ઘટીને રૂ. ૯૮,૬૯૧ની સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનાના ભાવ ઊંચી સપાટીએ પ્રવર્તી રહ્યો હોવાની સાથે દેશમાં લગ્નસરાની મોસમ પૂરી થવાની સાથે ચોમાસાનો આરંભ થઈ ગયો હોવાથી તેમ જ નજીકના સમયગાળામાં કોઈ મોટા



તહેવારો પણ આવતા ન હોવાથી સપ્તાહ દરમિયાન જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. વધુમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોના કામકાજો પણ પાંખાં રહ્યાં હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

એકંદરે ગત સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ-ઈરાન વચ્ચેના યુદ્ધમાં ઝંપલાવવાનો નિર્ણય પાછો ઠેલતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સપ્તાહના અંતે હાજરમાં સોનાના ભાવ ગત ૧૨ જૂન પછીની નીચી ઔંસદીઠ ૩૩૬૮.૬૮ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા ઘટીને ૩૩૮૫.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ ઉપરાંત ચાંદીના ભાવ એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૬.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. એકંદરે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન પર સીધો હુમલો કરવાનું ટાળતા સોનાની તેજીને બ્રેક લાગી હોવાનું એક મેટલ ડીલર તાઈ વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાનને વાટાઘાટો કરવા માટે બે સપ્તાહનો સમયગાળો આપીને યુદ્ધમાં ઝંપલાવવાનું હાલ પૂરતુ ટાળ્યું હોવાથી શક્ય છે કે આગામી ટૂંકા સમયગાળામાં સોનાના ભાવ ઘટીને ઔંસદીઠ ૩૨૫૦ ડૉલર સુધી પણ પહોંચી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

જોકે, ગત શુક્રવારે ઈરાને ઈઝરાયલના દક્ષિણ તરફના રહેણાક વિસ્તારો, ઓફિસ વિસ્તારો અને ઔદ્યોગિક વસાહતોના વિસ્તારોને નિશાન બનાવ્યા હોવાથી હાલ તુરંત મધ્યપૂર્વમાં તણાવની સ્થિતિ હળવી થવાની શક્યતા જણાતી ન હોવાથી વૈશ્વિક સોનામાં નીચા મથાળેથી લેવાલીનો ટેકો મળતાં ભાવઘટાડો ધીમો રહેશે. નોંધનીય બાબત એ છે કે ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાના સંજોગોમાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગનો ટેકો મળતો હોય છે.

મધ્ય પૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકાએ ઈરાનને કરારની વાટાઘાટો માટે વધુ સમયગાળો આપતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. આ ઉપરાંત ગત સપ્તાહે સિટી બૅન્કે વૈશ્વિક સોનાના ભાવનો લક્ષ્યાંક જે અગાઉ ઔંસદીઠ ૩૫૦૦ ડૉલરનો મૂક્યો હતો તે ઘટાડીને ૩૩૦૦ ડૉલર કરતાં સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે સિટી બૅન્કે અંદાજમાં ઘટાડો કર્યો હોવા છતાં હાલના તબક્કે વિશ્વની ૯૫ ટકા કેન્દ્રવર્તી બૅન્કો આગામી ૧૨ મહિનામાં તેની સોનાની અનામતમાં વધારો કર્યો છે. તેમ જ ૪૩ ટકા બૅન્કો આગામી વર્ષે સોનાની અનામતમાં વધારો કરવાની યોજના ધરાવી રહી છે. વધુમાં ગત સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વે બજારની અપેક્ષા મુજબ વ્યાજદર યથાવત્ રાખ્યો હતો તેમ જ વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવાના અને ત્યાર બાદ વધુ વખત વ્યાજદરમાં કપાતનો અવકાશ ન હોવાની સ્પષ્ટતા કરતાં વ્યાજદરમાં વધુ કપાતના આશાવાદ પર પાણી ફરી વળતા સોનાના ભાવ વધુ દબાણ હેઠળ રહ્યા હતા. જોકે, હાલની મધ્યપૂર્વના દેશોમાં તણાવની સ્થિતિ તથા અમેરિકાના ટૅરિફની ચિંતાને કારણે આર્થિક અનિશ્ચિતતાની સ્થિતિ સોનામાં ભાવઘટાડો મર્યાદિત રાખી શકે છે, એમ જણાવતા તેમણે વર્તમાન સપ્તાહમાં વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૩૨૫૦થી ૩૫૦૦ ડૉલરની રેન્જમાં અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ રૂ. ૯૩,૦૦૦થી ૧,૦૨,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. ■

# દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૨.૨૯ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત ૧૩મી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૨.૨૯૪ અબજ ડૉલર વધીને ૬૯૮.૯૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સાતમી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે અનામત ૫.૧૭ અબજ ડૉલર વધીને ૬૯૬.૬૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪માં દેશની કુલ અનામતો વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા હાજર બજારમાં હસ્તક્ષેપ થઈ રહ્યો હોવાથી અનામતમાં ક્રમશ ઘટાડો જોવા મળ્યો હતો.



દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૧.૭૩૯ અબજ ડૉલર વધીને ૫૮૯.૪૨૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૪૨.૮ કરોડ ડૉલર વધીને ૮૬.૩૧૬ અબજ ડૉલરની સપાટીએ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮.૫ કરોડ ડૉલર વધીને ૧૮.૭૫૬ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૪.૩ કરોડ ડૉલર વધીને ૪.૪૫૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# મથકો પાછળ ખાંડમાં નાકા ડિલિવરી ધોરણે સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રનાં મથકો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પ્રબળ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦ના મથાળે થયાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિકમાં સપ્તાહના અંતે હાજરમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે મથકો પાછળ સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૨૦ અને રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૫૨ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૪૨થી ૪૦૪૨ના મથાળે ગુણવત્તાનુસાર ધોરણે ટકેલા રહ્યા હતા.


વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના પ્રોત્સાહક અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૪૨થી ૪૦૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# સોના આધારિત લોન અંગે આરબીઆઈનો નવો નિયમ બિઝ મૉડૅલ એડજસ્ટમેન્ટ તરફ દોરશે

નવી દિલ્હીઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના સોના સામેના ધિરાણ અંગેના નવાં નિયમો બિઝનૅસ મૉડૅલનાં એડજસ્ટમેન્ટ ભણી દોરી જશે જેમાં કાર્યકારીતામાં તત્પરતા, શ્રેષ્ઠ સેવાઓ ધિરાણકર્તાઓમાં મુખ્ય તફાવત રહેશે, એમ સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સ ગ્લોબલ રેટિંગ્સે જણાવ્યું હતું. આ મહિનાના આરંભે રિઝર્વ બૅન્કે સોના સામેના ધિરાણ માટેના લોન ટૂ વૅલ્યૂ (એલટીવી) રેશિયો જે હાલ રૂ. ૨.૫ લાખ સામે ૭૫ ટકા છે તે વધારીને ૮૫ ટકા કર્યો હતો. આ સિવાય ૨.૫ લાખથી પાંચ લાખ સુધીની લોન માટેનો એલટીવી રેશિયો લોનની રકમના ૮૦ ટકા અને રૂ. પાંચ લાખથી ઉપરની લોન માટેનો એલટીવી રેશિયો ૭૫ ટકા નિર્ધારિત કર્યો છે.

જોકે, આ ફેરફાર મટે સુસજ્જિત થવા ધિરાણકર્તાઓ પાસે પહેલી એપ્રિલ, ૨૦૨૬ સુધીનો સમયગાળો છે. આ સંદર્ભે સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સ ગ્લોબલ રેટિંગ્સનાં ક્રેડિટ એનાલિસ્ટ ગીતા ચુઘે જણાવ્યું હતું કે નોન બન્કિંગ ફાઈનાન્સ કંપનીઓએ રિસ્ક મેનેજમેન્ટ પૉલિસી (જોખમો સામે વહીવટ કરવાની નીતિ) વિકસાવવાની તેમ જ ધિરાણ લેનારની આવક સહિત તેની પુનઃ ચુકવણીની ક્ષમતાની ચકાસણીની પ્રક્રિયા પણ સઘન બનાવવાની આવશ્યકતા રહેશે. ■

# વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ચોક્કસ ધાતુઓમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ગઈકાલે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતાં વૈશ્વિક બજારમાં કોપર સહિતની વિવિધ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર કોપર કેબલ સ્ક્રેપ અને નિકલમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચનો અને રૂ .એકનો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાય બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૧ સુધીનો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે જે ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું તેમાં મુખ્યત્વે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ની તેજી સાથે રૂ. ૯૩૫ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૬૦૦ અને રૂ. ચાર વધીને રૂ. ૮૪૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ .ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૨૭ અને રૂ. ૭૬૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૨૫૨ અને રૂ. ૨૫૭ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૮૨૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૮૫૫ના મથાળે અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧૩૨૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૫૪, રૂ. ૨૦૩ અને રૂ. ૧૮૩ના મથાળે ટકેલાં રહ્યા હતા. ■

# સ્ટીલ ઉદ્યોગ માટે ક્લિન ટૅક્નોલૉજી હવે વિકલ્પ નહીં, જરૂરિયાતઃ કુમારસ્વામી

નવી દિલ્હીઃ ગ્રીન સ્ટીલના ઉત્પાદન માટે કાર્બનનું ઓછું ઉત્સર્જન કરતી ટેક્નોલૉજીની સ્વીકૃતિ એ હવે માત્ર વિકલ્પ નહીં, પરંતુ આવશ્યકતા બની ગઈ હોવાનું કેન્દ્રીય સ્ટીલ મંત્રાલયના પ્રધાન એચ ડી કુમારસ્વામીએ જણાવતાં ડિકાર્બનાઈઝેશન માટે પગલાં લેવા પર ભાર મૂક્યો હતો.

અત્રે સંશોધન અને ઉભરતી ટેક્નોલૉજી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા માટે યોજાયેલી બિગમિન્ટ ફ્યુચર સ્ટીલ કોન્ક્લેવને વર્ચ્યુઅલ ધોરણે સંબોધિત કરતાં સ્ટીલ ખાતાના પ્રધાને જણાવ્યું હતું કે સ્પષ્ટ માર્ગદર્શન અને પ્રોત્સાહનો આપવા માટે ગ્રીન સ્ટીલ ટેક્સોનોમી આકાર લઈ રહી છે. હવે ગ્રીન સ્ટીલ અને ક્લિન ટેક્નોલૉજી માત્ર પસંદગીનો વિકલ્પ નથી રહ્યો પરંતુ જરૂરિયાત બની છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ આપણા સ્ટીલ ઉદ્યોગને ફાસ્ટ ટ્રેક પર રાખવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦ કરોડ ટનની ઉત્પાદનક્ષમતાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આપણી પ્રતિબદ્ધતા માત્ર વિસ્તરણની નથી, પરંતુ વર્ષ ૨૦૭૦ સુધી સાતત્યતા જાળવી રાખવાની પણ પ્રતિજ્ઞા લેવામાં આવી હોવાનું કુમારસ્વામીએ ઉમેર્યું હતું.

ગત ડિસેમ્બર, ૨૦૨૪માં સરકારે ગ્રીન સ્ટીલની વ્યાખ્યા કરી હતી અને ઉદ્યોગને કાર્બનનાં ઉત્સર્જનનું સ્તર પ્રત્યેક એક ટન ફિનિશ્ડ ઉત્પાદન સામે ઘટાડીને ૨.૨ ટન કરતાં નીચેની સપાટીએ લાવવા પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં સ્ટીલ ઉદ્યોગનો હિસ્સો સાત ટકા જેટલો હોય છે અને ભારત સ્ટીલના વૈશ્વિક ઉત્પાદનમાં બીજો ક્રમાંક ધરાવે છે આથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાની ભારતની જવાબદારી પણ છે અને ઘટાડો કરવાની પહેલ કરવાની ભારતને તક પણ છે, એમ કુમાર સ્વામીએ ઉત્પાદન પ્રક્રિયામાં કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનના પ્રમાણને ધ્યાનમાં રાખીને ઉત્પાદનોને સ્ટાર રેટિંગ આપતી ગ્રીન સ્ટીલ પરની ટેક્સોનોમીની જાહેરાત કરતાં જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે નવું માળખું સ્ટીલ ઉત્પાદનમાં ડિકાર્બનાઈઝેશન અંગે માર્ગદર્શન આપશે અને સમગ્ર વૅલ્યૂચેઈનમાં ગ્રીન પ્રેક્ટિસીસને પ્રોત્સાહિત કરશે. આ ઉપરાંત સરકાર સ્ટીલ ઉદ્યોગ સામેના આયર્ન ઑર અને કૉકિંગ કૉલ સહિતનાં પડકારો તેમ જ ઊભરતી બજાર સામેના વૈશ્વિક પડકારોનાં સમાધાન માટે પણ પ્રયાસ કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

## ૧થી ૨૦ જૂન દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૪ ટકાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ મલયેશિયાના અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૦ જૂન દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મે મહિનાના સમાનગાળાના ૭,૪૧,૫૬૦ ટન સામે ૧૪.૩૧ ટકા વધીને ૮,૪૭,૬૯૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.



આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, રિલાયન્સ કન્ઝ્યુમરના ખપોલીથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સિંગતેલના રૂ. ૧૪૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૬૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# ઑસ્ટ્રેલિયા અને યુએઈ સાથેના મુક્ત વેપાર કરારના લાભ ભારતીય નિકાસકારોને મળ્યા

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૪-૨૫માં નિકાસકારોને મુક્ત વેપાર કરાર હેઠળ ટૅરિફના લાભો મેળવવા માટેના સક્ષમ દાવા માટે જરૂરી એવા પ્રેફરન્સિયલ સર્ટિફિકેટ્સ ઑફ ઓરિજિન જારી કરવામાં ખાસ કરીને ઑસ્ટ્રેલિયા અને યુએઈનો નોંધપાત્ર વધારો થયો છે, જે દર્શાવે છે કે ઑસ્ટ્રેલિયા અને યુએઈ સાથે થયેલા મુક્ત વેપાર કરારના ભારતીય નિકાસકારોને ઘણાં લાભ થયા છે.

વાણિજ્ય મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં મુક્ત વેપાર કરાર હેઠળ ઑસ્ટ્રેલિયા અને યુએઈ સાથેનાં પ્રેફરન્સિયલ સર્ટિફિકેટ ઑફ ઓરિજિન જારી કરવામાં અનુક્રમે ૧૯ ટકાનો અને ૨૪.૭ ટકાનો વધારો જોવા મળ્યો છે.

વર્ષ ૨૦૨૪-૨૫માં ઑસ્ટ્રેલિયા સાથેના મુક્ત વેપાર કરાર હેઠળ ભારતે જારી કરેલા આ પ્રકારના સર્ટિફિકેટની સંખ્યા જે આગલા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૪,૮૬૪ની હતી તેની સામે વર્ષ ૨૦૨૪-૨૫માં સંખ્યા ૧૯.૦૭ ટકાના દરે વધીને ૭૭,૨૩૪ની સપાટીએ રહી છે. તે જ પ્રમાણે યુએઈ સાથેનાં મુક્ત વેપાર કરાર અંતર્ગત આગલા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ પ્રકારનાં ૯૮,૧૦૪ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા હતા તેની સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૨૨,૦૩૬ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા છે, જે ૨૪.૬૬ ટકાની વૃદ્ધિ દાખવે છે. જોકે, વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૭,૨૦,૯૯૬ (૬,૮૪,૭૨૪) સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા હતા.

અત્રે નોંધનીય બાબત એ છે કે વેપાર કરાર હેઠળ પસંદગીના ટૅરિફના લાભો મેળવવા માટે આ સર્ટિફિકેટ આવશ્યક હોય છે. ટૅરિફના લાભો મળતા ભારતીય ઉત્પાદનોની વેપારી ભાગીદાર દેશો સાથેની સ્પર્ધાત્મકતામાં વધારો થાય છે. તેમ જ વૈશ્વિક વૅલ્યૂ ચેઈનમાં એક્સેસ પણ હાંસલ થાય છે. ભારત અને યુએઈ વચ્ચેના મુક્ત વેપાર કરાર મે, ૨૦૨૨થી અમલી બન્યા હતા, જ્યારે ઑસ્ટ્રેલિયા સાથેના મુક્ત વેપાર કરારનો અમલ ડિસેમ્બર, ૨૦૨૨થી થયો હતો. ■

# યાત્રાધામોથી પ્રવાસન સ્થળો સુધી યોગનો પ્રસારઃ સૌરાષ્ટ્રમાં વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ‘એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ’ની થીમ હેઠળ હજારો લોકોએ યોગાભ્યાસ કરીને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ ઉજાગર કર્યું હતું. આ દરમિયાન સૌરાષ્ટ્રનાં યાત્રાધામોથી લઈને પ્રવાસન સ્થળો યોગમય બન્યાં હતા. દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ એવાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં મંદિર પાસે આવેલા ચોપાટી મેદાન ખાતે ‘વિશ્વ યોગ દિવસ’ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગોમતી નદીના કિનારે સુદામા સેતુ ખાતે પણ અંદાજિત ૨૫૦થી વધુ લોકોએ સામૂહિક યોગ અભ્યાસ કર્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાની ઉજવણી રૂપે પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ખંભાળિયા ખાતે અંદાજિત ૨૦૦૦થી વધુ લોકોએ યોગમાં ભાગ લીધો હતો.

જામનગર જિલ્લામાં કેબિનેટ પ્રધાન મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં વિવિધ ૧૩૯૬ જેટલાં સ્થળોએ લાખો લોકોએ યોગ કરી ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. બોટાદ જિલ્લાના યાત્રાધામ કષ્ટભંજનદેવ સાળંગપુર ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તે ઉપરાંત જિલ્લાના મુખ્ય મથક બોટાદમાં સરકારી હાઈસ્કૂલના પટાંગણમાં શહેરીજનો યોગમય બન્યા હતા. આ વર્ષે ‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત’ થીમ હેઠળ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી, જેનો હેતુ રાજ્યને મેદસ્વિતા મુક્ત કરવાનો છે.

રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી મલ્ટીપર્પઝ ઇન્ડોર હોલ ખાતે શાળા નં.૯૪ની બાજુમાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાની હાજરીમાં કરવામાં આવી હતી. જ્યારે મનપાએ રેસકોર્સ સહિત પાંચ સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમોમાં રાજકોટ સહિત આસપાસમાં આવેલા વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં યોગપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. રાજકોટ શહેર પોલીસ દ્વારા પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ અધિકારીઓ કર્મચારીઓ દ્વારા સવારના સમયે યોગ કરી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાની અધ્યક્ષતામાં હવા મહેલ ખાતે યોજાયો હતો. સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે હર્ષોલ્લાસભેર કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં પણ ‘એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ’ થીમ સાથે સાવરકુંડલા, રાજુલા-જાફરાબાદ, લાઠી, બગસરા, બાબરા, ખાંભા, ધારી સહિતના વિવિધ તાલુકા કક્ષાએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાંસદ ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં લાઠી ખાતે તાલુકા કક્ષા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ. સમગ્ર સૌરાષ્ટ્રમાં યોગ દિવસની ઉજવણીએ લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કર્યા અને સામૂહિક યોગાભ્યાસ દ્વારા એકતા અને સુખાકારીનો સંદેશ પાઠવ્યો હતો. ■



જૂનાગઢઃ ગિરનારની ગોદમાં દર વર્ષે જેઠ વદ યોગીની એકાદશીના દિવસે આશરે ૬૫ વર્ષથી પણ વધુ સમયથી દૂધ ધારા પરિક્રમાનું આયોજન કરવામાં આવે છે. આ પરંપરાને આજે પણ અકબંધ જાળવી રાખવામાં આવી છે, જેમાં ભવનાથ વિસ્તારના નેસડામાં વસવાટ કરતા માલધારી સમાજ દ્વારા આશરે ૧૦૦ થી ૧૫૦ લિટર દૂધ એકત્રિત કરવામાં આવે છે. આ દૂધની ધારા સૌપ્રથમ નેસમાં આવેલા ગિરનારેશ્વર મહાદેવ મંદિરે અભિષેક કરીને ત્યાંથી ગિરનારના 30 પગથિયે આવેલા મહાદેવના મંદિરે અભિષેક કરી યાત્રાનો પ્રારંભ થાય છે. ત્યારબાદ પરિક્રમાના સમગ્ર ૩૬ કિલોમીટરના રૂટ પર ગિરનારી મહારાજને આ દૂધ ધારાથી અભિષેક કરવામાં આવે છે અને છેલ્લે ગિરનારના 30 પગથિયે આ યાત્રા પૂર્ણ થાય છે. આ યાત્રાનું મહત્ત્વ એ છે કે આશરે ૬૫ વર્ષ પહેલા અતિ દુષ્કાળની સ્થિતિ સર્જાઈ હતી ત્યારે સંતોએ આ દૂધ ધારા પરિક્રમા શરૂ કરવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે, જે દિવસે આ પરિક્રમા શરૂ થઈ અને પૂરી થઈ તે પહેલા જ ધોધમાર વરસાદ થયો હતો. ત્યારથી આજદિન સુધી આ દૂધ ધારા પરિક્રમાની પરંપરા જળવાઈ રહી છે. (તસવીરઃ હરીશ સોની જૂનાગઢ)

# ભાવનગરમાં રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈઃ અકસ્માતો ઘટાડવા અને જાગૃતિ લાવવા પર ભાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર ડૉ. મનિષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી કાઉન્સિલની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માર્ગ સલામતી સુધારવા અને અકસ્માતો ઘટાડવા માટે વિવિધ સૂચનો અને કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરે ખાસ કરીને શાળા-કોલેજો અને વધુ અવરજવરવાળા વિસ્તારોમાં માર્ગ સલામતી જાગૃતિના કાર્યક્રમો યોજવા પર ભાર મૂક્યો હતો. તેમણે માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિનો જીવ બચાવનારને અપાતા ‘‘સ્કીમ ઓફ એવોર્ડ ટુ ધી ગુડ સમરિટન’’ એવોર્ડ વિશે લોકોને માહિતગાર કરવા માટે સઘન આયોજન કરવા પર ભાર મૂક્યો હતો. આ પહેલથી લોકોમાં મદદ કરવાની ભાવના વધે અને સમયસર સારવાર મળવાથી ઇજાગ્રસ્તોનો જીવ બચી શકે.

લોકોની સુરક્ષાને પ્રાધાન્ય આપતા કલેક્ટરે અકસ્માત સંભવિત વિસ્તારોમાં જરૂરી પગલાં લેવા અને હેલ્મેટ તથા લાયસન્સ વગર વાહન ચલાવનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા. આ ઉપરાંત, જ્યાં જરૂર જણાય ત્યાં સાઇનબોર્ડ અને સ્પીડ બ્રેકર લગાવવાની પણ સૂચના આપવામાં આવી હતી. આર. ટી. ઓ. ઓફિસરે સંબંધિત વિભાગો દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીના અહેવાલ અંગે બેઠકમાં ચર્ચા કરી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક ડો. હર્ષદ પટેલ, મદદનીશ કલેક્ટર પ્રતિભા દહીયા, રોડ સેફ્ટી ટ્રેઇનર અજયસિંહ જાડેજા સહિત સંબંધિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# એર ઈન્ડિયાની રાજકોટ-મુંબઈ ફ્લાઈટ રદ્દ થતાં ૧૦૦ મુસાફરોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એર ઈન્ડિયાના પ્લેન દુર્ઘટનાની અસર હવે ગુજરાતની હવાઈ સેવાઓ પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ ઘટના બાદ હવાઈ મુસાફરોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે, ત્યારે એર ઈન્ડિયાની ફ્લાઈટ્સ રદ્દ થવી અથવા વિલંબિત થવી એ સામાન્ય બની ગયું છે. ૨૧ જૂને પણ સવારની એર ઈન્ડિયાની રાજકોટ-મુંબઈ દૈનિક ફ્લાઈટ એઆઈ ૬૮૮ રદ્દ કરવામાં આવતા ૧૦૦ જેટલા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મળતી વિગતો અનુસાર રાજકોટના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સવારે ૮:૪૦ કલાકે મુંબઈ માટે ઉપડનારી એર ઈન્ડિયાની દૈનિક ફ્લાઈટ એઆઈ ૬૮૮ (રાજકોટ-મુંબઈ) રદ્દ કરવામાં આવી હતી. જોકે, એર ઈન્ડિયા દ્વારા મુસાફરોને આ અંગે અગાઉથી જાણ કરી દેવામાં આવી હતી.

આ ફ્લાઇટના કુલ ૧૦૦ મુસાફરોને અગવડ પડી હતી, અને તેમને વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડી હતી. ઉલ્લેખનીય છે કે એર ઈન્ડિયા દ્વારા હાલ તેમના હવાઈ જહાજોનું વ્યાપક નિરીક્ષણ અને ચકાસણી હાથ ધરવામાં આવી છે. કંપની દ્વારા જણાવ્યા મુજબ, આ નિરીક્ષણ પ્રક્રિયાના ભાગરૂપે જ આજે સવારની રાજકોટ-મુંબઈ-રાજકોટ ફ્લાઈટ રદ્દ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ઘટના દર્શાવે છે કે હવાઈ સુરક્ષાને લઈને એરલાઈન્સ કંપનીઓ વધુ ગંભીર બની છે અને મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપી રહી છે.

તાજેતરના સમયમાં હવાઈ મુસાફરીમાં વિલંબ અને રદ્દીકરણના કિસ્સાઓ વધ્યા છે, જે મુસાફરો માટે ચિંતાનો વિષય બન્યો છે. ફ્લાઈટ્સ રદ્દ થવાથી મુસાફરોને અગવડ પડી રહી છે અને તેઓએ તાત્કાલિક અન્ય ફ્લાઈટ્સમાં બુકિંગ કરાવવું પડી રહ્યું છે અથવા પોતાની મુસાફરી મોકૂફ રાખવી પડી રહી છે. રાજકોટ એરપોર્ટ પર પણ આ રદ્દીકરણને કારણે સવારના સમયે થોડી મૂંઝવણ જોવા મળી હતી, પરંતુ મુસાફરોને અગાઉથી જાણ હોવાથી સ્થિતિ નિયંત્રણમાં રહી હતી. ■

# રાજકોટમાં પોલીસ કસ્ટડીમાં માર મારવાના કેસમાં દસ વર્ષ બાદ ડીસીપી, પીઆઈ સહિત ૧૦ પોલીસકર્મીઓ સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૧૪ના હત્યા પ્રયાસ અને આર્મ્સ એક્ટના ગુનામાં ધરપકડ કરાયેલા ચેતન ગોંડલીયાને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં બેફામ માર મારવામાં આવ્યો હોવાના કેસમાં દસ વર્ષ બાદ મોટો વળાંક આવ્યો છે. કોર્ટે આ મામલે તત્કાલિન ડીસીપી ચૌધરી, પીઆઈ જાડેજા, પીએસઆઈ હડિયા સહિત કુલ ૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે ગુનો નોંધવાનો આદેશ કર્યો છે. આ ઘટનાથી પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે.

મળતી વિગતો અનુસાર વર્ષ ૨૦૧૪માં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આઈપીસી તથા આર્મ્સ એક્ટના ગુનામાં ચેતન ગોંડલીયાની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ કસ્ટડી બાદ નિયમ મુજબ ચેતનને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે તેણે જજ સમક્ષ ફરિયાદ કરી હતી કે પોલીસ અધિકારી-કર્મચારીઓએ તેને બેફામ માર માર્યો છે. આ ફરિયાદ બાદ ચેતનને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં મેડિકલ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ બનાવને પગલે, ૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ડિસ્ટ્રીક્ટ જજે પોલીસ વિરુદ્ધ ત્રાસની ફરિયાદ અંગે ઈન્કવાયરી કરવાનો હુકમ કર્યો હતો. કોર્ટ દ્વારા ક્રિમિનલ ઈન્કવાયરી રજિસ્ટરમાં આ કેસની નોંધ કરવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટે ચેતનભાઈ ચંદ્રકાંતભાઈ ગોંડલીયાની સોગંદ પરની જુબાની નોંધી હતી. આ ઉપરાંત, ચેતનભાઈની સારવાર કરનાર ડૉક્ટર સુનીલભાઈની પણ સોગંદ પરની જુબાની લેવામાં આવી હતી અને તેમણે ૫ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ચેતનભાઈની ઈજાઓ અંગેનું મેડિકલ સર્ટિફિકેટ કોર્ટમાં રજૂ કર્યું હતું.

રજૂ થયેલા પુરાવાઓને ધ્યાને લેતા, તત્કાલીન ડીસીપી સહિત ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ એકબીજાની મદદગારીથી ચેતનભાઈને સખત અને બોથડ પદાર્થથી માર મારી શરીરે દેખી શકાય તેવી ઈજાઓ પહોંચાડી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ રીતે જણાઈ આવ્યું હતું. આ અંગે ડિસ્ટ્રીક્ટ જજને ઈન્કવાયરીનો રિપોર્ટ મોકલી આપવામાં આવ્યો હતો. ૨૭ મે, ૨૦૨૫ના રોજ કાયદાની જોગવાઈ મુજબ આગળની કાર્યવાહી ચાલી હતી. રાજકોટના બીજા એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટે ઈન્કવાયરીને ક્રિમિનલ કેસ તરીકે રજિસ્ટરમાં નોંધવાનો હુકમ કર્યો હતો. આ હુકમ મુજબ, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના તત્કાલીન પીઆઈ વી. એમ. જાડેજા, તત્કાલીન પીએસઆઈ હડિયા, તત્કાલીન ડીસીપી ચૌધરી, કુલદીપસિંહ જાડેજા, સિદ્ધરાજસિંહ જાડેજા, કિશન, પ્રતાપ, રાજુ બાલા, ક્રિપાલસિંહ અને રાવત આહીર સામે ધી ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૨૩, ૩૨૪ અને ૧૧૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. ■

# કચ્છમાં ચોવીસ કલાકમાં પાંચ અપમૃત્યુના બનાવોઃ ખતરનાક માર્ગો અને અકસ્માતોનો સિલસિલો યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં ૨૪ કલાક દરમ્યાન બનેલી વિવિધ અપમૃત્યુની દુર્ઘટનાઓમાં પાંચ લોકોનાં અકાળે મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી. અંજાર તાલુકાના ટપ્પર ડેમમાં નહાવા પડેલા ક્રિષ્નાસિંહ ક્રિષ્ટોસિંહ રાજપૂત (ઉં.વ.૩૫)નું ડૂબી જવાથી મોત થયું હતું, ગાંધીધામ તાલુકાના જવાહર નગરમાં અમજત અલી (ઉં.વ.૪૩)એ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો, જયારે મુંદરા તાલુકાના ગુંદાળા નજીક મોટરસાઇકલ સ્લીપ થતાં સર્જાયેલા અકસ્માતમાં સાગર નામદેવ સીરકે (ઉં.વ.૩૬)એ જીવ ખોયો હતો, બીજી તરફ, સામાન્ય વરસાદમાં ધોવાઈ ગયેલા મુંદરાના પોર્ટ રોડ પર પડેલા ખાડા પર મોટરસાઇકલ ઉછળ્યા બાદ રસ્તા પર પટકાયેલા સંજીવકુમાર પ્રજાપતિ રામગોપાલ પ્રજાપતિ (ઉં.વ.૩૪) પરથી ટ્રેઇલર ફરી વળતાં યુવકે જીવ ખોયો હતો, અંજારના માથક નજીક અજ્ઞાત વાહનની હડફેટે મોટરસાઇકલ ચડતાં રાજપાલસિંઘ ઠાકુરસિંઘ નટિયન (ઉં.વ.૪૦)નું મોત થયું હતું, જયારે શિણાય નજીક ટ્રેક્ટરની હડફેટે મોપેડ પાછળ બેઠેલાં રીટાબેન દીપક કેલા (ઉં.વ.૫૦)નું મોત નીપજ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ટપ્પર ડેમમાં ગત બપોરના અરસામાં નહાવા ગયેલો યુવક ક્રિષ્નાસિંહનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજતાં દુધઈ પોલીસે અકસ્માત મોત અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી હતી. અન્ય અકાળે મૃત્યુનો બનાવ ગાંધીધામ ખાતે બનવા પામ્યો હતો જેમાં અત્રેના જવાહર નગરમાં આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરતા અમજત અલીએ પોતાના રૂમમાં કોઈ અજ્ઞાત કારણોવશ આપઘાત કરી લીધો હતો. જીવલેણ માર્ગ અકસ્માતની ઘટના મંગરા ગામથી ગુંદાલા જતા માર્ગ પર બન્યો હતો જેમાં સાગર મોટરસાઇકલ પર સવાર થઈને તેના ઘરે જઈ રહ્યો હતો ત્યારે સ્પીડ બ્રેકર પર તેનું વાહન સ્લીપ થતાં અકસ્માત સર્જાયો હતો જેમાં ગંભીર ઈજાઓને પગલે યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

દરમ્યાન, મુંદરા નજીક એક ખાનગી કંપનીમાં કામ કરનાર સંજીવકુમાર ગત રાત્રે ગુંદાળા તરફ જઈ રહ્યો હતો ત્યારે આ રસ્તામાં પડેલા ખાડામાં તેનું વાહન ઉછળતા તે નીચે પટકાયો ત્યારે પાછળથી આવેલું અજાણ્યું ટ્રેઈલર તેના શરીર પરથી ફરી વળતાં તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. યુવકને કચડીને ફરાર થઇ ગયેલા અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ તેની પત્ની પૂજાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. વધુ એક જીવલેણ બનાવ આદિપુરથી મુંદરા તરફ જતા માર્ગ પર આવેલા માથક ગામ નજીક બન્યો હતો જેમાં મૂળ ઉત્તર પ્રદેશનો અને ગાંધીધામમાં રહેતો રાજપાલસિંઘ મોટરસાઇકલ લઈને જઈ રહ્યો હતો ત્યારે સામેથી અચાનક આવી ગયેલી ઈસુઝુ ડી-મેક્સ પીકઅપ જીપે તેને ટક્કર મારી દેતાં રાજપાલસિંઘને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આદિપુર પોલીસે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ પ્રકારનો અન્ય જીવલેણ અકસ્માત રમાડા હોટેલથી શિણાય તરફ જતા ધોરીમાર્ગ ઉપર બન્યો હતો જેમાં રવેચીધામ-૩માં રહેનાર દીપક કેલા અને તેમના પત્ની રીટાબેન શિણાય તરફ જઈ રહ્યાં હતાં એ દરમ્યાન પાછળથી અજાણ્યા ટ્રેક્ટરે તેમના વાહનને હડફેટે લેતાં રીટાબેનનું ગંભીર ઈજાઓના પગલે તેમનું મોત થયું હતું. ■

# ભુજમાં ભાગીદારીના નામે ઠગાઈઃ ટ્રોલી મોલમાં રોકાણના બહાને હોમિયોપથીક ડોક્ટરના ૬૦ લાખ ખંખેર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા રોડ પરના આઈયા નગરની સામે આવેલા ટ્રોલી મોલમાં રોકાણ કરીને ભાગીદાર બનાવવાના નામે બે શખ્સોએ ભુજના જૂની પેઢીના હોમિયોપેથીક તબીબ જોડે ૬૦ લાખની છેતરપિંડી આચરતાં કચ્છ સહિત બૃહદ કચ્છના તબીબી આલમમાં ચકચાર પ્રસરી જવા પામી છે. પગારદાર નોકરિયાત એવા ચીટરોએ ટ્રોલી મોલમાં ભાગીદાર તરીકે જોડાવા માટે સ્થાનિક અખબારમાં ટચૂકડી જાહેરખબર છપાવીને મોલનું સંચાલન કરતી પેઢીના ભાગીદાર તરીકે પોતાની ખોટી ઓળખ આપી હતી.

મળતી વિગતો અનુસાર ગત ૧૫-૧૦-૨૦૨૪ના રોજ સ્થાનિક છાપામાં ટ્રોલી મોલમાં રોકાણ કરવાની ટચૂકડી જાહેરખબર વાંચીને ભુજના ગાયત્રી રેસિડેન્સીમાં રહેતા અને અગાઉ હોમિયોપથી તબીબ તરીકે પ્રેક્ટિસ કરતા અને હાલમાં નિવૃત્તિમય જીવન ગાળતા સુરેશ નારણ પટેલે ટચુકડી જાહેરાતમાં આપેલા મોબાઈલ નંબર પર ફોન કરતા રાજેશ શાંતિલાલ આહીર (રહે. પ્રમુખ સ્વામી, કુકમા)એ ફોન ઉપાડીને તેમને માધાપરમાં ટ્રસ્ટ માર્બલ પાસે આવેલા ટ્રોલી મોલમાં રૂબરૂ મળવા માટે બોલાવ્યા હતા. સુરેશભાઈ રૂબરૂ મળ્યા ત્યારે ત્યાં હાજર રહેલા રાજેશ આહીર અને અંજારના કૃષ્ણનગરનો રહેવાસી સવરાજ પાલુ સુમાણિયાએ પોતાને ‘મામા એન્ટરપ્રાઈઝ’ પેઢીના ભાગીદાર માલિકો ગણાવીને તેમની પેઢી ભુજ, માધાપર અને અંજારમાં ટ્રોલી મોલનું સંચાલન કરતી હોવાનું અને રોકાણ કરવા પેટે માસિક નવ ટકા જેટલો નફો મળવાના કોમ્પ્યુટર પર આંકડા બતાવીને ૬૦ લાખ રૂપિયામાં સરખા હિસ્સામાં ભાગીદાર બનવા પ્રસ્તાવ મુક્યો અને ભુજના આઈયા નગર ખાતે આવેલા DH મોલને માસિક સાત લાખના ભાડેથી મેળવી ત્યાં નવો ટ્રોલી મોલ શરૂ કરવાનું આયોજન હોવાનું જણાવ્યું હતું.

બંનેની વાતો પર ભરોસો રાખીને ડૉ.રાજેશ પટેલે ગત ૨૫-૧૦-૨૦૨૪ના રોજ પ્રથમ પંદર લાખ રૂપિયા આપ્યા હતા. એ પંદર લાખમાંથી ભાડું અને મોલને લગતું ફર્નિચર વગેરેની રાજકોટથી ખરીદી કરીને ૦૫-૧૨-૨૦૨૪ના રોજ નવો ટ્રોલી મોલ શરૂ કરાયો હતો. ત્યારબાદ ફરિયાદીએ ૨૪-૦૨-૨૦૨૫ સુધીમાં પોતાના બેન્ક ખાતામાંથી ટુકડે ટુકડે પેઢીના ખાતામાં ૬૦ લાખ ચૂકવી આપ્યા હતા. રૂપિયા ચૂકવ્યાં બાદ ફરિયાદીએ ભાગીદારીના ડીડનું લખાણ કરવાનું પૂછાણું લેતાં બે જણ તેમને ટાળવા માંડ્યા હતા. શંકા જતા તબીબે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, વાસ્તવમાં મામા એન્ટરપ્રાઈઝ પેઢીના માલિક પુષ્પાબેન મહેશભાઈ કતિરા છે અને બે જણને તેમણે મોલના સંચાલન માટે રાખેલા પગારદાર માણસો છે. સ્લિપીંગ પાર્ટનર એવા પુષ્પાબેન તેમને નફામાંથી અમુક રોયલ્ટી આપે છે. પેઢીનું બેન્ક ખાતું પણ આ યુવકો ઓપરેટ કરે છે.

રાજેશે આઈયા નગર સામે આવેલો ટ્રોલી મોલ પોતે બનાવેલી મુરલીધર એન્ટરપ્રાઈઝ નામની પેઢીના નામે તબદીલ કરી પોતે માલિક બની ગયો છે!. તબીબે રૂપિયા પરત માગવાનું શરૂ કરતાં આરોપીઓએ તારાથી થાય તે કરી લેજે, રૂપિયા નહીં મળે, હોશિયારી બતાવીશ તો જાનથી હાથ ખોઈ નાખીશ તેવી ધમકીઓ આપતાં તે ડરી ગયા હતા. તેમના નિવૃત્ત મામલતદાર મિત્રની સલાહ બાદ આ વૃદ્ધ તબીબે બે યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ■



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજકોટની યોગસાધક બહેનોએ પાણીમાં યોગ આસન કર્યા હતા. ૮ વર્ષની બાળકીથી લઈને ૬૭ વર્ષના વૃદ્ધાએ એક્વા યોગમાં ભાગ લઈ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# જેતપુરમાં વિદેશી દારૂ અને આથો ઝડપાયોઃ ₹ ૪.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત, બુટલેગર ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ગ્રામ્યના જેતપુર તાલુકા પોલીસે આરબ ટીંબડી ગામની સીમમાં આવેલા એક ખેતરમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ, દેશી દારૂ અને આથો ઝડપી પાડ્યો હતો. આ દરોડામાં કુલ રૂ. ૪.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જોકે મુખ્ય બુટલેગર ફરાર થવામાં સફળ રહ્યો હતો, હાલ પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર ગ્રામ્ય વિસ્તારમાંથી દારૂ અને જુગાર જેવી બદીઓ દૂર કરવા માટે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને બાતમી મળી હતી કે જેતપુરના આરબ ટીંબડી ગામનો ધર્મેન્દ્ર ઉર્ફે ધમો બાવનજીભાઈ મકવાણા પોતાના ખેતરમાં દારૂ ડાટીને તેનો વેપલો કરે છે. આ બાતમીના આધારે તાલુકા પોલીસે ઉબેણ નદીના કાંઠે આવેલી ધર્મેન્દ્રની વાડીએ દરોડો પાડ્યો હતો. પોલીસે આરોપીની વાડીમાં તપાસ કરતા ત્યાં તેના પિતા બાવનજી ઉર્ફે બાવકી ગોરધનભાઈ મકવાણા હાજર મળ્યા હતા. પોલીસે ખેતરમાં કરેલા ખાડામાંથી વિદેશી દારૂની જુદી જુદી કંપનીની ૪૬૦ બોટલો (કિંમત રૂ. ૨,૫૧,૨૦૦), ૧૦૦ લિટર દેશી દારૂ, ૧૨૦૦ લિટર આથો તેમજ દારૂ બનાવવામાં ઉપયોગમાં લેવાતા સાધનો મળી આવ્યા હતા. કુલ રૂ. ૪,૧૧,૨૦૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. જોકે, પોલીસના દરોડા દરમિયાન મુખ્ય આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે ધમો બાવનજી મકવાણા હાજર ન હોવાથી તાલુકા પોલીસે તેના વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી પાડવા માટે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટનાથી દારૂના વેપલામાં સંડોવાયેલા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.